

તીર્થધામ ગઢપુરમાં ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં

ભગવાન શ્રી સ્વામિનારાયણની

દિવ્ય લીલાઓ



ઉન્મત્તગંગાના કાંઠે વસેલા ગઢપુરને પોતાના નિવાસથી દિવ્ય તીર્થત્વ આપનાર
પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

તીર્થધામ શ્રી ગઢપુરમાં

ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં

ભગવાન શ્રી સ્વામિનારાયણની

દિવ્ય લીલાઓ



સાધુ અક્ષરવત્સલદાસ

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

Tirthdham Gadhpurma Bhaktaraj Shri Jivakhacharna Darbargadhma

BHAGWAN SHRI SWAMINARAYANNI DIVYA LILAO

(Gujarati)

Publishers:

SWAMINARAYAN AKSHARPITH

Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:

March 2020. Copies: 5,000

ISBN:

978-81-7526-965-1

પ્રથમ આવૃત્તિ :

માર્ચ ૨૦૨૦

પ્રત :

પ્રત : ૫,૦૦૦

કિંમત :

રૂ. ૮૦-૦૦

(સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી મૂળ કિંમત રૂ. ૧૨૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)


મુદ્રક અને પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ


શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪



ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાંથી પ્રવેશીને
અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી સાથે જ્યાં અસંખ્ય વખત
પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ બિરાજ્યા હતા...
જ્યાં શ્રીહરિએ ભવ્ય મંદિર રચીને તેમાં પોતાના એ અનન્ય સેવક શ્રી અક્ષરબ્રહ્મ સાથે
સદા બિરાજમાન થવાનો સંકલ્પ કર્યો હતો...
એવા ઘેલા તટના ટેકરા પર શોભતા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ એટલે કે
પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને
તથા અક્ષરમુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામીને વંદના...



ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુગામી ગુણાતીત ગુરુપરંપરાની વિરલ આધ્યાત્મિક ત્રિવેણી !
બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજ (જમણે), બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજ (ડાબે), બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ (વચ્ચે)
જેમણે ગઢપુરમાં શ્રીહરિના દિવ્ય સંકલ્પને સાકાર કરવાનું ભગીરથ કલ્યાણકારી કાર્ય કર્યું છે...



અર્પણ

તીર્થધામ ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય સંકલ્પ મુજબ
ઘેલા તટે ભવ્ય મંદિર સાકાર કરનાર બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજ,
તેમના અનુગામી બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજને અર્પણ...
પોતાના ભક્તિમય અને અહંશૂન્ય પ્રચંડ પુરુષાર્થથી એ દિવ્ય કાર્યગંગાને આગળ વધારીને
શ્રીહરિની યોજના મુજબ ઘેલા તટે ટેકરા પર મંદિર પરિસરને વિકસાવનાર,
તેમજ ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢનો જીર્ણોદ્ધાર કરાવીને
આવનારી અનેક પેઢીઓને તેની દર્શનયાત્રાનો લાભ અપાવનાર પ્રાણપ્યારા ગુરુહરિ
બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજને કોટિ કોટિ વંદનપૂર્વક અર્પણ...

અ નુ ક્ર મ ણિ કા

01 ગઢપુર તીર્થધામ:
ભગવાન શ્રી સ્વામિનારાયણનું મહાપ્રાસાદિક તીર્થ 08

02 ગઢડાની પાવનકારી ભૂમિમાં
ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રથમ આગમન 14

03 અંતર્દૃષ્ટિ પ્રેરતું મુમુક્ષુતાથી સભર
પ્રેમભક્તિમય વ્યક્તિત્વ: ભક્તરાજ શ્રી જીવાખાચર 20

04 ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં
શ્રીહરિએ કરેલી દિવ્ય લીલાઓ 60

05 શ્રી જીવાખાચરને સંબોધીને
ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલો બોધ 114

06 ભક્તરાજ શ્રી જીવાખાચરનો
પ્રાસાદિક દરબારગઢ 128

07 ગઢપુરના ઇતિહાસનો એક અવિસ્મરણીય અધ્યાય:
શ્રીહરિનો ટેકરા પર મંદિરનો સંકલ્પ 136

પ્ર કા શ કી ય

સનાતન હિન્દુ ધર્મની પરંપરાના ઇતિહાસમાં આ પૃથ્વી પર અવતરેલા મહાન અવતારી પુરુષોનો એક વિરાટ આરક્ષિત અધ્યાય છે. ભગવાન શ્રી રામચંદ્રજી, ભગવાન શ્રીકૃષ્ણ વગેરે મહાન અવતારોની ગાથાઓ પુરાણો અને રામાયણ, મહાભારત વગેરે ગ્રંથોમાં ગવાઈ છે, જે 'પૃથ્વી પર પરમાત્મા અવતરે છે' એ સનાતન હિન્દુ ધર્મના સિદ્ધાંતની દુહાઈ આપે છે.

એ જ સિદ્ધાંતની શૃંખલામાં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ અવતર્યા, તેમનું અવતારકાર્ય અને દિવ્ય જીવન એમની હયાતીમાં જ રચાયેલા ઇતિહાસ-ગ્રંથો દ્વારા આજેય પ્રતીતિ કરાવે છે કે એ સર્વાવતારી પરમાત્માની દિવ્ય લીલાઓ કેવી કલ્યાણકારી હતી.

એમની એ કલ્યાણકારી લીલાઓના કેન્દ્રમાં તીર્થધામ ગઢપુર સદાય અવિસ્મરણીય રહેશે. સન ૧૭૮૧માં ઉત્તર ભારતમાં અયોધ્યા પાસે છપૈયામાં પ્રગટેલા ભગવાન શ્રી સ્વામિનારાયણનું અખિલ ભારતની પદયાત્રા કરીને ૧૯ વર્ષની ઉંમરે ગુજરાતમાં પધારવું, અહીં ગુજરાતમાં તેમનું વિરાટ અવતારકાર્ય વિસ્તારવું અને તે માટે તેમના નિવાસસ્થાન તરીકે ગઢડામાં સ્થાયી થવું - એ બધું જ આજેય હૃદયમાં શ્રદ્ધાનાં સ્પંદનો પ્રસરાવે છે. ભારતયાત્રા દરમ્યાન અનેક સમર્થ રાજરજવાડાંઓનાં પ્રલોભનોને ઠોકરે મારનાર શ્રીહરિ ક્યાંય ન રોકાયા, પરંતુ ગઢડા રોકાયા, તેમાં ગઢપુરના ભક્તોના પ્રેમમાં જે નિષ્કામ ભક્તિ અનુભવાઈ હતી તે કારણભૂત હતી. પૂર્વના અક્ષરધામના મુક્તો જ જાણે અહીં શ્રીહરિની પ્રતીક્ષા કરી રહ્યા હતા. એ મહાન ભક્તોમાં ભક્તરાજ શ્રી એભલખાચર, ભક્તરાજ શ્રી દાદાખાચર, ભક્તરાજ શ્રી લાડુબા અને શ્રી જીવુબાનાં આખ્યાનો સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. એવું જ પ્રેમભક્તિમય, સમર્પિત વ્યક્તિત્વ હતું – ભક્તરાજ શ્રી જીવાખાચરનું. ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમના દરબારગઢમાં બિરાજીને અનેક દિવ્ય લીલાઓ કરીને એક ઇતિહાસ રચ્યો છે. સંપ્રદાયના ગ્રંથોમાં સચવાયેલ વિગતોના આધારે આ પુસ્તક દ્વારા તેની એક અલ્પ ઝાંખી અહીં પ્રસ્તુત કરીએ છીએ.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે શ્રી જીવાખાચરના એ મહાપ્રાસાદિક દરબારગઢનો જીર્ણોદ્ધાર કરાવીને અસંખ્ય શ્રદ્ધાળુઓના દર્શનાર્થે તેને ખુલ્લો મૂકવાનો સંકલ્પ કર્યો હતો. તે સંકલ્પ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના હસ્તે સાકાર થયો છે.

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના પર્વે ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે સૌના દર્શનાર્થે ખુલ્લો મૂક્યો છે ત્યારે આ પુસ્તકનું પ્રકાશન કરતાં અમને આનંદ થાય છે. આ પુસ્તકના પઠન દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણનો મહિમા, ભક્તરાજ શ્રી જીવાખાચરની તેમના પ્રત્યેની સમર્પણ -ભક્તિ તેમજ શ્રીહરિની દિવ્ય લીલાઓનો અદ્‌ભુત આસ્વાદ સૌ કોઈ માણી શકશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,
વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

ગઢપુર તીર્થધામ: ભગવાન શ્રી સ્વામિનારાયણનું મહાપ્રાસાદિક તીર્થ

વિક્રમ સંવત ૧૮૫૯, સન ૧૮૦૩નું વર્ષ હતું.
ગુજરાતના તે સમયના મહાન સંત રામાનંદ સ્વામીએ પોતાના ઉત્તરાધિકારી તરીકે શ્રી સહજાનંદ સ્વામી મહારાજને સ્થાપીને દેહલીલા સંકેલી લીધી હતી. માત્ર એક જ વર્ષમાં ૨૨ વર્ષીય શ્રી સહજાનંદ સ્વામી મહારાજ હવે 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' અને 'શ્રીજીમહારાજ' તરીકે અસંખ્ય લોકોનાં હૃદયમંદિરમાં બિરાજમાન થઈ ગયા હતા. ગામડે ગામડે વિચરણ કરીને તેઓ એક અનોખું આધ્યાત્મિક આંદોલન જગાવી રહ્યા હતા.

"ભારત મહાન તીર્થોની ભૂમિ છે. તીર્થોની આ શૃંખલામાં અસંખ્ય ભક્તોની શ્રદ્ધાના કેન્દ્ર સમું તીર્થધામ છે – ગઢપુર. સંસ્કૃત નામ દુર્ગપુર. જેને સૌ ગઢડા તરીકે પણ ઓળખે છે. પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવન સ્પર્શથી મહાપ્રાસાદિક બનેલું છે આ તીર્થધામ.

ભારત મહાન તીર્થોની ભૂમિ છે. હિમાલયની ચોટી પર બેઠેલા કૈલાસ-માનસરોવરથી લઈને કન્યાકુમારી સુધી અને પૂર્વમાં બ્રહ્મપુત્ર નદીની ઓથે છુપાયેલા પરશુરામ કુંડથી લઈને પશ્ચિમમાં કચ્છડા સુધી ઠેર ઠેર તીર્થોની હારમાળા છે. પ્રત્યેક તીર્થ અસંખ્ય લોકોની શ્રદ્ધાનું કેન્દ્ર છે. તેનું તીર્થત્વ ક્યાં તો પૃથ્વી પર અવતરેલા ભગવાનના અવતારો, વિભૂતિઓ, સંતો, આચાર્યો કે ભક્તોના સંબંધે પ્રગટ્યું છે, ક્યાં તો તેનું તીર્થત્વ સ્વયંભૂ પ્રગટ્યું છે. ભગવાન શ્રીરામના સંબંધે અયોધ્યા તીર્થ બન્યું અને ભગવાન શ્રીકૃષ્ણના સ્પર્શે યમુના તીર્થરૂપ થઈ ગઈ. તો, કેટલાંક એવાં તીર્થો પણ છે, જે પૃથ્વીના જન્મની સાથે જ તીર્થભૂત થઈ જન્મ્યાં છે.

તીર્થોની આ શૃંખલામાં અસંખ્ય ભક્તોની શ્રદ્ધાના કેન્દ્ર સમું તીર્થધામ છે – ગઢપુર. સંસ્કૃત નામ દુર્ગપુર. જેને સૌ ગઢડા તરીકે પણ ઓળખે છે.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવન સ્પર્શથી મહાપ્રાસાદિક બનેલું આ તીર્થધામ ગઢડા, સૌરાષ્ટ્રમાં બોટાદ જિલ્લામાં ઉન્મત્ત ગંગા એટલે કે ઘેલા નદીના કાંઠે વિકસ્યું છે. લગભગ ૯૦ કિ.મી. લાંબી આ ઉન્મત્ત ગંગા, અહીં વસતા કાઠી ક્ષત્રિયોના સદીઓના ઇતિહાસની એક ગૌરવવંતી ગાથા લઈને વહે છે.

ગઢપુર નામનો એક સ્મરણીય ઇતિહાસ છે.

ગઢ એટલે કિલ્લો. કહેવાય છે કે જૂનાગઢના રાજવી રા' નવઘણનો એક વંશજ રા' કાન ભાવનગર પાસેના ભડલી ગામે વસ્યો હતો. આ ચૂડાસમા ક્ષત્રિયે યુદ્ધવ્યૂહ માટે ઘેલા નદીના કાંઠે ટેકરા પર એક ગઢ રચ્યો હતો. ગઢવાળા આ ટેકરાની નીચે, સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં ખાચર[૧] અટક ધરાવતા કાઠી ક્ષત્રિયોએ નાનું એવું નગર વસાવ્યું હતું, એ જ ગઢપુર, અને એ જ હાલનું ગઢડા. નવા વસાવેલા ગઢપુરની સુરક્ષા માટે કાઠી ક્ષત્રિયોએ એક બીજો ગઢ પણ રચ્યો હતો. તેથી ગઢપુર નામ વધુ સાર્થક થયું હતું. સંસ્કૃત સાહિત્યમાં આ નગરને દુર્ગપુર તરીકે સંબોધવામાં આવ્યું છે.

ગઢપુર ગામના ઇતિહાસની બીજી એક પ્રચલિત કથા નીચે મુજબ છે.

ખુમાણ વંશમાં ખાચર નામે શૌર્યવીર પુત્ર થયા. તે બહુ જ પરાક્રમી હતા તેથી તેની ચિરંતન સ્મૃતિમાં તેના વંશજો પણ ખાચર તરીકે ઓળખાયા. મધ્યયુગ દરમ્યાન ખાચર વંશનો વિસ્તાર સૌરાષ્ટ્રમાં વિશેષ ફેલાતો રહ્યો. આ પૈકી કાઠિયાવાડમાં સતત બે-ત્રણ સદીઓ સુધી જસદણ, આણંદપુર, ચોટીલા, પાળિયાદ, ભડલી, ભીમોરા, ગઢડા, બોટાદ વગેરે રાજ્યો ખાચર

---

૧. કાઠી ક્ષત્રિયોના ખાચર વંશનો એક ગૌરવવંતો ઇતિહાસ છે. એક અભિપ્રાય મુજબ વલ્લભીના મૈત્રક રાજવંશમાંથી જ ઊતરી આવેલા ક્ષત્રિયો એ જ ખાચરો. કાઠિયાવાડમાં (ખાચર પ્રદ્યુમ્નકુમાર ભગુભાઈ, કાઠિયાવાડ ડિરેક્ટરી, સન ૧૮૭૧, મુંબઈ, કાઠી ઇતિહાસ અને સંસ્કૃતિ, પ્રકાશકઃ દેવેન્દ્રભાઈ બી. ખાચર, સણોસરા, ૧૯૯૭, પૃ. ૪૫)



દરબારોનાં હતાં. જ્યારે મેવાસા, સણોસરા, બામણબોર, નીલવળા, કરિયાણા, ઈતરિયા, ખંભાળા, માત્રાટીંબો વગેરે ગામના તાલુકદારો ખાચરો હતા.

આ ખાચર વંશમાં જ ૧૭મી શતાબ્દીમાં એક પ્રતાપી ક્ષત્રિય થઈ ગયા – શ્રી ગોદડખાચર. પોતાનાં પરાક્રમો માટે પ્રસિદ્ધ આ ગોદડખાચર ભક્તરાજ શ્રી દાદાખાચરના છઠ્ઠી પેઢીએ પૂર્વજ થાય. ભાલમાં વેજી અને શિયાળ ગામમાં મિયાણા સાથે ધિંગાણું થયું ત્યારે ગોદડખાચરનું મસ્તક છેદાઈ ગયા પછી તેમનું ધડ પણ ખૂબ લડ્યું હતું અને દુશ્મનોમાં કાળો કેર વર્તાવ્યો હતો. આ ગોદડખાચરના પુત્ર ભોકાખાચર પણ પ્રતાપી હતા. તે હાડિકા ગામે નિવાસ કરતા હતા.

એ અરસામાં સંવત ૧૬૩૫માં યદુવંશના કુંવર રા' કાને ભડલી ગામ વસાવી ત્યાં પોતાની રાજધાની કરી હતી. આ રા' કાન સાથે ધિંગાણું કરીને ગોદડખાચરના પુત્ર ભોકાખાચરે રા' કાનનો સંહાર કર્યો હતો. ત્યારબાદ ભોકાખાચરના પુત્ર દાનાખાચર નવું ગામ વસાવવા તોરણ બાંધવા નીકળ્યા હતા, એ દરમ્યાન તેમણે ઘેલા નદીના તટે વાડમાંથી એક સસલું નીકળતું જોયું. સસલાએ એક શુભ શુકન-સંકેત કર્યો એટલે દાનાખાચરને લાગ્યું કે આ જમીન પવિત્ર છે. તેથી તેમણે સાંગા રાજગર સાથે મળીને ગઢડાનું તોરણ બાંધ્યું.[૨]

એ વર્ષ હતું વિક્રમ સંવત ૧૭૩૦નું અને પવિત્ર દિન હતો ભાઈબીજનો.

આ રીતે ગઢડાનું તોરણ બંધાયું અને ગામની વિધિવત્ સ્થાપના થઈ. ત્યારબાદ દાનાખાચરના બે પુત્રો જીવાખાચર અને ઉન્નડખાચરે ગઢડાનું સુકાન સંભાળ્યું હતું. શ્રી જીવાખાચર મોટા પુત્ર હોવાથી તેમનો પરિવાર તે 'મોટી ડેલી' તરીકે ઓળખાયો. ઉન્નડખાચર નાના પુત્ર હોવાથી તેમનો પરિવાર 'નાની ડેલી' તરીકે ઓળખાયો. આ મોટી ડેલીના જીવાખાચરના પુત્ર થયા પૂજાખાચર, અને પૂજાખાચરના પુત્ર પુનઃ જીવાખાચર[૩]ના નામે થયા. આ દ્વિતીય જીવાખાચરે જ સન ૧૮૦૩માં ભગવાન શ્રી સ્વામિનારાયણને ગઢડામાં સર્વપ્રથમ વખત નિવાસ કરવાની વિનંતી કરી હતી.

એ જ રીતે, નાની ડેલીના પરિવારમાં ઉન્નડખાચરના પુત્ર બાવાખાચર થયા, તેમના પુત્ર એભલખાચર થયા. આ એભલખાચર જ ભગવાન સ્વામિનારાયણને ગઢપુરમાં સન ૧૮૦૫માં કારિયાણીથી લઈને આવ્યા હતા. એભલખાચરના પુત્ર એટલે ભક્તરાજ શ્રી દાદાખાચર. ઉલ્લેખનીય છે કે તેમનું એક નામ પણ ઉન્નડખાચર હતું.

> “
>
> **દાનાખાચર નવું ગામ વસાવવા તોરણ બાંધવા નીકળ્યા હતા, એ દરમ્યાન તેમણે ઘેલા નદીના તટે વાડમાંથી એક સસલું નીકળતું જોયું. સસલાએ એક શુભ શુકન-સંકેત કર્યો એટલે દાનાખાચરને લાગ્યું કે આ જમીન પવિત્ર છે. તેથી તેમણે સાંગા રાજગર સાથે મળીને ગઢડાનું તોરણ બાંધ્યું.**

---

૨. દાદાખાચરના વડવાઓનો ઈતિહાસ; લે. મૂળજી છગનલાલ પંજવાણી, 'સદાચાર' માસિકઃ વર્ષ-૧ લુંઃ ઑક્ટોબર-૧૯૭૫માં પ્રગટ થયેલા લેખને આધારે.

૩. એ સમયે કાઠી ક્ષત્રિયોમાં પિતાનું નામ અમર કરવાના હેતુથી ઘણીવાર પુત્ર કે પૌત્રને પુનઃ તે જ નામ આપવામાં આવતું હતું.

ગઢપુર પર ભાવનગરના ગોહિલ વંશનું શાસન

સન ૧૭૯૩માં ભાવનગરના ગોહિલ વંશના મહારાજા વખતસિંહે ચિત્તલ પર ચઢાઈ કરી ત્યારે ગઢડાના ખાચર ક્ષત્રિયોએ ચિત્તલને સાથ આપ્યો હતો. આથી મહારાજા વખતસિંહે ગઢપુરને પણ સર કરી લીધું હતું. ત્યારથી ગઢડા પર ભાવનગરના ગોહિલ વંશનું શાસન સ્થપાયું હતું. જો કે સન ૧૭૯૮માં કાઠીઓ સાથે પુનઃ સમાધાન કરીને તેમને જિવાઈની જમીનો આપવામાં આવી હતી. આથી ગામધણી તરીકે મોટી ડેલી અને નાની ડેલીના ખાચર પરિવારો છ-છ ગામોનો વહીવટ કરતા હતા[૪], પરંતુ તેમને ભાવનગરના રાજવીને કર(ચોથ) ચૂકવવો પડતો હતો.

૧૮મી સદીથી ૨૦મી સદી સુધી ભાવનગરના રજવાડા માટે ગઢડાનું સ્થાન સતત મહત્ત્વપૂર્ણ રહ્યું છે. ગઢડા વિશે બ્રિટિશ ઇતિહાસકારોએ પણ છૂટું છવાયું નોંધ્યું છે. જો કે તેનું મુખ્ય કારણ સ્વામિનારાયણ સંપ્રદાય વિશેષ જણાય છે. બ્રિટિશ ઇતિહાસકાર જેમ્સ બર્જેસ, હેનરી જ્યોર્જ બ્રિગ્સ, કર્નલ જેમ્સ વોટ્સન વગેરેએ પણ ગઢડાને સ્વામિનારાયણ સંપ્રદાય સાથે સાંકળીને તેનું મહત્ત્વ આંક્યું છે.

૨૦૦ વર્ષ પહેલાં સન ૧૮૦૫માં ભગવાન શ્રી સ્વામિનારાયણ અહીં આવીને ભક્તરાજ શ્રી જીવા પૂજાખાચર તથા ભક્તરાજ શ્રી એભલ બાવાખાચરના મહેમાન થયા હતા. ગામડે ગામડે વિચરીને સમગ્ર ગુજરાતમાં આધ્યાત્મિક ક્રાંતિ કરનાર ભગવાન શ્રી સ્વામિનારાયણે, ભક્તરાજ શ્રી

૪. મોટી ડેલીના તાબામાં અડતાળા, ઉગામેડી, શિયાનગર, ખોપાળા, વનાળી અને ભડલીના ઝાંપા તરફનું અડધું ગઢડા હતું. જ્યારે નાની ડેલીના તાબામાં માંડવધાર, લાખણકા, નાના ઝીંઝાવદર, તાજપર, સુરકા અને મંદિર તરફનું અડધું ગઢડા હતું.



સન ૧૮૬૯માં ગઢડાનો નકશો, જેમાં નાની-મોટી ડેલીના ભાગો જુદા જુદા રંગોથી દર્શાવ્યા છે.

દાદાખાચર(ઉન્નડ એભલખાચર અથવા ઉત્તમકુમાર એભલખાચર) અને ભક્તોના ભક્તિભાવથી સન ૧૮૩૦ સુધી આ નગરને પોતાના નિવાસનું કેન્દ્ર બનાવ્યું હતું. ત્યારથી આ નાનું એવું નગર સ્વામિનારાયણ સંપ્રદાયનું મૂર્ધન્ય તીર્થસ્થાન બન્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં, સન ૧૮૧૦-૨૦ના દાયકામાં ગઢડાની વસતી ત્રણ હજાર કરતાં પણ ઓછી હતી. સન ૧૮૭૨માં ગામની વસતી ૪,૯૯૪ હતી. તે સમયે મુખ્યત્વે કાઠી ક્ષત્રિયો, કણબી ખેડૂતો, મોઢ અને જૈન વણિકો, આહીરો, ભરવાડો, ખોજાઓ તથા મેમણ વગેરે લોકોનો અહીં વાસ હતો.

ધીમે ધીમે ગઢડાનો વિકાસ એક નાના ધોરણે વ્યાપારી હેતુસર પણ થયો. આજુબાજુનાં નાનાં નાનાં ગામોનાં હટાણાં એટલે કે ખરીદી માટેનું બજાર એટલે ગઢડા. ગઢડાની ભૂગોળ નાની પરંતુ કમનીય છે. નાની બજાર, મોટી બજાર, માણેકચોક અને નાની-મોટી શેરીઓના બનેલા ગઢડાનો ગઢ એ સમયે દક્ષિણે બે દ્વાર ધરાવતો હતોઃ (૧) ગઢાળીનો દરવાજો અને (૨) ખોપાળાનો દરવાજો. પશ્ચિમે એક દ્વાર ધરાવતો હતોઃ માંડવધારનો દરવાજો. ઉત્તરમાં બોટાદનો દરવાજો. પૂર્વમાં પણ ગઢડાના ગઢને એક દ્વાર હોવું જોઈએ એમ તેની ભૂગોળ પરથી જણાય છે.

સંપ્રદાયના ઇતિહાસ મુજબ, સ્વામિનારાયણ ભગવાનને ઘેલા નદીના કાંઠે ઊંચા ટેકરા ઉપર મંદિર કરવાની તીવ્ર ઇચ્છા હતી. મંદિરનો દરવાજો ક્યાં કરવો ત્યાંથી લઈને સમગ્ર પરિસર કેવું કરવું વગેરે સહિત તેમણે ઘણું



ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં

ઊંડાણથી આયોજન વિચાર્યું હતું, પરંતુ તે સમયે સંજોગોવશાત્ આ મંદિર થઈ શક્યું નહોતું. આથી સન ૧૮૨૯માં સ્વામિનારાયણ ભગવાને અહીં દાદાખાચરના દરબારગઢમાં મંદિર બનાવ્યું હતું. તેમાં શ્રી ગોપીનાથદેવની મૂર્તિ પધરાવી હોવાથી તે શ્રી ગોપીનાથદેવ મંદિર તરીકે વિખ્યાત થયું છે. ભક્તરાજ શ્રી દાદાખાચરનો અતિ પવિત્ર દરબારગઢ અને શ્રી ગોપીનાથ દેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય સન્નિધિનો અનુભવ કરાવે છે.

ત્યારબાદ ભગવાન શ્રી સ્વામિનારાયણની ગુણાતીત સંતપરંપરાના ત્રીજા અનુગામી તેમજ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)ના સ્થાપક શાસ્ત્રી સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી એટલે કે બ્રહ્મસ્વરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજે, ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉપરોક્ત સંકલ્પને સાકાર કરતું આરસનું અતિ ભવ્ય શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિર સન ૧૯૫૧માં રચ્યું છે. આજે શ્રીહરિના સંકલ્પનું એ મંદિર ગઢડાની ગૌરવ ધજા ફરકાવતું એક અનોખી શાન બની ગયું છે.

આ જ મંદિરના પરિસર સાથે સંકળાયેલ ભક્તરાજ શ્રી જીવાખાચરની ભક્તપ્રતિભા સાથે તેમના એવા જ મહાપ્રાસાદિક દરબારગઢમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલી દિવ્ય લીલાઓનું આ સંક્ષિપ્ત પુસ્તિકામાં સ્મરણ છે.

આવો, ક્રમશઃ ગઢપુરમાં ભક્તરાજ શ્રી જીવાખાચરના મહાપ્રાસાદિક દરબારગઢમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કરેલી દિવ્ય લીલાઓને આપણે પણ માણીએ...



“

ભક્તરાજ શ્રી દાદાખાચરનો દરબારગઢ અને તેમાં શોભતા ભવ્ય મંદિરમાં બિરાજમાન શ્રી ગોપીનાથ દેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય સન્નિધિનો અનુભવ કરાવે છે. ભક્તરાજ શ્રી જીવાખાચરના એવા જ પ્રાસાદિક દરબારમાં શ્રીહરિએ કરેલી દિવ્ય લીલાઓનું સ્મરણ કરીએ.

ગઢડાની પાવનકારી ભૂમિમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રથમ આગમન

યુગોથી તપ કરતી ગઢડાની ભૂમિ જે ક્ષણની પ્રતીક્ષા કરી રહી હતી એ ક્ષણ આખરે આવી પહોંચી. એ પ્રતીક્ષા હતી – ભગવાન શ્રી સ્વામિનારાયણની. જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પચ્ચીસ-પચ્ચીસ વર્ષ બિરાજમાન રહ્યા એ તેમના પ્રિય સ્થાન ગઢડામાં તેમનું પ્રથમ આગમન કેટલું સાધારણ લાગતું હતું! પરંતુ એ પ્રથમ આગમનમાં જ શ્રીહરિએ આ ભૂમિ સાથેનો પોતાનો સદા સદાનો નાતો બાંધી દીધો હતો. અને તેમાં નિમિત્ત બન્યા હતા – ભક્તરાજ શ્રી જીવાખાચર. અહીં છે સ્મરણ એ ઐતિહાસિક ક્ષણનું, જ્યારે શ્રીહરિએ ગઢપુરને પાવન કર્યું...

> **ભક્તરાજ શ્રી જીવાખાચરનો પ્રેમભાવ જોઈને ભગવાન સ્વામિનારાયણે કહ્યું: "તમારું આ ગામ, ભૂમિ, આ નદી, વૃક્ષો બધું જ અમને ગમે છે. આ ભૂમિ ખૂબ પવિત્ર છે, અક્ષરધામ તુલ્ય છે. અહીં અમે રહીશું પણ સમય આવશે ત્યારે." એમ વચન આપીને શ્રીહરિ ત્યાંથી વિદાય થઈ ગયા.**

વિક્રમ સંવત ૧૮૫૯, સન ૧૮૦૩નું વર્ષ હતું.

ગુજરાતના તે સમયના મહાન સંત રામાનંદ સ્વામીએ પોતાના ઉત્તરાધિકારી તરીકે શ્રી સહજાનંદ સ્વામી મહારાજને સ્થાપીને દેહલીલા સંકેલી લીધી હતી. માત્ર એક જ વર્ષમાં ૨૨ વર્ષીય શ્રી સહજાનંદ સ્વામી મહારાજ હવે 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' અને 'શ્રીજીમહારાજ' તરીકે અસંખ્ય લોકોનાં હૃદયમંદિરમાં બિરાજમાન થઈ ગયા હતા. ગામડે ગામડે વિચરણ કરીને તેઓ એક અનોખું આધ્યાત્મિક આંદોલન જગાવી રહ્યા હતા.

ગુજરાતના જુદા જુદા પ્રાંતોમાં અવિરત વિચરણ કરતાં કરતાં તેઓ સૌરાષ્ટ્રના કાઠિયાવાડમાં વિચરણ કરી રહ્યા હતા. બંધિયા, સાજડિયાળા, સરધાર, કરિયાણા, વાવડિયા, માંડવધાર વગેરે ગામોમાં વિચરણ કરતાં ભગવાન સ્વામિનારાયણ ઘેલા નદીના તટે ગઢડા આવી પહોંચ્યા હતા. તેમની સાથે સંતવૃંદમાં આનંદાનંદ સ્વામી હતા.

ખળખળ વહેતી ઘેલા નદીના તટે વસેલા ગઢડાની શોભા તેના ગઢ અને ટેકરાથી હતી. નદીના તટે ગઢ સાથેનો ટેકરો જોઈને શ્રીહરિનું મન

પ્રસન્ન થઈ ગયું. ટેકરાના પશ્ચિમ ભાગે મલેકશાહ ફકીરનો બાગ હતો ત્યાં ઊતર્યા. ભલે અજાણ્યા હતા તોય કંઈક અનોખું આત્મીયતાભર્યું આકર્ષણ એ નવયુવાન ભગવાન સ્વામિનારાયણનું હતું. આથી રમતા બાળકો દોડતાં દોડતાં તેમની પાસે આવી પહોંચ્યા અને તેમને વંદન કર્યાં. ભગવાન સ્વામિનારાયણે પૂર્વના આ મુમુક્ષુ બાળકો પર કૃપાદૃષ્ટિ કરીને તેમને સમાધિનો દિવ્ય અનુભવ કરાવ્યો. અક્ષરધામમાં પોતાના દિવ્ય સ્વરૂપનાં દર્શન કરાવ્યાં. બાળકો ધ્યાનસ્થ બનીને સમાધિમાં લીન થઈ ગયા હતા. દૂરથી આ દૃશ્ય જોઈ રહેલા કેટલાક લોકોને કૌતુક થયું. બાળકોને અચેતન દશામાં જોઈ તેમણે શ્રીહરિને કહ્યું: 'મહારાજ! આ બધા છોકરા ઉપર શું જાદુ કર્યું છે? ઝટ બેઠા કરો, નહીં તો આખું ગામ અહીં ઊમટશે અને જોયા જેવી થશે.'

શ્રીહરિએ મંદ હાસ્ય કરીને કહ્યું: 'આ જાદુ નથી, આ તો તેમને સમાધિ થઈ છે અને ભગવાનનાં દિવ્ય દર્શન કરે છે. હમણાં બેઠાં થશે.'

પણ થોડી જ ક્ષણોમાં ગામમાં વાત વહેતી થઈ ગઈ અને લોકો ટેકરા ભણી ઊમટવા લાગ્યા. ગામધણી શ્રી જીવાખાચર અને તેમના ભાઈ શ્રી મૂળુખાચરને આ સમાચાર મળતાં તેઓ પણ ત્યાં દોડી આવ્યા. નવયુવાન ભગવાન સ્વામિનારાયણનાં પ્રથમ દર્શને જ તેમને લાગ્યું કે આ કોઈ અસામાન્ય વિભૂતિ છે. તેમણે વિનંતી કરી કહ્યું: 'મહારાજ! હું ગામધણી છું. આ ગામનાં છોકરાંને કાંઈ થાય તો મારી આબરૂ જાય. માટે આ બધાંને બેઠાં કરો.'



ભગવાન સ્વામિનારાયણે કૃપાદૃષ્ટિ કરીને બાળકોને સમાધિમાંથી જગાડ્યાં. સમાધિના દિવ્ય અનુભવથી ધન્ય થયેલા બાળકોએ ઉત્સાહમાં આવીને કહ્યું: 'અમે વૈકુંઠલોક જોયો.' કોઈકે કહ્યું: 'અમે કૈલાસ ધામ જોયું.' કોઈકે ગોલોક તો કોઈકે અક્ષરધામ પણ જોયું. બાળકોના મુખેથી એ ધામોનું દિવ્ય વર્ણન સાંભળી સૌને આશ્ચર્ય થયું: આ નાના બાળકોએ ક્યારેય ભગવાનના ધામની વાત સાંભળી જ ન હોય, તેમને ધામનું આવું આબેહૂબ વર્ણન કેવી રીતે આવડે!?

શ્રી જીવાખાચરને લાગ્યું કે આ તો સાક્ષાત્ પરમાત્મા છે. તેમણે હાથ જોડીને કહ્યું: 'મહારાજ! મારા દરબારમાં આપ પધારો અને નિરંતર રહો. અમને પાવન કરો.'

તેમનો ભાવ જોઈ ભગવાન સ્વામિનારાયણે કહ્યું: 'તમારું આ ગામ, ભૂમિ, આ નદી, વૃક્ષો બધું જ અમને ગમે છે. આ ભૂમિ ખૂબ પવિત્ર છે, અક્ષરધામ તુલ્ય છે. અહીં અમે રહીશું પણ સમય આવશે ત્યારે.'

એમ કહેતાં ભગવાન સ્વામિનારાયણ કારિયાણી તરફ જવા તૈયાર થયા ત્યારે શ્રી જીવાખાચરે કહ્યું: 'મહારાજ! ઘડીક ખમો. આપને એમ ને એમ ભૂખ્યા ન જવા દેવાય. હું કંદોઈ પાસે સુખડું તૈયાર કરાવીને મોકલું છું.'

તેમનો ભાવ જોઈ ભગવાન સ્વામિનારાયણ થોડી ક્ષણો રોકાયા. શ્રી જીવાખાચરે લખુ કંદોઈ પાસેથી પેંડા-બરફી લઈને ભગવાન સ્વામિનારાયણને ધર્યાં. તેમાંથી થોડું જમીને શ્રી જીવાખાચરને પ્રસાદી આપીને શ્રીહરિએ ત્યાંથી પ્રસ્થાન કર્યું.

થોડી જ વારમાં શ્રી જીવાખાચરના પિતરાઈ બંધુ અને ગામધણી શ્રી એભલખાચર પણ ત્યાં આવી પહોંચ્યા. પરંતુ ભગવાન સ્વામિનારાયણ તો ત્યાંથી નીકળી ગયા હતા. આવી મહાન વિભૂતિનાં દર્શન ન થયાં તેથી શ્રી એભલ બાપુ ઉદાસ થઈ ગયા. તેમની સાથે તેમના કારભારી હતા. તેમણે કહ્યું: 'બાપુ! તમારો ભાવ છે તો જરૂર તમને ભેટો થશે.'

જો કે શ્રદ્ધાથી ઉચ્ચારાયેલા એ વચનને સાકાર થવાનો એ દિવસ બહુ દૂર નહોતો.

માત્ર બે વર્ષમાં જ એ અવસર આવી ગયો.

ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું પુનઃ આગમન

કચ્છથી લઈને દક્ષિણ ગુજરાત સુધી અને ઉત્તર ગુજરાતથી લઈને સોરઠના સાગરકાંઠા સુધી અખિલ ગુજરાતના પટ પર ભગવાન શ્રી સ્વામિનારાયણ વિચરણ કરતાં કરતાં કારિયાણી પધાર્યા હતા. કાઠી રાજવીઓનાં નાનાં રજવાડાંઓમાં કારિયાણી ગામનું અસ્તિત્વ ઘણું નાનું હતું, પરંતુ અહીંના ભક્તરાજ શ્રી માંચાખાચરની શાખ મોટા મોટા રાજવીઓ કરતાં પણ અધિક હતી. તેમનું ચારિત્ર્ય અને તેમની ટેક સૌને આદર જન્માવતી હતી. તેમની એ મુમુક્ષુતાને કારણે જ ભગવાન સ્વામિનારાયણ સન ૧૮૦૫માં કાર્તિક મહિનામાં કારિયાણી પધાર્યા હતા. અહીં ભગવાન સ્વામિનારાયણે સાંનિધ્યમાં ઉત્સવો, કથાપર્વો અને દિવ્ય લીલાઓની રસલહાણ વહાવી.

એક દિવસ માંચાખાચરની ભક્તિથી અતિ પ્રસન્ન થયેલા ભગવાન સ્વામિનારાયણે તેમને કહ્યું: ''માંચા ભક્ત! હું તમારા ઉપર પ્રસન્ન થયો છું માટે તમારી જે ઇચ્છા હોય તે વરદાન તમે માગો.''

પરંપરાગત ઇતિહાસ કહે છે કે તે સમયે માંચાખાચર પાસે એક લાખ રૂપિયા રોકડા પડ્યા હતા, અન્નના ભંડાર પણ હર્યાભર્યા હતા, લીલીછમ

> **શ્રીહરિએ કહ્યું: ''ગઢપુરના એ ભક્તો માટે તો હું અહીં આવ્યો છું. એમને પત્ર લખીને અહીં તેડાવો.'' એ જ દિવસે પત્ર લઈને દૂત ગઢપુર જવા નીકળી ગયો અને આ પત્રની જ જાણે રાહ જોઈને બેઠા હોય તેમ તે જ ક્ષણે શ્રી એભલ બાપુનો પરિવાર કારિયાણી જવા નીકળી ગયો.**

વાડીઓ અને ગાયો-ભેંસોની વિપુલ સમૃદ્ધિ હતી. આમ છતાં માંચાખાચરને આ ભૌતિક સંપત્તિમાં આસક્તિ નહોતી. તેમણે હાથ જોડીને કંઈક અનોખું જ માંગ્યું: ''મહારાજ! કામ-ક્રોધાદિક દોષોથી મારી રક્ષા કરજો, મારા અંતરમાં સ્થિર થઈને રહેજો, આપના સ્વરૂપ સિવાય બીજે ક્યાંય મારું મન ન લોભાય, આપના ભક્તો પ્રત્યે હંમેશાં ભક્તિભાવ રહે અને આપનું અખંડ સ્મરણ રહે!''

ભગવાન સ્વામિનારાયણ માંચાખાચરની આ પ્રાર્થનાથી પ્રસન્ન થઈ ગયા. તેમણે કહ્યું: ''માંચાખાચર! તમે જે માગ્યું છે તે તમને સિદ્ધ થશે.''

પરંતુ માંચા ભક્તને એટલેથી સંતોષ ન થયો. તેમણે ફરી કહ્યું: ''પ્રભુ! એક બીજું પણ માંગવાનું છે.''

ભગવાન સ્વામિનારાયણ મંદ મંદ હસવા લાગ્યા.

માંચાખાચરે દીનભાવે પ્રાર્થના કરીને કહ્યું: ''પ્રભુ! અહીં ગઢપુર ગામમાં અમારા સંબંધી જીવાખાચર, એભલખાચર, તેમની કુંવરીઓ, તેમનો નાનો ઉત્તમકુમાર – બધાં ખૂબ જ સંસ્કારી અને પવિત્ર છે, ભક્તિમાં સદા લીન રહે છે. તે સૌ આપનાં દર્શનના પ્યાસી છે.''

માંચા ભક્તની આ વાત સાંભળી શ્રીહરિએ કહ્યું: ''માંચાખાચર! ગઢપુરના એ ભક્તો માટે તો હું અહીં આવ્યો છું. એ તમામ પરિવાર મુક્ત સ્થિતિ પામેલો છે. તમો તેમને સૌને પત્ર લખી અહીં તેડાવો.''

એ જ દિવસે પત્ર લઈને દૂત ગઢપુર જવા નીકળી ગયો અને મારતે ઘોડે વહેલી સવારે ગઢપુર પહોંચી ગયો. માંચાખાચરના આ પત્રની જ જાણે રાહ જોઈને બેઠા હોય તેમ તે જ ક્ષણે શ્રી એભલ બાપુનો પરિવાર કારિયાણી જવા નીકળી ગયો.

શ્રી એભલખાચર અને તેમનો પરિવાર કારિયાણી પહોંચ્યો તે સાથે જ સ્વાગત કરીને માંચાખાચર તેમને ભગવાન શ્રી સ્વામિનારાયણ પાસે લઈ ગયા. આ ખાચર પરિવાર અને શ્રીહરિની મુલાકાત ઐતિહાસિક બની ગઈ. પ્રથમ મુલાકાતમાં જ શ્રીહરિની દિવ્ય પ્રતિભાથી આકર્ષાઈને સમગ્ર પરિવાર શ્રીહરિનાં ચરણે સમર્પિત થઈ ગયો. શ્રી એભલખાચરે હાથ જોડી કહ્યું: ''મહારાજ! હવે આપ અમારે ત્યાં પધારો. આ મારો કુંવર દાદો, મારી કુંવરીઓ, મારો બધો પરિવાર – બધું આપની સેવામાં અર્પણ છે.''

તેમની પૂર્વજન્મની મુમુક્ષુતાને નીરખતાં ભગવાન સ્વામિનારાયણે કહ્યું: ''બાપુ! અમે પણ તમને અમારા માન્યા છે. તમારો પરિવાર, દરબારગઢ બધું જ અમારું માનીને અમે ગઢડામાં રહેશું.''

શ્રીહરિનાં આ સ્નેહવચનોથી ખાચર પરિવાર હરખે ધન્ય થઈ ઊઠ્યો. ત્યાર પછી વસંતપંચમી વગેરે ઉત્સવો ઊજવીને ભગવાન સ્વામિનારાયણે ગઢપુર જવા વિદાય લીધી.

બીજી તરફ ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના થનારા આગમનના સમાચાર પહોંચી ગયા. મોટી ડેલીના ભક્તરાજ શ્રી જીવાખાચર, તેમના પુત્ર શ્રી ભોકાખાચર, તેમનાં બહેનો શ્રી અમૂલાબા અને શ્રી અમરીબા તેમજ શ્રી મૂળુખાચરના પુત્ર શ્રી રામખાચર સહિત સૌ કોઈ શ્રીહરિના સ્વાગતની પૂર્વતૈયારીમાં લાગી ગયાં. નગરની શેરીઓ સ્વચ્છ થઈ ગઈ. ઠેર ઠેર તોરણો બંધાઈ ગયાં, દ્વારે દ્વારે કેળના સ્તંભો રોપાઈ ગયા. સમસ્ત ગઢપુર નગરી શોભાવંત બની ગઈ. મોટી ડેલી અને નાની ડેલીના દરબારગઢ શ્રીહરિને સત્કારવા માટે સજ્જ થઈ ગયા.

સંવત ૧૮૬૧ના મહા સુદ અગિયારસ, તા. ૧૦-૨-૧૮૦૫નો દિવસ આસમાને ચડ્યો ત્યારે ગઢપુરમાં રાધાવાવે પહોંચેલા શ્રીહરિનું સ્વાગત કરવામાં શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચરે કોઈ કચાશ ન છોડી. રથ, ઘોડા, વેલ્ય, ગાડાં તથા ઊંટ, નોબત, તાસાં અને નગારાં, શરણાઈ વગેરે સાથેની સવારી સાથે ભગવાન સ્વામિનારાયણે ગઢપુરમાં પ્રવેશ કર્યો. આખું ગઢપુર ગામ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય મોહક સ્વરૂપમાં લોહચુંબક લોખંડને તાણે તેમ તણાઈ ચૂક્યું હતું. ગામમાં વિહરતી શોભાયાત્રા માણેકચોકમાં થઈને બાપુ શ્રી એભલખાચરના દરબારમાં અટકી. ભગવાન શ્રી સ્વામિનારાયણની જયના જયનાદ ગગનમાં ગુંજી ઊઠ્યા. શ્રી જીવાખાચર, શ્રી એભલખાચર અને સમગ્ર ખાચર પરિવારે હૈયાના ભક્તિભાવથી શ્રીહરિને વધાવ્યા અને સદાને માટે ગઢપુરમાં બિરાજમાન રહેવાની પ્રાર્થના કરી.

ભગવાન સ્વામિનારાયણે એ પ્રાર્થનાને સ્વીકારી અને એ ઐતિહાસિક દિવસથી ગઢપુર ભગવાન સ્વામિનારાયણનું મુખ્ય નિવાસકેન્દ્ર બની ગયું. ત્યાર પછી સતત ૨૫ વર્ષ સુધી ભગવાન સ્વામિનારાયણના સાંનિધ્યથી ગઢપુરની ભૂમિનો પ્રત્યેક કણ પાવન થતો રહ્યો. શ્રીહરિના સંબંધે પુણ્યવતી ગઢપુરનગરી મહાતીર્થનું ધામ બની ગઈ.

અખિલ ભારતની પદયાત્રા કરીને ક્યાંય ગોદોહન માત્ર ન રોકાનાર ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડામાં એવું તે શું નિહાળ્યું હતું કે અહીં નિવાસ કરવા માટે તેમનું મન ઠર્યું? મોટાં મોટાં રજવાડાંઓનાં માન-સન્માન -સમર્પણને છોડીને શ્રીહરિ ગઢપુરમાં કેમ વસ્યા? તેનો ઉત્તર તેઓ જ આપે છેઃ અહીંના ભક્તોની નિષ્કામ ભક્તિ અને અહીંના ભક્તોની અનન્ય સમર્પણ ભક્તિ. (વચ. ગ.મ. ૩૩, ગ.અં. ૨૪)

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ વાંકિયાના ગામધણી શ્રી મોકાખાચરના મહેમાન થયા હતા. શ્રી મોકાખાચરને પણ શ્રીહરિ પ્રત્યે ખૂબ ભક્તિ હતી. તેમણે શ્રીહરિને રહેવા માટે જ સુંદર વ્યવસ્થાઓ કરીને ફરતો ગઢ કરાવ્યો હતો. શ્રીહરિને પોતાના એ દરબારગઢમાં પધરાવીને, ગઢ પર

> “
>
> **સવારી સાથે ભગવાન સ્વામિનારાયણે ગઢપુરમાં પ્રવેશ કર્યો. આખું ગઢપુર ગામ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય મોહક સ્વરૂપમાં લોહચુંબક લોખંડને તાણે તેમ તણાઈ ચૂક્યું હતું. ગામમાં વિહરતી શોભાયાત્રા માણેકચોકમાં થઈને બાપુ શ્રી એભલખાચરના દરબારમાં અટકી.**

બધે દૃષ્ટિ કરાવીને તેમણે એકવાર કહ્યું હતું: ''આપ અહીં રહેશો, એમ જાણી મેં આ કોટ કરાવ્યો છે.''

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું હતું: ''અમને ગઢપુર જેવી બીજી કોઈ ભૂમિ પ્રિય લાગતી નથી. અમને તે મૂકીને બીજે જવું ગમતું નથી. તે ભૂમિ બળવાન છે. અમે ક્યાંય બંધાયા નથી. ભગવાનની કથાવાર્તામાં જ શોખ માનીએ છીએ. તેનો જોગ જેવો ગઢપુરમાં છે તેવો બીજે નથી.''[૧]

એક વખત જેતપુરમાં શ્રીહરિએ સૌને સંબોધીને ઉચ્ચાર્યું હતું: ''ગઢપુરને અમે અમારું ધામ માન્યું છે. જન્મસ્થાન છપૈયાની જેમ ગઢપુરને અમે અમારું જાણીએ છીએ. ગઢપુરમાં રહીને જ અમે સત્સંગમાં ફરીએ છીએ.''[૨]

'ગઢડું મારું અને હું ગઢડાનો, તે તો કદી નથી મટવાનો...' આમ ઉચ્ચારનાર ભગવાન શ્રી સ્વામિનારાયણની અનેક દિવ્ય લીલાઓનું ચિરંતન સાક્ષી બની રહ્યું છે – આવું પરમ તીર્થધામ ગઢપુર.

ગઢપુરના એ પવિત્ર ધામમાં જેની ગાથાઓ નિરંતર ગવાતી રહેશે એવું શ્રીહરિનું અતિ પ્રાસાદિક સ્થાન એટલે ભક્તરાજ શ્રી જીવાખાચરનો દરબારગઢ.

કેવા વિરલ ભક્તરાજ હતા શ્રી જીવાખાચર? સંપ્રદાયના ગ્રંથોના આધારે તેનું એક આચમન કરીએ અને એમના દરબારગઢમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમની ભક્તિને વશ થઈને આપેલા દિવ્ય આધ્યાત્મિક લાભની સ્મૃતિઓ કરીએ હવે પછીનાં પ્રકરણોમાં...

> **"**
> **એક વખત જેતપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સૌને સંબોધીને ઉચ્ચાર્યું હતું: ''ગઢપુરને તો અમે અમારું ધામ માન્યું છે. અમારા જન્મસ્થાન છપૈયાની જેમ ગઢપુરને અમે અમારું જાણીએ છીએ. ગઢપુરમાં રહીને જ અમે સત્સંગમાં ફરીએ છીએ.''**

૧. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૨૮/૧૨૫
૨. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૬/૪૯

અંતર્દષ્ટિ પ્રેરતું મુમુક્ષુતાથી સભર પ્રેમભક્તિમય વ્યક્તિત્વઃ ભક્તરાજ શ્રી જીવાખાચર



તીર્થધામ ગઢપુર અનેક મહાન ભક્તોની જન્મભૂમિ છે. આ વસુંધરા પર જ્યાં સુધી સ્વામિનારાયણ સંપ્રદાયની ધજાઓ ફરકતી રહેશે ત્યાં સુધી ગઢપુરની ધરતી પર પ્રગટેલા એ મહાન ભક્તોની ગાથાઓ ગવાતી રહેશે.

જેમનું નામસ્મરણ પ્રાતઃસ્મરણીય ગણાય એવા ગઢપુરના એ ભક્તમંડળમાં શોભતા ભક્તરાજ શ્રી દાદાખાચર, ભક્તરાજ શ્રી લાડુબા અને શ્રી જીવુબાની જેમ સદા આદરપૂર્વક લેવાતું રહેશે – ભક્તરાજ શ્રી જીવાખાચર અને તેમના પરિવારનું નામ.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણે ભક્તિથી સમર્પિત થઈ જનાર ખાચર પરિવારમાં જેમનું નામ મોટી ડેલીના મોભી તરીકે લેવામાં આવતું

હતું, જેમને ભાવનગરના મહારાજા શ્રી વખતસિંહજીના ડાયરામાં પણ આદરપૂર્વક સ્થાન અપાતું હતું, જેમની વિવેકપૂર્ણ વાણી અને દાની પ્રકૃતિથી ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેકવાર પ્રસન્નતા દર્શાવી હતી, એવા સમર્પિત ભક્તરાજ અને કાઠી ક્ષત્રિયકુળના શિરોમણિ હતા શ્રી જીવાખાચર.

મૂળ તો ગઢડા ગામને વસાવનાર દાનાખાચરનો આ પરિવાર. દાનાખાચરને બે પુત્રો થયાઃ જીવાખાચર અને ઉન્નડખાચર. ઉન્નડખાચર નાના પુત્ર હોવાથી તેમનો પરિવાર 'નાની ડેલી' તરીકે ઓળખાયો. નાની ડેલીના શ્રી ઉન્નડખાચરના પૌત્ર એટલે ભક્તરાજ શ્રી એભલખાચર અને શ્રી એભલખાચરના પુત્ર એટલે ભક્તરાજ શ્રી દાદાખાચર.

જ્યારે દાનાખાચરના બીજા પુત્ર જીવાખાચર મોટા હોવાથી તેમનો પરિવાર 'મોટી ડેલી' તરીકે ઓળખાયો. આ મોટી ડેલીના શ્રી જીવાખાચરના પુત્ર થયા શ્રી પૂજાખાચર, અને શ્રી પૂજાખાચરના પુત્ર પુનઃ શ્રી જીવાખાચરના નામે થયા.[૧] આ દ્વિતીય શ્રી જીવાખાચરે જ ભગવાન શ્રી સ્વામિનારાયણને ગઢડાની ધરતી પર કાયમ બિરાજવાનું સૌ પ્રથમ નિમંત્રણ આપ્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અપાર ભક્તિ ધરાવતા એ ભક્તરાજ શ્રી જીવાખાચરનું મુમુક્ષુતાસભર ચરિત્ર આવનારી અનેક પેઢીઓને અંતર્દૃષ્ટિની પ્રેરણા આપતું રહેશે.

ઈતિહાસ-ગ્રંથોમાં શ્રી જીવાખાચરની અનેક શૌર્યગાથાઓ અંકાયેલી છે. એક નખશિખ ક્ષત્રિય હોવા છતાં, એમની વાણી સાક્ષરોને પણ ભૂલાવે તેવી હતી. કોઈને બોલતાં ન આવડે તેવી મધુર વાણી તેઓ ઉચ્ચારતા કે જેથી પાષાણ જેવું કઠણ હૃદય પણ કૂણું માખણ જેવું થઈ જતું. સમય વિના એક શબ્દ પણ તેઓ બોલે નહીં, પરંતુ દેશકાળ જોઈને તેઓ એ પ્રમાણે બોલે કે બધી પ્રતિકૂળતાનાં મૂળિયાં ઉખડી જાય, છતાં વિરોધીને તેની ખબર પણ ન પડે એવા તેઓ નિષ્ણાત હતા. આમ છતાં, એ બધું જ છોડીને તેઓ ભગવાન સ્વામિનારાયણમય થઈ ગયા હતા.[૨] ચિત્તલના યુદ્ધમાં ભાવનગરના મહારાજા સામે યુદ્ધશૌર્ય બતાવનાર શ્રી જીવાખાચરે ભગવાન શ્રી સ્વામિનારાયણના યોગમાં આવ્યા પછી તલવારને બદલે માળા અને હોકા-અફીણને બદલે ભક્તિની મસ્તીમાં જીવનને સાર્થક બનાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે માત્ર શ્રી જીવાખાચર નહીં, પરંતુ ખૂબ મોટી સંખ્યામાં કાઠી દરબારોનાં જીવન પર માત્ર ૨૫ વર્ષીય ભગવાન શ્રી સ્વામિનારાયણનો એક અનોખો પ્રભાવ છવાયેલો હતો. એ ઈતિહાસ-પ્રસિદ્ધ છે કે આ કાઠી ક્ષત્રિયોનો મૂળ સ્વભાવ છોડાવીને ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમને

“ જેમનું નામસ્મરણ પ્રાતઃસ્મરણીય ગણાય એવા ગઢપુરના એ ભક્તમંડળમાં શોભતા ભક્તરાજ શ્રી દાદાખાચર, ભક્તરાજ શ્રી લાડુબા અને શ્રી જીવુબાની જેમ સદા આદરપૂર્વક લેવાતું રહેશે – ભક્તરાજ શ્રી જીવાખાચર અને તેમના સમગ્ર પરિવારનું નામ.

૧. આ દ્વિતીય જીવાખાચર અને એભલખાચર બંને એક પેઢી દૂરના પિતરાઈ બંધુ હતા. આથી, શ્રી જીવાખાચર શ્રી દાદાખાચરના કાકા તરીકે વધુ જાણીતા હતા.

૨. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃત સાગરઃ ૧૩/૪૪.

ભક્તરાજ શ્રી જીવાખાચર, તેમનાં પત્નીશ્રી કુંવરબા, સુપુત્રીઓ શ્રી અમૂલાબા અને અમરીબા અને સુપુત્રો - શ્રી ભોકાખાચર અને દેસાખાચર.




ભક્તિમાં રસતરબોળ કરી દીધા હતા.[3] એ કાઠી દરબારોની અજોડ પ્રેમભક્તિ અને પોતાના ઇષ્ટદેવ માટે ફના થઈ જવાની ભાવનાએ ભગવાન શ્રી સ્વામિનારાયણને વશ કરી લીધા હતા.

તેનું એક ઉત્તમ ઉદાહરણ હતા ભક્તરાજ શ્રી જીવાખાચર.

શ્રી જીવાખાચરનો જન્મ કઈ સાલમાં થયો હશે તેની કોઈ ચોકસાઈ ભરેલી વિગતો પ્રાપ્ત થતી નથી, પરંતુ સન ૧૮૦૫માં ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુર પધાર્યા ત્યારે શ્રી જીવાખાચરના ૧૫-૧૭ વર્ષના મોટા પુત્ર શ્રી ભોકાખાચર નગરને શણગારવાની સેવામાં જોડાયા હતા તેવો નિર્દેશ મળે છે. આથી, શ્રીહરિ ગઢપુર પધાર્યા ત્યારે શ્રી જીવાખાચર આશરે ૩૫-૪૦ વર્ષના હોવા જોઈએ. શ્રી જીવાખાચરે સન ૧૮૨૯માં ભગવાન શ્રી સ્વામિનારાયણની ઉપસ્થિતિમાં જ દેહત્યાગ કર્યો હતો, ત્યારે તેમની ઉંમર આશરે ૬૦-૬૫ વર્ષની હોવી જોઈએ. આ અંદાજ મુજબ શ્રી

---

૩. સંપ્રદાયના ઇતિહાસમાં એવા અનેક પ્રસંગો નોંધાયા છે. તેમાંના એક પ્રસંગે શ્રીહરિએ બોટાદમાં શ્રી હમીરખાચરના દરબારગઢમાં બધા કાઠી દરબારોને એકત્ર કરીને નિયમ આપતાં કહ્યું હતું કે ''કાઠી દરબારોમાં જે અમારા સત્સંગી થયા હોય તેમણે મેલીકાર(ધાડ પાડવી કે લૂંટફાટ કરવી વગેરે)માં જાવું નહીં. આટલા નિયમ તો સૌએ અવશ્ય પાળવા. પારકો માલ બળજબરીથી લઈ આવવો તે અન્યાય અને પાપ કહેવાય. માટે એવું ન કરવાનો સૌએ નિયમ લેવો.'' ત્યારબાદ ઉત્સાહ રાખીને બધા કાઠી દરબારોએ મેલીકાર અને હિંસા ન કરવાના નિયમો લીધા. શ્રીહરિએ કહ્યું: ''કોઈ તમારી સાથે કજિયો કરવા આવે તો તેને ડરાવવા અવશ્ય, પરંતુ હિંસા કરવી નહીં. કોઈ મારામારી કરે તો પોતાની રક્ષા કરવામાં દોષ નથી.'' (શ્રી આધારાનંદ સ્વામી કૃત હરિચરિત્રામૃતસાગર, ૬/૭)



ભક્તરાજ શ્રી એભલખાચર, તેમનાં પત્નીશ્રી સોમપ્રભાદેવી, સુપુત્રીઓ શ્રી જીવુબા અને લાડુબા, અને અને બાળવયના સુપુત્ર - ભક્તરાજ શ્રી દાદાખાચર,

જીવાખાચરનો જન્મ સન ૧૭૭૦ના દાયકામાં થયો હોવો જોઈએ.

શ્રી જીવાખાચર અને તેમનાં પત્ની બાશ્રી કુંવરબાનાં ચાર સંતાનો હતાં. તેમાં બે પુત્રીઓ - શ્રી અમૂલાબા અને શ્રી અમરીબા જ્યેષ્ઠ પુત્રીઓ હતાં. ત્યારબાદ શ્રી જીવાખાચરના ઘરે બે પુત્રોનો જન્મ થયો હતો - શ્રી ભોકાખાચર અને શ્રી દેસાખાચર. આ સમગ્ર પરિવાર, તેમજ શ્રી જીવાખાચરના નાના ભાઈ શ્રી મૂળુખાચરનો સમગ્ર પરિવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અનન્ય ભક્તિથી સમર્પિત હતો.

સંપ્રદાયના ઈતિહાસગ્રંથોમાં શ્રી જીવાખાચરની પ્રેમભક્તિની જેમ તેમનાં સુપુત્રી શ્રી અમૂલાબા અને શ્રી અમરીબાની ભક્તિની ગાથાઓ પણ નોંધવામાં આવી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે એ બંને બહેનોની ભક્તિને શ્રી કુશળકુંવરબા, શ્રી લાડુબા, શ્રી જીવુબા, શ્રી રાજબા, શ્રી મીણબાઈમા જેવાં એકાંતિક સ્ત્રીભક્તોની બરોબર ગણીને પ્રસંગે પ્રસંગે તેમનો મહિમા ગાયો છે.[૪]

પૂર્વના પવિત્ર સંસ્કારો અને મુમુક્ષુતાને કારણે, શ્રી જીવાખાચરને સન

"

શ્રી જીવાખાચરની એ પ્રેમભક્તિથી જ ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમના દરબારગઢમાં નિવાસ કરીને સતત ૩ વર્ષ રહ્યા હતા. આ ત્રણ વર્ષ દરમ્યાન શ્રીહરિએ શ્રી જીવાખાચર અને તેમના સમગ્ર પરિવારની અનન્ય સેવાભક્તિને સ્વીકારીને તેમના પર ખૂબ કૃપા વરસાવી હતી.

૪. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર, ૧૬/૩૮
શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ શ્રી જીવાખાચરનાં બે પુત્રીઓ વિશે પણ આમ નોંધે છે: "દરબાર શ્રી જીવાખાચરની બે પુત્રીઓ સત્સંગના બધા જ નિયમોનું યથાર્થપણે પાલન કરતી. અમૂલાબા અને અમરીબા નામની તે બંને બહેનો અત્યંત નિષ્કામી ભક્ત હતાં. જેવાં જીવુબા અને લાડુબા હતાં તેવાં જ તે સર્વોત્તમ ત્યાગી ભક્ત હતાં. બંને બહેનોમાં નિર્માનીપણાનો ગુણ સૌથી અધિક હતો. તેમના એ ગુણને લીધે જ શ્રીહરિએ આખા કુટુંબનો ઉદ્ધાર કર્યો હતો." (શ્રીહરિચરિત્રામૃતસાગર: ૫/૧-૨)

૧૮૦૩માં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં પ્રથમ દર્શન થયાં ત્યારે જ જાણે તેમને પ્રતીતિ આવી ગઈ હતી કે આ સ્વયં પરમાત્મા છે. અને એટલે જ તેમણે ભગવાન શ્રી સ્વામિનારાયણને ગઢપુરમાં સદા બિરાજમાન થવા માટે પ્રાર્થના કરી હતી. જો કે ત્યારે એ શક્ય નહોતું બન્યું, પરંતુ સન ૧૮૦૫માં ભગવાન શ્રી સ્વામિનારાયણ ફરીથી ગઢપુર પધાર્યા અને અહીં સ્થાયી થયા ત્યારે શ્રી જીવાખાચરે પોતાનું ધન-ધામ-કુટુંબ-પરિવાર બધું જ શ્રીહરિની સેવામાં સમર્પિત કરી દીધું હતું.

શ્રી જીવાખાચરની એ પ્રેમભક્તિથી જ ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમના દરબારગઢમાં નિવાસ કરીને સતત ૩ વર્ષ રહ્યા હતા. આ ત્રણ વર્ષ દરમ્યાન શ્રીહરિએ શ્રી જીવાખાચર અને તેમના સમગ્ર પરિવારની અનન્ય સેવાભક્તિને સ્વીકારીને તેમના પર ખૂબ કૃપા વરસાવી હતી. આ ત્રણ વર્ષ બાદ શ્રીહરિ શ્રી એભલખાચરના દરબારગઢમાં નિવાસ કરવા ગયા ત્યારપછી પણ તેમણે વારંવાર અહીં પધારીને અપાર લીલાઓ કરીને દિવ્ય સુખ આપ્યું હતું.[૫]

ભક્તરાજ શ્રી જીવાખાચર અને શ્રીહરિનો વિરલ સ્નેહસંબંધ

સંપ્રદાયના ગ્રંથો વર્ણવે છે કે ભક્તરાજ શ્રી જીવાખાચર અને ભગવાન શ્રી સ્વામિનારાયણ વચ્ચે એક અનોખો સ્નેહસંબંધ હતો. તેમાં સમજણ હતી, અંતર્દષ્ટિ હતી, ભક્તિ હતી, નિષ્ઠા હતી અને શ્રીહરિનો અપાર સ્નેહ હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શ્રી જીવાખાચરના આવા સ્નેહપૂર્ણ સંબંધોની સાક્ષી પૂરતાં અનેક પ્રસંગો સંપ્રદાયના ગ્રંથોમાં અહીં-તહીં વેરાયેલા પડ્યા છે. તેમાંથી થોડુંક આચમન કરીને ભક્તરાજ શ્રી જીવા-ખાચરના વ્યક્તિત્વનું એક અનોખું પાસું સમજીએ.

સંવત ૧૮૬૧ના મહા સુદ અગિયારસ, તા. ૧૦-૨-૧૮૦૫નો દિવસ સંપ્રદાયના ઈતિહાસમાં અમર રહેશે. કારણ કે આ દિવસે ભગવાન શ્રી

---

૫. ભગવાન સ્વામિનારાયણે ગઢપુરમાં રહેવાનો નિર્ણય કર્યો ત્યારે સદ્ગુરુ આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર(૪/૩-૪) જેવા સંપ્રદાયના ઈતિહાસ-ગ્રંથો નોંધે છે કે શરૂઆતમાં શ્રીહરિ ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારમાં ઊતર્યા હતા. ભગવાન સ્વામિનારાયણના સમકાલીન શામળિયા ચૈતન્યાનંદ સ્વામીના મંડળના ગઢપુર સ્થિત પીઠ સંત સદ્ગુરુ શાસ્ત્રી સ્વામી શ્રી ગોવિંદસ્વરૂપદાસજી, ગોપીનાથ દેવ મંદિર(ગઢડા)ના પ્રધાનાધ્યાપક શાસ્ત્રી સ્વામી શ્રી ધર્મવિહારીદાસજી અને વિદ્વાન લેખક શ્રી મૂળજીભાઈ છગનભાઈ પંજવાણી શ્રી દુર્ગપુર માહાત્મ્યને ટાંકીને 'ગઢપુર મહાત્મ્ય' પુસ્તકમાં નોંધે છે કે ભગવાન સ્વામિનારાયણ ગઢપુરમાં પધાર્યા ત્યારે શરૂઆતનાં ત્રણ વર્ષ તેઓ ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં રોકાયા હતા. દિવસના સમયે તેઓ ભક્તરાજ શ્રી એભલખાચરના દરબારમાં પણ પધારીને લાભ આપતા હતા. (ગઢપુર માહાત્મ્ય, પૃ. ૨૦૪)

સ્વામિનારાયણે ગઢપુરમાં દ્વિતીય વખત પ્રવેશ કર્યો હતો અને તે જ દિવસે ગઢડાને પોતાના કાયમી નિવાસસ્થાન માટે સ્વીકારી લીધું હતું. આ જ દિવસ ભક્તરાજ શ્રી જીવાખાચર માટે પણ જાણે સોનાનો ઊગ્યો હતો. કારણ કે આ જ દિવસથી સતત ત્રણ વર્ષ સુધી ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમના દરબારગઢમાં નિવાસ કર્યો હતો.

શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિ નિવાસ માટે પધાર્યા તે અવસરનું અદ્‌ભુત વર્ણન કરીને સંપ્રદાયના ગ્રંથો તેનું ચિત્ર તાદૃશ કરી આપે છે. તા. ૧૦-૨-૧૮૦૫ના રોજ ગઢપુરમાં ધામધૂમથી વાજતે-ગાજતે પધારીને ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રથમ શ્રી એભલખાચરના દરબારગઢને પાવન કર્યો અને ત્યારપછી તેઓ શ્રી જીવાખાચરના દરબારગઢમાં પધાર્યા. શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિનો એ પ્રથમ દિવસ શ્રી જીવાખાચરના જીવન-પરિવર્તનનું નિમિત્ત બની ગયો. શ્રીહરિના નિવાસના પ્રથમ દિવસે જ શ્રી જીવાખાચર પોતાના સમગ્ર પરિવાર સાથે વર્તમાન ધરાવીને સત્સંગી બન્યા. એ સમગ્ર ઘટનાક્રમનું ચિત્રાત્મક વર્ણન શ્રી આધારાનંદ સ્વામીએ કર્યું છે. જુઓ તેનો સારાંશ:[૬]

'શ્રીહરિના સ્વાગત માટે શ્રી જીવાખાચરે પોતાના દરબારને વિવિધ પ્રકારે ખૂબ શણગાર્યો હતો. દરેક દરવાજે મોતીનાં તોરણ બાંધ્યાં હતાં. શોભાયુક્ત એ દરબારગઢમાં શ્રી જીવાખાચરે ભાવપૂર્વક મખમલનાં ગાદીતકિયા ઉપર શ્રીહરિને પધરાવ્યા. ત્યાં ચારે તરફ બેઠેલા સંતો અને કાઠી દરબારોની સુંદર સભા થઈ. મુકુંદાનંદ બ્રહ્મચારી અને જયાનંદ બ્રહ્મચારીની વિનંતીથી શ્રીહરિએ ભોજન કર્યું અને બધા કાઠી દરબારોને પણ શ્રીહરિએ જમાડ્યા.

ભોજન પછી શ્રીહરિ આવીને પલંગ ઉપર બિરાજ્યા. ગવૈયા સંતોએ કીર્તનભક્તિ અને રાગ-રંગની ખૂબ ધૂમ મચાવી. મધરાત થઈ ત્યાં સુધી અદ્‌ભુત કીર્તનભક્તિ ચાલી. પછી શ્રીહરિ પોઢ્યા અને સંતો ધ્યાન લગાવીને આખી રાત બેસી રહ્યા.

સવાર થવા આવી ત્યારે સંતો સ્વામિનારાયણ ધૂન મચાવતાં ઘેલા નદીના તટે સ્નાન કરવા માટે ગયા. શ્રીહરિ પણ સ્નાન માટે પધાર્યા. સ્નાન પછી શ્રીહરિ કોરાં વસ્ત્રો પહેરીને પર્વત(ટેકરા) ઉપરના કોટના દરવાજેથી અંદર દાખલ થયા. ટેકરા ઉપરના ઊંચે સ્થળેથી સમગ્ર ગઢપુર શહેરની રચના જોઈને શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયા. ટેકરા ઉપર આ કોટ અને તેની ફરતા મોટા ભારે બુરજ (કોઠાઓ) હતા. તેમાં કાંગરાં કર્યાં હતાં. તેમાં સુંદર મોટા દરવાજાઓ હતા. કોટની ચારેબાજુ વૃક્ષો હતાં. તે વૃક્ષો પર જાતજાતનાં પંખીઓ નિરંતર કલરવ કરતાં હતાં. આ પર્વત પરથી ચારે તરફ ગઢપુરની

"

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રથમ શ્રી એભલખાચરના દરબારગઢને પાવન કર્યો અને ત્યારપછી તેઓ શ્રી જીવાખાચરના દરબારગઢમાં પધાર્યા. શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિનો એ પ્રથમ દિવસ શ્રી જીવાખાચરના જીવન-પરિવર્તનનું નિમિત્ત બની ગયો.

૬. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૪/૬

શોભા નીરખીને શ્રીહરિ કોટ ઉપરથી ઊતર્યા અને શ્રી જીવાખાચરના દરબારગઢમાં પધાર્યા.

શ્રી જીવાખાચરના દરબારમાં ઓરડાઓનો પડથારો (પ્લીન્થ) ઘણો જ ઊંચો છે. તેમાં પણ ઉગમણા બારના ઓરડા ઘણા શોભે છે. તે મુજબ ઉત્તરાદા બારના અને દક્ષિણાદા બારના ઓરડાની ઓસરીમાં થાંભલાઓની લાંબી પંક્તિ શોભતી હતી. ઓસરી ઉપર જવાનાં પગથિયાં ઘણાં સારાં હતાં.

એ શોભાવંત દરબારગઢમાં બિરાજેલા શ્રીહરિનું શ્રી જીવાખાચર અને સૌએ ફૂલહાર, મેવા-મીઠાઈ વગેરેથી ખૂબ ભાવપૂર્વક પૂજન કર્યું. શ્રીહરિનું અપાર હેત જોઈને તેમનો આશ્રય કરવા માટે બુદ્ધિમાન દરબાર શ્રી જીવાખાચરે, વર્તમાન ધારીને સત્સંગી થવા માટે પોતાના સમગ્ર પરિવાર સાથે શ્રીહરિ સમક્ષ વિનંતી કરી.

શ્રી જીવાખાચરે હાથ જોડીને શ્રીહરિને કહ્યું: ''મહારાજ! મારી એક વિનંતી સાંભળો. આપ અમને નિયમ આપો છો તેને અમે દરબારો પાળીએ છીએ અને પાળીશું. પરંતુ પૂર્વેના અમારા કહેવાતા ગુરુઓ - ભેખધારીઓએ અમને ક્યારેય દારૂ અને માંસ ખાવામાં દોષ દેખાડ્યો નથી. તેમણે તો અમને ક્ષત્રિયના ધર્મ તરીકે છૂટ આપી છે. અમારા માટે તો હિંસા એ જ ધર્મ એમ અમને શીખવ્યું છે. આવું માનીને અમે આટલા દિવસ સુધી તેમ કરતા રહ્યા હતા. પરંતુ અમારા હિતની ખાણ સમા આપ અમને મળ્યા છો. તો હવે આપ જેમ કહેશો તેમ અમે કરીશું.''

ત્યારે તેમને પોતાના મિત્ર તરીકે સંબોધતાં શ્રીહરિએ કહ્યું: ''મારા મિત્ર દરબાર! તમે સાંભળો. અમે જીવોનું કલ્યાણ કરવા માટે અવતાર ધરીને આવ્યા છીએ. પરંતુ કહેવાતા ધર્મગુરુઓએ કલ્યાણકારી ધર્મમાર્ગને અધોગતિનો માર્ગ કર્યો છે. જેમણે જેમણે અધર્મનું આચરણ કર્યું છે તેમનો નાશ થયો છે. જે અધર્મ કરે છે તેને અધર્મનું ફળ દુઃખ વેઠવું જ પડે છે. અમે તો અધર્મનો નાશ કરવા પ્રગટ થયા છીએ. જે ધર્મ પાળતા ન હોય તે



માતા, પિતા, બંધુ કે પુત્ર હોય તો પણ તે કોઈ અમારાં નથી. એવાં ધર્મરહિત સગાંઓને અમે ચાહતા નથી. જે ધર્મનું પાલન કરે એને જ અમે અમારું કુટુંબ માન્યું છે. તે જ અમારા માટે માતા, પિતા, પુત્ર અને ભાઈ વગેરે છે. તેને જ અમે ચાહીએ છીએ. અમારું શિર જાય તો પણ અમે એવા ધર્મવાળાનો ત્યાગ ક્યારેય નહીં કરીએ. જ્યાં ધર્મ અને ભક્તિનો આદર હોય ત્યાં અમે નિર્માની થઈને રહીએ છીએ. એ ન હોય ત્યાં કદાચ સોનાના મહેલ હોય તો પણ તેની સામે અમે નજર પણ કરતા નથી. દરબાર! આવો અમારો સ્વભાવ છે. તે તમને અમે કહી બતાવ્યો.''

એમ કહીને શ્રીહરિએ શ્રી જીવાખાચરને વર્તમાન ધરાવીને નિયમ આપ્યા. પછી તેમના સમગ્ર પરિવારને પણ વર્તમાન ધરાવીને નિયમ આપ્યા. એટલું જ નહીં, તેમના આશ્રિત, નોકર-ચાકર તે બધા જ નિયમ ધારીને સત્સંગી થયા. તેમાંથી પ્રેરણા લઈને બીજા દરબારો તેમજ ગઢપુરના મુમુક્ષુઓ પણ નિયમ ધારીને સત્સંગી બન્યા.'

શ્રી જીવાખાચર હૃદયથી ભક્ત હતા. એટલે શ્રીહરિના પ્રથમ યોગે જ તેમને શ્રીહરિ સાથે પ્રીતિ બંધાઈ ગઈ. અને શ્રીહરિને પણ તેમના પ્રત્યે સ્નેહભાવની ગાંઠ બંધાઈ ગઈ. એ સ્નેહની થોડીક ઝલક દર્શાવતાં પ્રથમ દિવસનું જ વર્ણન આગળ લંબાવતાં શ્રી આધારાનંદ સ્વામી નોંધે છે:

'ત્યારપછી શ્રીહરિને મુકુંદાનંદ બ્રહ્મચારીએ ભોજન કરવા માટે બોલાવ્યા. શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું અને બીજું માથે ઓઢ્યું અને સુંદર બાજોઠ પર ભોજન કરવા બિરાજ્યા. ભોજન પછી શ્રીહરિએ પ્રસાદીનો બધો જ થાળ શ્રી જીવાખાચરને આપી દીધો.

ત્યારપછી અન્ય સૌને જમાડીને શ્રીહરિ સભામાં બિરાજ્યા. સભામાં દૂધ અને પંચામૃતથી શ્રીહરિનાં ચરણ ધોઈને શ્રી જીવાખાચરે શ્રીહરિનાં ચરણમાં કેસર-ચંદન ચર્ચ્યાં. ત્યારપછી લલાટમાં પણ ચંદનની અર્ચા કરી. પછી ચંદન ચર્ચેલાં શ્રીહરિનાં એ ચરણારવિંદને શ્રી જીવાખાચરે પોતાની

"

ઘેલા નદીના કાંઠે ઊભેલું ગઢપુર નગર તેના ગઢ અને ટેકરાની શોભાથી શોભતું હતું. ભગવાન સ્વામિનારાયણ સન ૧૮૦૫માં આ નગરમાં સ્થાયી થવા પધાર્યા ત્યારે ઘેલા નદીના દક્ષિણ કાંઠેથી આ નગર કેવું લાગતું હશે! તેનું આ માનચિત્ર આજેય ગઢપુરની શાનનો અનુભવ કરાવે છે.



છાતી ઉપર ચાંપ્યાં. શ્રી જીવાખાચરના ભાઈ અને પુત્રોએ પણ એવા જ ભાવથી શ્રીહરિનું પૂજન કર્યું. શ્રી જીવાખાચરને બે પુત્રીઓ હતી. તે હરિભક્તો બહેનોમાં શિરોમણિ હતી. તે બંને નિષ્કામ ભક્ત હતી. એ અમૂલાબા અને અમરીબાએ પણ શ્રીહરિનું પૂજન કર્યું.'

શ્રી જીવાખાચરની વિશેષતા હતી – શ્રીહરિનો અપરંપાર મહિમા, પોતાના પ્રત્યે ક્ષુદ્રભાવ અને સતત અંતર્દષ્ટિ. પોતાના દોષનું દર્શન કરીને શ્રીહરિ સમક્ષ એ દોષમાંથી મુક્તિ માટેની સતત પ્રાર્થના કરવાની એમની સહજતામાં તેમની ઉત્તમ મુમુક્ષુતાનું દર્શન થાય છે. શ્રીહરિએ એમના ઘરે નિવાસ કર્યો ત્યારે પ્રથમ દિવસે જ સત્સંગી તરીકે કંઠી ધારણ કર્યા પછી તેમણે શ્રીહરિને કરેલી પ્રથમ પ્રાર્થનાના આ શબ્દો જુઓ:

'પછી આરતી કરીને વિચક્ષણ અને બુદ્ધિમાન શ્રી જીવાખાચરે બે હાથ જોડી મસ્તક નમાવીને પ્રાર્થના કરી: "હે પ્રભુ! હું આપના દાસનો પણ દાસ છું. છતાં મનુષ્ય દેહમાં છું એટલે મારાથી આપના કોઈ ભક્તનો દ્રોહ ન થાય એવી દયા કરજો. ભક્તોના દ્રોહનું મૂળ તો લોભ છે. અમે લોભને જ પોતાનું જીવન માન્યું છે. પરંતુ આપ મળ્યા છો તેનાથી જ અમને બળ મળ્યું છે. નહીંતર અમે ક્યારેય લોભથી છૂટી શકત નહીં. આપ પરમેશ્વર છો. અમે તો આપની આગળ બાળક તુલ્ય છીએ. આપનાં ચરિત્ર દેખીને અમને ક્યારેય તેમાં મોહ થાય નહીં, તેમજ અવગુણ આવે નહીં તેવી અમારા પર કૃપા રાખજો. અમે તો અનાદિકાળથી ભૂલેલા જ છીએ પણ અમે ભવસાગરમાં ડૂબતા હતા ને આપે અમારી બાંહ્ય પકડી લીધી. માટે કદાચ અજ્ઞાનને લીધે અમે આપને છોડી દઈએ તો પણ આપ અમને ક્યારેય છોડશો નહીં. આપનાં ચરણકમળમાં અમારો આત્મા અખંડ આનંદ માણે. આપ અને આપના ભક્તોનો દ્રોહ મારાથી ક્યારેય થાય નહીં એ વરદાન હું વારંવાર આપની પાસે માગું છું. વળી, અમારો કોઈ પણ વંશજ સત્સંગને છોડીને બીજે ક્યાંય રુચિ-પ્રીતિ ન કરે એ આપની પાસે માગું છું."

દરબાર શ્રી જીવાખાચરની આ પ્રાર્થના સાંભળીને તેમના ઉપર શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને તેમને કૉલ આપ્યો અને કહ્યું: "દરબાર! તમે તો અજોડ ભક્ત છો. તમારો અતિ શુદ્ધ ભાવ છે, તેથી તમે જે માગ્યું તે બધું હું તમને અત્યારે આપું છું."'[૭]

"દરબાર શ્રી જીવાખાચરની હૃદયપૂર્વકની પ્રાર્થના સાંભળીને તેમના ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણ અત્યંત પ્રસન્ન થયા, તેમને કોલ આપ્યો અને કહ્યું: "દરબાર! તમે તો અજોડ ભક્ત છો. તમારો અતિ શુદ્ધ ભાવ છે, તેથી તમે જે માગ્યું તે બધું હું તમને અત્યારે આપું છું."

આમ જુઓ તો, શ્રી જીવાખાચર અને ભગવાન શ્રી સ્વામિનારાયણનો આ બીજી વખતનો જ મેળાપ હતો. પરંતુ શ્રીહરિના આટલા ટૂંકા પ્રસંગમાં જ તેમના હૃદયમાં પ્રગટી ગયેલી ભારોભાર ભક્તિ અને આત્મીયતાની કેવી અનોખી સુવાસ મહેકે છે! તેમની પ્રાર્થનામાં તેમની પૂર્વ જન્મની મુમુક્ષુતાનો પણ પ્રભાવ અનુભવાય છે.

૭. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૫/૧-૪

શ્રી જીવાખાચર એક અગ્રણી અને મોભાદાર કાઠી દરબાર હતા. આવા વિરલ ગણાતા કાઠી ક્ષત્રિયો માત્ર ૨૪-૨૫ વર્ષના શ્રીહરિ માટે ઓળઘોળ થઈ જાય એનું આશ્ચર્ય ઘણા બધાને હતું. એકવાર બાબરાના ગામધણી દરબાર શ્રી જેઠસૂર વાળાએ શ્રીહરિને કહ્યું હતું: *''અમારી કાઠી દરબારોની નાત બહુ માની કહેવાય છે. તેમનું જે માન સન્માન જાળવે છે, તેને તેઓ વશ થઈ જાય છે. પણ એક જ વાર જો નાનું એવું પણ અપમાન થઈ જાય તો તેઓ તેના ઘરબારનો પણ ત્યાગ કરી દે. પછી ફરીને તેમને વધારે માન આપવામાં આવે તો પણ એકવાર જે મન તૂટ્યું તે ફરીથી સંધાય નહીં. કાઠી દરબારોનો એ એક સહજ સ્વભાવ છે કે તે કોઈના દાબ્યા દબાય નહીં. એવા બધા કાઠીઓ પોતાનું બધું જ માન મૂકી દઈને હવે આપને માનવા લાગ્યા છે. અમે નિર્દોષભાવથી કહીએ છીએ કે તે આપનો સૌથી મોટો પ્રતાપ છે. મનુષ્યને જ્યારે સૌથી અધિક સામર્થ્ય જણાય છે ત્યારે તેની આગળ તેનો ગર્વ ટકતો નથી.''*[૮]

શ્રી જેઠસૂર વાળાનું આ નિરીક્ષણ તદ્દન સત્ય હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણની એવી પ્રતિભા હતી કે ક્યાંય માથું ન મૂકે એવા આ કાઠી દરબારો શ્રીહરિનાં ચરણોમાં પોતાનું ધન-ધામ-કુટુંબ-પરિવાર બધું જ ન્યોચ્છાવર કરીને એક અદના સેવક થઈને સમર્પિત થઈ ગયા હતા.

તેમાનું એક નોંધપાત્ર ઉદાહરણ એટલે શ્રી જીવાખાચર. શ્રીહરિ અને આ કાઠી દરબારોની પ્રીતિનું એક સુંદર ઉદાહરણ નોંધતાં શ્રી આધારાનંદ સ્વામી ચિત્રાત્મક વર્ણન કરે છે.

'એકવાર શ્રીહરિ ગઢપુર આવી રહ્યા હતા. 'શ્રીહરિ પધારે છે' એવા સમાચાર ગઢપુરમાં મળ્યા એટલે શ્રી જીવાખાચર, શ્રી એભલખાચર અને અન્ય દરબારો શ્રીહરિને સામે લેવા માટે અશ્વ પર બેસીને ગામ બહાર જવા નીકળ્યા. સાથે ખંભાળા ગામના ગામધણી શ્રી મોકાખાચર અને માણસિયા-ખાચર, ગુંદા ગામના મૂળુખાચર, તેમજ બોટાદ, સારંગપુર, કુંડળ અને કારિયાણીના દરબારો પણ હતા. સૌ ગામ બહાર પહોંચ્યા ત્યારે આ બધા દરબારોને દૂરથી આવતા જોઈને અશ્વ પર બિરાજેલા શ્રીહરિ તેમની સામે આવ્યા. શ્રીહરિનો અશ્વ થોડો જ ચાલ્યો હશે ત્યાં તો વેગપૂર્વક આવતા શ્રી જીવાખાચર અને સૌ દરબારોએ ઘોડા પરથી કૂદીને જાણે પોતાના શરીરનો ઘા કરી દીધો અને શ્રીહરિનાં ચરણોમાં દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. 'હાં હાં હાં હાં....' એમ શ્રીહરિ ઉચ્ચાર કરીને સૌને રોકતા રહ્યા અને પોતે પણ અશ્વ પરથી કૂદીને નીચે ઊતરી ગયા. પછી બધા જ દરબારોને શ્રીહરિ બાથમાં લઈને ભેટી પડ્યા.[૯] સૌને ભેટ્યા પછી ફરીથી અશ્વ પર સવાર

---

૮. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૬/૯૧

૯. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૬/૯૨

થઈને શ્રીહરિ ગઢપુર તરફ આગળ વધ્યા.'

સાચે જ, આ કાઠી દરબારોને શ્રીહરિ જાણે અક્ષરધામમાંથી જ પોતાની સાથે લઈને આવ્યા હોય તેવો તેમનો શ્રીહરિ સાથેનો અનોખો સ્નેહસંબંધ હતો. તેમાં શ્રીહરિની સર્વોપરી પરબ્રહ્મ પ્રતિભાનું પણ દર્શન થતું હતું.

શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચરનો પરિવાર તો શ્રીહરિ માટે પોતાનું સમગ્ર અસ્તિત્વ ન્યોછાવર કરીને બેઠો હતો. એટલે જ શ્રીહરિ પણ પોતાની દિવ્યતાભરી વત્સલતા અહોરાત્ર આ પરિવારો પર વરસાવતા.

શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચર તથા શ્રી દાદાખાચરના ભક્તિભાવથી ભગવાન શ્રી સ્વામિનારાયણના સાંનિધ્યમાં ગઢડામાં આનંદ-ઉત્સવોની જાણે હેલી વરસતી. તેમાં ભક્તો અને સંતોની ભીડ થતી. આ સંતો-ભક્તોની સેવા-સરભરા માટે શ્રી જીવાખાચર પોતાનું સર્વસ્વ ઓવારી દેતા. એવા અનેક પ્રસંગોની સ્મૃતિઓ સંપ્રદાયના ગ્રંથો નોંધે છે. શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિએ ઊજવેલા એ ભવ્ય અને અજોડ રંગોત્સવો અને વસંતોત્સવો હોય, જન્માષ્ટમી અને અન્નકૂટોત્સવો હોય કે સ્વયં શ્રીહરિનો જન્મોત્સવ હોય. શ્રી જીવાખાચર હંમેશાં એવા ભવ્ય ઉત્સવોના યજમાન તરીકે સંતો-ભક્તોનો ભીડો ખમવા માટે મહિમાપૂર્વક હોંશે હોંશે તત્પર હતા. એવા પ્રસંગોએ કથાવાર્તા દરમ્યાન શ્રીહરિ સાથેના તેમના પ્રાર્થનાભર્યાં વિનયવચનો આપણને અંતર્દષ્ટિ કરવા પ્રેરે છે. એટલું જ નહીં, શ્રીહરિની સ્પષ્ટ વાણીમાં પ્રગટતો તેમનો શ્રી જીવાખાચર પ્રત્યેનો અભિગમ પણ અભ્યસનીય છે. વાંચો ગ્રંથોનાં કેટલાંક વર્ણનોઃ

ભક્તરાજ શ્રી જીવાખાચરના ઉગમણા બારના ઊંચા પડથારના ઓરડાઓની એ લાંબી પ્રાસાદિક ઓસરી...



'એકવાર વિચરણ કરતાં કરતાં શ્રીહરિ ગઢપુર પધાર્યા હતા. એ અરસામાં રામનવમીનો ઉત્સવ આવ્યો. શ્રી એભલખાચરે શ્રીહરિને તેમના જન્મ વિશે પૂછ્યું ત્યારે શ્રીહરિએ કહ્યું: ''રામચંદ્ર ભગવાનની જે જન્મતિથિ છે તે જ અમારી જન્મતિથિ છે. દસ ઘડી રાત્રિ વીતી ત્યારે અમારો જન્મ થયો છે. તમારે સૌએ તે તિથિએ ઉપવાસ કરવો.''

શ્રી એભલખાચરે સંતોને તેડાવવા શ્રીહરિને વિનંતી કરી. મુક્તાનંદ સ્વામી વગેરે ઘણા સંતો ઝીંઝાવદર હતા. શ્રીહરિએ તેમને પત્ર લખીને બોલાવી લીધા. કાઠિયાવાડ, ભાલપ્રદેશ, ઝાલાવાડ, હાલાર, સોરઠ, વાળાક, ઊના-દીવબંદર, નાઘેર અને ગોહિલવાડનાં ગામોમાં જ્યાં જ્યાં હરિભક્તો હતા તે સૌ રામનવમીના સમૈયા ઉપર ગઢડા આવી ગયા.

શ્રીહરિ શ્રી એભલખાચરના ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર બિરાજમાન હતા. આગળના ભાગમાં સંતો બેઠા હતા. ચારે તરફથી આવતા હરિભક્તોની એટલી બધી હાર થઈ કે કોઈ ક્યાંય ઊભા પણ સમાતા નહોતા. તે સમયે શ્રી જીવાખાચર ઘણા બધા માણસો સાથે આવ્યા, તેમને પણ ઊભા રહેવું પડ્યું.

ત્યારે શ્રીહરિએ કહ્યું: ''હવે આપણે શું કરીશું? હરિભક્તોને બેસવા જરાય જગ્યા નથી.'' આવું કહીને ઘેલા તટે જવા માટે શ્રીહરિ તત્કાળ ઊઠ્યા અને માણેક ચોકમાં આવ્યા ત્યારે શ્રી જીવાખાચરે કહ્યું: ''મહારાજ! હાથ જોડીને આપને વિનંતી કરું છું કે આપ અમારા દરબારમાં પધારો. ત્યાં સભા થઈ શકે એટલી જગ્યા છે જ.''

શ્રી જીવાખાચરનો ભાવ જોઈને શ્રીહરિ હરખભેર તે તરફ ચાલ્યા અને દરબારગઢમાં ઘણા વિશાળ ચોકમાં સભા કરી અતિ પ્રસન્ન થયા. શ્રીહરિએ શ્રી જીવાખાચરને કહ્યું: ''જીવાબાપુ! અહીં હરિભક્તો અપાર આવશે અને તમારે ઘેર ઘણી ભીડ થશે. તમે જો સહન ન કરી શકો તો આવીને તરત અમને કહેજો. અમે કોઈને દુઃખી-હેરાન ન કરીએ. અમે તો જેમ સૌને સુખ થાય તેમજ કરતા રહીએ છીએ.''

ત્યારે શ્રી જીવાખાચરે કહ્યું: ''આપ અમારે ત્યાં આવી મોટી સભા કરો તેને તો અમે અમારાં ધન્ય ભાગ્ય માનીએ છીએ. અમે આપને ખુશીથી અહીં બોલાવ્યા છે. હરિભક્તોની ઝાઝી ભીડ થવાથી અમારા મનમાં ક્યારેય દુઃખ નહીં થાય. અમે તો આપને દીન અને આધીન છીએ. સૌ સંતોને પણ આપ અમારી જગ્યામાં જ રખાવો. વળી, ઉન્મત્ત ગંગા પાસે જ વહે છે. નાહવા-ધોવાની પણ અનુકૂળતા રહેશે. રસોઈ બનાવવા માટે વારંવાર પાણીની જરૂર પડશે એટલે સંતો જ્યાં રસોઈ બનાવશે ત્યાં જ તુરંત એક કૂવો પણ ખોદાવી દઈશ. માટે આપ જેટલા દિવસ અહીં રહેશો તેટલા દિવસ અમારો હરખ માશે નહીં. અમારે ઘેર આપની ભીડ ક્યાંથી હોય?

શ્રીહરિએ શ્રી જીવાખાચરને કહ્યું: ''જીવાબાપુ! અહીં હરિભક્તો અપાર આવશે અને તમારે ઘેર ઘણી ભીડ થશે. તમે જો સહન ન કરી શકો તો આવીને તરત અમને કહેજો. અમે કોઈને દુઃખી-હેરાન ન કરીએ. અમે તો જેમ સૌને સુખ થાય તેમજ કરતા રહીએ છીએ.''

અમારે ઘેર આપની ભીડ કાયમ રહે એવું તો અમે ઇચ્છીએ જ છીએ.''

શ્રી જીવાખાચરની આવી વિનંતી દેખીને શ્રીહરિએ અતિશય રાજી થઈને કહ્યું: ''તમને છોડીને કોઈ જશે નહીં. વિશ્વાસ રાખો.''

પછી શ્રીહરિએ દરબાર શ્રી જીવાખાચરને ઘણી કથાવાર્તા કરી. પછી કહ્યું: ''અમે તો સમજુને જ વઢીએ-લડીએ છીએ. તોપની ચડાઈ ઘાસની ગંજી ઉપર ન કરાય. તે તો મજબૂત પથ્થરના કિલ્લા પર જ શોભે. તમે મિથ્યા જગતમાં ઘણાં ઊંડાં મૂળ રોપી રહ્યા છો અને તેને સારરૂપ માની રહ્યા છો તે તમારી મોટી ભૂલ છે. અમે તમારી સાથે મળીને રહ્યા છીએ, પણ અમારી રીત તો કંઈક જુદી જ છે. અમારું તાન તો જન્મ-મરણના ભયને ટાળવાનું છે. મૃત્યુ ગળા ઉપર છરી તાકીને જ ઊભું રહ્યું છે છતાં તમે સંસારમાં હરખાઈને ઘૂમી રહ્યા છો. પરમેશ્વરે આંખો દીધી છે છતાં તમે તેને બંધ કરીને ચાલો છો. તેટલા માટે જ અમે આગ્રહ રાખીને વાત કરીએ છીએ. અમે સ્વાર્થ માટે ઉપદેશ કરતા નથી. જો થોડા પણ સ્વાર્થ માટે કરતા હોઈએ તો અમારાં મા-બાપમાં ફરક છે એમ જાણવું. અમે વનમાં ફરતા હતા ત્યારે મોટા મોટા રાજાઓએ અમને રાજ્ય આપવાનું કહ્યું હતું, પણ અમે તે છોડીને તરત ત્યાંથી ભાગી નીકળ્યા હતા. અનંતકોટિ બ્રહ્માંડનું સુખ અમને શૂળીના જેવું દુ:ખરૂપ લાગતું હતું. અક્ષરબ્રહ્મ પણ અમારા દાસ છે. તેના દાસ ઘણા અક્ષરપુરુષો છે. તે પુરુષના સંકલ્પથી અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ થાય છે. તે બ્રહ્માંડોના આધિપત્યની પણ અમારે ગણતરી નથી અને તમે તો થોડા સુખને પણ મહત્ત્વ આપી રહ્યા છો. અમે ભોજન જમીએ છીએ, વસ્ત્રો ઓઢીએ છીએ, આભૂષણો ધારીએ છીએ - તે બધું હરિભક્તોને રાજી રાખવા માટે કરીએ છીએ. તેમાંથી એક પણ વસ્તુનો સંઘરો અમે કરતા નથી. જ્યાં સુધી શરીર રહે ત્યાં સુધી અમારે એક સત્સંગને જ દૃઢ કરીને રાખવો છે.''[૧૦]

આટલી સ્પષ્ટ વાતો કરીને શ્રીહરિ શ્રી જીવાખાચરની જાણે દૃઢતા વધારી રહ્યા છે. યુવાન વયના શ્રીહરિ પ્રત્યે તેમને હેતની એવી ગાંઠ બંધાઈ ગઈ હતી કે શ્રીહરિના એ શબ્દો તેમને અમૃત સમાન લાગતા હતા. શ્રીહરિ પ્રત્યે એમની કેવી પ્રીતિ હતી તેનું વર્ણન કરતાં ગ્રંથો એ જ દિવસનું વર્ણન લંબાવતાં નોંધે છે:

'પછી શ્રીહરિએ કથાવાર્તાની રમઝટ બોલાવી. શ્રીહરિએ શ્રી એભલખાચરના દરબારગઢમાં પોતાનો ઉતારો-નિવાસ રાખ્યો હતો. અને સર્વે સંતોનો ઉતારો શ્રી જીવાખાચરના દરબારગઢમાં રાખ્યો હતો. ઓરડાની પાછળના ભાગમાં જે ઓસરી છે ત્યાં સંતો રહેતા હતા. શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારગઢમાં આવીને રોજ સાંજે થાળ જમતા હતા.

---

૧૦. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૫/૧-૪

મુકુંદાનંદ વર્ણી વિવિધ પ્રકારનાં ભોજનોનો થાળ કરીને શ્રીહરિને જમાડતા.

આ દિવસોમાં શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારગઢમાં આવીને સળંગ પાંચ દિવસ રહ્યા હતા. આખો દિવસ શ્રીહરિ અહીં કથાવાર્તા-કીર્તનની રમઝટ બોલાવે. રોજ સાંજે સૌ સંતોને સાથે લઈને શ્રીહરિ ઘેલા નદીમાં નિત્ય સ્નાન કરવા પધારે. શ્રીહરિ ધરામાં ઘણી જળક્રીડા કરે અને સંતો-હરિભક્તો શ્રીહરિ પર અને શ્રીહરિ તેમના પર જળ ઉછાળતા હતા. શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચર બંને ભક્તિભાવપૂર્વક શ્રીહરિને અંગો ચોળીને સ્નાન કરાવતા અને શ્રીહરિનાં ચરણકમળને ધોઈને તે જળ નિત્ય પીતા.'[૧૧]

અહીં શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચરની શ્રીહરિ પ્રત્યે પ્રગટ પુરુષોત્તમ તરીકેની શ્રદ્ધાની કેટલી ભાવમય પ્રસ્તુતિ છે!

ભગવાન શ્રી સ્વામિનારાયણનો જન્મોત્સવ શ્રી જીવાખાચરના દરબારગઢમાં ઊજવાયો એ અવસરને પણ શ્રી જીવાખાચરે ભક્તિભાવપૂર્વક ખાંતે કરીને માણ્યો હતો. વાંચો તેનું વર્ણનઃ

'પોતાના દરબારગઢમાં શ્રી જીવાખાચરે શ્રીહરિના જન્મનો ઉત્સવ અદ્‌ભુત રીતે ઊજવ્યો. તેમના દરબારગઢમાં સુંદર શણગાર સાથે મંડપ બાંધ્યો હતો. શ્રીહરિ હિંડોળા પર બિરાજ્યા. સંધ્યા સમય થવા આવ્યો હતો તેથી ઘણી જ મશાલો પ્રગટાવી હતી.

હરિભક્તો અને સંતો જયજયકાર બોલતા હતા. જે ઝાડ હતાં તે બધાંમાં દીવાઓ પ્રગટાવી દીધા હતા. બધા સંતો આરતી બોલવા લાગ્યા ત્યારે આકાશ ગુંજી રહ્યું હતું. જ્યારે આરતી પૂરી થઈ ત્યારે શ્રીહરિ નારાયણ ધૂન બોલાવવા લાગ્યા. પહેલાં ધૂન શ્રીહરિ બોલાવે અને પછી બધા તેને ઝીલે. જ્યારે ધૂન ઘણી જ ઉતાવળે બોલાવવા લાગે ત્યારે શ્રીહરિ તે બંધ કરતા અને વળી ફરીથી ધૂન ઉપાડતા.

એમ ધૂન કરતાં કરતાં રાત્રિ દશ ઘડી વીતી. શ્રીહરિના જન્મનો સમય થવા આવ્યો ત્યારે શ્રીહરિએ ધૂન પૂરી કરી. ઢોલ, ત્રાંસાં અને નોબત જેવાં વાજિંત્રો વાગવા લાગ્યાં. સંતો ઝાંઝ-મૃદંગ વગાડીને ઉત્સવ કરવા લાગ્યા. મયારામ ભટ્ટે પંચામૃતથી શ્રીહરિનાં ચરણકમળ ધોયાં. પછી શ્રી જીવાખાચરે શ્રીહરિનાં ચરણ પંચામૃતથી ધોયાં અને તે પ્રસાદીરૂપ ચરણામૃત મસ્તક તથા છાતીએ લગાવ્યું.

પછી શુદ્ધ જળથી ચરણ ધોઈને તેના ઉપર કેસર-ચંદન ચર્ચ્યું અને બીજું ચંદન લઈને લલાટમાં અર્ચા કરી. પછી સૌ સંતો-હરિભક્તોએ પણ કેસર-ચંદનથી શ્રીહરિનાં બધાં અંગો પર નખશિખ અર્ચા કરી. શ્રી જીવાખાચરે શ્રીહરિને ફૂલના હાર અને બાજુબંધ ધરાવ્યા. અન્ય સંતો-

"

શ્રીહરિ ઘેલા નદીના ધરામાં ઘણી જળક્રીડા કરે, સંતો-હરિભક્તો શ્રીહરિ પર અને શ્રીહરિ તેમના પર જળ ઉછાળતા હતા. શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચર બંને શ્રીહરિને અંગો ચોળીને સ્નાન કરાવતા અને શ્રીહરિનાં ચરણકમળને ધોઈને તે જળ નિત્ય પીતા. આવો હતો તેમનો પ્રેમ.

---

૧૧. એજન.

હરિભક્તોએ પણ ફૂલના હાર પહેરાવ્યા.

શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચરે પારાવાર પંજરી કરાવી હતી. તે શ્રીહરિ સમક્ષ લાવીને ધરાવી. પ્રથમ શ્રીહરિએ પંજરી ખાધી અને ખૂબ હરખથી તેનાં વખાણ કર્યાં. અને પછી પોશ ભરી ભરીને પોતાના હાથે જ તે પંજરી સૌને આપી. એટલા બધા હરિભક્તો અને સંતો હતા કે પંજરી આપતાં આપતાં સવાર થઈ ગઈ!

પછી શ્રી જીવાખાચરે સર્વે સંતોની પૂજા કરી અને સંતોને ફૂલહાર પહેરાવ્યા. પછી શ્રીહરિ સ્વેચ્છાથી બધા જ સંતોને બાથમાં ભીડીને ભેટ્યા. શ્રી માંચાખાચરને ત્યાગી સમજીને સંતોની જેમ જ ભેટ્યા અને જે ગૃહસ્થ દરબારો હતા તેમના મસ્તક ઉપર શ્રીહરિએ ચરણકમળ મૂક્યાં.

આ રીતે શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિનો જન્મોત્સવ સર્વોપરિ રીતે ઊજવાયો.'[૧૨]

કેવો અદ્‌ભુત હશે એ માહોલ!

માણો એક બીજા એવા પ્રસંગને, જેમાં શ્રી જીવાખાચરની શ્રીહરિ પ્રત્યેની ભક્તિનું દર્શન થાય છે.

'એકવાર ગામોગામ વિચરણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુર આવી રહ્યા હતા. તેઓ ગઢપુરથી થોડે દૂર ગોરડકા ગામે હતા ત્યારે ગઢપુર સમાચાર પહોંચી ગયા કે શ્રીહરિ આવી રહ્યા છે. આથી શ્રી એભલખાચર અને શ્રી જીવાખાચર બંને પોતાના અશ્વો પર શ્રીહરિને સામે લેવા ગયા. બંનેએ પરસ્પર શરત કરી હતી કે બે ભાઈઓમાંથી જે શ્રીહરિનાં પ્રથમ દર્શન કરે તેના દરબારમાં શ્રીહરિનો ઉતારો થાય. આથી બંનેએ અશ્વો ખૂબ દોડાવ્યા, પરંતુ શ્રીહરિ પાસે બંને સાથે જ પહોંચ્યા. બંને શ્રીહરિને પગે લાગ્યા. બંનેએ શ્રીહરિને હાર અર્પણ કર્યા. શ્રીહરિને તેમણે પોતાની શરતની વાત કરી.

શ્રીહરિએ કહ્યું: ''તમે બન્ને ખૂબ જ ભાવિક છો. અમે તો ફાવે ત્યાં ઊતરીએ, પણ તમારે બંનેએ એકબીજા પ્રત્યે હેત રાખવું. અમે કહીએ તે પ્રમાણે જે સરળ વર્તે તેની સાથે અમારે સહેજે પ્રીતિ થાય છે. વિના વાંકે કહીએ ને મૂંઝાઈ જાય તેનો અમે ત્યાગ કરીએ છીએ.''

ત્યારે શ્રી જીવાખાચરે શ્રીહરિને પ્રાર્થના કરતાં કહ્યું: ''હે મહારાજ! અમારી મતિ થોડી છે. તમારી સમજણ અપાર છે. અમે વારેવારે મૂંઝાઈએ છીએ, પણ આપ બાળક જાણી અમને નભાવો છો તો અમે નભીએ છીએ. અમારે તો હેત-પ્રીતનો સત્સંગ છે. આપ હસીને બોલાવો તો અમારો સત્સંગ વધતો રહે, નહીં તો ઘટી જાય. એવો અમારો સ્વભાવ છે. અમારી જ્ઞાતિમાં માન રહેલું છે. જે માન આપે તેને ગામ-ગરાસ પણ આપી દે. તે

૧૨. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૫/૧-૪

બધું આપ જાણો છો. અમારાં કાઠીનાં કેટલાંય ગામ વારંવાર માન આપી બીજા ક્ષત્રિયો ખાઈ ગયા છે. છતાં કાઠીઓ પાછળ વિચારી જોતા નથી.''

આમ સ્તુતિ કરીને પછી શ્રી જીવાખાચરે શ્રીહરિને કહ્યું: ''આપને બેસાડવા અમે બંને પોતપોતાના હાથી લઈને આવ્યા છીએ. ખેંચતાણ વગર હેત દેખાય નહીં, તેવી અમારી જીવની વાતો છે. ભગવાનનાં ચરિત્રો બધાં શુદ્ધ છે, તેમાં જેને શુભ રીતિ ન દેખાય તે કાચો ભક્ત છે. આપ તો ઈશ્વરના પણ ઈશ્વર ને સદા નિર્દોષ છો. આપ અમારા નેત્રફળ છો. માટે આપ મારો કે નભાવો, જે કહો તે, આપ છો.''

શ્રીહરિ શ્રી જીવાખાચરની આ સ્તુતિથી પ્રસન્ન થયા અને તેઓ જે હાથી લાવ્યા હતા તેની સવારી પર બિરાજમાન થયા.'[૧૩]

એક દૃષ્ટિએ જુઓ તો શ્રી જીવાખાચરની વિનંતી શ્રીહરિએ સ્વીકારી હતી, આથી શ્રી જીવાખાચરને તેનું માન થવું જોઈતું હતું. પરંતુ તેમણે વિનયપૂર્વક હાથી ઉપર શ્રીહરિની સાથે પોતાના ભાઈ શ્રી એભલખાચરને બેસાડ્યા. એ દૃશ્ય કેવું અદ્ભુત હતું! ગ્રંથો નોંધે છે:

'શ્રી જીવાખાચરે શ્રી એભલખાચરને હાથી પર શ્રીહરિને ચામર કરવા બેસાડ્યા. પછી ગુલાલ ઉડાડતાં ઉડાડતાં, મંગળ ગીતો ગાતાં ગાતાં ભક્તો સાથે, બંદૂકો અને છડીઓના અવાજ સાથે શ્રીહરિની ભવ્ય સવારી ગઢપુર ગામમાં પ્રવેશી.

શ્રી જીવાખાચરની પ્રેમભક્તિ અને શ્રીહરિની આ શાનદાર સવારી જોઈને શ્રી મુક્તાનંદ સ્વામી તો અતિ આનંદમાં આવી ગયા. તેઓ ગઢપુરના માર્ગો પર જનમેદની વચ્ચે કીર્તન ગાતાં ગાતાં નૃત્ય કરવા લાગ્યા અને તેમને તાલ આપતાં શ્રી પ્રેમાનંદ સ્વામી મૃદંગ વગાડવા લાગ્યા.'[૧૪]

આમ, વાજતેગાજતે શ્રીહરિ ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારમાં પધાર્યા અને નિવાસ કરીને તેમના ભાવ પૂરા કર્યા. કેવું અદ્ભુત ભાવસભર અને ચિત્રાત્મક વર્ણન છે! શ્રી જીવાખાચરની આવી ભક્તિથી પ્રસન્ન થઈને શ્રીહરિએ તેમના દરબારગઢમાં બિરાજીને આ પ્રસંગે દિવસો સુધી ખૂબ લાભ આપ્યો હતો.[૧૫]

સ્વયં ગામધણી હોવા છતાં શ્રી જીવાખાચર વિનય-વિવેક દાખવવામાં મુઠ્ઠી-ઊંચેરા હતા. તેમની એક વિશેષતા એ હતી કે ગામોગામ વિચરણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે જ્યારે ગઢપુર પધારે ત્યારે તેઓ અશ્વ પર બેસીને તેમને અવશ્ય સામે લેવા જાય, પરંતુ શ્રીહરિ ગામમાં પ્રવેશે ત્યારે શ્રી જીવાખાચર ક્યારેય અશ્વ પર ન બેસે, પરંતુ શ્રીહરિ પ્રત્યે

શ્રી જીવાખાચરની પ્રેમભક્તિ અને શ્રીહરિની આ શાનદાર સવારી જોઈને શ્રી મુક્તાનંદ સ્વામી તો અતિ આનંદમાં આવી ગયા. તેઓ ગઢપુરના માર્ગો પર જનમેદની વચ્ચે કીર્તન ગાતાં ગાતાં નૃત્ય કરવા લાગ્યા અને તેમને તાલ આપતાં શ્રી પ્રેમાનંદ સ્વામી મૃદંગ વગાડવા લાગ્યા.

૧૩. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૯/૫૯

૧૪. એજન.

૧૫. એજન.

અત્યંત વિનય-વિવેક દાખવતાં ભૂમિ પર ચાલીને જ શ્રીહરિને ગામમાં પધરાવે.

એક વખત શ્રીહરિ સુરતથી ગઢપુર આવ્યા ત્યારે શ્રી જીવાખાચર તેઓને સન્મુખ લેવા અશ્વ ઉપર ગામ બહાર આવ્યા અને ભાગોળમાં તેમણે શ્રીહરિનું ભાવભર્યું સ્વાગત કર્યું. ત્યારબાદ ગામમાં પ્રવેશતાં પૂર્વે શ્રીહરિએ તેમને અશ્વ પર બેસવા આગ્રહ કર્યો, પણ શ્રીહરિની આગળ ચાલવાનું માહાત્મ્ય સમજતા હોવાથી શ્રી જીવાખાચર પગે જ ચાલ્યા.[૧૬] દરબારગઢમાં આવ્યા પછી શ્રી જીવાખાચરે શ્રીહરિની આગતા-સ્વાગતા કરીને તેઓ ક્યાં વિચરણ કરી આવ્યા, ત્યાં કેવા પ્રેમી ભક્તો છે, વગેરે વિગતોની જિજ્ઞાસા વ્યક્ત કરી. શ્રીહરિ તે સમયે સુરત તરફથી આવી રહ્યા હતા. આથી, શ્રી જીવાખાચરના પ્રેમથી સુરતના પ્રેમી ભક્તોની વાત કરી તેમને ખૂબ આનંદ પમાડ્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગામોગામ ફરીને ગઢપુર આવે એટલે ગઢપુરમાં આનંદ આનંદ છવાઈ જાય. અને ગઢપુરથી વિદાય થાય એટલે ગઢપુરમાં જાણે વિષાદનાં વાદળો છવાઈ જાય. શ્રી દાદાખાચર, શ્રી જીવુબા, શ્રી લાડુબા, શ્રી અમૂલાબા, શ્રી અમરીબા વગેરે સૌ ભક્તોની જેમ શ્રી જીવાખાચર પણ શ્રીહરિ વિદાય થાય ત્યારે હૃદયમાં સૂનકાર અનુભવતા. ક્યારેક ગઢપુરથી અન્યત્ર નીકળવા તૈયાર થયેલા શ્રીહરિને શ્રી જીવાખાચર ભાવપૂર્વક આગ્રહ કરીને વિનવે અને શ્રીહરિ તેમની વિનંતી સ્વીકારીને પાછા રોકાઈ પણ જતા. તેવો એક ગ્રંથસ્થ પ્રસંગ માણોઃ

‘એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુર પધાર્યા ત્યારે શ્રી એભલખાચરના દરબારગઢમાં ઊતર્યા હતા. થોડાક દિવસ રહીને શ્રીહરિ અહીંથી વિચરણમાં જવા તૈયાર થયા છે તેના સમાચાર મળતાં જ શ્રી જીવાખાચર શ્રીહરિ પાસે દોડીને આવ્યા. તેમણે બે હાથ જોડીને શ્રીહરિને વિનંતી કરતાં કહ્યુંઃ ‘‘આપ તો થોડા દિવસ પણ અહીં રહ્યા નહીં! કૃપા કરીને આપ વધુ રોકાઓ એવી મારી દીનની આપને પ્રાર્થના છે.’’

શ્રી જીવાખાચરની દીનતાભરી ભાવના જોઈને શ્રીહરિએ તેમના દરબારગઢમાં રોકાવાની સંમતિ આપી. શ્રી જીવાખાચરે શ્રીહરિ માટે રહેવા લાયક સુંદર ભવન બનાવ્યું હતું. તે મકાનને સુંદર ધોળ કરીને ઉજ્જ્વળ કર્યું હતું. તે આથમણા બારનું મકાન હતું. તેની આગળના ભાગમાં લીમડો ફેલાયેલો હતો. તેમાં શ્રીહરિએ ઉતારો કર્યો.

દરબાર શ્રી જીવાખાચર શ્રીહરિ માટે નિત્ય નવી રસોઈ કરાવતા. તેમની અત્યંત ભાવનાથી શ્રીહરિ જમતા અને સાથે શ્રી જીવાખાચરને પણ રોજ પોતાનો થાળ જમાડતા. સંતો દિવસ-રાત અહીં કથા-કીર્તનની જમાવટ

---

૧૬. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૨૭/૧૦૪

કરતા.'[૧૭]

આ વખતે શ્રીહરિ શ્રી જીવાખાચરની વિનંતીથી વધુ રોકાયા, એ દરમ્યાન શ્રી જીવાખાચર, પોતાના દરબારગઢની સાથે પોતે બનાવેલ સાધુની ધર્મશાળામાં રહેતા મુક્તાનંદ સ્વામી પાસે રોજ જિજ્ઞાસાપૂર્વક શ્રીહરિનાં દિવ્ય ચરિત્રોની વાત સાંભળવા જતા. મુક્તાનંદ સ્વામી પાસેથી સાંભળેલાં, શ્રીહરિના જન્મથી લઈને તે દિવસ પર્યંતનાં એ ચરિત્રો શ્રી જીવાખાચર શ્રીહરિ પાસે જઈને કહેતા. ત્યારે શ્રીહરિ કહેતાઃ ''આ વાત તમે તમારા પરિવાર આગળ કહેજો, જેથી આ અમૂલ્ય સત્સંગ મળ્યો છે તેને કોઈ છોડી ન દે.''

એમ કહીને શ્રીહરિએ તેમને કહ્યું હતુંઃ ''સુખ-દુઃખ આપનારાં કર્મને લીધે જીવને વારંવાર દેહ ધારણ કરવો પડે છે. જ્યારે જીવને સત્સંગથી પરમેશ્વરનો દૃઢ આશ્રય થાય છે ત્યારે તેનાં બધાં કર્મ બળી જાય છે. સંતનાં વચનોથી જીવને પરમાત્માનો આશ્રય થાય છે. અનંત સાધનોમાં સર્વશ્રેષ્ઠ સાધન તો પરમેશ્વરનો આશ્રય કે તેમનું શરણું જ છે.''

શ્રી જીવાખાચર એક ઉત્તમ મુમુક્ષુ હતા. આથી જ્યારે જ્યારે શ્રીહરિ તેમને કથાલાભ આપે ત્યારે તેઓ પ્રતિપ્રશ્ન પૂછીને તેનું માર્ગદર્શન પણ મેળવતા. શ્રીહરિએ ભગવાનના આશ્રયની વાત કરી એટલે તરત જ શ્રી જીવાખાચરે બે હાથ જોડીને શ્રીહરિને પૂછ્યું હતુંઃ ''મહારાજ! પરમેશ્વરના શરણે ગયેલા મુમુક્ષુનાં કેવાં લક્ષણ હોય? તે આપ મને કહો.''

ત્યારે શ્રીહરિએ કહ્યુંઃ ''બુદ્ધિમાન દરબાર! તમે સાંભળો.'' એમ કહીને શ્રીહરિએ શરણાગતનાં લક્ષણોની વિગતે વાત કરી હતી. એ સમયે શ્રી જીવાખાચરે બે હાથ જોડીને વિનયપૂર્વક કરેલી આ પ્રાર્થનામાં શ્રીહરિ પ્રત્યેની તેમની શ્રદ્ધા અને મુમુક્ષુતા ઝળકે છેઃ

''મહારાજ! અમે તો જગતના સુખના કીડા છીએ. આપનું સુખ તો અપાર છે. જ્યાં સુધી આપ વાત કરો છો ત્યાં સુધી તે સુખ સાચું દેખાય છે. પરંતુ પછી અમારી મતિ ફરી જાય છે. ખોટા સુખનો અભ્યાસ ઘણા દિવસનો થઈ ગયો છે. તે અભ્યાસ તો અફીણના બંધાણ જેવો છે. તે અફીણની જેમ ઝેર જેવું છે તો પણ તરત છૂટતું નથી. પણ હવે આપ ભગવાન મળ્યા છો અને આપે અમારી બાંહ્ય પકડી છે તેથી મારે જમપુર અને લખચોરાશી ટળી ગઈ છે.''

પછી શ્રી જીવાખાચરના ભાઈ શ્રી મૂળુખાચરે મસ્તક નમાવીને પ્રશ્ન પૂછ્યોઃ ''હે મહારાજ! આપની માયા તો અપાર કહેવાય, પણ તે અમને બતાવો તો અમને તેનો ખ્યાલ આવે.''

શ્રી મૂળુખાચરનો આ પ્રશ્ન સાંભળી ખૂબ રાજી થઈને શ્રીહરિએ તેમને

શ્રી જીવાખાચર એક ઉત્તમ મુમુક્ષુ હતા. શ્રીહરિ તેમને કથાલાભ આપે ત્યારે તેઓ પ્રતિપ્રશ્ન પૂછીને તેનું માર્ગદર્શન પણ મેળવતા. શ્રીહરિએ ભગવાનના આશ્રયની વાત કરી એટલે તરત જ શ્રી જીવાખાચરે બે હાથ જોડીને પૂછ્યું હતુંઃ ''મહારાજ! પરમેશ્વરના શરણે ગયેલા મુમુક્ષુનાં કેવાં લક્ષણ હોય?''


૧૭. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૧૦/૩-૭

માયાની ખૂબ વિસ્તૃત વાતો કરી. તે સાંભળીને શ્રી જીવાખાચર અને શ્રી મૂળુખાચર ઘણા સંતુષ્ટ થઈને શ્રીહરિને કહેવા લાગ્યા: "અમારી બુદ્ધિ ક્યારેય સત્સંગથી વિપરીત ન થાય અને આપ અમને કરોડ વાર વઢો તો પણ અમને ક્યારેય આપનો અભાવ ન આવે એવું વરદાન આપો."

કરુણાભર્યા શ્રીહરિએ તેમને આ વરદાન આપીને કહ્યું: "જે બુદ્ધિમાન હોય અને જેના પર અમને વધારે હેત હોય તેને અમે વારેવારે વઢીએ છીએ. પણ તેવા હરિભક્ત ઘેર ઘેર હોતા નથી. અમે વઢીને પાકા હરિભક્તની કસોટી કરી લઈએ છીએ. કુંભાર માટીનાં ઠામ-વાસણ બનાવે છે, પણ તે અગ્નિમાં પકવ્યાં ન હોય તો તે કાચાં ગણાય. તેમ વઢવું તે અગ્નિના જેવી કઠણ કસોટી છે."

શ્રી જીવાખાચરની વિનંતીથી શ્રીહરિ વધુ રોકાયા એટલું જ નહીં, તેમને વારંવાર અપાર લાભ પણ આપ્યો. તે સમયે શ્રીહરિ જેટલા દિવસ શ્રી જીવાખાચરના દરબારગઢમાં રહ્યા તેટલા દિવસ વાજતે ગાજતે રોજ ઘેલા નદીએ જળક્રીડા કરવા પધારતા અને વાજતે ગાજતે ફરીથી શ્રી જીવાખાચરના

શ્રીહરિ ગઢપુરથી વિદાય થાય એટલે શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચર તથા તેમના પરિવારમાં વિષાદ છવાઈ જાય...



દરબારમાં આવીને અપાર લાભ આપતા. આ દિવસોમાં અખાત્રીજનો ઉત્સવ આવ્યો. શ્રી જીવાખાચર શ્રીહરિના સાંનિધ્યમાં આવા ઉત્સવો પોતાના દરબારગઢમાં ઊજવાતા રહે તે માટે હંમેશાં તત્પર રહેતા. શ્રીહરિના સાંનિધ્યમાં અખાત્રીજના ઉત્સવની પણ તેમણે ખૂબ સુંદર ઉજવણી પોતાના દરબારગઢમાં કરી. શ્રી જીવાખાચરે દરબારગઢની ઓસરીમાં સુંદર ફૂલનો હિંડોળો બાંધ્યો હતો. તેમનો ભાવ સ્વીકારીને શ્રીહરિ હરખભેર તે ફૂલના હિંડોળામાં બિરાજ્યા. સંતોએ તાલ અને મૃદંગ વગેરે વાજિંત્રો સાથે કીર્તનો ગાયાં. પછી સૌની પૂજા સ્વીકારીને શ્રીહરિએ સૌના ભાવ પૂરા કર્યા.

આમ, અહીં ખૂબ લાભ આપીને પછી શ્રીહરિ બીજાં ગામોમાં વિચરણ કરવા માટે સજ્જ થયા. વૈશાખ સુદ પાંચમને દિવસે શ્રીહરિ વિદાય થઈ રહ્યા હતા ત્યારે શ્રી એભલખાચર હાથીને શણગારીને લઈ આવ્યા હતા. તેના ઉપર બેસીને શ્રીહરિ સવારના પહોરમાં જ ચાલ્યા. શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચરે હાથમાં ચામર લીધાં, શ્રી મૂળુખાચરે હાથમાં છત્ર લઈ શ્રીહરિના મસ્તકે ધર્યું. શ્રીહરિની આ ભવ્ય સવારી સમગ્ર ગામ વચ્ચેથી પસાર થઈ ત્યારે ગ્રામજનો શ્રીહરિને ઉપરા ઉપર ફૂલહાર પહેરાવવા લાગ્યા. પછી શ્રીહરિ ગઢપુરના પશ્ચિમ દરવાજેથી ગામની બહાર નીકળ્યા. ગામની બહાર કેટલીય દૂર સુધી સૌ પાછળ પાછળ મૂકવા આવ્યા. પછી શ્રીહરિ હાથી ઉપરથી ઊતરી પોતાના અશ્વ પર બિરાજ્યા. શ્રીહરિએ પોતાના ગળામાં રહેલા બધા હાર પ્રસન્ન થઈને શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચરને પહેરાવી દીધા.

પછી 'આપ વહેલાં વહેલાં પાછા પધારજો' - એવી તે બંને દરબારોએ આંખોમાં અશ્રુ સાથે વિનંતી કરી. એ વિનંતી સ્વીકારીને 'જય સચ્ચિદાનંદ' કહીને શ્રીહરિ વિદાય થયા.[૧૮] શ્રીહરિની વિદાયથી શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચર તેમજ તેમના પરિવારમાં વિષાદ છવાઈ ગયો.

આમ, જ્યારે જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરની બહાર પધારે ત્યારે ત્યારે શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચરના પરિવારમાં સૂનકાર છવાઈ જાય. અને વિચરણ કરીને પાછા ગઢપુર પધારે એટલે આનંદોત્સવની હેલી વરસે. એકવાર શ્રીહરિ ગઢપુર પધાર્યા ત્યારે શ્રી જીવાખાચરે શ્રીહરિને કહ્યું હતુંઃ

"અમે કોઈ આવતા જતા હોય તેમને આપના સમાચાર વારંવાર સવાર-સાંજ પૂછતા રહેતા હતા. કોઈ આપનાં દર્શન કરીને આવે, તેઓ અમને આપના સમાચાર કહે, આપના ખબર આપે એટલે અમારા અંતરમાં આનંદ આનંદ થઈ જાય. પણ તે પછી જ્યાં સુધી બીજા સમાચાર ન આવે ત્યાં સુધી અંતરમાં સંતાપ રહ્યા કરતો. એમ વાટ જોતાં જોતાં આજે પાંચ

"

જ્યારે જ્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરની બહાર પધારે ત્યારે ત્યારે શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચરના પરિવારમાં સૂનકાર છવાઈ જાય. અને વિચરણ કરીને પાછા ગઢપુર પધારે એટલે આનંદોત્સવની હેલી વરસે. એકવાર શ્રીહરિને શ્રી જીવાખાચરે કહ્યું હતુંઃ આપના વિના ગમતું નથી.

૧૮. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૧૦/૩-૭

માસ વીતી ગયા. આ પાંચ માસ અમને પાંચ વર્ષ જેવા લાગ્યા છે. આજે આપે દર્શન દઈને અમારી પ્યાસને મીટાવી છે. હવે અમને આપના વિના ક્યાંય ગમતું નથી. મન ઉદાસ રહે, ખાવું-પીવું, ઓઢવું વગેરે કોઈ ક્રિયામાં અમને રસ પડતો નહીં. અમારા રસનો નાશ થઈ ગયો હતો.''[૧૯]

શ્રીહરિએ ત્યારે તેમને કહ્યું હતું: ''આ સર્વ જગતના કર્તા પરમેશ્વર છે. તેની ઈચ્છા પ્રમાણે જ બધું થાય છે. તેમની ઈચ્છામાં આ અનંત જગત આવી જાય છે. અને સમગ્ર શાસ્ત્રનો સિદ્ધાંત પણ એ જ છે. અમે પણ તે સિદ્ધાંતને દેખીને ચાલીએ છીએ.''

શ્રીહરિએ પછી ખૂબ વાતો કરીને શ્રી જીવાખાચરને સુખ-શાંતિ પમાડ્યાં.[૨૦]

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ વરતાલ, અમદાવાદ વગેરે સ્થળોએ વિચરતાં વિચરતાં લાંબા સમય પછી ગઢપુર પધાર્યા. શ્રીહરિની પધરામણીના સમાચાર મળતાં જ શ્રી જીવાખાચર પોતાના પુત્ર-પરિવાર સાથે શ્રીહરિનાં દર્શને શ્રી દાદાખાચરના દરબારગઢમાં આવ્યા. શ્રી આધારાનંદ સ્વામી નોંધે છે:

'શ્રીહરિએ દર્શન કરવા આવેલા શ્રી જીવાખાચરને આદરથી આવકાર્યા અને બોલાવીને પાસે બેસાડ્યા. શ્રી જીવાખાચર શ્રીહરિની સાથે વાત કરવા લાગ્યા.

શ્રી જીવાખાચર ભગવાન શ્રી સ્વામિનારાયણને કહેવા લાગ્યા: ''મહારાજ! આપ જે દિવસથી ગઢપુરની બહાર પધાર્યા છો તે દિવસથી આ ગઢપુર એકદમ સૂનું થઈ ગયું હતું. આજે આપ અહીં પધાર્યા છો તો આખા ગામમાં ઘરોઘર દિવાળી થઈ ગઈ છે. આપના રહેવાથી હવે રોજ રોજ ઉત્સવ થશે, દેશ દેશના હરિભક્તો આવશે, રાતદિવસ કથાવાર્તા-કીર્તન થશે. આપ અહીં રહો છો તેથી ગઢપુરની કીર્તિ આખા બ્રહ્માંડમાં અપરંપાર થઈ છે અને અમારી કીર્તિ પણ અત્યંત પવિત્ર થઈ છે. તે કાળ કે કર્મથી પણ ટાળી ટળે તેમ નથી. આ બ્રહ્માંડમાં જેટલા અવગુણ કહેવાતા હોય છે તે બધા અમારામાં નિવાસ કરીને રહ્યા હતા. તેમ છતાં તે બધા અવગુણોને ગુણ માનીને અમે પોતાને બુદ્ધિમાન ગણતા હતા. ખરેખર, આ વાત હું આપને યથાર્થ કહું છું. પરંતુ તે અમારા બધા અવગુણોને આપે માફ કર્યા અને જેટલા શુભ ગુણો હતા તે અમને બતાવ્યા જેથી અમે સંસારમાં ભટકીએ નહીં. સુખનું સાચું દ્વાર તો એક સત્સંગ જ છે. સત્સંગ સિવાય બીજું કાંઈ કામ લાગતું નથી. મહારાજ! આપના યોગથી મેં આટલી વાતની સમજણ દૃઢ કરી લીધી છે. મારાથી કોઈ વાત બને કે ન બને, પણ આપે

આ બ્રહ્માંડમાં જેટલા અવગુણ કહેવાતા હોય છે તે બધા અમારામાં નિવાસ કરીને રહ્યા હતા. તેમ છતાં તે બધા અવગુણોને ગુણ માનીને અમે પોતાને બુદ્ધિમાન ગણતા હતા. પરંતુ તે અમારા બધા અવગુણોને આપે માફ કર્યા અને જેટલા શુભ ગુણો હતા તે અમને બતાવ્યા જેથી અમે ભટકીએ નહીં.

૧૯. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૬/૯૨
૨૦. એજન.

મારા જેટલા દોષ છે તે યથાર્થ રૂપમાં બતાવી દીધા છે. માટે હે નાથ! આપે જે મારો હાથ પકડ્યો છે તેને ક્યારેય છોડતા નહીં. એમ આપને મસ્તક નમાવીને કહું છું.''

ત્યારે શ્રીહરિએ શ્રી જીવાખાચરને કહ્યું: ''જે મનુષ્ય સત્સંગમાં ગુણ જુએ છે અને પોતામાં દોષ જુએ છે તે મનુષ્ય બધી જાતના દોષથી છૂટી જાય છે.'' એમ કહીને પછી પોતે જ્યાં જ્યાં ફર્યા હતા અને ત્યાં જે જે બન્યું હતું તે બધી વાત શ્રીહરિએ શ્રી જીવાખાચરને કહી. આ મહિમાભરી વાતો સાંભળી શ્રી જીવાખાચર અત્યંત આનંદિત થઈ ગયા.[૨૧]

શ્રી જીવાખાચરની વિવેકબુદ્ધિને ભગવાન શ્રી સ્વામિનારાયણ વારંવાર વખાણતા હતા. શ્રીહરિચરિત્રામૃતસાગરમાં શ્રી આધારાનંદ સ્વામી નોંધે છે: *''શ્રી જીવાખાચરમાં એક એવો ગુણ હતો કે શ્રીહરિ તેમને મન ફાવે તેમ કહે તો પણ તેઓ પોતાનામાં જ દોષ માનતા. શ્રીહરિને આકાશની પેઠે નિર્લેપ સમજતા. શ્રીહરિ એવા ભક્તોને જ પોતાના સમજીને કહેવું ઘટે તેમ કહે છે.''*[૨૨]

એકવાર શ્રી જીવાખાચરે પોતાના દરબારગઢમાં ઉત્તરાદા બારના નવા ઓરડા કરાવ્યા ત્યારે તેમાં શ્રીહરિની પધરામણી કરાવીને તેમના આશીર્વાદ લીધા હતા. તે સમયે શ્રીહરિનાં ચરણમાં મસ્તક નમાવી હાથ જોડી તેમણે કરેલી આ વિનંતીમાં પણ કેટલો વિનય અનુભવાય છે: *''મહારાજ! આપ અમને છોડી દેશો નહીં. અમારા જીવમાં અપાર દોષ ભર્યા છે. તે મટાડનારા આપ છો. આપના ચરિત્રમાં દેવતાઓ ઘણીવાર ભૂલા પડ્યા છે. તેમને પણ આપે વારે વારે માફ કરી દીધા છે. અમારામાં દોષ ભર્યા છે એ જ રીતે આપનામાં ગુણ ભર્યા છે. આપના ગુણો અમૃત સમાન છે. જે લોકો આપનાથી વિમુખ રહ્યા છે તેના બધા ગુણ ઝેર જેવા છે. આપનાથી જે વિમુખ રહે છે તે અમૂલ્ય મનુષ્ય દેહને ખોવે છે.''*[૨૩]

એક વધુ ઉદાહરણ જુઓ:

'એકવાર શ્રીહરિના સાંનિધ્યમાં રામનવમીનો ઉત્સવ ઊજવાતો હતો. મધ્યાહ્નને ભગવાન શ્રી રામચંદ્રજીનો જન્મોત્સવ ઊજવાયો. રાત્રે દસ ઘડી વીતી ત્યારે શ્રીહરિનો જન્મોત્સવ ઊજવાયો. તે વખતે ઘણાં વાજિંત્રો વાગ્યાં, બંદૂકોના અવાજ થયા, તે સાંભળીને દરબાર શ્રી જીવાખાચર પોતાના ભાઈ અને પુત્રોને સાથે લઈને શ્રીહરિ પાસે આવ્યા. આવીને શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા. શ્રીહરિએ તેમને પ્રેમથી બોલાવીને પાસે બેસાડ્યા.

ત્યારે શ્રી જીવાખાચરે શ્રીહરિને પૂછ્યું: ''મહારાજ! આજે ભગવાન શ્રી

---

૨૧. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૨૮/૩૭

૨૨. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૨૨/૪૨

૨૩. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૨૮/૪૬

રામચંદ્રજીનો જન્મદિવસ છે એમ આખું જગત જાણે છે, પણ આપનાં જન્મદિવસને કોઈ જાણતું નથી. આપના જન્મની વિગતને જાણ્યા સિવાય ભક્તજનોને પણ ખબર પડતી નથી. આપનો જન્મદિવસ ભક્તજનોનું ખરેખર જીવન છે. આપ બીજા ઉત્સવો તો અપાર કરો છો, જે ઘણા સંભારવા યોગ્ય છે. તે નિશ્ચિત મોક્ષકારી છે. તેમાં રંચ જેટલો પણ ફરક નથી. પરંતુ આપનો જન્મોત્સવ સહુથી ઉત્તમ છે, એવું મને દેખાય છે. અને સ્વાભાવિક રીતે હું મારા મનમાં પણ તેમજ માનું છું.''

ત્યારે શ્રીહરિએ કહ્યું: ''અમે તો હરિભક્તોના હિતને માટે ફરતા રહીએ છીએ, પણ અહીં આવીને રહીએ છીએ. બીજે ક્યાંય રહેતા નથી. અહીંયા પણ તુચ્છ બાબતને માટે લોકો પરસ્પર બોલે છે, પણ કોઈ પૂર્વના સુયોગને લીધે અમારી આ સ્થાન ઉપરથી પ્રીતિ ટળતી નથી.'

ત્યારે શ્રી જીવાખાચરે કહ્યું: ''મહારાજ, આપની મોટાઈને લીધે બધું નભી રહ્યું છે. અમારામાં અનંત અવગુણ છે અને આપમાં ગુણોનો કોઈ પાર નથી.''[૨૪]

ગઢપુરમાં બૂઢા ધાધલ નામે શ્રી જીવાખાચરના સાળા પણ રહેતા હતા. તેમને શ્રીહરિ પ્રત્યે સદ્ભાવ નહોતો. બૂઢા ધાધલ શ્રીહરિને ક્યારેક પ્રશ્નોત્તરીમાં અટવાવીને પોતાનો મલિન આશય સિદ્ધ કરવાનો પ્રયાસ કરતા ત્યારે શ્રી જીવાખાચર શ્રીહરિ પ્રત્યે દાસભાવે ક્ષમા કરવાની પ્રાર્થના કરતા. તેવો એક પ્રસંગ ગ્રંથો આમ નોંધે છે:

'એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં શ્રી એભલખાચરના દરબારમાં બિરાજમાન હતા. અહીં સંધ્યા સમયે સંધ્યા આરતી અને નારાયણ ધૂન કરીને શ્રીહરિ અશ્વ ઉપર બિરાજ્યા. શ્રીહરિ અશ્વ પર બિરાજીને બહાર શેરીમાં આવ્યા તે સમયે મશાલો કરીને શોભા કરી હતી. શ્રીહરિની પૂજા કરવા માટે ભાવિકો પૂજાપો લઈને ઠેર ઠેર ઊભા હતા. સંતો ઝાંઝ-મૃદંગ બજાવીને પ્રેમરસ ભર્યાં પદો ગાતા હતા. શ્રીહરિ સૌને દર્શન આપતાં આપતાં શ્રી જીવાખાચરના દરબારગઢમાં પધાર્યા.

અહીં શ્રી જીવાખાચરે બધે જ દીવાઓ પ્રગટાવી દીધા હતા. વચ્ચે અનુપમ હિંડોળો બાંધ્યો હતો. સૌના ભાવ સ્વીકારીને શ્રીહરિ કલાત્મક હિંડોળા પર બિરાજ્યા. શ્રીહરિના કંઠમાં ફૂલહારનો કોઈ પાર નહોતો. કેટલાક હાર તો મસ્તક પર પહેરાવ્યા હતા અને બંને ભૂજાઓ પર પણ હાર શોભી રહ્યા હતા. કેટલાક હારને હિંડોળાની દોરી સાથે બાંધી દેવાતા હતા. ફૂલના હારોથી તે સભા એવી દેખાતી હતી કે જાણે ફૂલવાડી શોભતી હોય! સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને કીર્તનો ગાતા હતા.

પછી શ્રીહરિએ શ્રી જીવાખાચર અને તેમના ભાઈ શ્રી મૂળુખાચરને

ત્યારે શ્રીહરિએ કહ્યું: ''અમે તો હરિભક્તોના હિતને માટે ફરતા રહીએ છીએ, પણ અહીં આવીને રહીએ છીએ. બીજે ક્યાંય રહેતા નથી. અહીંયા પણ તુચ્છ બાબતને માટે લોકો પરસ્પર બોલે છે, પણ કોઈ પૂર્વના સુયોગને લીધે અમારી આ સ્થાન ઉપરથી પ્રીતિ ટળતી નથી.''

૨૪. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃત સાગર: ૧૭/૪૩-૪૫

બોલાવ્યા અને આખી સત્સંગસભા બતાવી કહ્યું: "દરબાર! જેને મુક્તિ કે મોક્ષ કહેવાય છે તે મૂર્તિમાન આ સત્સંગસભા છે. આ સભાને તમારા હૃદયમાં વસાવી રાખજો. આનાથી જન્મ અને મરણનું દુઃખ નાશ પામશે. દુનિયામાં અપાર મતપંથો છે પણ ક્યાંય આ સત્સંગ જેવી રીત નથી." એમ કહીને શ્રીહરિએ સત્સંગનો અપરંપાર મહિમા વર્ણવ્યો.

તે સમયે ત્યાં શ્રી જીવાખાચરના સાળા બૂઢા ધાધલ બેઠા હતા. તેણે શ્રીહરિને કહ્યું: "મહારાજ! આપે કહ્યું કે સત્સંગ કર્યા વિના ક્યારેય મોક્ષ થાય નહીં, તો બીજી તરફ જૈનો એમ કહે છે કે તપ કર્યા વિના મોક્ષ થતો નથી. તો આપના કહ્યા પ્રમાણે સાધન કરીને મોક્ષ પ્રાપ્ત કરવો કે જૈનોના કહ્યા પ્રમાણે તપ કરીને મોક્ષ મેળવવો? પ્રશ્ન એ છે કે જો એ રીતે જ મોક્ષ મળી જતો હોય તો આપ જેવા ભગવાનનો પ્રતાપ તો કંઈ રહે જ નહીં! એનો અર્થ એમ થાય કે ભગવાન કરતાં સાધનોનું મહત્ત્વ-ગૌરવ વધ્યું. જો ભગવાનના પ્રતાપથી જ જીવનો મોક્ષ થતો હોય તો તે કઈ રીતે? તેનો વિગતે સ્પષ્ટ ઉત્તર આપો. મેં મારા મનમાં નિશ્ચય કર્યો છે કે ભગવાન સિવાય આ પ્રશ્નનો ઉત્તર ન થઈ શકે."

ત્યારે શ્રીહરિએ કહ્યું: "દરબાર! જો તમારા પ્રશ્નનો ઉત્તર કરીએ તો અમે ભગવાન અને ન કરીએ તો ભગવાન નહીં? તમારું કહેવું એવું છે ને? તો તમે કેવા સત્સંગી થયા છો? તમારો સત્સંગ ઉપલક લાગે છે. તમે

ભગવાન શ્રી સ્વામિનારાયણ સમક્ષ શ્રી જીવાખાચર પોતાની દીનભાવે પ્રાર્થનાઓ કરતા ત્યારે શ્રીહરિ રીઝી જતા...



અમારા સ્વરૂપનો નિશ્ચય કેવો કર્યો છે? તમે ખળ છો? તમે વગર વિચાર્યે શંકાઓ કરો છો. જેને ભગવાનનો વિશ્વાસ ન હોય તે બીજાને સત્સંગનો શું લાભ આપી શકે?'' એમ કહીને શ્રીહરિએ સૌને કહ્યું: ''આ બૂઢા ધાધલનો પ્રશ્ન બ્રહ્માસ્ત્રના જેવો છે. તે પ્રલય કરી શકે છે. અવતારો, મોટા મોટા મુનિઓ એ બધાનો મોક્ષ કર્મથી જ થાય છે એમ એ ઠરાવી દે છે.''

પછી સર્વે સંતોએ કહ્યું: ''હે પ્રભુ! અમે આપનાં આજ્ઞાવચનોને જ બધાં સાધનો કરતાં અધિક માનીએ છીએ. જે સિદ્ધાંત આપને પ્રિય છે તે જ અમને પ્રિય છે. આપ ચાહો તેમ અમને આજ્ઞાવચનમાં રાખી શકો છો. ભગવાનના આશ્રયને છોડીને હજારો સાધનો કરવામાં આવે તે તો બધાં મડદાંને શણગાર્યાં જેવાં છે.''

ત્યારે શ્રીહરિએ કહ્યું: ''જેની બુદ્ધિ શાપિત થઈ ગઈ હોય તે ભગવાનના આશ્રયને સ્વીકારી શકે નહીં. જે લોકો ભગવાન અને ભગવાનના આશ્રય કરતાં પણ સાધનોને અધિક માનતા હોય, તેમને શાપિત બુદ્ધિવાળા જાણવા.''

પોતાના સાળા બૂઢા ધાધલને કારણે શ્રીહરિ નારાજ થઈ ગયા છે એવું સમજતા શ્રી જીવાખાચર પણ અંતરમાં દુઃખી થઈ ગયા. તેમણે તે જ ક્ષણે શ્રીહરિને હૃદયથી પ્રાર્થના કરી. શ્રી જીવાખાચરને સતત એક વિચાર રહ્યા કરતો હતો કે શ્રીહરિ ક્યારેય ઉદાસ ન થઈ જાય, સદા પ્રસન્ન રહે. તેઓ વારંવાર શ્રીહરિને તે અંગે સ્તુતિ પણ કરતા હતા. તેથી તેમણે શીઘ્રતાથી શ્રીહરિને વિનયપૂર્વક કહ્યું: ''હે મહારાજ! આપ કૃપાદૃષ્ટિ કરો કે મારામાં ક્યારેય માયા વ્યાપે નહીં. અમે બધા તો થોડી બુદ્ધિવાળા જીવ કહેવાઈએ. આપ તો સમસ્ત સદ્ગુણોનો મહાન સાગર છો. તો આપ અમને બાળક જાણીને નભાવજો. આપ મળ્યા ન હતા ત્યાં સુધી અમે આ સંસારને જીવનપ્રાણ માન્યો હતો, પરંતુ આપનો જોગ થયો ત્યારે આપે અમને સંસારને ટાળનારું ઔષધ આપ્યું. આપ જીવનું જે હિત કરો છો તે જીવને પૂરું સમજાતું નથી. કારણ કે તે જીવ દેહની સાથે જડાઈ ગયો છે. મહારાજ! આપ અને આપના સંતો અમારા જીવની બધી રીતને જાણો છો. માટે આપ અહીં સદા સ્થિર નિવાસ કરીને રહો અને અહીંથી ક્યારેય આપ ઉદાસ થશો નહીં.''

ત્યારે શ્રીહરિએ કહ્યું હતું: ''દરબાર! અમને કાયમ રાખવા તે ઘણું કઠણ છે. અમે જેને પોતાના માન્યા છે, અને અમે જ્યાં રહીએ ત્યાંના ભક્તોને વારંવાર વઢીને કહેવું એવો અમારો સહજ સ્વભાવ છે. અમે વઢીએ તોપણ અમારા સિવાય પોતાનો બધો ઠરાવ ઉડાડી દે એવો હોય તેના ઉપર અમને હેત ઊપજે છે. વર્તન અને સમજણમાં ભગવાનનું ધામ રહેલું છે. આ બે વાનાં ન હોય તેને ભગવાનના ધામનું સુખ મળતું નથી. આ દેહ

“

ત્યારે શ્રીહરિએ કહ્યું હતું: ''દરબાર! અમને કાયમ રાખવા તે ઘણું કઠણ છે. અમે જેને પોતાના માન્યા છે, અને અમે જ્યાં રહીએ ત્યાંના ભક્તોને વારંવાર વઢીને કહેવું એવો અમારો સહજ સ્વભાવ છે. અમે વઢીએ તોપણ અમારા સિવાય પોતાનો બધો ઠરાવ ઉડાડી દે એવો હોય તેના ઉપર અમને હેત ઊપજે છે.''

વિકારવાન છે, અસત્ય છે, આત્મા અને પરમાત્મા સત્ય છે, અમારું ધામ સર્વોપરી છે. આ વાત જે સંત-હરિભક્ત યથાર્થ જાણે તે બુદ્ધિવાન છે. તેનો દેહ પડે છે ત્યારે વિમાનમાં બેસીને તેનો આત્મા હરિના ધામને પામે છે.''[૨૫]

પોતાના સાળા બૂઢા ધાધલની ખલ પ્રકૃતિથી શ્રી જીવાખાચર વાકેફ હતા. તેનાથી સદા દૂર રહીને શ્રીહરિનો પક્ષ રાખવામાં તેઓ સદા તત્પર રહેતા હતા. બૂઢો ધાધલ ભગવાનની પ્રતિમા અને અવતારને માનતો નહીં. જૈન સાધુ પર ભાવ રાખે, પરંતુ ઋષભદેવની પ્રતિમાનેય માનતો નહીં. તે આસ્તિકોને એવા વિચિત્ર પ્રશ્ન પૂછતો કે તેનો ઉત્તર કોઈ દઈ શકતા નહીં. તે શ્રી જીવાખાચરને પણ વારંવાર પૂછતોઃ ''તમે આ સત્સંગમાં એવું તે શું જોયું છે કે સત્સંગમય થઈ ગયા છો?''

ત્યારે શ્રી જીવાખાચરે તેમને વારંવાર કહ્યું હતું: ''અમે આ સત્સંગમાં મોક્ષ દીઠો છે. જે કુબુદ્ધિ માણસ હોય તેને સત્સંગનો રંગ લાગતો નથી, બાકી આજે આ સત્સંગમાં જેવી શુભ વાત થાય છે તેવી બીજે ક્યાંય દેખાતી નથી. વેદો-પુરાણોમાં વાતો ઘણી લખી છે, પરંતુ આજે સત્સંગમાં તે દેખાય છે. જેને સત્સંગ નથી થયો તે કરોડોની સમૃદ્ધિનો માલિક હોય તોય શું? તેની પાસે કરોડોની સંખ્યાવાળી સેના હોય તોય શું? કાળની આગળ તેનું કાંઈ ચાલતું નથી. અમે સત્સંગનો જે લાભ દેખ્યો છે તે તેમાંથી થોડુંક જ તમને કહું છું. શરીરમાં જેમ મસ્તકથી બીજું શ્રેષ્ઠ અંગ નથી, તેમજ આ સત્સંગથી ઊંચી કોઈ વસ્તુ નથી. કાન અને નાક વિનાનો માણસ સારો ન લાગે, તેમ સત્સંગ વિના કોઈ સારું લાગતું નથી. તમને તે વાત મનાતી નથી કારણ કે તમારી બુદ્ધિ કુસંગથી લેપાઈ ગઈ છે.''[૨૬]

---

૨૫. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૭/૪

૨૬. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૧૪/૯૩

હરિચરિત્રામૃતસાગર નોંધે છે કે બૂઢો ધાધલ ભારે ખલ હતો. ત્રણ વર્ષ સુધી તે દાસ થઈને શ્રીહરિ પાસે આવતો ને બહારથી સંતો-ભક્તોથી પણ વધુ ખપ દેખાડતો. શ્રીહરિએ તેને પાસે બેસાડી ત્રણ વર્ષ સુધી થાળની પ્રસાદી આપી હતી, પણ તેને અંતરમાં ભાવ નહોતો. શ્રીહરિ પાકા નાડીવૈદ્ય હતા. તેથી તેની માયામાં આવતા જ નહીં. સરળ સંતો અને હરિભક્તોને પણ શ્રીહરિએ ચેતવી દીધા હતા. સંતો -ભક્તોનાં અંતર જાણવા તે પ્રશ્નો પૂછતો. મુક્તાનંદમુનિનાં વખાણ કરતો. તેમનાં કાવ્ય-કીર્તનો-વાતો બધું વખાણતો. બ્રહ્મમુનિનાં કાવ્ય વખાણતો પણ તેની વાત વખાણતો નહીં. નિત્યાનંદમુનિ પાસે તે જતો જ નહીં. તે આવે તો ચૂપ થઈ બેસતો. બૂઢો ધાધલ જીવાખાચરની ડેલીએ રહીને હોકો પીતાં પીતાં શ્રીહરિ તથા દાદાખાચરનો દ્રોહ કરવામાં દિવસ-રાત મંડ્યો હતો. એક વખત શ્રીહરિએ તેના વિશે કહ્યું હતું: 'આસુરી જીવ ક્યારેય દૈવી ન થાય. બૂઢો અમારી પ્રસાદીની ૧૦૦ મણ સાકર ને ઘી જમ્યો હશે, પણ તેની તેને અસર ન થઈ!'(શ્રીહરિચરિત્રચિંતામણિઃ ૨/૨૪)

આ બૂઢા ધાધલે શ્રી જીવાખાચરને સતત અવળા શબ્દો નાંખીને શ્રી દાદાખાચર અને શ્રીહરિ પ્રત્યે અસદ્‌ભાવ જન્માવવા માટે પ્રયાસ કર્યા હતા. વારંવાર તેના ➤

પોતાના બનેવી શ્રી જીવાખાચરની આ વાતો સાંભળીને બૂઢો ધાધલ અલગ અલગ તર્ક કરતો, પરંતુ શ્રી જીવાખાચર તેના પેચમાં આવતા નહીં.

સન ૧૮૧૪માં શ્રી એભલખાચરનો અક્ષરવાસ થયો ત્યારે માત્ર ૧૩ વર્ષના શ્રી દાદાખાચર માટે શ્રીહરિ જ છત્ર સમાન હતા. માતા-પિતા-ગુરુ -ઈષ્ટદેવ વગેરે બધું જ તેમને માટે શ્રીહરિ હતા. આથી, શ્રીહરિ શ્રી દાદાખાચર પ્રત્યે અપાર પ્રેમ અને પક્ષ રાખીને તેની ખૂબ સંભાળ રાખતા. શ્રીહરિએ જાણે એ પરિવારને પોતાનો જ પરિવાર માન્યો હતો. શ્રી એભલખાચર અને શ્રી જીવાખાચરનાં સંયુક્ત ગામ અને ગરાસમાં શ્રીહરિએ એટલું બધું મમત્વ કર્યું કે મોટી ડેલીના શ્રી જીવાખાચરનો જેટલો ગરાસ હતો તેટલો જ ગરાસ તેમને કહીને શ્રી દાદાખાચરને પણ કરી દીધો. વાડીઓ અને ખેતર વગેરે પણ શ્રી જીવાખાચરનાં જેટલાં જ કરી દીધાં. પરંતુ આધારાનંદ સ્વામી નોંધે છે કે *'શ્રીહરિની આવી રીત જોઈને શ્રી જીવાખાચર પણ શ્રીહરિ પ્રત્યે દિન-પ્રતિદિન વધારે પ્રેમ કરવા લાગ્યા.'*

શ્રીહરિનાં આવાં મનુષ્ય ચરિત્રોને દેખીને શ્રી જીવાખાચર જ્યારે વધારે હેત કરવા માંડ્યા ત્યારે શ્રી જીવાખાચરને આશરે રહેનારા બૂઢા ધાધલ જેવા કેટલાક લોકો તેમને વારેવારે કહેવા લાગ્યા કે ''આ સહજાનંદ સ્વામી તમારાં બધાં ગામ-ગરાસને કબજે કરી લેશે. શ્રી એભલખાચરનો ગરાસ જેમ પોતાના હાથમાં કરી લીધો છે તેમ તમારો પણ લઈ લેશે અને તમને

➤ શબ્દો પડવાથી શ્રી જીવાખાચર પણ ભ્રમિત થઈ ગયા હતા. તેની ચઢવણીથી ગામ-ગરાસના મમત્વને કારણે એવી પ્રવૃત્તિઓ પણ થઈ હતી કે તેનાથી શ્રી દાદાખાચરને વિઘ્ન આવે. જો કે દરેક વખતે શ્રીહરિ દાદાખાચરની અવશ્ય રક્ષા કરતા હતા. પરંતુ આવી ભૂલો કરવા બદલ શ્રી જીવાખાચરને સમયે સમયે પારાવાર પશ્ચાત્તાપ પણ થતો હતો.

જો કે ભગવાન સ્વામિનારાયણનો શ્રી જીવાખાચર પ્રત્યેનો પ્રેમ ક્યારેય ઓછો થયો નહોતો. શ્રી દાદાખાચર, શ્રી જીવુબા, શ્રી લાડુબા વગેરે સૌ કોઈના ભક્તિભાવથી શ્રીહરિનો નિવાસ અક્ષર ઓરડીમાં સ્થાયી થઈ ગયા પછી પણ શ્રીહરિ વારંવાર શ્રી જીવાખાચરના દરબારમાં પધારતા. છેલ્લાં વર્ષોમાં તો શ્રીહરિ દર પંદર દિવસે કરુણા કરી પહોર બે પહોર જીવાખાચરના દરબારમાં દર્શન આપવા પધારતા અને શ્રીહરિ તેમના પર ખૂબ સ્નેહ વરસાવતા. શ્રીહરિની આ કૃપાથી ભીંજાઈને શ્રી જીવાખાચર પ્રાર્થના કરતાં ઘણીવાર શ્રીહરિને કહેતા: ''અમારી જીવની મતિ બહુ થોડી છે અને દોષયુક્ત છે. પરંતુ ગુણમાત્ર આપનામાં છે. અવગુણ રાત્રિરૂપ છે. ગુણ સૂર્યરૂપ છે. સૂર્ય ઉદય થતાં રાત્રિ રહે નહીં. જ્યાં સુધી જીવ આપની સન્મુખ રહેશે ત્યાં સુધી દોષ દેખાવાના નથી. માટે આપનો અવગુણ આવે નહીં એમ આપની પાસે વારે વારે માગીએ છીએ. ગામ, ગરાસ, ધન, નારીમાં દોષમાત્ર રહેલા છે, છતાં તેમાં જ્યાં સુધી મોહ રહેલો છે ત્યાં સુધી આપનો ગુણદોષ આવવાનો સંભવ છે. આપને વિશે અલૌકિક મતિ રાખવી તે અતિ દુર્લભ છે, છતાં અમે આપનો હાથ પકડ્યો છે તો આપને ગમે ત્યાં અમને પહોંચાડજો.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર: ૧૬/૭)

પણ તેના જેવા કરી દેશે. જો તેઓ તમને પણ સાધુ કરી દેશે તો અમે ક્યાં જઈને અમારું ગુજરાન કરશું? પરદેશીનો વધારે વિશ્વાસ કરાય નહીં. અમે હિતની વાત કહીએ છીએ તેને તમે તમારા મનમાં માનો.''

શ્રી જીવાખાચરે આનો પ્રત્યુત્તર શો આપ્યો? એ વિશે શ્રીહરિચરિત્રામૃત-સાગર ગ્રંથ નોંધે છેઃ

'શ્રી જીવાખાચરે તે વાત સાંભળી, પણ તેમને કાંઈ કહ્યું નહીં. તે લોકોને રજા આપી દીધી અને કહ્યું કે તમે તમારું ઘર સંભાળો. પછી પોતાનો પરિવાર, ભાઈ, પુત્રો વગેરેને બોલાવીને કહ્યુંઃ ''આ બાબતમાં તમારું માનવું શું છે? તે બોલો. એક બાજુ સત્સંગ છે અને બીજી બાજુ ગરાસ છે. તે બેમાં તમે અધિક કોને માનો છો? જેનો ક્યારેય નાશ ન થાય અને યુગો સુધી નિર્ભય રહેવાય, તે કહો. કેવા મોટા રાજાઓ થઈ ગયા છે. તેમની આગળ આપણો ગરાસ શું લેખામાં આવે? આપણને શ્રીહરિ જે રીતે મળ્યા છે, આપણા ઉપર ઘણો પ્રેમ રાખે છે, તેની વાત શી કરવી? સત્સંગની આગળ ગરાસ શું લેખામાં? આગળ-પાછળનું જોઈએ ત્યારે સમજાય છે કે આપણા ગરાસ જેવા તો અનંત ગરાસ હોય તો પણ તે શ્રીહરિની દૃષ્ટિમાં આવતા નથી. જે લોકો શ્રીહરિની મોટાઈને જાણતા ન હોય તે લોકો આવીને મન ચાહી વાતો કરતા હોય છે. લોકો આવીને કરોડ જાતની વાતો કહે, પણ તેમને આપણા હિતેચ્છુ માનવા નહીં. તે લોકો પોતાનું હિત ચાહતા હોય છે. સહુ પોતપોતાનો સ્વાર્થ સાધવામાં કુશળ હોય છે. તે લોકો આપણા હિતેચ્છુ કહેવાય, પણ ખરેખર તો આપણા હિતશત્રુઓ છે. તેમની વાતને મનમાં લગારેય ધારવી નહીં. સાંભળીને ઉપરથી 'ઠીક છે' એમ કહેવું. મનમાં તો તે બધા લોકોને શત્રુ જેવા જાણવા અને ભગવાનની સાથે જ ઘણો સ્નેહ રાખવો. જ્યારે આપણું અપાર ભાગ્ય હોય ત્યારે જ ભગવાન શ્રીહરિ આપણને પોતાના ઘરના માણસ તરીકે માને. શ્રીહરિએ એકવાર મને કહ્યું હતુંઃ 'તમે જેવા મારા છો, તે રીતે જ બધા પરિવારે પણ મારા થઈને રહેવું.' એટલે અત્યારે મારા દિલમાં જેવું તાન છે, જેવી એક નિષ્ઠા છે, તે હું તમને બધા પરિવારને ખાનગીમાં પૂછી રહ્યો છું. તો તમે સહુ કહો.''

ત્યારે શ્રી જીવાખાચરના બધા પરિવારે તેમને કહ્યુંઃ ''ગરાસ તો ઘણીવાર મળ્યો છે અને મળશે, પણ આ ભગવાન શ્રીહરિ ફરીને નહીં મળે.''[૨૭]

શ્રીહરિ શ્રી એભલખાચર અને તેના પરિવારનો પક્ષ રાખતા, પરંતુ શ્રી જીવાખાચર તો તેમાં ઈર્ષ્યા કરવાને બદલે ગૌરવ માનતા. તેઓ શ્રી એભલખાચર અને શ્રી દાદાખાચરની ભક્તિથી પોતાની ન્યૂનતા પણ સમજતા. ક્યારેક શ્રીહરિ પાસે તેની કબૂલાત પણ ખુલ્લા દિલે કરતા. તેમાં

આપણને શ્રીહરિ જે રીતે મળ્યા છે, આપણા ઉપર ઘણો પ્રેમ રાખે છે, તેની વાત શી કરવી? સત્સંગની આગળ ગરાસ શું લેખામાં? આપણા ગરાસ જેવા તો અનંત ગરાસ હોય તો પણ તે શ્રીહરિની દૃષ્ટિમાં આવતા નથી. શ્રીહરિની મોટાઈને જાણતા ન હોય તે લોકો આવીને મન ચાહી વાતો કરતા હોય છે.

૨૭ શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૧૦/૩

તેમની પોતાની જાતને સતત નીરખતા રહેવાની એક આદર્શ સત્સંગીની સમજણ પણ છતી થાય છે. જુઓ તેની થોડીક વિગતો:

'શ્રીહરિ રોજ ઉન્મત્તગંગા-ઘેલા નદીમાં સંતો અને હરિભક્તોની સાથે એક-બે કલાક સ્નાન કરતા હતા. શ્રીહરિ જ્યારે સ્નાન કરવા પધારે ત્યારે દરબાર શ્રી જીવાખાચરને ખબર આપતા, તેથી તેઓ પોતાના પુત્રને લઈને સ્નાન કરવા આવતા. શ્રીહરિની સાથે સ્નાન કરતાં કરતાં તેઓ મરમ કરતા હતા અને તેનાથી વાતનો રંગ જામતો હતો. શ્રીહરિની સાથે રહેલા સૌને નિરંતર એક આનંદરૂપી રસ ભર્યો રહેતો હતો. શ્રી જીવાખાચર શ્રીહરિ આગળ હાથ જોડીને બોલતા: "મહારાજ! અમારી બુદ્ધિ તો અતિ થોડી છે અને આપ તો અનાદિ એક ભગવાન છો. કોઈ વાત આપનાથી અજાણી નથી. આપ તો મુમુક્ષુઓનો ઉદ્ધાર કરવા માટે પધાર્યા છો. હે હરિ! તે માયા હવે અમારાથી ક્યારેય જીતી શકાય તેમ નથી. અમે આપને આધીન થયા છીએ, એટલે આપ અમને માયાથી ઉગારી લેજ્યો. જો કે અમે શ્રી એભલખાચર અને શ્રી દાદાખાચર જેવા નિષ્કપટ ભક્ત થયા નથી. શ્રી એભલખાચર અને શ્રી દાદાખાચર બંને આપ જેમ કહો છો તે રીતે તત્કાળ જ વર્તવા લાગે છે. શ્રી એભલખાચરનો જે પરિવાર છે, તે બધો જ ભક્તશિરોમણી છે. તેમણે બધાં જ વ્યસન અને કેફનો ત્યાગ કર્યો છે. તેમને એક આપમાં જ પ્રેમ છે. તેમણે બીજો બધો લોક-વ્યવહાર તોડી નાખ્યો છે. કેવળ એક આપની સાથે જ પ્રીતિ જોડી છે.[૨૮] અમારી કાઠી જ્ઞાતિમાં તેમના જેવા કોઈ ભક્ત થયા નથી અને હવે પછી પણ તેવા ભક્ત કોઈ થશે નહીં. તે પરિવાર જ એવો ઉત્તમ ભક્ત થયો છે. અમને જે આપનું સુખ મળે છે તે શ્રી એભલખાચરના પરિવારના પુણ્ય પ્રતાપથી મળે છે. અમારા જેટલા કાઠી કહેવાય છે, ખાચર, વાળા અને ખુમાણ તેમાંથી જેને સત્સંગ થયો તે ઘણા ઉચ્ચ કોટિના થયા છે. હવે પછી પણ જે કાઠીઓ સત્સંગ કરશે તે પણ

૨૮. મોક્ષ કરતાં બીજી કોઈ બાબત મોટી નથી એમ શ્રી જીવાખાચર દૃઢતાથી સમજતા હતા - છતાં સામાજિક લોક-વ્યવહાર અને રાજરજવાડાંઓમાં પણ ઘણા પ્રવૃત્તિશીલ હતા. સત્સંગની સાથે સાથે રાજ-રજવાડાંઓ અને દરબારી ડાયરાઓમાં તેમની ઊઠક-બેઠક પણ ચાલુ રહેતી. તેમને લોકની ઘણી શરમ આવતી. આથી, લોકમાં પોતાનું ખરાબ દેખાય તેવું ક્યારેય ન કરે. તેમના જીવનમાં શ્રી એભલખાચર જેવું જ ભક્તપણું હતું, પણ તેઓ લોકની રીતે ચાલતા હતા. તેમની પ્રકૃતિ દાતાર હતી. લોકો તેમને ઉદાર કહીને વખાણતા અને શ્રી જીવાખાચર મોજમાં આવીને પોતાના ઉપર દેણું કરીને પણ પોતાનાં ગામ-ગરાસ લોકને મિત્ર બનાવીને ખવડાવી દેતા. દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર વગેરેના ત્યાગરૂપ શ્રીહરિએ આપેલા નિયમોમાં એમની ટેક પર્વતપ્રાય હતી, શ્રીહરિનો આશ્રય પણ દૃઢ હતો, છતાં લોકલાજ પણ એમને માટે મહત્ત્વની હતી. તેથી તેઓ આવું ઉચ્ચારે છે. (શ્રીહરિચરિત્રામૃત સાગર: ૧૩/૪૪)

દરબાર શ્રી એભલખાચરના પુણ્યપ્રતાપથી જ કરશે એમ અમે માનીએ છીએ.''[૨૯]

શ્રી જીવાખાચર શ્રીહરિની આ કસોટીને પોતાનું ભાગ્ય સમજતા. શ્રીહરિ તેમને બલિરાજા અને વામનજીનું ઉદાહરણ આપીને આવી કસોટીનું પરિણામ પ્રસન્નતા છે તે પણ સમજાવતા. જુઓ, શ્રીહરિએ શ્રી જીવાખાચરના દરબારમાં જઈને તેમની સાથે કરેલો આ વાર્તાલાપ અને તેમાં વ્યક્ત થતી શ્રી જીવાખાચરની સમજણ:

'શ્રીહરિએ શ્રી જીવાખાચરને કહ્યું: ''બલિરાજાએ જ્યારે વામનજીનો વિશ્વાસ કર્યો ત્યારે વામનજીએ તેને પાશથી બાંધ્યા અને ત્રિલોકીનું રાજ્ય તેની પાસેથી આંચકી લીધું. વામનજીએ બલિરાજાના શરીરે સહિત બધું ખૂંચવી લીધું, છતાં તેણે પાછો પગ ભર્યો નહીં. બલિના ગુરુએ તેને જેટલાં વચન કહ્યાં હતાં તે પ્રમાણે જ વામનજીએ કર્યું હતું. છતાં પણ બલિએ ગુરુનો ગુણ ન લીધો અને વામનજીએ જેમ કહ્યું તેમ બલિએ કર્યું. વામનજીનાં વચનને માથે ચઢાવ્યાં અને ગુરુના વચનનો ત્યાગ કર્યો. બલિએ પોતાના ગુરુનો વિશ્વાસ ન રાખ્યો અને વામનજીનાં વચનમાં વિશ્વાસ કર્યો. વામનજીએ બલિને દબાવીને પાતાળમાં રાખ્યો છતાં બલિરાજાએ કહ્યું: ''આપની જેમ રુચિ હોય તેમ કરો.'' વામનજીએ બલિરાજાને ખૂબ જ તાવ્યો છતાં પણ તેણે વામનજીનો અવગુણ ન લીધો, પોતામાં અવગુણ દેખ્યો. અહીંયા અમારી સ્થિતિ પણ તેમના જેવી જ થઈ છે. જેને અમારો વિશ્વાસ છે તેને અમે દુ:ખ દઈએ છીએ તો પણ તેઓ સુખ માને છે. તેવા ભક્તને અમે ક્યારેય છોડી દેતા નથી. અમે જે અમારા ભક્તને દુ:ખ દઈએ છીએ તેમાં અપાર સુખ રહ્યું હોય છે, પણ જીવની વિપરીત મતિ થઈ હોવાથી તેને તે ક્યારેય લગાર પણ સૂઝતું નથી. જે ભક્ત અમને પોતાનું મન જેટલું સોંપે છે તેટલો તે સુખી થાય છે, પણ ક્યારેય તે દુ:ખી થાતો નથી.''

ત્યારે શ્રી જીવાખાચરે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું: ''મહારાજ! આપ સાચી વાત કહો છો. અવળી બુદ્ધિવાળા માણસને સાચી વાત સમજાતી નથી. આપ દુર્યોધન અને શ્રીકૃષ્ણની વાત મને કહો. અને અર્જુનની વાત કહીને પણ મને પાવન કરો.''

પછી શ્રીહરિ શ્રી જીવાખાચરને મંદ મંદ હસતાં થકા વાત કહેવા લાગ્યા અને પ્રેમરસ પાવા લાગ્યા. ત્યારે શ્રી જીવાખાચરે હાથ જોડીને કહ્યું: ''માણસને ખોટાં અહં-મમત્વ તરફ જેવી દોડ રહે છે તેવી સત્ય તરફ દોડ રહેતી નથી. સત્ય તરફ દોડ રાખ્યા સિવાય જીવનું ક્યારેય શ્રેય થાતું નથી, તેમ મોટા સંતો જીવને સત્ય તરફ લઈ જવા માટે ઉપદેશ આપે છે. અમે

અમે શ્રી એભલખાચર અને શ્રી દાદાખાચર જેવા નિષ્કપટ ભક્ત થયા નથી. શ્રી એભલખાચર અને શ્રી દાદાખાચર બંને આપ જેમ કહો છો તે રીતે તત્કાળ જ વર્તવા લાગે છે. શ્રી એભલખાચરનો જે પરિવાર છે, તે બધો જ ભક્તશિરોમણી છે. તેમણે બધાં જ વ્યસન અને કેફનો ત્યાગ કર્યો છે.

૨૯. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૧૫/૧૮

રાત-દિવસ અણહિતને પણ પોતાનું ચોક્કસ હિત માનીએ છીએ, પરંતુ આપ ભગવાન તો અમારા બધા જ અણહિતને બતાવી દો છો. જ્યાં સુધી માણસને અણહિતમાં રાગ રહે છે ત્યાં સુધી તેને તે છોડી શકતો નથી.''

ત્યારે શ્રીહરિએ કહ્યું: ''જે સત્ય છે તે સત્ય જ રહેવાનું છે, પણ અસત્ય ક્યારેય સત્ય થવાનું નથી. મનુષ્યને સત્યમાં જેટલો વિશ્વાસ રહેશે તેટલો તેનો મોક્ષ થાશે અને અસત્યમાં જો વિશ્વાસ હશે તો તેના મોક્ષમાં ખામી આવશે. ભગવાન, સંતો, હરિભક્તો, ભગવાનનું ધામ, ભગવાન સંબંધી જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ અને ભક્તિ એ બધા સત્ય છે. ભગવાનના સંબંધ વગરનાં જેટલાં જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ધર્મ, તીર્થ, વ્રત, યજ્ઞ, તપ, દાન વગેરે હોય, તે બધાં મિથ્યા છે.''[30]

શ્રી જીવાખાચર શ્રીહરિને પ્રાર્થના કરતા: ''તમારા સંત અને હરિભક્ત તમારા પ્રતાપે માયા તરી ગયા છે. તેમણે તમારા વિના બીજે ક્યાંય રુચિ રાખી નથી. અમને પણ એવી રુચિ થાય એવી કૃપા કરજો.''[31]

આમ, પૂર્વોક્ત વિગતો આપીને ગ્રંથકાર નોંધે છે કે 'શ્રીહરિ આ રીતે શ્રી જીવાખાચરની આગળ સ્પષ્ટ રીતે વાત કહેતા હતા. શ્રીહરિ બીજી પણ

ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી જીવાખાચરને પોતાના માનીને હિતવચનો કહ્યાં ત્યારે તેમણે તેને હોંશે હોંશે સ્વીકારી લીધાં...

૩૦. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃત સાગરઃ ૧૭/૪૩-૪૫

૩૧. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૧૩/૬૫



ઘણી વાતો કહેતા હતા. ક્યારેય ન સાંભળી હોય તેવી રમૂજની વાતો પણ શ્રી જીવાખાચરને કહેતા હતા. તે બધી લખી શકાતી નથી.'[૩૨]

એક અન્ય પ્રસંગે શ્રી જીવાખાચરે કરેલી એવી જ પ્રાર્થનામાં પણ તેમનો એ વિનય વર્તાઈ આવે છે: *"અમને ક્યારેય આપનો વિયોગ થાય નહીં, કાયમ આપની ભેળા રહીએ. અનેક પ્રકારના માયિક વ્યવહાર પ્રસંગે ક્યારે બાળબુદ્ધિથી થોડોક અહં-મમત્વ થઈ જાય, કુસંગ અને લોભથી ક્યારેક અમારી મતિ ફરી જાય, તો તે વખતે આપ અમારા ઉપર દયા કરીને અમારી રક્ષા કરજો. અમે વારંવાર એ એક જ વરદાન માગીએ છીએ. તો આપ પ્રસન્ન થઈને તે આપો."* દરબાર શ્રી જીવાખાચરે જ્યારે જ્યારે આવાં વરદાન માગ્યાં હતાં ત્યારે શ્રીહરિએ તેમને તે વરદાન આપ્યાં હતાં. દરબારે આવી પ્રાર્થના કરીને પછી કેસરચંદન શ્રીહરિનાં ચરણોમાં લગાવીને તેને પોતાને મસ્તકે મૂક્યાં, તેમજ પોતાની છાતીએ ચાંપ્યાં.[૩૩]

શ્રીહરિ શ્રી જીવાખાચરની ધન-સંપત્તિ-ગામ-ગરાસ માટે પણ એટલો જ પક્ષ અને પ્રેમ દાખવતા. શ્રી જીવાખાચરની દાની પ્રકૃતિ જોઈને તેમના આર્થિક વ્યવહાર માટે શ્રીહરિ ચિંતા પણ વ્યક્ત કરતા અને તેમને ખૂબ હેતપૂર્વક માર્ગદર્શન પણ આપતા.

શ્રી એભલખાચરના દરબારમાં વસ્યા પછી ભગવાન શ્રી સ્વામિનારાયણ ઘેલાતટ પર સ્નાન કરવા પધારે અને નાહીને સંતો તથા હરિભક્તોની સાથે ગામમાં પાછા આવે ત્યારે અવશ્ય શ્રી જીવાખાચરના દરબારગઢમાં પધારે જ. શ્રીહરિ જ્યારે જ્યારે અહીં પધારે ત્યારે જુએ કે શ્રી જીવાખાચરના દરબારમાં દસ, વીશ કે ત્રીશ જેટલા મહેમાનોના અશ્વ બાંધેલા હોય જ. શ્રી જીવાખાચરનું આતિથ્ય વખણાતું. એમના આંગણે આવેલો કોઈપણ અતિથિ ભૂખ્યો પાછો ન જાય. વળી, અતિથિને પોતાના આંગણે રોકવાનો એમનો આગ્રહ અવશ્ય હોય જ. શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ તેમની એ સ્વાભાવિકતા વિશે નોંધતાં વર્ણવે છે:

'મહેમાનને જીવાખાચર ક્યારેય ના કહેતા નહીં ને કહેતા: જ્યાં જવું હોય ત્યાં જજો પણ એક દિવસ કે એક વેળા મારે ત્યાં રહેવું પડશે. તેઓ અતિથિને ક્યારેય 'તમારે જવું હોય તો જાઓ' એમ કહેતા નહીં. મહેમાનોને જમાડવામાં શ્રી જીવાખાચરને રોજ ઘણો ખર્ચ થતો હતો. પરંતુ શ્રી જીવાખાચર એવા ખર્ચનો ક્યારેય હિસાબ માંડતા નહોતા. તેમને ત્યાં મહેમાનોનો આ ઘસારો જોઈને શ્રીહરિ આત્મીયતાથી તેમને વિવેક પણ શીખવતા.

એક વખત શ્રીહરિએ તેમને કહ્યું હતું: "જેની પાસે કરોડો રૂપિયાનું

"

શ્રીહરિ શ્રી દાદાખાચરની જેમ, શ્રી જીવાખાચરની ધન-સંપત્તિ-ગામ-ગરાસ માટે પણ એટલો જ પક્ષ અને પ્રેમ દાખવતા. શ્રી જીવાખાચરની દાની પ્રકૃતિ જોઈને તેમના આર્થિક વ્યવહાર માટે શ્રીહરિ ચિંતા પણ વ્યક્ત કરતા અને તેમને ખૂબ હેતપૂર્વક માર્ગદર્શન પણ આપતા.

---

૩૨. એજન.
૩૩. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૧૩/૬૧

નાણું હોય એવા મોટા મોટા રાજાઓને દર વર્ષે નવી ઊપજ આવતી હોય છે. છતાં તે રાજાઓ પોતાના ખર્ચનું નામું લખતા રહે છે. તો તમારે પણ વિચારવું. પોતાનાં સગાં-સંબંધી ઘેર આવે, બીજા મહેમાન પણ તમારે ત્યાં આવે, તેનું તમારે કાંઈ ધાર્યું રહેતું નથી. તેની પાછળ વણ વિચારે ખર્ચ કર્યા કરે તેને ગામ પણ કબજામાં રહેતું નથી. ગામ, ગરાસ કે આવકનાં સાધનો પોતાનાં સુખને માટે હોય છે. સુખી થવાના રસ્તાનો ત્યાગ કરીને આવે માર્ગે ચાલે છે તેને તો કહી ન શકાય તેટલું બધું દુઃખ આવે છે. વિચાર્યા વિનાનો ખર્ચ કરે તેને અપાર દુઃખ આવે. તેને માથે પાર વગરનું કરજ થઈ જાય છે. તૂટી ગયેલું સરોવર ગમે તેટલું વિશાળ હોય તોપણ તેમાં ક્યારેય પાણી પૂરું ભરાયેલું રહેતું નથી. ગમે તેટલો વરસાદ વરસે છતાં તૂટેલું સરોવર તો હંમેશાં ખાલીનું ખાલી જ રહે છે.

અમારો તો એવો સ્વભાવ છે કે કહ્યા વિના અમને શાંતિ ન થાય. જેની સાથે અમારે જેટલું હેત હોય તેટલું તેને કહીએ છીએ. જે અમારો વિશ્વાસ રાખતા હોય તેને અમે ક્યારેય દુઃખી થવા દેતા નથી.''

શ્રીહરિનાં આવાં હિતવચનો સાંભળીને શ્રી જીવાખાચરે કહ્યું: ''મહારાજ! આપ જેટલી વાત કરો છો તે અમારે માટે ઉપયોગી છે. એક પણ વાત બિનઉપયોગી નથી. પરંતુ જેટલું મનાતું નથી તેટલું દુઃખ સહન કરવું પડે છે. આપ તો હંમેશાં નિર્દોષ રહો છો અને નિર્દોષ જ વાત કરો છો. કોઈ બીમાર માણસ હોય, તેને ખાવાનું અનેક પ્રકારનું તૈયાર કર્યું હોય, તેમાંથી એક પણ ભોજન રુચે નહીં તો તેમાં ભોજનનો વાંક નથી, વાંક તો રોગીનો છે.''[૩૪]

"

શ્રી જીવાખાચરના જીવનમાં જ્યારે જ્યારે મુશ્કેલીઓ આવી ત્યારે તેમની રક્ષા માટે શ્રીહરિ મમત્વપૂર્વક દોડતા પહોંચ્યા હતા. એક વખત શ્રી જીવાખાચરને ત્યાં દાણા અને નાણાં ખૂટ્યાં ત્યારે તેમને વિષ ઘોળવાનો વખત આવ્યો હતો. તે વખતે શ્રીહરિએ હૂંફ આપીને રક્ષા કરી હતી.

માત્ર આ અવસર જ નહીં, શ્રી જીવાખાચરના જીવનમાં જ્યારે જ્યારે મુશ્કેલીઓ આવી ત્યારે તેમની રક્ષા માટે શ્રીહરિ હેત અને મમત્વપૂર્વક દોડતા પહોંચ્યા હતા. પોતાની આ દાની પ્રકૃતિને કારણે એક વખત શ્રી જીવાખાચરને ત્યાં દાણા અને નાણાં ખૂટ્યાં ત્યારે તેમને વિષ ઘોળવાનો વખત આવ્યો હતો. તે વખતે શ્રીહરિએ દોડી જઈને હૂંફ અને મદદ આપીને તેમની રક્ષા કરી હતી. તેમનાં સુપુત્રી શ્રી અમૂલાબાને કોઈએ ઝેર આપ્યું ત્યારે ત્યાં દોડી જઈને શ્રીહરિએ તેમને નવું જીવન આપ્યું હતું.

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ નોંધે છે કે *'શ્રીહરિ શ્રી જીવાખાચર પર ખૂબ હેત વરસાવીને તેમને કથાવાર્તાનો અપાર લાભ આપતા. જ્યારે જ્યારે શ્રીહરિ કૃપાવચન કહેતા ત્યારે શ્રી જીવાખાચર તે કૃપાવચનો પર ખૂબ પ્રેમ કરતા. અને શ્રીહરિ પણ કૃપા કરીને પ્યારથી વાતો કરતા. તેને લીધે શ્રી જીવાખાચરને કોઈ દુઃખ રહેતું નહીં. માત્ર સુખ જ થતું હતું. શ્રી જીવાખાચર શ્રીહરિને ભગવાન જાણતા હતા અને શ્રીહરિ પણ તેમને ભગવદીય ભક્ત*

૩૪. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૧૯/૩

જાણીને તેમનું મમત્વ રાખતા હતા અને તેમના ગુણ જાણીને શ્રીહરિ તેમને રોજ રોજ એવી વાત કરતા કે જેથી તેમનાં દુઃખનો નાશ થઈ જાય.'[૩૫]

શ્રી જીવાખાચર બીમાર પડ્યા છે એવા સમાચાર જ્યારે પણ શ્રીહરિને મળે ત્યારે તેઓ અવશ્ય શ્રી જીવાખાચરની ખબર કાઢવા જાય. તેમની પાસે બેસે અને તેમને આનંદ કરાવે. શ્રી જીવાખાચરની તબિયત જોવા શ્રીહરિ પધારે ત્યારે હાકલ પાડીને સાથે સંતો-ભક્તોને લઈને જાય. શ્રીહરિ-ચરિત્રામૃતસાગર ગ્રંથમાં આવા પ્રસંગોનો નિર્દેશ છે. એક વખત શ્રીહરિને શ્રી જીવાખાચરની બીમારીની જાણ થઈ ત્યારે શ્રી દાદાખાચર, શ્રી સોમલાખાચર વગેરે સૌને હાકલ પાડતાં શ્રીહરિએ કહ્યું: ''હાલો દાદાખાચર! સોમલાખાચર! આપણે જીવાખાચરને જોવા જઈએ.''[૩૬]

શ્રી જીવાખાચરની સંતો પ્રત્યેની મમત્વબુદ્ધિ પણ અનન્ય હતી. શ્રી સ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં નિવાસ કરવા માટે પધાર્યા ત્યારે શરૂઆતમાં સંતો માટે રહેવાની કોઈ વ્યવસ્થા નહોતી, મોટે ભાગે સંતો ઘેલાને કાંઠે નિવાસ કરતા. ત્યારે દયાળુ પ્રકૃતિના શ્રી જીવાખાચરે પોતાના દરબારગઢની બાજુમાં જ સંતો માટે મોટી ધર્મશાળા બંધાવી દીધી હતી, જેમાં મુક્તાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી સહિત તમામ મોટા સદ્‌ગુરુઓ અને અન્ય સંતોની રહેવાની વ્યવસ્થા હતી.

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ શ્રી જીવાખાચરની પ્રકૃતિ વિશે નોંધે છે: *'શ્રી જીવાખાચરને સંતોની સેવામાં અપાર ભાવ હતો. સંતોની સંભાળ વારંવાર લેતા. સંતોની સેવામાં ઉપયોગી થાય એવી વસ્તુઓને તેઓ તુરંત લાવી આપતા. જો કોઈ વસ્તુ ન મળે તો હાથ જોડીને પગે લાગતા. પણ સંતોની મહોબત ક્યારેય તોડતા નહીં. કદાચ કોઈ સંતનું અપમાન કરતો હોય તો તેઓ ક્યારેય તેની વાતને સાંભળતા નહીં. સંતોને જેવું ભાવે તેવી રસોઈ કરાવીને તેમને જમાડતા. સંતો માટે પોતાના શરીરને પણ કુરબાન કરી દેતા.'*[૩૭] *શ્રી જીવાખાચર દિવસમાં બે વાર અવશ્ય સંતોનાં દર્શને જઈને તેમનાં ખબર-અંતર પૂછે, તેમની સેવામાં કોઈ કસર ન રહેવા દે.'*[૩૮]

શ્રીહરિ ગઢપુરમાં મોટા મોટા ઉત્સવો કરે ત્યારે ગામોગામથી સંતોનાં મંડળો ગઢપુરમાં ઊતરી પડે. એવા અવસરોએ શ્રીહરિ અને મોટા સંતોનો ઉતારો દાદાખાચરના દરબારગઢમાં હોય, પરંતુ અન્ય સંતોના ઉતારા માટે શ્રી જીવાખાચરનો દરબાર ખુલ્લો મુકાઈ જતો. શ્રી જીવાખાચરના

---

૩૫. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૨૯/૩-૪

૩૬. શ્રી રૂગનાથચરણદાસજી કૃત શ્રીહરિચરિત્રચિંતામણિઃ ૨/૨૮૮

૩૭. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૫/૧-૨

૩૮. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃત સાગરઃ ૧૩/૪૪

દરબારગઢની ઓસરીઓ, દરબારગઢની ખુલ્લી જગ્યાઓ, દરબારગઢની પાછળની ખુલ્લી જગ્યાઓમાં સંતોની વ્યવસ્થાઓ અને રસોઈની જવાબદારી શ્રી જીવાખાચર ઉપાડી લેતા. ક્યારેક દિવસો અને ક્યારેક મહિનાઓ સુધી સંતોની મંડળીઓની સેવા કરવામાં શ્રી જીવાખાચર અને તેમનો પરિવાર ખડે પગે રહેતા. આ જ પુસ્તિકાના હવે પછીના પ્રકરણમાં શ્રીહરિએ તેમના દરબારગઢમાં ઊજવેલા ઉત્સવોના ઈતિહાસમાં તે બાબતને વધુ સારી રીતે સમજી શકાય છે.

શ્રી જીવાખાચર શ્રીહરિનાં ચરિત્રો દેખીને પોતાને મનુષ્યભાવ ન આવી જાય તે માટે તેઓ સતત જાગ્રતિપૂર્વક પ્રાર્થના પણ કરતા રહેતા હતા. જુઓ એક સુંદર ઉદાહરણ:

સન ૧૮૧૮ની આ વાત છે. એકવાર વિચરણ કરતાં કરતાં શ્રીહરિ દોઢ મહિને ગઢપુર તરફ આવી રહ્યા હતા. શ્રીહરિ ગામને પાદર પહોંચ્યા છે તેના સમાચાર જાણ્યા એટલે શ્રી દાદાખાચર, શ્રી જીવાખાચર અને ગામ લોકો વાજતે ગાજતે શ્રીહરિને ગામમાં સામે લેવા ગયા. જયનાદો, વાજિંત્રો અને બંદૂકોના ધડાકાથી વાતાવરણ ગુંજવા માંડ્યું. ઘોડેસવારોની સવારી સાથે શ્રીહરિ ગામમાં સૌને દર્શન આપતાં આપતાં શ્રી દાદાખાચરના દરબારમાં આવ્યા અને સભા કરીને બેઠા. ત્યારપછીનો શ્રીહરિ સાથેનો શ્રી જીવાખાચરનો વાર્તાલાપ આ રહ્યો:

'શ્રી જીવાખાચરે શ્રીહરિને મસ્તક નમાવીને પૂછ્યું: "મહારાજ! આપ જ્યાં જ્યાં ફર્યા અને ત્યાં ત્યાં થયેલ સન્માનની વાત અમને કૃપા કરીને કહો."

શ્રી જીવાખાચરના પૂછવાથી શ્રીહરિએ અમદાવાદમાં અંગ્રેજ અધિકારીઓએ સન્માન કર્યું વગેરે વાતો કહી સંભળાવી. વિસ્તારથી વર્ણવ્યા પછી શ્રીહરિએ કહ્યું: "ભગવાન જ્યારે મનુષ્ય દેહ ધરે છે ત્યારે તેમાં યોગકળાઓ અપાર હોય છે. તેનું પૂરું જ્ઞાન થાય તો ભગવાનના નિશ્ચયમાં કોઈ સંશય થાય નહીં. અને નિશ્ચય થયા પછી જેમ ભગવાન કહે તેમ કરે તો તેમાં ક્યારેય વિપરીત બુદ્ધિ થાય નહીં. આમ, સત્સંગમાં જ્યાં અમે ફર્યા ત્યાં બધે આવી વાતો કરી છે, તે બધી વાત તમારી આગળ કરી."

ત્યારે શ્રી જીવાખાચરે પ્રાર્થના કરતાં કહ્યું: "મહારાજ! આપનામાં તો અપાર ગુણ ભર્યા છે. નિગમ પણ તમારા ગુણનો પાર પામી શકે નહીં. તેની આગળ અમે તો શા લેખામાં? એવા આપ અમને મળ્યા તેથી અમારે બધા ગુણ આવી ગયા છે. આપે અમારી લાજ રાખી છે. આપ ચાહે તેમ કરો, પણ અમે આપને ક્યારેય છોડીશું નહીં. આપની માયાનો દેવતાઓ પણ પાર પામે નહીં, તો અમારું શું ગજું? તેથી અમારામાં પ્રાણ રહે ત્યાં સુધી આપનો કાયમ યોગ રહે એ હાથ જોડીને માંગુ છું. આપ પ્રસન્ન થઈને એ વરદાન આપો. આપનાથી જ અમારું બધું સુધરી શકે છે."

શ્રી જીવાખાચરે પ્રાર્થના કરતાં કહ્યું: "મહારાજ! આપનામાં તો અપાર ગુણ ભર્યા છે. નિગમ પણ તમારા ગુણનો પાર પામી શકે નહીં. અમે તો શા લેખામાં? એવા આપ અમને મળ્યા તેથી અમારે બધા ગુણ આવી ગયા છે. આપે અમારી લાજ રાખી છે. અમે આપને ક્યારેય છોડીશું નહીં."

એટલું કહીને શ્રીહરિને એક અદ્‌ભુત વિનંતી કરતાં શ્રી જીવાખાચરે કહ્યું: ''આપની પાસે હું એટલું માંગુ છું કે હવે દર વર્ષે ચાતુર્માસ આપે ગઢપુરમાં કરવા અને આપની રુચિ હોય તે ગ્રંથની કથા કરાવવી. આપ અમારા સૌના જીવનપ્રાણ છો. આપ કોઈ એવો ગ્રંથ કરાવો કે જે ગ્રંથના આધારે પછીથી સૌને ધીરજ રહે. કારણ કે આપની જ્યાં સુધી ઈચ્છા હશે ત્યાં સુધી આપ આ પૃથ્વી પર વિચરતા રહેશો. પણ આપની ઈચ્છા પૂરી થઈ જશે ત્યારે એક પળ વાર પણ આપ રહેશો નહીં. જ્યાં સુધી આપની અમારા પર દયા રહી છે ત્યાં સુધી અમારા આનંદનો કોઈ પાર નથી. પણ જ્યારે આપ અદયા કરીને અમારી વચ્ચેથી ચાલ્યા જશો ત્યારે શું થશે? માટે આપને વિનંતી છે કે આપની દયાનું ચલણ અમારા પર છે ત્યાં સુધી આપને જે શુભ કામ કરવાનાં હોય તે વહેલાંસર કરો. આપે જે શુભ કામ વિચારી રાખ્યાં હોય તે અમારાં સૌનાં હિત માટે છે. તેમાં આપને કોઈ સ્વાર્થ નથી.''

એટલું કહીને શ્રી જીવાખાચર અટક્યા ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું: ''હા, આવનારાં બાર વર્ષમાં અમારે પણ એવાં શુભ કામ કરી લેવાં છે કે જેથી સંતો-હરિભક્તોને અમારો વિયોગ થાય ત્યારે શોક ન થાય. તમે આ બધી વાત જાણી લીધી છે, તેથી તમે ખરેખર ઘણા જ બુદ્ધિશાળી છો. અમે કોઈની આગળ આ વાત કહી નથી તે તમે કેવી રીતે જાણી લીધી? તમારા અંતરમાં નક્કી ભગવાને પ્રવેશ કરીને તમને આ વાત બતાવી દીધી છે.''

એમ કહીને શ્રીહરિએ શ્રી જીવાખાચર પર પોતાની કૃપા વરસાવી.'[૩૯]

શ્રી જીવાખાચરની શ્રીહરિ પ્રત્યેની પ્રીતિ એવી હતી કે શ્રીહરિ ગામોગામ વિચરણ કરીને ગઢપુર પધારે એટલે શ્રી જીવાખાચર તેમની પાસે બેસીને તેમના જે તે ગામોના વિચરણની વિગતો વિશે ભક્તિભાવપૂર્વક પૂછે, જે તે ગામોના ભક્તોનાં ચરિત્રો, તેમની વિશેષતાઓ વગેરે જિજ્ઞાસાપૂર્વક પૂછે. અને શ્રીહરિ ખૂબ વિગતે તેમને એ બધો અહેવાલ આપે. જેમ કે, શ્રીહરિ ધરમપુર જઈને ગઢપુર આવ્યા ત્યારે સળંગ ૧૫ દિવસ સુધી ગઢપુરમાં રોકાયા હતા. એ દરમ્યાન રોજ શ્રી જીવાખાચર શ્રીહરિ સમક્ષ ધરમપુરની વાતો સાંભળવા બેસતા. શ્રીહરિ રોજ તેમને બધી વાતો કહીને સાથે સાથે કથાવાર્તાનો લાભ પણ આપતા. શ્રી જીવાખાચરના નિમિત્તે અન્ય સૌને પણ તેનો લાભ મળતો.[૪૦]

શ્રી જીવાખાચર પોતાના સંસાર-વ્યવહારની પરવાહ કર્યા સિવાય ઘણીવાર શ્રીહરિની સાથે વિચરણમાં પણ જોડાઈ જતા.

એકવાર ભગવાન સ્વામિનારાયણ શ્રી જીવાખાચર તથા શ્રી એભલખાચર વગેરે દરબારોને સાથે લઈને મધ્ય ગુજરાતમાં વિચરણ કરવા

---

૩૯. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૧૭/૯૯

૪૦. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૧૬/૪૫

નીકળ્યા હતા. ફરતાં ફરતાં જેતલપુરમાં આવ્યા. અહીં થોડું રોકાઈને શ્રીહરિ આગળ જવા અહીંથી નીકળતા હતા ત્યારે તેમણે સાથે આવેલા સંતો-હરિભક્તોને વિદાય આપી. પછી સાથે રહેલા કાઠી દરબારોને પૂછ્યું: ''હવે, તમારે સૌને પોતાને ગામ-ઘરે જવાનું છે ને?''

ત્યારે શ્રી એભલખાચરે કહ્યું: ''અમારે ઘરે જવાની કોઈ ઉતાવળ નથી. અમારે તો તમારી સાથે આવીને હરિભક્તોના મોટા સમુદાયવાળાં ગામ જોવાં છે. અમે અમારી સાથે હાથી, ઘોડા, પાલખી વગેરે જે લાવ્યા છીએ તે ઘરે મોકલી દઈએ. બાકી આપને છોડીને અમારે બીજે બાથ ભરવી નથી.''

શ્રીહરિએ આ સાંભળીને શ્રી જીવાખાચરને કહ્યું: ''તો તમે હવે ઘેર જાઓ. કારણ કે તમે તો સુખી ગણાઓ છો.''

'ત્યારે શ્રી જીવાખાચર બે હાથ જોડીને બોલ્યા: ''મહારાજ! અમે નિર્ભયના સંગને છોડીને ભય ઊપજે એવી પ્રવૃત્તિમાં પડતા જ નથી. આપનો સંગ નિર્ભય છે. સત્સંગ તે સર્વોપરી છે. અમને આપનો આટલો બધો યોગ રહે છે તે અમારા માટે અલભ્ય લાભ છે. અમે આપને જ પરમેશ્વર માનીએ છીએ અને આપનાથી પર કોઈ બીજાને માનતા નથી. ગામ, ગરાસ, તન-મન-ધન બધું જ આપનું આપેલું અમે ભોગવીએ છીએ. આપની સેવામાં જે ઉપયોગી થશે તે જ ખરું છે. આપનું છે અને આપને આપીએ છીએ. વધારાનું તો તે જ છે જે અમે આપનું દીધેલ ખાઈએ છીએ. હાથીથી લઈને કીડી સુધીનું ભરણપોષણ આપ કરો છો તો પણ તેનો યશ પોતાના શિરે લેતા નથી. માટે અમે આપના સંગે રહીશું.''

પછી થોડું હસીને શ્રીહરિએ શ્રી જીવાખાચરને સંબોધીને જ્ઞાનબોધ આપતાં કહ્યું: ''પરમેશ્વરનું પૂરું જ્ઞાન ધરાવનારા અને શૂરવીર હરિભક્ત થોડા હોય છે. જીવ જ્યાં સુધી માયિક શરીરમાં રહ્યો છે ત્યાં સુધી સમજણમાં ફરક રહેશે. જ્યારે જીવ પોતાના દેહને પોતાનું રૂપ માનતો બંધ થઈ જશે ત્યારે તેને ખરી સમજણ પ્રાપ્ત થશે. માટે આજે અમે સત્સંગમાં એક સુંદર કાગળ લખીએ. અમારાં જે આશ્રિત હરિભક્ત બાઈ-ભાઈ છે તેમણે શરીરને ક્યારેય પોતાનું રૂપ માનવું નહીં, પોતાનું સ્વરૂપ શુદ્ધ અને અક્ષરરૂપ છે એવું કાયમ ચિંતન કરવું. જીવે પોતાના સ્વરૂપમાં અક્ષરબ્રહ્મની ભાવના કરવી. અને તે સ્વરૂપનું કાયમ ચિંતન કરવું. જ્યારે જીવમાં તે અક્ષરબ્રહ્મ ભાવ સ્થિર થશે ત્યારે પ્રાકૃત માયિકભાવ દૂર રહેશે. ભગવાનની જે દિવ્ય અલૌકિક મૂર્તિ સદા અક્ષરમાં રહી છે, તે મૂર્તિ અત્યારે સત્સંગમાં વિચરે છે. હરિભક્તોને બ્રહ્મરૂપ કરવા માટે જ અમારું સત્સંગમાં વિચરણ છે તે સિવાય બીજો કોઈ ઘાટ-સંકલ્પ અમારા મનમાં નથી. તેટલા માટે જ અમે સ્થિર થઈને ક્યાંય એક સ્થાનમાં રહેતા નથી.[૪૧] અમે જે ચરિત્ર કરીએ છીએ તે

૪૧. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૮/૨૦-૨૧

પણ હરિભક્તને બ્રહ્મરૂપ કરવા જ કરીએ છીએ.''

આમ, શ્રી જીવાખાચરના નિમિત્તે શ્રીહરિએ સર્વોપરી ઉપાસનાની એટલે કે અક્ષરપુરુષોત્તમ દર્શનનું રહસ્ય પણ સૌને સમજાવ્યું હતું.

શ્રી જીવાખાચર આવી રીતે શ્રીહરિની સાથે વિચરણમાં જોડાતા ત્યારે શ્રીહરિ આ બંને દરબારોની બંધુ બેલડીને ખૂબ આદર આપીને તેમનું ગૌરવ કરતા. શ્રી જીવાખાચરનો એક વણલખ્યો નિયમ હતો કે જ્યારે જ્યારે તેઓ શ્રીહરિની સાથે હોય ત્યારે, કોઈપણ નગરમાં શ્રીહરિની આમન્યા રાખીને અશ્વ ઉપર ન બેસવું, પરંતુ અશ્વ પર કે હાથી પર બિરાજેલા શ્રીહરિની આગળ તેમના સેવક તરીકે પગપાળા જ ચાલવું. અશ્વ સાથે હોય તો પણ અશ્વને દોરીને ચાલતાં જ જવું એવો એમનો વિનયભાવ હતો. અને શ્રીહરિ પણ તેમની એ ભાવનાને સ્વીકારીને રાજી થતા. શ્રીહરિ તેમને પણ ફૂલહાર પહેરાવીને તેમનો વારંવાર સત્કાર કરતા.

એકવાર બાબરામાં શ્રીહરિની શોભાયાત્રા નીકળી ત્યારે ગામ લોકોએ શ્રીહરિને ખૂબ ફૂલહાર પહેરાવીને વધાવ્યા અને શ્રીહરિએ એ બધા જ ફૂલહારથી પોતાની સમીપે ચાલતા શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચરને નવાજી દીધા![૪૨]

ભગવાન સ્વામિનારાયણ વિચરણ કરતા ત્યારે ક્યારેક તો શ્રી જીવાખાચર મહિનાઓ સુધી તેમની સેવામાં રહેતા. એકવાર શ્રીહરિ કરિયાણામાં બે મહિના રહ્યા હતા. ત્યારે શ્રી જીવાખાચર અને શ્રી એભલ-ખાચર પોતાના ઘોડાને ગઢડા મોકલી આપીને શ્રીહરિની સેવામાં રહ્યા હતા.

શ્રી જીવાખાચરની અંતિમ ક્ષણોના સંગાથી શ્રીહરિ

આવા ભક્તરાજ શ્રી જીવાખાચરનો અંત સમય પણ શ્રીહરિના સાંનિધ્યમાં વીત્યો હતો. સંપ્રદાયના ગ્રંથોમાં શ્રી જીવાખાચરની અંતિમ અવસ્થાનું વર્ણન પણ તેમના પ્રત્યેના શ્રીહરિના સ્નેહની સાક્ષી પૂરે છે, તો બીજી તરફ શ્રી જીવાખાચરની એ છેલ્લી ક્ષણો પણ અંતર્દષ્ટિભર્યા તેમના નિષ્કપટભાવ સાથે એમની ભક્તિપૂર્ણ મુમુક્ષુતાની પણ શાખ પૂરે છે. એમની એ અંતિમ અવસ્થાની છેલ્લી ક્ષણોનું વર્ણન જુઓઃ

'સન ૧૮૨૯ વર્ષ હતું. ભગવાન સ્વામિનારાયણ ગઢપુરમાં જ શ્રી દાદાખાચરના દરબારમાં બિરાજમાન હતા. એ સમયે શ્રી જીવાખાચર ખૂબ બીમાર પડી ગયા હતા. તેમના ઢોલિયા પાસે બેઠેલાં તેમનાં બેય પુત્રીઓ - શ્રી અમૂલાબા અને અમરીબાથી પોતાના પિતાની આ બીમારી સહન થતી નહોતી. તેથી તેમણે કહ્યું: ''અમે સ્વામિનારાયણ ભગવાનને બોલાવી લાવીએ છીએ.''

> **અમારાં જે આશ્રિત હરિભક્ત બાઈ-ભાઈ છે તેમણે શરીરને ક્યારેય પોતાનું રૂપ માનવું નહીં, પોતાનું સ્વરૂપ શુદ્ધ અને અક્ષરરૂપ છે એવું કાયમ ચિંતન કરવું. જીવે પોતાના સ્વરૂપમાં અક્ષરબ્રહ્મની ભાવના કરવી. જ્યારે જીવમાં તે અક્ષરબ્રહ્મ ભાવ સ્થિર થશે ત્યારે પ્રાકૃત માયિકભાવ દૂર રહેશે.**

૪૨. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૬/૯૪

શ્રી જીવાખાચર પામી ગયા હતા કે તેમનો અંત સમય હવે નજીક છે. તેથી તેઓ પણ શ્રીહરિનાં દર્શનની રોમ રોમ ઝંખના કરી રહ્યા હતા. તેમની ઇચ્છાથી બંને બહેનો તાત્કાલિક શ્રી દાદાખાચરના દરબારગઢમાં આવીને અક્ષરઓરડીએ શ્રીહરિ સમક્ષ પગે લાગીને બેઠાં. તેમની આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. શ્રીહરિએ પૂછ્યું: ''કેમ રુદન કરો છો?''

અમૂલાબા અને અમરીબાએ કહ્યું: ''આપના પરમ ભક્ત અમારા બાપુ ઘણા બીમાર છે. હવે શરીરમાં દુ:ખ સહન થતું નથી. માટે હું આપને બોલાવવા આવી છું. માટે આપ બાપુને કૃપા કરીને દર્શન દેવા પધારો.''

અને થોડી જ ક્ષણોમાં શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારગઢમાં તેમની પાસે પહોંચી ગયા. શ્રી જીવાખાચર શ્રીહરિને ઢોલિયે બેસાડીને પગે લાગ્યા. શ્રીહરિએ શ્રી જીવાખાચરના શરીર ઉપર હાથ ફેરવીને ખૂબ સ્નેહથી પૂછ્યું કે ''બાપુ, કેમ છે?''

ત્યારે શ્રી જીવાખાચરની આંખમાંથી અશ્રુ પડી ગયાં.

શ્રીહરિએ કહ્યું: ''જીવા બાપુ! તમે મૂંઝાશો નહીં, તમારું હું કલ્યાણ કરીશ.''

જીવનભર શ્રીહરિમય રહેનાર શ્રી જીવાખાચરને પોતાના પૂર્વકર્મોનાં દૃશ્યો યાદ આવી રહ્યાં હતાં. તેઓ પશ્ચાત્તાપથી અંતરમાં પીગળી રહ્યા હતા. બે હાથ જોડીને તેમણે ગદ્‌ગદ કંઠે શ્રીહરિની ક્ષમા માંગતાં કહ્યું: ''મહારાજ! મારું કલ્યાણ થાય તેવું નથી. મેં ઘણો દ્રોહ કર્યો છે. હું તો આપનો ઘણો જ અપરાધી જીવ છું. મારો ઉદ્ધાર નહીં થાય.''

આમ કહીને શ્રી જીવાખાચરે નિષ્કપટ ભાવે પશ્ચાત્તાપની ગંગા આગળ વહાવી: ''મહારાજ! મેં જ ભાવનગર દરબારથી તકરાર કરાવી હતી. ભાણખાચરે આપના પાળાને માર માર્યો ને ઘવાયા તે પણ મેં જ કરાવેલ, દાદા સાથે અન્યાયે કરીને ખૂબ તકરાર કરી છે...''

શ્રીહરિએ તેમનો જમણો હાથ પોતાના હાથમાં લઈને ત્રણ તાળી પાડીને તેમને કલ્યાણનો કોલ આપતાં કહ્યું: ''જીવાબાપુ! હું તમ પર રાજી છું. આ સમયે તમે મારામાં વૃત્તિ જોડી દો. હું જીવના ગુના સામું જોતો નથી. ગુણો સામે જ જોઉં છું. તમે અમારી ખૂબ સેવા કરી છે. તમે મને ચૂલામાં શૌચ માટે બેસાર્યો છે, તમે ખાટલો ભાંગીને મને ટાઢમાં તપાડ્યો છે, મને છરી વાગી હતી ત્યારે તમે નવઘરું મોળિયું ફાડીને મને પાટો બાંધ્યો હતો - આ ત્રણ વાનાં તમારા મોક્ષનાં મોટાંમાં મોટાં કારણો છે. વળી, તમારી બેય પુત્રીઓ પણ મારાં પરમ ભક્ત છે તે પણ તમારા મોક્ષનાં કારણ છે. માટે બાપુ! તમારો તો મોક્ષ જ છે. તો હવે આ સ્વરૂપનું ચિંતવન કરતાં કરતાં તમે સુખેથી દેહનો ત્યાગ કરો.''

એમ કહીને શ્રીહરિએ જમણું ચરણારવિંદ શ્રી જીવાખાચરની છાતીમાં

“

શ્રીહરિએ શ્રી જીવાખાચરનો જમણો હાથ પોતાના હાથમાં લઈને ત્રણ તાળી પાડીને તેમને કલ્યાણનો કોલ આપતાં કહ્યું: ''જીવાબાપુ! હું તમ પર રાજી છું. આ સમયે તમે મારામાં વૃત્તિ જોડી દો. હું જીવના ગુના સામું જોતો નથી. ગુણો સામે જ જોઉં છું. તમે અમારી ખૂબ સેવા કરી છે.''

ચાંપ્યું. આમ, શ્રી જીવાખાચર પર અપાર કૃપા વરસાવીને, બંને બહેનોને ચિંતા નહીં કરવાનું કહીને શ્રીહરિ શ્રી દાદાખાચરના દરબારમાં પધાર્યા.

શ્રીહરિની આ કૃપાથી શ્રી જીવાખાચર તો હવે પૂર્ણકામ થઈ ગયા હતા. પશ્ચાત્તાપ અને નિષ્કપટ ભાવની ગંગામાં સ્નાન કરીને હવે તેઓ શુદ્ધ, પ્રબુદ્ધ અને મુક્ત બની ગયા હતા. શ્રીહરિના દિવ્ય સ્વરૂપમાં તેમણે પોતાના ચિત્તની વૃત્તિઓ જોડી દીધી અને થોડી જ ક્ષણોમાં દિવ્ય વિમાનમાં દિવ્ય દેહે શ્રી જીવાખાચરના સંબંધીઓને પણ દિવ્ય દર્શન આપીને, શ્રીહરિ શ્રી જીવાખાચરને પોતાના દિવ્ય અક્ષરધામમાં તેડી ગયા.

ત્યારપછી સ્વયં શ્રીહરિ તેમનો અગ્નિસંસ્કાર કરવા પધાર્યા અને આ મહાન ભક્તરાજને પોતાની શાશ્વત સમીપમાં બેસાડીને ધન્ય કરી દીધા.

તે જ દિવસે સાંજે સભા ભરાઈ ત્યારે શ્રીહરિએ શ્રી જીવાખાચરને અંજલિ આપતાં તેમના ગુણ ગાઈને મુક્તાનંદ સ્વામીને કહ્યું: ''અમે જીવાખાચરને અમારા ધામમાં લઈ ગયા છીએ.'' એમ કહીને શ્રીહરિએ શ્રી જીવાખાચરની ટાણાંની સેવાઓની સ્મૃતિ કરતાં કહ્યું: ''એકવાર અમને ઝાડા થઈ ગયા હતા ત્યારે જીવાખાચરે પોતાના રસોડામાં અમને શૌચ માટે બેસાડ્યા હતા. અને એકવાર અમને શેરડી છોલતાં છરી વાગી હતી ત્યારે લોહી બંધ કરવા પોતાના માથે કસબદાર મેકર બાંધ્યો હતો તે ફાડીને અમને પાટો બાંધી આપ્યો હતો અને ત્યારે અમને કહ્યું હતું: 'તમારી ઉપર તો આ મેકર વારી ફરીને નાખી દઉં.''

આ સાંભળી મુક્તાનંદ સ્વામીએ કહ્યું: ''મહારાજ! જીવાખાચરે એ કામ તો દ્રૌપદી જેવું કર્યું.''[૪૩]

આવા એક મહાન ભક્તરાજની જીવનગાથા સ્વામિનારાયણ સંપ્રદાયમાં હંમેશાં પ્રેરણાની ભાગીરથી વહાવતી રહેશે. તેમના દરબારગઢમાં શ્રીહરિએ કરેલી અનેક લીલાઓ પર હવે પછીના પ્રકરણમાં દૃષ્ટિ કરીશું ત્યારે તેમના મહિમાનું કંઈક વધુ પાસું ઉજાગર થશે. એક મુમુક્ષુ તરીકે નિરંતર અંતર્દૃષ્ટિ, પોતાના દોષ અંગે સતત જાગૃતિ, પરમાત્માના પ્રગટ સ્વરૂપ પ્રત્યે અનન્ય સમર્પણ ભાવ અને દૃઢ નિષ્ઠા, જીવ સાટે ઇષ્ટદેવ અને સંતો-ભક્તોનો પક્ષ રાખવાની તત્પરતા વગેરે અનેક પ્રેરણાઓની સરવાણી વહાવનાર એ ભક્તરાજને કોટિ કોટિ વંદન...

આવો, હવે ભક્તરાજ શ્રી જીવાખાચરના એ મહાપ્રાસાદિક દરબારગઢના એક એક પ્રાસાદિક સ્થાનને સમજીએ અને ત્યારબાદ એ દરબારગઢના કણે કણમાં ગુંજતી શ્રીહરિની કેટલીક અદ્ભુત દિવ્ય લીલાઓનું હૃદયથી સ્મરણ કરીએ.

---

૪૩. શ્રી હર્ષદરાય ત્રિ. દવે લિખિત ભગવાન શ્રીસ્વામિનારાયણ: ૫/૨૯૦; શ્રીસહજાનંદ-સ્વામી ચરિત્ર: ૮; શ્રીજીમહારાજ પ્રગટની વાતો: ૧૧૧

ભક્તરાજ
શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિએ કરેલી દિવ્ય લીલાઓ

તીર્થધામ ગઢપુરમાં ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં પ્રવેશતાં જ ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય લીલાઓના અનેક સ્મરણીય પ્રસંગો જાણે તાદૃશ થવા લાગે છે. શ્રી જીવાખાચર અને પરિવારની ભક્તિને વશ થઈને શ્રીહરિએ અહીં વારંવાર ઉત્સવો કરીને, કથાલાભ આપીને, દિવ્ય ઐશ્વર્યનું દર્શન કરાવીને અપાર સુખ આપ્યું હતું. સંપ્રદાયના જુદા જુદા ગ્રંથોમાં તેની રસપ્રદ વિગતો સાદી, સરળ તળપદી શૈલીમાં સચવાઈ છે. જરૂરી વાક્યરચના બદલીને બે-ત્રણ ગ્રંથોના સંયુક્ત સંદર્ભો જોડીને અહીં કેટલાક પ્રસંગો પ્રસ્તુત કરેલ છે. ઇતિહાસ ક્રમ કે સમય ક્રમના દૃષ્ટિકોણથી પ્રસ્તુત કરવાને બદલે માત્ર કલ્યાણકારી સંસ્મરણ તરીકે અહીં મુકાયેલા એ લીલા-પ્રસંગોનું આચમન કરીએ....

શ્રી જીવાખાચરનો દરબારમાં રંગોત્સવ

એક વખત ભગવાન સ્વામિનારાયણે જીવાખાચરના દરબારમાં રંગોત્સવ ઊજવવા માટે સાધુ તથા હરિભક્ત ઉપર હુતાશનીના સમૈયાની કંકોતરી લખાવી સૌને તેડાવ્યા હતા. હુતાશનીના સમૈયા ઉપર પરમહંસ તથા હરિભક્ત સૌ ભેળા થયા હતા. હુતાશની અને પડવાને દિવસે શ્રીહરિ જીવાખાચરના ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર ગાદી તકિયો બિછાવીને સુંદર આસન ઉપર વિરાજમાન થયા હતા. શ્રીહરિએ તે સમયે રંગ ભરવા માટે મોટાં પાત્ર મંગાવ્યાં હતાં, અને તેમાં રંગ ભરાવ્યો. બસો પાલી (૧ પાલી = ૪ શેરનું માપ) જેટલો તો ગુલાલ મગાવ્યો હતો અને રંગ રમવાની હજારો પિચકારીઓ મગાવી હતી. અડધો રંગ સાધુએ લીધો ને અડધો રંગ શ્રીહરિ તથા પાળા અને હરિભક્તોએ લીધો. બપોર વખતે શ્રીહરિએ સંતો પાસે નરનારાયણનો જન્મોત્સવ ઊજવાવ્યો. તે વખતે સૌને શ્રીહરિમાં સાક્ષાત્ નરનારાયણનાં દર્શન થયાં. સૌ કૃતાર્થ થયા.

ત્યારપછી રંગોત્સવ શરૂ થયો.

એક તરફ શ્રીહરિ, હરિભક્તો અને પાર્ષદ હતા અને બીજી તરફ પરમહંસો હતા. સંતો-પરમહંસોને ફળિયામાં રહેવાની આજ્ઞા કરી અને શ્રીહરિ ઓસરી ઉપર રહ્યા. પછી સામસામી રંગની ધૂમ મચી ગઈ. પરમહંસમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી વગેરે પરમહંસ તથા મુકુંદાનંદ આદિક બ્રહ્મચારીઓ વગેરે સર્વેમાં સામસામી રંગની ધૂમ મચી ગઈ.

પછી તો ઉત્સાહમાં આવીને પરમહંસો જ્યાં શ્રીહરિ હતા ત્યાં ઓસરી ઉપર ચડી ગયા. હરિભક્તો તો ભાગીને ઓરડામાં અંદર ગરી ગયા. પરમહંસોની રંગની ઝડીથી બચવા શ્રીહરિ પણ ઓરડામાં ભાગવા જતા હતા, ત્યારે તેમને નિત્યાનંદ સ્વામીએ પકડી લીધા અને કેડે ઉપાડી લઈ ઢોલિયા ઉપર બેસાર્યા. તેમણે આનંદમાં ને આનંદમાં શ્રીહરિના હાથમાંથી સોનાનાં કડાં કાઢી લીધાં. શ્રીહરિ, હરિભક્તો અને પાર્ષદો વગેરે હાર્યા.

નિત્યાનંદ સ્વામીએ કહ્યું: ''મહારાજ! અમને ગોઠ આપો.''

શ્રીહરિએ કહ્યું: ''જે માગો તે દઈએ.''

નિત્યાનંદ સ્વામીએ કહ્યું: ''આમ ને આમ રંગે સહિત તમામ પરમહંસ તથા બ્રહ્મચારીને ભેટીને અમારાં હૃદયને વિશે તમારાં ચરણારવિંદ આપો. અને આ રંગ વધ્યો છે, તે બધો આ પરમહંસ, બ્રહ્મચારી, પાર્ષદો, હરિભક્તો

ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી જીવાખાચરને પોતાના માનીને હિતવચનો કહ્યાં ત્યારે તેમણે તેને હોંશે હોંશે સ્વીકારી લીધાં...



એ સર્વેની ઉપર નાંખો.'' પછી સૌ પર અપાર કૃપા વરસાવતા ભગવાન સ્વામિનારાયણે રંગભીનાં વસ્ત્રો સાથે સંતો-હરિભક્તો સૌને ભેટીને સૌનાં હૃદયને વિશે ચરણારવિંદ આપ્યાં, અને પછી સૌ ઉપર અપાર રંગ ઉડાડ્યો.

તે વખતે આકાશમાં જયજયકાર ગુંજી ઊઠ્યો. શ્રીહરિએ પોતાનો પહેરેલો પોશાક નિત્યાનંદ સ્વામીને આપ્યો. પછી નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિનાં કડાં પાછાં આપવાં માંડ્યાં, પણ શ્રીહરિએ પાછાં લીધાં નહીં. અને પ્રસન્નતાની પ્રસાદી રૂપે આપી દીધાં.

આમ, જીવાખાચરના દરબારગઢમાં સૌને અપાર લાભ આપીને શ્રીહરિ માણકી ઘોડી ઉપર ચડી ખીજડાને આરે સ્નાન કરવા પધાર્યા. ત્યાં સર્વ સંતો-ભક્તો સાથે ખૂબ સ્નાનલીલા કરી. ત્યારબાદ ત્યાં એક પથ્થરની વિશાળ શિલા પર શ્રીહરિ બિરાજમાન થયા. તે વખતે નિત્યાનંદ સ્વામીએ ચંદન-પુષ્પાદિકે કરીને શ્રીહરિની પૂજા કરી.

તે વખતે શ્રીહરિએ ધોળો પોશાક પહેર્યો હતો. અપાર પ્રસન્ન થઈને શ્રીહરિએ ફરીથી તે તમામ પોશાક નિત્યાનંદ સ્વામીને આપી દીધો અને પોતાનાં સોનાનાં કડાં નિત્યાનંદ સ્વામીને પહેરાવ્યાં. ફરીથી શ્રીહરિ નિત્યાનંદ સ્વામીને ભેટ્યા અને કહ્યું: ''તમને જે રંગેલો પોશાક આપ્યો છે, તે તેના કટકા કરી સર્વ પરમહંસને આપો.'' એમ કહીને શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને માણકી ઘોડી ઉપર ચડાવ્યા ને પોતે માણકી ઘોડી આગળ ચાલ્યા. ધામધૂમથી પાછા શ્રીહરિ સૌ સાથે જીવાખાચરના દરબારગઢમાં આવ્યા.

પછી ઉગમણા બારના ઓરડાની ઓસરી ઉપર બેસી શ્રીહરિ ભાવપૂર્વક જમ્યા. ત્યારપછી ઓસરીમાં સંતોની પંગત કરી શ્રીહરિએ પંગતમાં સર્વ પરમહંસને મોતૈયા લાડુ જમાડ્યા.

આમ, તે દિવસે શ્રીહરિએ રંગોત્સવનો એવો મોટો સમૈયો કર્યો કે જીવાખાચરના દરબારમાંથી રંગની ધાર ચાલી તે છેક ઘેલામાં જઈને ભળી![૧]

---


૧. શ્રીહરિચરિત્રામૃતસાગરમાં આ ઉત્સવનું વર્ણન કરતાં લખ્યું છે કે શ્રીહરિએ સતત ૧૦ દિવસ સુધી આ ઉત્સવ ઊજવ્યો હતો. રોજ શ્રી એભલખાચર અને શ્રી જીવાખાચરની રસોઈ વારાફરતી લઈને શ્રીહરિએ બંને દરબારગઢોમાં દસેય દિવસ ઉત્સવ ઊજવ્યો હતો. રોજ સંતોએ કીર્તનો ગાયાં, રોજ આખો દિવસ ભક્તોએ પૂજાવિધિ કરી હતી. શ્રીહરિ રોજ ગુલાલ ઉડાડીને સંતો-હરિભક્તોને ગુલાલમય કરી દેતા હતા. ફૂલદોલના દિવસે શ્રીહરિ બંને દરબારગઢમાં ખૂબ ખાંતે કરીને રંગે રમ્યા હતા. (શ્રીહરિચરિત્રામૃતસાગર, ૧૬/૩-૪)

પ્રસંગ સ્રોતઃ સદ્. શ્રીપરમચૈતન્યાનંદ સ્વામી કૃત શ્રીજીમહારાજનાં ચરિત્રો, ચરિત્ર નં. ૨૧૯; આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વિરચિતમ્ શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્, અધ્યાય-૧૫૫; સદ્. અદ્ભુતાનંદ સ્વામી કૃત શ્રીહરિની અદ્ભુત વાર્તાઓ: ૩૫

શ્રીહરિએ મુનિ લીમડાનો મોક્ષ કર્યો

એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ જીવાખાચરના ઉગમણા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન થયા હતા. તે દિવસે રાજબાનાં માતા સોનબાએ રસોઈ આપી હતી. દિવસ આથમ્યા પછી શ્રીહરિએ સાકરનું ચૂરમું પોતાને હાથે પીરસી સર્વ પરમહંસને જમાડ્યા.

પછી શ્રી જીવાખાચરના દરબારમાં નિંબવૃક્ષથી નીચે ભાગમાં પલંગ ઉપર ગાદી તકિયા મૂકીને બિછાવેલા આસન ઉપર વિરાજ્યા. જે પ્રાસાદિક લીમડા નીચે બિરાજીને શ્રીહરિએ અસંખ્ય વાર સભા કરી દિવ્ય જ્ઞાનલાભ આપ્યો હતો ત્યાં ચારે તરફ સંત હરિભક્તોની સભા થવાથી તારાઓ વચ્ચે ચંદ્રમાની જેમ શ્રીહરિ શોભતા હતા. પછી સમજણના અંગવાળા શ્રી મુક્તાનંદ સ્વામી, મહાન બુદ્ધિમાન શ્રી બ્રહ્માનંદ સ્વામી, સંગીતશાસ્ત્રના નિષ્ણાત શ્રી જ્ઞાનાનંદ સ્વામી તથા શ્રી યોગાનંદ સ્વામી, શ્રી વિજ્ઞાનાનંદ સ્વામી, શ્રી પ્રેમાનંદ મુનિ, અનેક વાજિંત્ર વગાડવામાં કુશળ શ્રી આધારાનંદ સ્વામી વગેરે આ બધા સંગીતકળાના મહાન વિદ્વાન ત્યાં સભામાં હાજર હતા, તે સમયે શ્રીહરિએ આ સૌને અનેક રાગોમાં મૂર્છનાઓ સાથે સંગીત કરવાની આજ્ઞા કરી સંતોએ શ્રીહરિ પાસે સરોદા, સતાર, તાલ, દોકડ બજાવી કીર્તનો ગાયાં. તે સાંભળીને શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ પ્રસન્ન



> **પછી શ્રી જીવાખાચરના દરબારમાં નિંબવૃક્ષથી નીચે ભાગમાં પલંગ ઉપર ગાદી તકિયા મૂકીને બિછાવેલા આસન ઉપર વિરાજ્યા. જે પ્રાસાદિક લીમડા નીચે બિરાજીને શ્રીહરિએ અસંખ્ય વાર સભા કરી દિવ્ય જ્ઞાનલાભ આપ્યો હતો ત્યાં તારાઓ વચ્ચે ચંદ્રમાની જેમ શ્રીહરિ શોભતા હતા.**

થયા. અરધી રાત્રી સુધી સંતોએ કીર્તનો ગાયાં. ત્યાં લીમડામાંથી મંદ, શીતળ સુગંધ આવવા માંડી. લીમડામાંથી મધુર સ્વર ગુંજવા લાગ્યો. એટલે સંતોએ કીર્તનો ગાવાનું બંધ કર્યું. સંતો અને જીવાખાચર, મૂળુખાચર વગેરે સૌ ખૂબ વિસ્મય પામ્યા.

બ્રહ્માનંદ સ્વામીએ શ્રીહરિને પૂછ્યું: ''હે મહારાજ! આ લીમડામાંથી શેનો સ્વર થાય છે?''

ત્યારે શ્રીહરિએ કહ્યું: ''પૂર્વે શીલસંપન્ન શ્રી જાજલિ નામે એક ઋષિ હતા. તેને 'મુનિ' નામે શિષ્ય હતો. તેણે જડતાને લીધે ગુરુ જાજલિની આજ્ઞા માની નહીં. મહર્ષિ જાજલિને શિષ્યમાં ઝાડના જેવી જડતા દેખાઈ. તેથી તેઓ શાંત હોવા છતાં શિષ્ય ઉપર કોપ્યા અને શાપ દીધો કે 'તું વૃક્ષના જન્મને પામ.'

પછી જ્યારે શિષ્ય મુનિએ નમ્રપણે ઘણીવાર સ્તુતિ કરી ત્યારે જાજલિ મહર્ષિ તેના ઉપર રાજી થઈને તે મુનિને કહ્યું: 'જ્યારે તું વૃક્ષના જન્મમાં હોઈશ અને અક્ષરાધિપતિ પુરુષોત્તમ શ્રીહરિ તારી છાયા નીચે વિરાજશે ત્યારે તેઓ તારો મોક્ષ કરશે.' આ મુનિ વૃક્ષનો દેહ પામ્યો તે જ આ લીમડો છે. હવે તેને અમારો યોગ થયો છે તેથી તેનો મોક્ષ થયો છે. હવે તે સુકાઈ જશે.''

પછી જીવાખાચરે કહ્યું: ''હે મહારાજ! આ લીમડો ઘણી છાયા આપે છે. માટે લીમડો લીલોછમ્મ રહે તેવું કરો.''

તેમની વિનંતી સાંભળીને શ્રીહરિએ કહ્યું: ''આ મુનિ તો આ લીમડામાંથી ચતુર્ભુજ થઈ ભગવદ્ધામને પામ્યો છે. પરંતુ તમારે આ લીમડો એવો ને એવો લીલો રાખવો હોય તો તેમાં બીજો જીવ પ્રવેશ કરશે, પણ એક વખત તો તમામ સુકાઈ જશે. પછી દસ દિવસે તે પાછો લીલો થઈ જશે. આજથી આ લીમડાનું 'મુનિ લીમડો' એવું સુખકારી નામ રાખજો.''

પછી તે લીમડો સુકાઈ ગયો અને શ્રીહરિએ બીજા જીવને પ્રવેશ કરાવ્યો તેથી પાછો દસ દિવસની અંદર લીલો થયો.

તે વખતે શ્રીહરિ ત્રણ મહિના સુધી લાગટ ત્યાં રહ્યા હતા અને નિત્ય આ લીમડાની નીચે બિરાજીને તેમણે ખૂબ લાભ આપ્યો હતો. ઉગમણા બારના અને આથમણા બારના ઓરડામાં પરમહંસ રહેતા. શ્રીહરિને ત્રણ માસ સુધી અહીં થાળ કરી જમાડ્યા હતા. એવી આ પ્રસાદીની જગ્યા છે.[૨]

''જ્યારે તું વૃક્ષના જન્મમાં હોઈશ અને અક્ષરાધિપતિ પુરુષોત્તમ શ્રીહરિ તારી છાયા નીચે વિરાજશે ત્યારે તેઓ તારો મોક્ષ કરશે.' આ મુનિ વૃક્ષનો દેહ પામ્યો તે જ આ લીમડો છે. હવે તેને અમારો યોગ થયો છે તેથી તેનો મોક્ષ થયો છે. હવે તે સુકાઈ જશે. પછી તે લીલો થશે.''

શ્રી જીવાખાચરને તેત્રીશ કોટિ દેવતાનાં દર્શન

શ્રી જીવાખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાથી દક્ષિણ તરફ એ ઓરડાની લાઈનમાં બે નાની ઓરડીઓ હતી. ઘણીવાર ભગવાન

૨. સદ્. શ્રીપરમચૈતન્યાનંદ સ્વામી કૃત શ્રીજીમહારાજનાં ચરિત્રો, ચરિત્ર નં. ૨૨૩; આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વિરચિતમ્ શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્, અધ્યાય-૧૫૬

સ્વામિનારાયણ ત્યાં રહેતા અને ધ્યાન પણ ધરતા હતા. તે ઓરડીઓની પાછળ વાડો છે, ત્યાં મહાદેવનો ઓટો છે, ત્યાં પણ શ્રીહરિ ઘણી વખત બિરાજતા હતા.

એક વખત શ્રીહરિએ રાત્રીને સમે અંતરિક્ષમાં તારામંડળ બતાવીને જીવાખાચરને તેત્રીશ કોટિ દેવતાઓને ઓળખાવી તેની સ્થિતિની વાત કરી હતી. તે સમયે શ્રીહરિએ જીવાખાચરને તેત્રીશ કોટિ દેવતાનાં દર્શન કરાવ્યાં હતાં. એ રીતે શ્રીહરિએ દિવ્ય ચરિત્ર કર્યું હતું.[3]

શ્રીહરિએ જીવાખાચરના દરબારમાં ગ્રહણ ઊજવ્યું

શ્રી જીવાખાચરના દરબારગઢમાં તેમના પુત્ર શ્રી ભોકાખાચરના[4] પૂર્વ અને પશ્ચિમ દ્વારના ત્રણ ઓરડાઓમાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે ખૂબ દિવ્ય ચરિત્રો કર્યાં છે.

એક વખત અમાવાસ્યાને દિવસે ભગવાન શ્રી સ્વામિનારાયણ ભોકાખાચરના ઓરડે આથમણી ઓસરીએ ઢોલિયા ઉપર ચાકળા ઉપર વિરાજમાન થયા હતા. ઓસરીમાં તથા ફળિયામાં પરમહંસ તથા દેશ દેશના હરિભક્તોની સભા ભરાઈ હતી. તે વખત સૂર્યગ્રહણ થયું હતું.

સભામાં કથા કરાવતાં શ્રીહરિએ કહ્યું: "જેની પાપી પ્રકૃતિ હોય તેને અમૃત જેવી ચીજ પ્રાપ્ત થાય તોપણ પાપ કરવાની વૃત્તિ આળસે નહીં ને અસુરપણું આળસે નહીં. પાપાચારી મનુષ્યને પોતાના કારણે સુખકારી વસ્તુ પણ દુઃખદાયી બને છે. જેમ કે આ દુનિયામાં દૂધપાક જેવું ભોજન માણસને બધી રીતે સુખરૂપ છે, પણ તે જ દૂધપાક કૂતરાને માટે દુઃખદાયી બને છે. એમ, ભૂમિ ઉપર મારો પ્રાદુર્ભાવ થાય ત્યારે બધા જ લોકો સુખી થાય છે, પણ આસુરી સંપત્તિના દૈત્ય તેનાથી દુઃખી થાય છે. પૂર્વે સૂર્ય અને ચંદ્રમાની વચ્ચે બેઠેલા રાહુએ અમૃત પાન કર્યું હતું, પણ તેણે પોતાની દુઃખદાયી દુષ્ટતા છોડી ન હતી. આજે પણ રાહુ, સૂર્ય અને ચંદ્રની સામે આવીને તેને ઘણું પીડે છે. બીજાને દુઃખ આપવું તે જ અસુરોનો દુષ્ટ સ્વભાવ છે. રાહુ દેવપંક્તિમાં બેઠો, પરંતુ આજ સુધી તે એમનો એમ દુરાચારી છે. કારણ કે તે આખા જગતને એક વરસમાં બે-ત્રણ વખત નવરાવે છે. જ્યાં એની છાયા પડે, તે ઔષધિનો નાશ થાય છે અને સૂર્યને ને ચંદ્રને નડે છે. જેમ અહીં નાહવું પડે છે, તેમ બ્રહ્માના લોક લગી તેની છાયા પડે છે. ભગવાનના હાથે અમૃત પીધાના પ્રસાદથી દેવપંક્તિમાં ભળ્યો, પણ તેની અસુરતા મટી નહીં."

---

૩ સદ્. શ્રીપરમચૈતન્યાનંદ સ્વામીકૃત શ્રીજીમહારાજનાં ચરિત્રો, ચરિત્ર નં. ૨૨૧; આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વિરચિતમ્ શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્, અધ્યાય-૧૫૬

૪. 'શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્' વગેરે ગ્રંથોમાં શ્રી ભોકાખાચરનું નામ ભીખુખાચર તરીકે પણ જોવા મળે છે.

એમ કહીને શ્રીહરિએ સાખી ઉચ્ચારીઃ

પારસ કે પ્રસંગ સે, કંચન ભઈ તરવાર,
તુલસી તીનો ન મીટે, માર ધાર આકાર.

પછી શ્રીહરિએ કહ્યુંઃ "જેવું અસુરપણું નડે છે, તેવું જ માન નડે છે." તે ઉપર બીજી સાખી કહી,

કનક તજ્યો કામની તજ્યો, તજ્યો ધાતુકો સંગ,
તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ.

એમ કહી શ્રીહરિએ કહ્યુંઃ "માન પણ એવું છે. માન દુષ્ટતાનું ઘર છે, જેના હૃદયમાં માનનું સ્થાન હોય, અને જે માનને વશ હોય, તેનો ઘણો પરાજય થાય છે. દક્ષ સાક્ષાત્ પ્રજાપતિ કહેવાય તો પણ માન નડ્યું, તેથી તેમને બકરાનું મોઢું થયું."

પછી તે વિશે કેટલીક વાત કરીને શ્રીહરિ ઓસરી ઉપરથી હેઠા ઊતર્યા અને ચોકમાં ઊભા રહીને તમામ સભાને કહ્યુંઃ

"જુઓ, આ રાહુનું સ્વરૂપ કેવું છે? આ સમયે મારાં વચનથી એનું જેવું સ્વરૂપ છે, તેવું સર્વને દેખાશે."

પછી તમામ સભાએ અંતરિક્ષમાં જોયું ત્યારે તેનું વિકરાળ ને ક્રૂર સ્વરૂપ સર્વના જોવામાં આવ્યું. સુદર્શન ચક્ર પણ જોવામાં આવ્યું. તે આશ્ચર્ય જોઈ સર્વ સભા વિસ્મય પામી.

આ જોઈ સૌ બોલી ઊઠ્યાઃ "ભગવાન વિના આ કોણ બતાવે?!"

પછી શ્રીહરિ ઘડીવાર બેસીને ઘેલા નદી ઉપર ખળખળિયો કરીને ઘાટ છે, ત્યાં સ્નાન કરવા પધાર્યા. ત્યાં ભક્તો ઉપર ખોબે ખોબે પાણી ઉછાળીને સ્વયં સ્નાન કર્યું. પછી સ્નાન કરીને, શ્રીહરિએ વસ્ત્ર બદલ્યાં અને કોરાં વસ્ત્ર પહેર્યાં. બ્રાહ્મણોને દક્ષિણા આપી શ્રી જીવાખાચરના દરબારમાં પાછા પધાર્યા.

ત્યાં ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં ગાદી-તકિયા વગેરે બિછાવીને પલંગ તૈયાર કર્યો હતો તેના ઉપર વિરાજ્યા. તે સમયે સ્વયં શ્રીહરિએ ઘણું ઘી અને સાકર નાખેલાં સુંદર ભોજન જમાડીને બ્રાહ્મણોને તૃપ્ત કર્યા. દયાસાગર શ્રીહરિએ આ અવસરે બ્રાહ્મણોને ઘણી જ દક્ષિણાઓ આપી.

તે સમયે રાજબાઈની માતા સોનબાએ શ્રીહરિ અને સંત-હરિભક્ત સહુને જમવા માટે બ્રાહ્મણો પાસે સારી રસોઈ કરાવી હતી. શ્રીહરિએ સમગ્ર બ્રહ્મચારીઓ, સાધુઓ અને પાર્ષદોને સ્વયં પીરસ્યું. પોતે વારંવાર સહુને પીરસીને હસાવતા અને આ રીતે રાજી થઈને સહુને જમાડ્યા.[૫]

---

૫. સદ્. શ્રીપરમચૈતન્યાનંદ સ્વામી કૃત શ્રીજીમહારાજનાં ચરિત્રો, ચરિત્ર નં. ૨૨૨, આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વિરચિતમ્ શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્, અધ્યાય-૧૫૬

અમૂલાબાની શ્રીહરિએ રક્ષા કરી

એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રી જીવાખાચરના દરબારગઢમાં આથમણા બારના ઓરડે પધાર્યા હતા. એ સમયે શ્રી જીવાખાચરનાં પુત્રી અમૂલાબાને કોઈ દુષ્ટ જને ઝેર આપ્યું હતું. ઝેરની કાતિલ અસરથી સૌને અમૂલાબાનો અંતકાળ નજીક દેખાતો હતો. પરંતુ ભગવાન સ્વામિનારાયણે ત્યાં આવીને અમૂલાબા તરફ કૃપાદૃષ્ટિ કરીને કહ્યું: ''હવે તેમને કંઈ નહીં થાય.''

અને થોડા જ સમયમાં અમૂલાબાને ઊલટીઓ થઈ, જેમાં બધું જ ઝેર નીકળી ગયું અને નિષ્પ્રાણ થયેલાં અમૂલાબા સજીવન થઈ ગયાં. આમ, પોતાના દિવ્ય ઐશ્વર્યથી શ્રીહરિએ મૃત્યુ થકી અમૂલાબાની રક્ષા કરી.

તેનાથી કૃતકૃત્યતા અનુભવતા અમૂલાબાએ માલપૂઆની રસોઈ કરાવીને ભગવાન સ્વામિનારાયણ અને સંતોને જમાડ્યા હતા.[૬]

અમૂલાબાના ઓરડે શ્રીહરિની ભોજન લીલા

એક વખત દરબાર શ્રી જીવાખાચરની દીકરીઓ અમૂલાબા અને અમરીબાએ સુંદર ભોજનનો થાળ જમવા માટે શ્રીહરિને પ્રેમથી આમંત્રણ આપ્યું. તે બંને બહેનોએ તે વખતે વિપ્ર શ્રીલક્ષ્મીરામ શાસ્ત્રીને તથા કાર્યકુશળ બહેચર વિપ્રને બોલાવ્યા હતા. તે બંને બ્રાહ્મણો પાસે તેમણે કાઠી દરબારોને ગમે તેવી સુંદર રસોઈ કરાવી અને તે બ્રાહ્મણોએ પ્રેમથી રસોઈ કરી. મંદ હાસ્યથી શોભતા શ્રીહરિ સોમલાખાચર આદિ ગૃહસ્થો, પાર્ષદો અને સંતો તથા વર્ણીઓને સાથે લઈને તેમને ઘેર પધાર્યા.

ચકોર જેમ ચંદ્રને દેખે તેમ રસ્તામાં રહેલા લોકો શ્રીહરિનાં દર્શન કરતા હતા. બજારમાં ચાલ્યા આવતા શ્રીહરિને દેખીને તોલ કરવા હાથમાં ત્રાજવા રાખી રહેલા વેપારીઓ ભીંત ઉપર આલેખાયેલાં ચિત્રો જેવા સજ્જડ થઈ ગયા. આ રીતે સહુ લોકોને સુખ આપતા શ્રીહરિ અતિ પ્રસન્ન થયેલાં તે બંને બહેનોને ઘેર પધાર્યા.

> ચકોર જેમ ચંદ્રને દેખે તેમ રસ્તામાં રહેલા લોકો શ્રીહરિનાં દર્શન કરતા હતા. શ્રીહરિને દેખીને તોલ કરવા હાથમાં ત્રાજવા રાખી રહેલા વેપારીઓ ભીંત ઉપર આલેખાયેલાં ચિત્રોના જેવા સજ્જડ થઈ ગયા. આ રીતે સહુ લોકોને સુખ આપતા શ્રીહરિ અતિ પ્રસન્ન થયેલાં તે બંને બહેનોને ઘેર પધાર્યા.

શ્રીહરિને પધાર્યા જોઈને તે બહેનો આદરભાવથી સત્વરે આસન ઉપરથી ઊભા થઈ ગયાં. ચાલ્યા ગયેલા પ્રાણ પાછા આવે અને શરીરમાં જેમ આનંદ થાય તેમ તે બંનેને ઘણો જ આનંદ થયો.

શ્રીહરિને યોગ્ય સુંદર આસન અર્પણ કર્યું. શ્રીહરિની આગળ બે હાથ જોડીને પ્રણામ કર્યા અને અર્થગંભીર મનોહર સ્તુતિ કરી. પવિત્ર હૃદયનાં અને પ્રેમવાળાં તે બંને બહેનોએ શ્રીહરિને સ્નાન કરવા માટે ગરમ પાણી ભરેલી તાંબાકુંડી આપી. ગરમ પાણીથી સ્નાન કરીને શ્રીહરિએ મનોહર

૬. સદ્. શ્રીપરમચૈતન્યાનંદ સ્વામી કૃત શ્રીજીમહારાજનાં ચરિત્રો, ચરિત્ર નં. ૨૧૬; આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વિરચિતમ્ શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્, અધ્યાય-૧૫૩

રેશમી ધોતી પહેરી અને ધોતીના જેવો જ એક રેશમી ખેસ ઓઢવા આપ્યો. શ્રીહરિએ આ બંને શુભ વસ્ત્ર ઓઢ્યાં પહેર્યાં.

ચરણકમળમાં સુંદર બે ચાખડીઓ પહેરી અને હાથમાં રમણીય રૂમાલ રાખીને શ્રીહરિ રસોડામાં પધાર્યા. ત્યાં રસોડામાં બાજોઠ ઢાળીને ઉપર સુંદર આસની પાથરી હતી. શ્રીહરિ તેના ઉપર વિરાજ્યા. પછી શ્રીમુકુંદાનંદ વર્ણીએ થાળ પૂરીને શ્રીહરિ આગળ બીજા બાજોઠ ઉપર મૂક્યો. શ્રીહરિ અનેક પ્રકારનાં ભોજન જમ્યા. રસોઈની પ્રશંસા કરી. શ્રીહરિનું મંદ હાસ્ય યુક્ત મુખ, કમળ સમાન જણાતું હતું. પછી રસોઈ બનાવનારા બંને વિપ્રોનાં વખાણ કર્યાં. શ્રીહરિએ ચળું કર્યું અને મુખવાસ લીધો.

પછી શ્રી એભલખાચર, શ્રી જીવાખાચર, શ્રી મૂળુખાચર, શ્રી માત્રાખાચર, શ્રી ઉનડખાચર, શ્રી અલૈયા ખાચર અને શ્રી મોકાખાચર, આ બધા દરબારોને શ્રીહરિએ આદર ભાવથી સારાં ભોજન જમાડ્યાં.

શ્રીહરિનું પ્રસાદીરૂપ સુંદર ભોજન જમતા શ્રી એભલખાચરે ત્યાં જમવા બેઠેલા બધા દરબારોને કહ્યું: ‘‘અત્યારે આપણું મહાન ભાગ્ય ગણાય, કારણ કે આપણે આજ શ્રીહરિની પ્રસાદીરૂપ રસોઈ જમી રહ્યા છીએ. ભગવાનની



ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી જીવાખાચરના દરબારગઢમાં અસંખ્યવાર ભોજનલીલાઓ કરીને ભક્તોને ખૂબ જમાડ્યા છે. જીવાખાચરના પરિવારનો પ્રેમથાળ આરોગતા શ્રીહરિની એ લાક્ષણિક છબી

આવી પ્રસાદી મેળવવા પૂર્વે બ્રહ્માજીએ લાજ શરમ અને અભિમાન તજી દઈને યમુનાજીના જળમાં માછલાનું રૂપ લીધું હતું.''

આ સાંભળીને ત્યાં ઉપસ્થિત બધા દરબારોએ હસતાં હસતાં જિજ્ઞાસા વૃત્તિથી તેમને કહ્યું: 'આવી ઘટના ક્યારે બની હતી? આપ અમને તે હકીકત કહો. આપ તો અમારા મિત્ર છો, આત્મીયજન છો.'

ત્યારે શ્રી એભલખાચરે એ પુરાણોક્ત કથા વર્ણવી. સૌ ખૂબ આનંદ પામ્યા. શ્રીહરિએ પણ પ્રસન્નતા દર્શાવી. ત્યારબાદ પોતાનાં જમવાનાં વસ્ત્ર બદલીને બીજાં સુંદર વસ્ત્ર પહેરીને શ્રીહરિ પોતાના પાર્ષદોની સાથે પોતાના નિવાસ સ્થાને અક્ષરભવન પધાર્યા.[૭]

શ્રી રામખાચરના ઘેર રંગોત્સવ તથા જમણવાર

ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રી રામખાચરનો (શ્રી જીવાખાચરના ભાઈ શ્રી મૂળુખાચરના પુત્ર) ઉત્તરાદા દ્વારનો ઓરડો હતો.

એક વખત ભગવાન સ્વામિનારાયણ જીવાખાચરના દરબારગઢમાં વસંતપંચમીને દિવસે રામખાચરના ઓરડે રમણીય આસન ઉપર વિરાજ્યા હતા અને તેના આંગણામાં સંત હરિભક્તોની સુંદર વિશાળ સભા થઈ હતી. તે દિવસે વસંત પંચમીની તિથિ હતી. ફળિયામાં સંતો ઝાંઝ-મૃદંગ અને અનેક પ્રકારનાં વાજિંત્ર વગાડીને શ્રીહરિના માહાત્મ્ય અને જ્ઞાનથી ભર્યાં પદ ગાતા હતા. પછી શ્રીહરિએ વસંતોત્સવ ઊજવતાં સૌ પર ખૂબ રંગ ઉડાડ્યો અને ઘણીવાર સુધી ખૂબ જ રંગક્રીડા કરી. તે પછી સંતોની સાથે ઉન્મત્તગંગા (ઘેલા) નદીએ સ્નાન કરવા માટે પધાર્યા.

ત્યાં સ્નાન કરીને પાછા સંતો અને વર્ણીઓને સાથે લઈને શ્રીહરિ હાથમાં રૂમાલ હલાવતાં હલાવતાં શ્રી રામખાચરને ઘેર પધાર્યા.

શ્રી રામખાચરે શ્રીહરિ તથા સર્વે સંતો માટે બિરંજની રસોઈ કરાવી હતી. તે ભોજન અંગીકાર કરીને શ્રીહરિએ સંતો, વર્ણીઓ અને પાર્ષદોને પણ તે ભોજન પીરસી, જમાડીને તૃપ્ત કર્યા.

સૌને ખૂબ જમાડ્યા પછી ઘણા પ્રસન્ન થઈ શ્રીહરિ સૌ સંતો બાહુઓમાં ભીડીને ભેટ્યા અને હરિભક્તોને ચરણારવિંદ આપીને દિવ્ય આનંદ કરાવ્યો.[૮]

એક વખત ભગવાન સ્વામિનારાયણે શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રી મૂળુખાચરના (શ્રી જીવાખાચરના નાના ભાઈ) ઉગમણા બારના ઓરડે જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઊજવ્યો હતો. આમંત્રણ પત્રિકાઓ મોકલીને પહેલેથી જ ગોકુળ આઠમના આ સમૈયા ઉપર શ્રીહરિએ સર્વે સંતો

શ્રીહરિનું પ્રસાદીરૂપ સુંદર ભોજન જમતા શ્રી એભલખાચરે ત્યાં જમવા બેઠેલા બધા દરબારોને કહ્યું: ''અત્યારે આપણું મહાન ભાગ્ય ગણાય, કારણ કે આપણે આજ શ્રીહરિની પ્રસાદીરૂપ રસોઈ જમી રહ્યા છીએ. ભગવાનની આવી પ્રસાદી મેળવવા પૂર્વે બ્રહ્માજીએ લાજ તજી દઈને લીધી હતી.''

૭. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વિરચિતમ્ શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્, અધ્યાય-૧૫૩

૮. સદ્. શ્રીપરમચૈતન્યાનંદ સ્વામી કૃત શ્રીજીમહારાજનાં ચરિત્રો, ચરિત્ર નં. ૨૧૭; આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વિરચિતમ્ શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્, અધ્યાય-૧૫૪

તથા હરિજન દેશાંતરથી બોલાવ્યા હતા. એ સમયે શ્રીહરિએ સતત દસ દિવસ સુધી ઉગમણા બારના ઓરડાએ સભા કરીને દિવ્ય કથામૃતનો લાભ આપ્યો હતો.

જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો ત્યારે સવારથી શ્રીહરિ ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ પર ગાદી-તકિયો મૂકીને બિછાવેલા આસન પર વિરાજમાન થયા હતા. ત્યાં હજારો સાધુ-હરિભક્ત ભેળા થયા હતા. તે સમયે સૂર્યોદયથી આરંભીને સૂર્યાસ્ત થયો ત્યાં સુધી હજારો હરિભક્તોએ શ્રીહરિની પહેરામણી કરી, અનેક જાતનાં ઘરેણાં તથા પોષાક શ્રીહરિને અર્પણ કર્યાં હતાં. રાતે શ્રીહરિએ જાગરણ કર્યું. તેમની સાથે સંતોએ પણ રાતે જાગરણ કર્યું અને ઉત્સવ ઊજવ્યો હતો. સંતોએ શ્રીહરિની લીલા અને ચરિત્રોનાં શુભ કીર્તનો શ્રીહરિ સમક્ષ ગાયાં.

રાત્રે ફળીમાં ઉત્સવની ઉજવણી થઈ ત્યારે સંતોએ કીર્તનો ગાયાં. મધ્યરાત્રીએ કૃષ્ણજન્મોત્સવે શ્રીહરિએ શ્રી મૂળુખાચર અને ભક્તજનોને શ્રીવાસુદેવ કૃષ્ણસ્વરૂપે દર્શન દીધું. સૌને અપાર આનંદ થયો. પછી શ્રીકૃષ્ણનું સ્વરૂપ શ્રીહરિમાં લીન થતું પણ તેમણે પ્રત્યક્ષ નિહાળ્યું. એવું દિવ્ય ઐશ્વર્ય નિહાળી તે મહા આશ્ચર્ય પામ્યા. સર્વ ભક્તોએ શ્રીહરિને સર્વ અવતારોના કારણના રૂપમાં જાણ્યા.

પછી સવારે સાધુ તથા બ્રહ્મચારીઓને સાથે લઈને અશ્વ ઉપર સવાર થયેલા શ્રીહરિ ઘેલા નદીએ સ્નાન કરવા પધાર્યા. શ્રીહરિએ સંતો વગેરેની સાથે સ્નાન કરીને ઘોડેસવાર થઈને પાછા શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રી મૂળુખાચરને ઓરડે પધાર્યા.

શ્રીહરિ સુંદર ભોજન જમ્યા. પછી વર્ણી, સાધુ, પાર્ષદો અને હરિભક્તોને તે સુંદર ભોજન જમાડ્યા. તે સમયે ઘણા સંતોને દુર્લભ સમાધિ થઈ હતી. શ્રીહરિનું સ્વરૂપ અને ચરિત્ર અનેક પ્રકારનાં આશ્ચર્યોથી ભરપૂર હતું.

શ્રીહરિ આ દરબારગઢમાં શ્રી મૂળુભક્તને ઓરડે દસ દિવસ સુધી રહ્યા હતા. પ્રતિદિન સુંદર રસોઈ કરાવીને શ્રીહરિ સંતો વગેરેને જમાડીને તૃપ્ત કરતા હતા. તે પછી ત્યાંથી શ્રીહરિ પોતાના નિવાસ સ્થાને અક્ષરભવન પધાર્યા.[૯]

દુષ્કાળમાં જીવાખાચરની આબરૂની રક્ષા

દયાળુ દરબાર શ્રી જીવાખાચર ગરીબ લોકોને નિરંતર રોટલા ખવડાવતા હતા. તેમાં વિક્રમ સંવત ૧૮૬૯નું વર્ષ ભયંકર દુષ્કાળનું હતું. ભગવાન સ્વામિનારાયણ તો દુષ્કાળમાં સપડાયેલા લોકોને મદદ કરવા ઠેર

૯. સદ્. શ્રીપરમચૈતન્યાનંદ સ્વામી કૃત શ્રીજીમહારાજનાં ચરિત્રો, ચરિત્ર નં. ૨૧૮; આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વિરચિતમ્ શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્, અધ્યાય-૧૫૪

ઠેર ઘૂમી રહ્યા હતા. આ ઓગણોતેરા કાળમાં ગરીબોને રોટલો આપવા માટે શ્રીહરિની આજ્ઞા લઈને જીવાખાચરે પણ સદાવ્રત ખોલ્યું હતું. તમામ માણસોને તથા રાંકને રોટલો આપવા માંડ્યો હતો. તે સમયે કચ્છમાં અને મારવાડમાં પણ વરસાદ વરસ્યો ન હતો, એટલે ત્યાંથી પણ ઘણા ગરીબ અને અનાથ અન્નાર્થીઓ આવવા લાગ્યા. પરિણામે શ્રી જીવાખાચરને ત્યાં અનાજની વપરાશ ઘણી વધી ગઈ. અંતે અન્નના કોઠાર ખાલી થઈ ગયા. આથી મૂંઝાઈને શ્રી જીવાખાચરે દેહ ત્યાગ કરવાનો વિચાર કર્યો. તેમણે સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કર્યું એટલે તેમને દિવ્ય અવાજ સંભળાયો કે 'આજથી પાંચ દિવસ પછી શ્રીહરિ અહીં આવશે.'

શ્રીહરિના આગમનની આ ધારણા બંધાતાં જ તેમણે દેહત્યાગનું મુલતવી રાખ્યું. અને બરાબર પાંચમા દિવસે શ્રીહરિ ગઢડા પધાર્યા અને હાથમાં રૂમાલ ફેરવતાં ફેરવતાં શ્રી જીવાખાચરના દરબારમાં પધાર્યા.

શ્રી જીવાખાચરનાં પુત્રી અમૂલાબા અને અમરીબાએ શ્રીહરિ પાસે હાથ જોડીને વિસ્તારથી વાત કરી અને પ્રાર્થના કરી કે આપ અમારા પિતાશ્રીની રક્ષા કરો. શ્રીહરિએ શ્રી જીવાખાચરને પોતાની પાસે બોલાવ્યા.

એકવાર શરીરમાંથી નીકળી ગયેલા પ્રાણ ફરી પાછા આવે ત્યારે શરીર જેવું સચેષ્ટ થાય અથવા નાશ પામી ગયેલું ધન ફરીવાર હાથમાં આવે ત્યારે તે માણસને જેવો આનંદ થાય તેવો જ આનંદ, તેજસ્વિતા અને સ્ફૂર્તિ, આ બધું શ્રી જીવાખાચરને શ્રીહરિનાં દર્શન માત્રથી જ પ્રાપ્ત થયું. શ્રીહરિને ઘણા પ્રણામ કરીને તેમનાં ચરણોમાં ઢળી પડ્યા. તેમણે ગદ્‌ગદ કંઠે શ્રીહરિની સ્તુતિ કરી.

તેમણે શ્રીહરિને કહ્યું: ''મહારાજ! મેં ટેક રાખી છે કે મારા આંગણે કોઈ અન્નાર્થી આવે તેને હું ક્યારેય ના નહીં પાડું. આ મારો ક્ષત્રિય ધર્મ છે. એ માટે મારે જે દુઃખ સહન કરવા પડે તે સહન કરવા હું તૈયાર છું. પરંતુ હવે કોઠારમાં અન્ન ખૂટ્યું છે. અને અન્નાર્થી ખાલી હાથે પાછા જાય એ મારાથી જોઈ શકાય તેમ નથી. આથી, ઝેર ખાવાનો વિચાર આવે છે.''

શ્રીહરિએ તેમને ઊભા કર્યા. તેમનાં અનંત દુઃખ ટાળવા આશ્વાસન આપ્યું અને કહ્યું: ''તમે કોઈ તરહની ફિકર રાખશો મા. અમે કહીએ તે પ્રમાણે કરો.''

એમ કહી હાથમાં ગુલાબનું ફૂલ ફેરવતાં શ્રીહરિ શ્રી જીવાખાચરને સાથે લઈને શ્રી જીવાખાચરના ઓરડાની પાછળ ઉગમણા બારનું મોટા બારણાનું ગાડાશેરનું રસોડું હતું, ત્યાં પધાર્યા ને કહ્યું: ''બહેનો જેટલા રોટલા ઘડે તે સર્વેને કુંવરબા અડે અને પછી તે રોટલા પટારામાં નાખવા અને પટારામાંથી તે રોટલા આ રસોયો લાખો ભગત કાઢી આપે, અને એ રોટલા તમે ગમે તેટલા દાનમાં આપશો તો પણ ક્યારેય ખૂટશે નહીં. મારા

“

તેમણે શ્રીહરિને કહ્યું: ''મહારાજ! મેં ટેક રાખી છે કે મારા આંગણે કોઈ અન્નાર્થી આવે તેને હું ક્યારેય ના નહીં પાડું. આ મારો ક્ષત્રિય ધર્મ છે. એ માટે મારે જે દુઃખ સહન કરવા પડે તે સહન કરવા હું તૈયાર છું. હવે કોઠારમાં અન્ન ખૂટ્યું છે. અન્નાર્થી પાછા જાય એ મારાથી જોઈ શકાય તેમ નથી.''

વચનથી તમારું રસોડું અખૂટ રહેશે.''

પછી શ્રીહરિએ એભલખાચર, દાદાખાચર, વસ્તાખાચર, અલૈયાખાચરને જીવાખાચરના દરબારમાં બોલાવ્યા. જીવુબા, રાજબા, લાડુબા, અમૂલાબા, અમરીબા વગેરેને પણ બોલાવ્યાં.

શ્રીહરિએ અલૈયાખાચરને કહ્યું: ''અમારી આજ્ઞાથી બે હજાર રૂપિયા જીવાખાચરને આપો. અમે તમને પાછા અપાવીશું.''

પરંતુ અલૈયાખાચરે ના પાડી. પછી શ્રીહરિએ વસ્તાખાચરને કહ્યું: ''તમે એક હજાર રૂપિયા આપો. અમે તમને પાછા આપીશું.''

તેમણે શ્રીહરિની આજ્ઞા માથે ચડાવી.

પછી શ્રીહરિએ એભલખાચર તથા દાદાખાચરને કહ્યું: ''તમારી પાસે બાજરો ઘણો પડ્યો છે, માટે ૬૦ કળશી[૧૦] બાજરો જીવાખાચરને આપવા અમને આપો અને ખડના એક લાખ પૂળા અમને આપો.''

એભલખાચર તથા દાદાખાચરે કહ્યું: ''ભલે મહારાજ, અમે આપીશું.''

શ્રીહરિએ કહ્યું: ''પરમ દિવસે અમે તમને પાછા આપીશું.''

ત્યારે એભલખાચરે કહ્યું: ''આપ અમને પાછું આપો તો અમે પાછું લઈશું નહીં, એ એક જ શરતે અમે આપને આપીએ.''

શ્રીહરિએ પ્રસન્ન થઈને કહ્યું: ''બહુ સારું.''

એમ કહીને બંને જણ પાસેથી જીવાખાચરને અપાવ્યું. અને શ્રીહરિની આજ્ઞાથી ફરીથી સદાવ્રત ચાલવા લાગ્યું. સવારથી તે સાંજ સુધી રોટલા ભિક્ષુકો અને રાંકને રોટલા આપ્યા જ કરે તોપણ ખૂટે નહીં, એવો અદ્‌ભુત પરચો શ્રીહરિએ બતાવ્યો. જીવાખાચરના દરબારમાં એવું અદ્‌ભુત ચરિત્ર શ્રીહરિએ કરેલું છે.[૧૧]

---

૧૦. ૧ કળશી = ૪૦૦ કિલો અથવા ૨૦ મણ.

૧૧. ● 'શ્રીજીમહારાજ પ્રગટની વાત-૧૧૦' ગ્રંથમાં એવો પણ ઉલ્લેખ છે કે શ્રીહરિએ શ્રી જીવાખાચરની આબરૂ બચાવવા માટે વેળાવદરથી ગાડાંમાં ૮૦ મણ બાજરો મંગાવ્યો હતો. શ્રી જીવાખાચરના દરબારગઢની બહારની મોટી કોઠીમાં આ બાજરો નંખાવીને તેનું ઢાંકણું છંદાવી શ્રીહરિએ તેમને કહ્યું: ''આ ઢાંકણું કાઢતા નહીં ને નીચેથી સાણું ખોલીને વાપરજો, ખૂટશે નહીં.' આમ, શ્રીહરિએ તેમની રક્ષા કરી હતી.

● 'શ્રીહરિલીલામૃત'માં શ્રીહરિએ શ્રી જીવાખાચરને એક હજાર રૂપિયા અને અનાજ અપાવ્યાનો ઉલ્લેખ છે. આ અનાજ કોઠીમાં નંખાવીને ઉપરના ઢાંકણું ખોલ્યા સિવાય સાણામાંથી અનાજ કાઢવાની આજ્ઞા કરી હતી. ત્યારપછી શ્રી જીવાખાચરની એ કોઠીમાંથી અનાજ ખૂટ્યું નહીં. (શ્રીહરિલીલામૃતમ્: ૭/૩૪)

● સંવત ૧૮૬૯ના ભયંકર દુષ્કાળમાં શ્રીહરિએ શ્રી જીવાખાચરની રક્ષા કરી હતી તેનો કંઈક અલગ રીતે ઉલ્લેખ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં આવે છે:

ઓગણોતેરાના દુષ્કાળમાં ઘણા બધા લોકો નિર્વાહ માટે તેમના દરબારમાં આવ્યા હતા. એ સૌને કેટલાય સમય સુધી અન્નદાન આપતાં આપતાં શ્રી જીવાખાચર ➤

કુંવરબાના ભાઈ ભીમખાચરનો ઉદ્ધાર

એક વખત જીવાખાચરના ઓરડાથી ઉત્તરે કુંવરબાના ઓરડે તેમની વિનંતીથી શ્રીહરિ પધાર્યા હતા. તે સમયે કુંવરબાએ શ્રીલક્ષ્મીરામ શાસ્ત્રી અને શ્રીબહેચરજી વિપ્રની પાસે સુંદર થાળ કરાવ્યો.

શ્રીહરિએ સ્નાન કરીને એક રેશમી ધોતી પહેરી બીજું રેશમી વસ્ત્ર ઓઢ્યું અને થાળ જમવાને સ્થળે પધાર્યા. શ્રીવૈકુંઠાનંદ વર્ણીએ થાળ પીરસીને શ્રીહરિની આગળ મૂક્યો. શ્રીહરિ થાળ જમ્યા, ચળું કર્યું, મુખશુદ્ધિ કરી અને મુખવાસ પણ લીધો. પછી પ્રભુએ જમવાનાં વસ્ત્ર બદલીને બીજાં વસ્ત્ર પહેર્યાં.

ત્યારે કુંવરબાએ સ્તુતિ પદ બોલીને શ્રીહરિની સ્તુતિ કરી. પછી તેઓએ શ્રીહરિને કહ્યું: ''આપ કરુણાના સાગર છો અને આખા જગતનું કલ્યાણ કરો છો. તો હે પરમેશ્વર! આપ મારા ભાઈનું કલ્યાણ કરો, મારા ભાઈનો પણ મોક્ષ કરો.''

શ્રીહરિએ કહ્યું: ''તમે ધ્યાન કરવા બેસો. તમારા ભાઈનું કલ્યાણ થયું છે, તેને તમે પ્રત્યક્ષ દેખી શકશો.''

➤ પાસે અન્ન ખૂટ્યું છતાં તેઓ આબરુવાળા હોવાથી કોઈને ના કહી શક્યા નહીં. પછી શ્રીહરિએ તેમને બોલાવીને બધી વાત પૂછી ત્યારે શ્રી જીવાખાચરે કહ્યું: ''મહારાજ! લાજ તમારા હાથમાં છે. અમે તો મરવાનો નિશ્ચય કર્યો છે.''

ત્યારે શ્રીહરિએ કહ્યું: ''તમે ચિંતા કરશો નહીં. અમે તમારી સહાયમાં છીએ. તમે દેતા હતા તેમ અન્ન દેજો. ખૂટે તો અમને કહેજો.'' એમ કહી નિષ્કુળાનંદ સ્વામી અને પરમહંસાનંદ સ્વામી - એ બે સંતને બોલાવીને શ્રીહરિએ આજ્ઞા કરી કે એક વર્ષ સુધી તમે જીવાખાચરને ત્યાં, તેમણે સંતો માટે જગ્યા બાંધી આપી છે ત્યાં રહો. તમારે ગામમાં જઈને ભિક્ષા માંગવી. તે ભિક્ષામાંથી તમારે જમવું અને વધેલું અન્ન જીવાખાચરને આપવું. અને જીવાખાચર! અમારી આજ્ઞા છે કે તમારે રોજ એ અન્ન લેવું.''

આ રીતે શ્રીહરિએ શ્રી જીવાખાચરની આબરૂ રાખી હતી.

એટલું જ નહીં, દુષ્કાળમાં શ્રી વસ્તાખાચરે શ્રીહરિની પૂજા કરી અને એક હજાર રૂપિયા શ્રીહરિનાં ચરણે ધર્યા, તે શ્રીહરિએ જીવાખાચરને આપી દીધા. આ ઉપરાંત શ્રીહરિની પૂજા કેટલાક અન્ય હરિભક્તોએ કરી. તેના રૂપિયા પણ શ્રીહરિએ શ્રી જીવાખાચરને બોલાવીને આપી દીધા. શ્રીહરિએ જ્યારે જ્યારે અનાજ ખૂટ્યું ત્યારે પણ શ્રી જીવાખાચરને અનાજ પહોંચાડ્યું હતું. તે સિવાય પણ અનેક રીતે શ્રીહરિ તેમને મદદ કરતા હતા. આ જ રીતે દુષ્કાળમાં શ્રીહરિએ કરિયાણા ગામના કાઠી દરબારોને શ્રી એભલખાચર પાસેથી રૂપિયા અપાવ્યા હતા. આમ, ભક્તવત્સલ શ્રીહરિએ પોતાના આશ્રિતોની હંમેશાં રક્ષા કરી છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર: ૧૫/૭-૮)

પ્રસંગ સ્રોત: સદ્. શ્રીપરમચૈતન્યાનંદ સ્વામી કૃત શ્રીજીમહારાજનાં ચરિત્રો, ચરિત્ર નં. ૨૨૦; આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વિરચિતમ્ શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્, અધ્યાય-૧૫૫

> **"એમ કહી હાથમાં ગુલાબનું ફૂલ ફેરવતાં શ્રીહરિ રસોડું હતું, ત્યાં પધાર્યા ને કહ્યું જે, ''બહેનો જેટલા રોટલા ઘડે તે સર્વેને કુંવરબા અડે અને પછી તે રોટલા પટારામાં નાખવા અને પટારામાંથી તે રોટલા આ રસોયો લાખો ભગત કાઢી આપે, એ રોટલા તમે ગમે તેટલા દાનમાં આપશો તો પણ ક્યારેય ખૂટશે નહીં.''**

ત્યારે શ્રીહરિના સ્વરૂપમાં દૃઢ ભક્તિવાળા કુંવરબાએ ધ્યાન કર્યું. તેમાં તેમણે પંડે ભાળે તેમ પોતાના ભાઈને ભાળ્યો અને એ ભીમખાચર ચતુર્ભુજ થઈ ભગવાનના ધામમાં ગયો. તેમને દેખાયું કે તેના ભાઈનો મોક્ષ થઈ ચૂક્યો છે. એવો દિવ્ય પરચો શ્રીહરિએ બતાવ્યો હતો.[૧૨]

શ્રીહરિએ મૂળુ વરસડાનું અભિમાન ઉતાર્યું

શ્રી જીવાખાચર તથા તેમના ભાઈ શ્રી મૂળુખાચરનું એ તમામ ફળિયું ભગવાન સ્વામિનારાયણનું શુભ પ્રસાદીરૂપ છે. આ દરબારગઢમાં શ્રીહરિના સાંનિધ્યમાં બધી જાતનાં સંતાપ અને પાપનો નાશ થાય એવી પવિત્ર સુંદર સભા નવ જગ્યાએ થતી હતી. તે ફળિયામાં ભક્તજનોને આનંદ કરાવનાર શ્રીહરિએ કાઠી દરબારો પાસે ભગડતુઈ(કબડ્ડી) અને તેના જેવી ઘણી જાતની રમત પણ રમાડી હતી.

એ ઓરડાઓના બધા જ ખંડોમાં વેદિકા ઉપર મહાસમર્થ શ્રીહરિ અનેક વખત વિરાજ્યા હતા.

શ્રીહરિ લીમડાના ઝાડ નીચેના ઓટા ઉપર તો ઘણી વખત વિરાજમાન થતા હતા. શ્રી જીવાખાચરની ડેલીનાં ખાનાં તથા ડેલી આગળનો ઓટો તથા લીંબડો, ત્યાં પણ શ્રીહરિ ઘણું બેઠેલા છે. અહીં ક્યારેક રમૂજી પ્રસંગો પણ બનતા. શ્રીહરિ રમૂજી પ્રસંગો દ્વારા સૌને આનંદ કરાવતા. ક્યારેક કોઈ અભિમાનીના અહંકાર પણ અહીં રમૂજ બન્યા છે.

એક વખત શ્રીહરિ લીમડાવાળા ઓટા ઉપર બાજોઠ ઉપર ચાકળો નંખાવી વિરાજમાન થયા હતા. તે વખતે બાજુના એક ગામનો મૂળુ વરસડા નામનો માણસ શ્રીહરિ પાસે આવ્યો ને તે પોતાની સિદ્ધાઈ બતાવવા અભિમાનથી સરોદાના[૧૩] શ્વાસ-ઉચ્છ્વાસ ખેંચવા લાગ્યો.

તેનું અભિમાન ઉતારવા માટે શ્રીહરિએ તેની સામે જોઈને ચપટી વગાડી એટલે ત્રિશંકુની જેમ તેનો શ્વાસ રૂંધાઈ ગયો. તે શ્વાસનું જોર કરવા ગયો અને તેને ઝાડા થઈ ગયા. તેને બોલવાની પણ શક્તિ રહી નહીં. આ જોઈને સર્વ સભા હસવા લાગી.

તેનું અભિમાન ચૂર ચૂર થઈ ગયું હતું.

મૂઢના જેવી તેની સ્થિતિ થઈ ગઈ. તે તૂટક તૂટક શબ્દ બોલતો હતો. છેવટે તેણે અભિમાન છોડી દીધું અને મનથી જ શ્રીહરિને શરણે ગયો.

પછી શ્રી જીવાખાચરે હાથ જોડી કહ્યું જે, ''હે મહારાજ! કૃપા કરી આને બચાવો.''

> **શ્રી જીવાખાચરનું એ તમામ ફળિયું ભગવાન સ્વામિનારાયણનું શુભ પ્રસાદીરૂપ છે. આ દરબારગઢમાં શ્રીહરિના સાંનિધ્યમાં બધી જાતનાં સંતાપ અને પાપનો નાશ થાય એવી પવિત્ર સુંદર સભા નવ જગ્યાએ થતી હતી. શ્રીહરિએ દરબારો પાસે કબડ્ડી ને ઘણી જાતની રમત રમાડી હતી.**

---

૧૨. સદ્. શ્રીપરમચૈતન્યાનંદ સ્વામી કૃત શ્રીજીમહારાજનાં ચરિત્રો, ચરિત્ર નં. ૨૨૨; આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વિરચિતમ્ શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્, અધ્યાય-૧૫૬

૧૩. નાકમાંથી ઊંડા શ્વાસ ખેંચીને ભવિષ્ય કહેવાની વિદ્યા.

શ્રીહરિએ મંદ મંદ હસતાં હસતાં કહ્યું: ''તેને કાંઈ નહીં થાય.''

પછી શ્રીહરિએ કૃપાદૃષ્ટિ કરી એટલે તે ઊઠીને ઘેલા તરફ નાહવા-ધોવા દોડ્યો. પીડા શમાવનારા શ્રીહરિએ દયાળુતા દેખાડીને તેને સ્વસ્થ કર્યો. જીવાખાચરની ડેલીના ઓટા પર શ્રીહરિએ આવું એક રમૂજી ચરિત્ર પણ કર્યું છે.[૧૪]

રતા બસિયાનું ત્રણ જન્મનું આખ્યાન

જીવાખાચરની પાટીમાં સાધુની ધર્મશાળા[૧૫] હતી. ત્યાં સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, અખંડાનંદ સ્વામી મોટા તથા ગોવિંદ સ્વામી મોટા, ચૈતન્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી. મુક્તાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી, મોટા યોગાનંદ સ્વામી, નરોનારાયણાનંદ સ્વામી, પરમચૈતન્યાનંદ સ્વામી, મોટા પૂર્ણાનંદ સ્વામી, પરમાનંદ સ્વામી, નરસિંહાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, શ્રીપાત્ દેવાનંદ સ્વામી વગેરે સંતો ત્યાં રહેતા હતા. શ્રીહરિ તે વખતે દાદાખાચરના દરબારમાં અક્ષરઓરડીએ રહેતા. રાત્રે શ્રીહરિ સાધુની ધર્મશાળાએ બેસવા જતા અને ત્યાં અનેક પ્રકારની વાતો કરતા.

એક વખત શ્રીહરિ સાધુની ધર્મશાળાએ પધાર્યા હતા. ત્યાં નૌતમ સુંદર મંચ જેવો માંચડો ધર્મશાળાની ફળીમાં નાંખ્યો હતો. તે ઉપર શ્રીહરિ વિરાજમાન થયા હતા.

તે વખતે રાજબાનો સગો રતો બસિયો નામનો એક કાઠી હતો. તેની અવસ્થા પંદર-સોળ વરસની હતી. તે દિવસે તે રતો બસિયો માંચડા ઉપર શ્રીહરિની સાથે બેઠો હતો. તેને ચિત્તભ્રમ જેવી સ્થિતિ હતી. છતાં શ્રીહરિ તેને પોતાનો ભાઈબંધ માનીને તેના પર હેત વર્ષાવતા.

તે વખત જીવાખાચર મૂળુખાચર, એભલખાચર એ સર્વે શ્રીહરિ પાસે વાતો સાંભળવા આવ્યા હતા. રતા બસિયાને શ્રીહરિ સાથે બેઠો ભાળી શ્રી જીવાખાચર કટાક્ષમાં બોલ્યા: ''આ નાદાર કાઠી આ મહારાજ ભેગો શા સારુ બેઠો છે?''

શ્રીહરિ એ સાંભળી હસ્યા અને કહ્યું: ''એ રતો બસિયો પૂર્વ જન્મે ચક્રવર્તી રાજા હતો. તે પોતાના પાપથી બ્રહ્મરાક્ષસ થયો હતો, ને વનમાં ફરતો હતો. ત્યાં જે માણસ નીકળે તેનું ભક્ષણ કરતો હતો. અમે નીલકંઠ વેશે વનમાં ફરતા તે વખતે માર્ગમાં તે ધૂણી સળગાવી સૂતો હતો. તેના

૧૪. સદ્. શ્રીપરમચૈતન્યાનંદ સ્વામી કૃત શ્રીજીમહારાજનાં ચરિત્રો, ચરિત્ર નં. ૨૨૪; આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વિરચિતમ્ શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્, અધ્યાય-૧૫૭

૧૫. આ ધર્મશાળા જીવાખાચરના દરબારની સામે જ હતી. જીવાખાચરે જ સંતોને રહેવા માટે આ ધર્મશાળા કરાવી હતી.

બ્રહ્મરંધ્રમાં અમે પાટું માર્યું. તેણે ઊભા થઈ અમારું ભક્ષણ કરવાનો વિચાર કર્યો, પણ પાટું વાગવાથી ભક્ષણ કરવાની શક્તિ તેને રહી નહીં. અને થર થર ધ્રૂજવા લાગ્યો. તેણે અમને કહ્યું.''

એટલું કહીને શ્રીહરિ અટક્યા. પછી કહેઃ ''હવે આગળની વાત આ રતો જ કરશે.''

પછી રતો બસિયો કહેવા લાગ્યોઃ ''મહારાજ, મારા રાજમાં બે બ્રાહ્મણ અરસપરસ વઢ્યા ને મારી પાસે ન્યાય કરાવવા આવ્યા. તેને કન્યા-વિગ્રહનો ડખો હતો. મેં કન્યાના બાપનો પક્ષ લીધો. તેથી મકનદેવ એવે નામે કરીને બ્રાહ્મણ કન્યાનો સાસરો હતો, તેણે મને શાપ આપ્યો કે ''હે રાજા! આજથી નવ મહિને તું બ્રહ્મરાક્ષસ થા.' તેની સામા પક્ષવાળો વિજયદેવ એવે નામે કરીને બ્રાહ્મણ કન્યાનો પિતા હતો. તે કહે જે, ''હે રાજા, તને ઘણે કાળે સાક્ષાત્ પરમાત્મા નારાયણ મળશે, તે દિવસે તારો મોક્ષ થાશે.

પછી હે જીવાખાચર! હું નવ મહિને બ્રહ્મરાક્ષસ થયો. ત્યાં હું કેટલાક બ્રહ્મરાક્ષસ તથા કેટલીક બ્રહ્મરાક્ષસીનો રાજા બન્યો હતો.

એક વખત તમામ રાક્ષસો અને રાક્ષસીઓ એક વૈતાલ રાક્ષસને મળવા ગયાં હતાં. ત્યાં તેણે નાતમેળો કર્યો હતો. હું ત્યાં ન ગયો. અને પછી મને ક્ષુધા વ્યાપી. એવા વખતમાં ચતુર્ભુજ નામનો એક બ્રાહ્મણનો છોકરો શિવકાંચી-વિષ્ણુકાંચીની જાત્રાએ જતાં વનમાં ભૂલો પડી મારી પાસે આવ્યો. તેને મેં પકડ્યો.

તેણે કહ્યું કે 'હું મારી બે બહેનોને પરણાવવા પૈસા મેળવવા સારુ શિવકાંચી-વિષ્ણુકાંચીના મેળા ઉપર જાઉં છું. માટે તું મારું ભક્ષણ ન કર. નહીં તો તું ઘણા દિવસ સુધી બ્રહ્મરાક્ષસ રહીશ ને તારો દેહ ક્યાંય ચાલવાની શક્તિવાળો નહીં રહે. તું અજગરની પેઠે પડ્યો રહીશ.' પણ મેં ન માન્યું ને તેનું ભક્ષણ કર્યું. તેને કારણે મારા દેહમાં ચાલવાની શક્તિ રહી નહીં. પછી હું ઢરડાઈ મારગમાં મોઢું ફાડી પડતો ને જ્યાં ત્યાં ગુજારો કરતો. એવામાં એક રાત્રીએ નીલકંઠ વર્ણી વેશે પધાર્યા ને બ્રહ્મરંધ્રમાં પાટું માર્યું. તેથી જીવાખાચર! મેં કરેલાં પાપનો નાશ થઈ ગયો. મેં ખૂબ સ્તુતિ કરી. ત્યારે તેમણે મને કહ્યું કે, 'જા, તું સત્સંગને વિશે અવતાર લઈશ.' પછી મેં કહ્યું કે જ્યાં તમે હો ત્યાં મને જન્મ આપો. એટલે મને પરચો આપ્યો અને હું મારા દેહનો ત્યાગ કરી આ કાઠીના દેહને પામ્યો છું. અને જન્મ્યો કે મહારાજના સ્વરૂપનું મને અખંડ દર્શન થયા કરે છે. ને તને પાંચ માણસે માન્યો એટલે તું જગતનો બાપુ કહેવાણો, પણ હું કોઈના તેજમાં દબાઈ રહું નહીં. માટે હું નાદાર કે તું? આવ, તરવારો લઈ જાટકે આવીએ.''

એમ કહી રતો બસિયો માંચડા ઉપરથી ઠેકડો મારી શ્રી એભલખાચરની તરવાર લઈ ફળીમાં કુંડાળું કરી તરવાર ખેંચી ઊભો રહ્યો.

ત્યારે જીવાખાચરે કહ્યું: "તું લોંઠકો હો તો અત્યારે મધરાતે જ પીપળાનું પાનડું ઘેલાકાંઠે મહાદેવની દેરીએથી લઈ આવ."

રતાએ કહ્યું: "હું જો લઈ આવું તો તમારી વાંગળી ઘોડી હું લઈ લઈશ."

જીવાખાચરે કહ્યું: "હા, પણ તે પીપળામાં હજારો ભૂત રહે છે, તે તને ખાઈ જશે."

પછી રતો બસિયો તો તરવાર લઈ પીપળાનું પાન લેવા ચાલ્યો. ત્યારે કોઈએ શંકા કરી કે, એ તો ભૂતવાળા પીપળાને બદલે ગામમાંથી અથવા ઓરેથી પાન લઈ આવે તો?

ત્યારે શ્રીહરિએ કહ્યું: "લક્ષ્મીરામને ને બેચરને પાછળ જોવા મોકલીએ."

ત્યારે આનંદસ્વામી કહે: "લક્ષ્મીરામ તો વળી બહુ નાદાર છે. એક વખત અમે રાત્રે લઘુ કરવા ઊઠ્યા, તે વાડામાં જઈને પાછા આવ્યા ને કમાડ દીધું. ત્યાં લક્ષ્મીરામ બહુ બીવા લાગ્યો ને ધ્રૂજવા લાગ્યો. માટે એવાને શા સારુ મોકલો છો?"

ત્યારે શ્રીહરિ કહે: "લક્ષ્મીરામ ને બેચર, એ બેય ભાઈ જાય છે એટલે ફિકર નહીં અને અમારી કોટમાં હજારી ફૂલનો હાર છે, તે રતો બસિયો તે નીલકંઠ મહાદેવના નંદીને પહેરાવતો આવે તો સાચું માનશો કે કેમ?"

એ સાંભળી સર્વેએ હા કહી. પછી શ્રીહરિએ પોતાનો હજારી ફૂલનો હાર રતાને આપીને જવાની આજ્ઞા આપી. અને લક્ષ્મીરામ તથા બેચરને શ્રીહરિએ કહ્યું: "તમે રતાની પાછળ પાછળ છેટે છેટે ચાલજો."

રતો સીધો નદીમાં થઈ મહાદેવની દેરીએ ગયો. ત્યાં હજારો ભૂત ભાળ્યાં. તે ભૂતો તેને પગે લાગ્યાં અને કહેવા લાગ્યા: "હે રતનમૂર્તિ! તમે અમારો મોક્ષ કરો."

રતો બસિયો કહે: "લ્યો તમને વર્તમાન ધરાવું."

એમ કહીને રતો પોતડી સહિત નદીમાં પડ્યો, પછી ભીનો થઈને પીપળાના ઓટા ઉપર ચડી ગયો અને પોતડી નિચોવી ભૂતો ઉપર તેના છાંટા નાખ્યા. આવી રીતે વર્તમાન ધરાવ્યાં. જેના ઉપર છાંટા પડ્યા તે તેજના ભડકા થઈ તમામ ભૂતો સદ્‌ગતિ પામ્યાં. પછી પીપળા ઉપર ચડી એક મોટું ડાળખું પાડી લીધું અને પછી હેઠો ઊતરી હોંકારો કર્યો કે "હજુ કોઈને કલ્યાણ કરાવવું હોય તો આવો."

એમ કહીને ત્યાંથી નીકળ્યો અને શ્રીહરિ પાસે સાધુઓની ધર્મશાળામાં આવ્યો અને તમામ થયેલા વૃત્તાંતની વાત કરી. તે જ પ્રમાણે બેચર તથા લક્ષ્મીરામે વાત કરી. પછી રતા બસિયાએ જીવાખાચરને કહ્યું: "લાવો હવે તમારી ઘોડી."

વચન આપ્યા પ્રમાણે જીવાખાચર ઘોડી છોડી લાવ્યા.

પણ રતા બસિયાએ તે લીધી નહીં.

"એમ કહીને રતો પોતડી સહિત નદીમાં પડ્યો, પછી ભીનો થઈને પીપળાના ઓટા ઉપર ચડી ગયો અને પોતડી નિચોવી ભૂતો ઉપર તેના છાંટા નાખ્યા. જેના ઉપર છાંટા પડ્યા તે તેજના ભડકા થઈ તમામ ભૂતો સદ્‌ગતિ પામ્યાં. પછી હોંકારો કર્યો કે "હજુ કોઈને કલ્યાણ કરાવવું હોય તો આવો."

શ્રીહરિએ કહ્યું: ''રતા! તમે જે માગો તે આપીએ.''

તે વખતે બૂઢો ધાધલ ત્યાં બેઠો હતો અને તે રતા બસિયાની માતાનો મામો થતો હતો. એ રતાને એક બાજુ લઈ ગયો અને કહ્યું: ''તું શ્રીજીમહારાજની માણકી ઘોડી માગી લે.''

રતો બસિયો પાછો આવ્યો અને શ્રીહરિને કહેવા લાગ્યો: ''હે મહારાજ, મને બે નારિયેળ ને શેર સાકર આપો. જો એટલું ન માગીએ તો ભગવાનના વચનનો અપરાધ થાય. માટે એટલું આપો.''

શ્રીહરિએ પૂછ્યું: ''તને બૂઢા ધાધલે શું કહ્યું હતું?''

રતાએ કહ્યું: ''એણે તો માણકી ઘોડી માગવાનું કહ્યું હતું. ને એ બૂઢો ધાધલ તો તમારો દ્વેષી છે માટે એ પાપીનું કહ્યું હું માનું નહીં.''

પછી શ્રીહરિ કહે: ''માગ, જે માગ તે આપીએ.''

ત્યારે રતાએ કહ્યું: ''આજ બપોરે આ દેહનો ત્યાગ થાય એ માગું છું.''

પછી શ્રીહરિ સાધુઓ પાસે કીર્તન બોલાવવા લાગ્યા.

પછીનો દિવસ શિવરાત્રીનો હતો. તે દિવસે બપોરે પરમહંસની ધર્મશાળામાં શ્રીહરિને બોલાવ્યા અને રતો બસિયો તેમની સામે પલાંઠી વાળીને ધ્યાનમાં બેઠો એટલે થોડી વારે બ્રહ્મરંધ્રમાંથી તેનો આત્મા નીકળી ગયો, તે ધામમાં ગયો.

પછી સૌની ભેળા જઈને શ્રીહરિએ તેના દેહનો અગ્નિસંસ્કાર કર્યો અને એના બારમાના દિવસે સાધુ તથા એક હજાર બ્રાહ્મણ જમાડ્યા. એવું મહામોટું ચરિત્ર જોઈને સૌ ખૂબ વિસ્મય પામ્યા.[૧૬]

શ્રીહરિ રતા બસિયા સાથે ખૂબ રમૂજ કરતા. શ્રીહરિ જ્યારે તેને દેખે ત્યારે પ્રસન્ન થતા ને બોલતા: 'હમણાં જ ભાઈબંધ આવી અમારી પાસે બેસશે.'

એમ કહી રૂમાલ મુખે દઈ હસતાં ને કહેતા: 'કેમ ભાઈબંધ? આજે શું જમ્યા? ચાલો ભૂખ્યા હો તો જમાડીએ.'

રતાની ઉંમર લગભગ ૧૮ વર્ષની હતી. દેખાવમાં કોઈ રાજા જેવો ગૌર વર્ણનો હતો. શ્રીહરિ ગઢપુરમાં હોય ત્યારે ઘણીવાર બજારમાં રતાના ખભે હાથ મૂકીને ચાલતા. મોટા મોટા સંતોથી પણ શ્રીહરિ તેને વધારે લાભ આપતા. શ્રીહરિ જમતા હોય ને તેને આવતો દેખે તો તેને બોલાવીને પાસે બેસાડીને જમાડતા. રતાને મનમાં કંઈ ઇચ્છા ન હતી, છતાં શ્રીહરિ તેને વારેવારે કહેતા: 'જે ઇચ્છા હોય તે કહેજો. તમારા અમે ભાઈબંધ છીએ.'

> **“**
>
> **રતાની ઉંમર લગભગ ૧૮ વર્ષની હતી. દેખાવમાં કોઈ રાજા જેવો ગૌર વર્ણનો હતો. શ્રીહરિ ગઢપુરમાં હોય ત્યારે ઘણીવાર બજારમાં રતાના ખભે હાથ મૂકીને ચાલતા. મોટા મોટા સંતોથી પણ શ્રીહરિ તેને વધારે લાભ આપતા. તેને આવતો દેખે તો તેને બોલાવીને પાસે બેસાડીને જમાડતા.**

એક વખત શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારમાં બિરાજમાન હતા, ત્યારે શ્રીહરિએ સામેથી કૃપા કરીને રતાને કંઈક માંગવાનું કહ્યું.

આથી રતાએ શ્રીહરિને કહ્યું: ''તમે ભગવાન છો. તમારાથી કાંઈ

૧૬. સદ્. શ્રીપરમચૈતન્યાનંદ સ્વામી કૃત શ્રીજીમહારાજનાં ચરિત્રો, ચરિત્ર નં. ૨૨૫

અધિક નથી. તમારાથી અધિક બીજું કંઈક જોઈશું ત્યારે માગીશું. તમારે આવ્યા ત્યારથી મારી બધી તૃષ્ણા નાશ પામી છે. મારાં દુઃખમાત્ર ટળી ગયાં છે. મને બધી સંપત્તિ - બધાં સુખ મળી ગયાં છે. આમ છતાં હવે તમારી પાસે માગીએ તો ભિખારી કહેવાઈએ.'

રતાની આ સમજણભરી વાણી સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થઈ ગયા. શ્રીહરિએ કહ્યું: "તમે અમારા ખરા ભાઈબંધ છો. આવા કોઈ ભાઈબંધ અમને મળ્યા નથી. તમને રોજ માગવાનું કહીએ છતાં માગતા નથી. તમે સદાય શાંત રહો છો. એવા પર અમને સહેજે બહુ જ પ્રેમ થાય છે."[૧૭]

શ્રીહરિએ ઘેલા નદીના પૂરથી સૌની રક્ષા કરી

વિક્રમ સંવત ૧૮૭૦ના વર્ષમાં એક વખત ભગવાન સ્વામિનારાયણ દાદાખાચરના દરબારમાં અક્ષર ઓરડીમાં વિરાજમાન હતા. તે દિવસે વરસાદ ઘણો વરસ્યો હતો. તે વરસાદથી ઘેલા નદીનો વેગવાળો પ્રવાહ ગઢપુર ગામને ધોઈને ખેંચી જાય તે રીતે ગામની વચ્ચે થઈને વહેવા લાગ્યો. આથી શ્રી જીવાખાચર, શ્રી મૂળુખાચર એ સર્વે ગળાસમા પાણીમાં પડી અહીં શ્રી એભલ બાપુના દરબારમાં અક્ષર ઓરડીએ આવ્યા હતા. તેમણે સ્તુતિ કરીને કહ્યું: "મહારાજ, તમે અમારી રક્ષા કરો. અમારાં ખોરડાં ને છોકરાં સહિત બધું જ તણાઈ જશે. આપ કરુણાના સાગર છો. તો અમારી રક્ષા કરો."

તે બંને દરબારોનું વચન સાંભળીને અત્યંત ભયાનક પાણીના પૂરથી સહુનું રક્ષણ કરવા માટે શ્રીહરિ સત્વરે આસનેથી ઊઠ્યા ને શેરી ઉપર આવ્યા. ત્યાં એક ચોરા જેવી વજેરી[૧૮] હતી, તે ઉપર બારી હતી. તે બારીએ નિસરણી મંડાવી શ્રીહરિ નીચે ઊતર્યા. સાથે મુકુંદ બ્રહ્મચારી તથા ચાર-પાંચ પાર્ષદો હતા. બજારમાં ચાલતા પાણીનો ઘણો વેગ હતો. તેને પાર કરીને શ્રી જીવાખાચરના દરબારગઢમાં પહોંચી ન શકાય તેવું પાણીનું જોર હતું.

શ્રીહરિએ પૂછ્યું: "અમારો આ પાણીમાં પગ ન અડે ને અમને ઉપાડે એવો કોઈ બળિયો છે?"

શ્રી એભલખાચર કહે: "આપ મારે ખભે બેસી જાઓ. હું આપને કાળજીથી લઈ જઈશ."

તે સાંભળીને હસી રહેલા શ્રીહરિ તેમના ખભા ઉપર બેઠા. શ્રી એભલખાચર શ્રીહરિને ઉઠાવીને પાણીને સત્વરે પાર કરી ગયા અને ગઢ ઉપર (ટેકરા ઉપર) જઈને ગઢની નજીક પીપળિયા ધરા ઉપરની ધારની ટૂક ઉપર ગયા અને નદીને જોતા ઊભા રહ્યા. પછી શ્રી જીવાખાચરને કહ્યું કે,

---

૧૭. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૧૫/૧૦

૧૮. ગઢની અંદર ચોકી માટેની ચોખંડ ઓરડી, ગોખ, અમીર લોકોની એવી બેઠક.

"સૌભાગ્યવતી સ્ત્રીના માથા ઉપર મુકાતો મોડિયો, ચૂંદડી અને નારિયેળ અત્યારે આ ઘેલા નદીનાં પાણીમાં તમે નાંખો."

શ્રી જીવાખાચરે કહ્યું: "મહારાજ! મેં આ પહેલાં ઘણીવાર મોડિયો, ચૂંદડી અને નારિયેળ નદીમાં નાંખ્યાં છે, પણ નદીનું પાણી ઊતર્યું નથી, પાણી હઠતું નથી."

એટલીવારમાં જીવાખાચરના દરબારમાંથી એક માણસ આવ્યો. તેણે કહ્યું: "મૂળુખાચરનું રસોડું પડી ગયું." તે સાંભળી શ્રીહરિએ પોતાના જમણા ચરણનો અંગૂઠો પાણીમાં બોળ્યો એટલે પાણી દસ હાથ તુરંત ઊતરી ગયું, ને ગામની રક્ષા કરી. એવું એ જગ્યાએ એક મોટું ચરિત્ર કર્યું છે.[૧૯]

શ્રીહરિએ માંગણના બાળકોને જમાડ્યા

એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રી જીવાખાચરના દરબારમાં બિરાજમાન હતા. એ વખતે માંગણના બે છોકરા આવીને શ્રીહરિને કહેવા લાગ્યા: 'બાપજી, અમે ભૂખ્યા છીએ. કાંઈક ખાવાનું આપો.'

દયાળુ શ્રીહરિએ તેમને મોટા ચાર રોટલા ભોજન માટે આપ્યા. શ્રીહરિની આ કૃપાથી પ્રસન્ન થઈ ગયેલા છોકરાઓએ કહ્યું: 'બે રોટલામાં તો અમે ધરાઈ જઈશું ને બીજા બે રોટલા અમારે પછી ખાવા થાશે. તમે તો અમને ન્યાલ કરી દીધા.'

કરુણાભીના શ્રીહરિ આ માંગણના બાળકો સામું ઘણીવાર સુધી કૃપાદૃષ્ટિ કરીને જોઈ રહ્યા. પછી કહે, 'આ છોકરાઓને અમે ચાર રોટલા આપ્યા, તેણે કરીને તેમને અમારી ઉપર હેત થયું છે. માટે છોકરા હવે પછીના જન્મે ઈન્દ્ર થશે!!'

આવું દિવ્ય ચરિત્ર શ્રીહરિએ અહીં કર્યું હતું.[૨૦]

શ્રીહરિએ સ્વરૂપાનંદ સ્વામીને શાંતિ પમાડી

ગઢપુરમાં શ્રી જીવાખાચરે સંતોને રહેવા માટે પોતાની પાટીમાં દરબારગઢની સામે ધર્મશાળા બનાવી હતી. એ ધર્મશાળામાં રહેતા સ્વરૂપાનંદ સ્વામી એક વખત ખૂબ બીમાર થયા હતા. સંતો પ્રત્યે સ્નેહ વરસાવતા શ્રીહરિ તેમને જોવા નિત્ય મધરાતે શ્રી જીવાખાચરની પાટીમાં આ ધર્મશાળામાં આવતા. શ્રીહરિ ગૂઢો રંગીન રેંટો તથા બુરાનપુરનો રેંટો માથે બાંધતા. કુસુંબલ રંગના તે રેંટાને છેડે સોનાના તાર વણેલા હતા. ક્યારેક શ્રીહરિ કમર પર એક રેંટો બાંધતા ને વેઢે સોનાની વીંટી ધારતા.

---

૧૯. સદ્. શ્રીપરમચૈતન્યાનંદ સ્વામી કૃત શ્રીજીમહારાજનાં ચરિત્રો, ચરિત્ર નં. ૨૨૪; શ્રી દુર્ગપુરમાહાત્મ્યમ્, અધ્યાય-૧૫૭

૨૦. સદ્. સ્વામીશ્રી રૂગનાથચરણદાસજી કૃત શ્રીહરિચરિત્રચિંતામણિ: ૨/૭૭

ક્યારેક બુકાની સાથે આવીને ગાદી-તકિયે બેસતા. સ્વરૂપાનંદ મુનિ પર ખૂબ હેત હતું તેથી તેમને તેવાં દર્શન આપતા.

ભગુજી ને જેહાજી બે પાર્ષદો સહુથી મરદ હતા, તેમને શ્રીહરિ સાથે લાવતા. અહીં સ્વરૂપાનંદ સ્વામીની પાસે શ્રીહરિ નિત્ય ચાર ઘડી નવી નવી વાતો કરતા. તેને સાંભળીને તેઓ તૃપ્ત થતા નહીં. અરુણોદય થાય ત્યારે પાર્ષદો શ્રીહરિને સૂચના કરતા, તેથી તેઓ ચાલી નીકળતા ને પલંગ પર આવી સૂઈ જતા. શ્રીહરિ કોઈ દિવસ વાતો કરતા, કોઈ દિવસ પ્રેમાનંદ મુનિ પાસે કીર્તન ગવડાવતા. ક્યારેક રામાનંદ સ્વામીની વાત કરતા, ક્યારેક પોતાના અલૌકિક વિચરણની વાત કરતા, ક્યારેક કોઈએ ન સાંભળ્યાં હોય તેવાં અયોધ્યાપુરીનાં ચરિત્રો કહેતા, ક્યારેક વન-વિચરણની વાતો કરતા.

આમ, શ્રીહરિ વાતો કરે, દર્શન આપે, કીર્તન ગવાય ત્યાં સુધી સ્વરૂપાનંદમુનિને અંતરમાં અપાર શાંતિ રહેતી. તે વિના બીજા સમયમાં બળતરા થતી. તેથી સંતો પાણી છાંટતા, દ્રાક્ષ તથા સાકરનાં પાણી પાતા, શરીરે ચંદન ચર્ચતા. શ્રીહરિ પણ ચંદન ઉતારી કટોરો ભરી તેમના અંગે લેપ કરતા. એમ ઠંડકના બધા ઉપાયો કરવા છતાં ફેર પડતો નહીં. ત્યારે એક દિવસ શ્રીહરિએ તેમને કહ્યું કે "તમે તો સમર્થ છો. ત્રણ દેહ અને અવસ્થાથી પર વર્તો તેવા તમે મહાસિદ્ધ છો. તે વાત ક્યાં ગઈ?"

ત્યારે સ્વરૂપાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું: "સિદ્ધપણાના અભિમાનરૂપી વિઘ્નથી તમે મને બચાવ્યો છે. તમે સમર્થ ભગવાન છો. તમે કરો તેમ થાય છે. તમે ભૂલ દેખાડો નહીં તો દેવોનેય પોતાની ભૂલ સમજાય નહીં. તમે જેવા તનમાં રાખ્યો તેવા તનમાં આજ સુધી રહ્યો, હવે જેવા તનમાં રાખશો ત્યાં રહીશ. પણ તમારી મૂર્તિ ને તમારાં ચરિત્રની ક્યારેય વિસ્મૃતિ થાય નહીં, એટલું હાથ જોડી માગું છું. અજાણ્યે પણ તમારા ભક્તોનો દ્રોહ ન થાય ને નિત્ય તમારી સેવામાં પ્રેમ રહે તેવું વરદાન આપો. ધામમાં લઈ જવું તે તમારા હાથમાં છે. અમારું જોર કાંઈ રહ્યું નથી."

શ્રીહરિએ કહ્યું: "અમે શ્રી દાદાખાચર ને શ્રી જીવાખાચરના દરબારમાં વારંવાર રંગ રમ્યા છીએ અને સંત-ભક્તોની સભા કરી છે. તે બધું તમે જોયું છે. તેનું ચિંતવન કરો."

પછી સ્વરૂપાનંદ સ્વામીએ તે પ્રમાણે ચિંતવન કર્યું ત્યારે અંતરમાં તેમને શાંતિ થઈ ગઈ. માયિક દેહનો ત્યાગ કરી તેઓ અક્ષરધામમાં ગયા તે સૌ સંતોએ પ્રત્યક્ષ જોયું.[૨૧]

> **"**
>
> **શ્રીહરિએ કહ્યું: "અમે શ્રી દાદાખાચર ને શ્રી જીવાખાચરના દરબારમાં વારંવાર રંગ રમ્યા છીએ અને સભા કરી છે. તે બધું તમે જોયું છે. તેનું ચિંતવન કરો." પછી સ્વરૂપાનંદ સ્વામીએ તે પ્રમાણે ચિંતવન કર્યું ત્યારે તેમને શાંતિ થઈ ગઈ. માયિક દેહનો ત્યાગ કરી તેઓ અક્ષરધામમાં ગયા.**

શ્રી જીવાખાચરની પક્ષની ભાવના

શ્રી જીવાખાચરને શ્રીહરિ પ્રત્યે પક્ષની ભાવના પણ અનન્ય હતી.

૨૧. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૧૫/૪૬

પોતાના વાણિયા કારભારીઓને શ્રીહરિનાં દર્શને લાવીને તેમને સત્સંગ કરાવવાનો પણ તેમને ઉત્સાહ હતો. ક્યારેક કોઈક પોતાની જડતાને કારણે શ્રીહરિના શરણે ન આવે તો શ્રી જીવાખાચર આકુળ-વ્યાકુળ થઈ જતા.

એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીમદ્ ભાગવતની કથા અને નિત્યવિધિ પૂર્ણ કરીને શ્રી એભલખાચરના દરબારમાં જઈ રહ્યા હતા ત્યાં રસ્તામાં હિમરાજ શાહની દુકાન આવી. ત્યાં દુકાનમાં બેઠેલા હિમરાજ શાહને જોતાં જ શ્રીહરિએ શ્રી જીવાખાચરને કહ્યું: ''આ હિમરાજ શાહ અમારાં દર્શને આવતાં નથી.''

આ વાત સાંભળતાં જ શ્રી જીવાખાચર આકુળ-વ્યાકુળ થઈ ગયા. તેમણે શ્રીહરિને કહ્યું: ''તમે કહો તો તેને પકડીને તમારાં ચરણોમાં નમાવું અને તમે કહો તો પગ પકડીને એવો ફગાવી દઉં કે તે ઘેલામાં જઈને પડે.''

શ્રીહરિએ હસતાં હસતાં તેમને કહ્યું: ''એમ વ્યાકુળ થઈને સાહસ કરવાની જરૂર નથી. એ તો એની મેળે આવશે.''

અને બન્યું પણ એમ જ, એ હિમરાજ શાહ પછીથી શ્રીહરિના એવા ભક્ત થયા કે શ્રીહરિ તેમને અંતકાળે તેડવા પધાર્યા હતા.[૨૨]

શ્રીહરિએ દેવજી ગોસાળિયાને સત્સંગી કર્યો

ગઢડામાં શ્રી જીવાખાચરનો દેવજી ગોસાળિયો નામનો એક કારભારી હતો. શ્રીહરિ પ્રત્યે તેને સદ્‌ભાવ નહોતો. આથી શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારમાં હોય તેમ છતાં તે શ્રીહરિ સમક્ષ આવે નહીં. ક્યારેક આવે તો શ્રીહરિનાં દર્શન કરે નહીં, તેમની સામું જ જુએ નહીં.

એક વખત કંઈક વાતનો પ્રસંગ નીકળતાં શ્રીહરિએ આ વાત શ્રી જીવાખાચરને કરી.

આ સાંભળી જીવાખાચરે કહ્યું: ''મહારાજ! આજે જ એને તમારાં દર્શન કરાવું.''

એમ કહીને જીવાખાચર દેવજી ગોસાળિયા પાસે ગયા. પાછળ પાછળ શ્રીહરિ પણ પાર્ષદ સાથે તેની પાસે ગયા. આથી તે દેવજી શ્રીહરિની સામે જોવાને બદલે નીચું જોઈ ગયો. આથી દિવ્ય ચરિત્ર કરતાં શ્રીહરિએ તેનું માથું ઝાલીને ઊંચું કર્યું, પછી કહ્યું: 'વાણિયા! અમે તમારું શું બગાડ્યું છે તે સામું નથી જોતો?'

એમ કહીને શ્રીહરિએ તેની આંખમાં આંખ મેળાવી તેના તરફ કૃપાદૃષ્ટિ કરી.

શ્રીહરિની એ કૃપાદૃષ્ટિથી દેવજીને પશ્ચાત્તાપ થયો. તેણે શ્રીહરિની

---

૨૨. સદ્. અદ્‌ભુતાનંદ સ્વામીની વાતોઃ ૨૨૧

માફી માંગીને કહ્યું: 'હવેથી તમારાં દર્શન કરીને પછી જ રોટલો જમીશ.'

પછી એ દેવજી ગોસાળિયો સત્સંગી થઈ ગયો.[૨૩]

શ્રીહરિએ રાંકને મોક્ષ આપ્યો

એકવાર શ્રીહરિએ મોડી રાત્રી સુધી શ્રી જીવાખાચરના દરબારમાં કથાવાર્તાનો લાભ આપ્યો. ત્યારબાદ રાત્રે બે વાગે શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારમાંથી શ્રી દાદાખાચરના દરબારમાં આવવા બહાર નીકળ્યા, ત્યાં એક રાંક શ્રી જીવાખાચરનું નામ લઈને પોકાર પાડતાં પાડતાં રડતો હતો: 'જીવા! મોક્ષ દે, મોક્ષ દે.'

શ્રીહરિ તેની પાસે જઈને ઊભા રહ્યા. તે સમયે શ્રીહરિની સાથે નાજો હતો. તે નાજો એમ સમજ્યો કે આ રાંક રોટલો માંગે છે. આથી તેણે જીવુબા પાસેથી લાવીને એક રોટલો એ રાંકને આપ્યો. તેણે અડધો રોટલો ખાધો અને તેને મૂર્છા આવી ગઈ. તે ઢળી પડ્યો. ત્યારે શ્રીહરિએ એની છાતી પર ચરણારવિંદના અંગુઠાથી સ્પર્શ કર્યો. ત્યાં તો તેણે દેહ ત્યાગ કરી દીધો.

શ્રીહરિ તરત શ્રી જીવાખાચરના દરબારમાં પાછા પધાર્યા અને તેમને કહેવા લાગ્યા: ''તે રાંક રોટલો નહીં, મોક્ષ માંગતો હતો, આથી અમે તેને પગ અડાડ્યો. તે મોક્ષ ગતિ પામ્યો છે. તેના મૃત શરીરને અમે સ્પર્શ્યા છીએ. માટે અમે સ્નાન કરીશું.''

શ્રીહરિની આજ્ઞાથી શ્રી જીવાખાચરે એનો અગ્નિસંસ્કાર કરાવ્યો અને શ્રીહરિ નાજા સાથે ઘેલા નદીએ સ્નાન કરવા પધાર્યા.[૨૪]

શ્રીહરિએ બંદૂકો ફોડાવીને વરસાદ થકી રક્ષા કરી

એકવાર શ્રીહરિ ચોમાસાની ઋતુમાં ગઢપુરમાં બિરાજમાન હતા. આ દરમ્યાન પુષ્કળ વરસાદ આવ્યો તેથી ઘેલામાં પૂર આવ્યું. આથી શ્રી જીવાખાચર શ્રીહરિને કહેવા લાગ્યા: ''મહારાજ! હજુ બહુ વરસાદ પડશે તો ઘેલાના પાણીમાં ગામ તણાશે. માટે આપ કાંઈક કૃપા કરો.''

મંદ મંદ હસતાં હસતાં શ્રીહરિએ પાસે ઊભેલા પાર્ષદોને કહ્યું: ''તમે બધા વાદળ તરફ તમારી બંદૂક ફોડો.''

શ્રીહરિની આજ્ઞાથી પાર્ષદો બંદૂક લઈને આવ્યા અને વરસતાં વાદળાં તરફ બંદૂકો ફોડી. સૌનાં આશ્ચર્ય વચ્ચે થોડી જ વારમાં વાદળાં વેરાઈ ગયાં ને વરસાદ બંધ થઈ ગયો.

આવું અદ્‌ભુત ચરિત્ર શ્રીહરિએ અહીં કર્યું હતું.[૨૫]

શ્રીહરિ તરત શ્રી જીવાખાચરના દરબારમાં પાછા પધાર્યા અને તેમને કહેવા લાગ્યા: ''તે રાંક રોટલો નહીં, મોક્ષ માંગતો હતો, આથી અમે તેને પગ અડાડ્યો. તે મોક્ષ ગતિ પામ્યો છે. તેના મૃત શરીરને અમે સ્પર્શ્યા છીએ. માટે અમે સ્નાન કરીશું.'' શ્રી જીવાખાચરે તેનો અંતિમ સંસ્કાર કર્યો.

---

૨૩ સદ્. અક્ષરાનંદ સ્વામીની વાતો: ૧૦૭

૨૪. સદ્. અક્ષરાનંદ સ્વામીની વાતો: ૧૧૭

૨૫. સદ્. માધવદાસજી કૃત શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર: ૬૯/૩

દિવ્ય દર્શન દ્વારા સત્સંગી કર્યો

શ્રી જીવાખાચરના બનેવીને શ્રીહરિ પ્રત્યે અકારણ દ્વેષ હતો પરંતુ તેનાં પત્ની એટલે કે શ્રી જીવાખાચરનાં બહેન શ્રીહરિનાં દૃઢ આશ્રિત હતાં. તેમને શ્રીહરિ પ્રત્યે અપાર ભક્તિભાવ હતો. આથી કેટલીય વાર પતિએ ના પાડી હોવા હોવા છતાં તે બહેન શ્રીહરિનાં દર્શને આવતાં. તેના પતિને આ બધું ગમતું નહીં.

પરંતુ એકવાર દિવ્ય પ્રસંગ બન્યો. શ્રી જીવાખાચરના દરબારમાં શ્રીહરિ સ્નાન કરતા હતા. શ્રી જીવાખાચરના બનેવીએ શ્રીહરિને સ્નાન કરતાં નિહાળ્યા. શ્રીહરિએ સ્નાન કરીને વસ્ત્ર ધારણ કર્યાં, એ પણ તેણે નિહાળ્યું. એ વસ્ત્ર ધારણ કરતા શ્રીહરિના સ્વરૂપમાં તેને અલૌકિક દર્શન થયાં. તે જોઈને તેને અતિ આશ્ચર્ય થયું. પછી શ્રીહરિનાં ચરણે પડીને ગદ્‌ગદ કંઠે માફી માંગી અને સત્સંગી કરવા પ્રાર્થના કરી.

શ્રીહરિએ તેના પર કૃપાદૃષ્ટિ કરીને ખૂબ આશીર્વાદ વરસાવ્યા અને તેને દૃઢ સત્સંગી કર્યો.[૨૬]

શ્રીહરિએ ઘેલા નદીનાં નીર શાંત કર્યાં

એક વખત શ્રીહરિ અષાઢ માસમાં ગઢપુરમાં બિરાજતા હતા. તે સમયે ખૂબ વરસાદ થવાથી ઘેલા નદીમાં પૂર આવ્યું. ત્રણ દિવસ સુધી એટલું બધું પાણી આવ્યું કે ગામનાં બકરાં, ગાય, ભેંસ, ઘર તણાઈ ગયાં. કેટલાક માણસો પણ તણાતા હતા. તણાયેલા કેટલાક, ઝાડ પર ચઢીને ત્રણ દિવસ ભૂખ્યા રહ્યા. અન્ન તણાઈ ગયું અને રહ્યું તે સડવા માંડ્યું.

શ્રી જીવાખાચરની વિનંતીથી શ્રીહરિ તેમની સાથે શ્રીફળ, ચૂંદડી તથા સાકર લઈ ઘેલા નદીએ ગયા. તે વખતે નદીના પ્રચંડ વેગથી હાથી જેવા મોટા પથ્થર પણ ઊલટ સૂલટ થઈ ગયા હતા. શ્રીહરિએ નદીનાં જળમાં શ્રીફળ, ચૂંદડી તથા સાકર નાખીને ઘેલાનું પૂજન કર્યું. શ્રીહરિની એ કૃપાથી રેલ તરત હઠી ગઈ.[૨૭]

> “
> **શ્રી જીવાખાચરની વિનંતીથી શ્રીહરિ તેમની સાથે શ્રીફળ, ચૂંદડી તથા સાકર લઈ ઘેલા નદીએ ગયા. તે વખતે નદીના પ્રચંડ વેગથી હાથી જેવા મોટા પથ્થર પણ ઊલટ સૂલટ થઈ ગયા હતા. શ્રીહરિએ નદીનાં જળમાં શ્રીફળ, ચૂંદડી તથા સાકર નાખીને ઘેલાનું પૂજન કર્યું. અને પૂર શાંત થઈ ગયું.**

શ્રીહરિએ સંતોને ટાટનો ત્યાગ કરાવ્યો

એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ વરતાલથી પચ્છમ, કારિયાણી થઈ ગઢપુર આવ્યા. ત્યાં વસંતપંચમીનો ઉત્સવ હતો. ઉત્સવ બાદ આવેલા સૌ સંતોને શ્રીહરિએ ટાટ પહેરવાની આજ્ઞા કરી. તે માટે પોતે પણ પહેલાં ટાટ ધારણ કર્યાં. પછી સંતોએ નિયમ રાખી ટાટ પહેર્યાં. ત્રણ દિવસ સંતોએ પહેર્યાં.

---

૨૬. શ્રીહરિચરિત્રચિંતામણિઃ ૩/૪૮૧

૨૭. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૧૫/૩૨

શ્રી જીવાખાચર ટાટ પહેરેલા સંતોને જોઈને મનમાં દુઃખી થતા હતા. આથી તેઓ શ્રીહરિ સમીપે આવી હાથ જોડી વિનંતી કરવા લાગ્યાઃ "મહારાજ! સંતોને આપને રીઝવવાનું તાન રહે છે. સંતો કોઈ પણ લોભ વિના કેવળ આપને રાજી કરવા માટે આપનાં વચનરૂપ તલવારની ધાર પર રહે છે. પણ આપ સંતોને જેમ વર્તાવો છો, તેવું જ જગતમાં પણ વર્તે છે. પણ આપે સંતોને ટાટ પહેરાવ્યાં છે, તેથી હવે અમને પણ વસ્ત્રો મળશે નહીં. એમ અમને નિશ્ચિત્ત લાગે છે. માટે આપ અમારી પ્રાર્થના સાંભળો."

તે સમયે શ્રીહરિએ કહ્યુંઃ "ભલે! તમારું અંતર શુદ્ધ છે. તમને દુઃખ થાય તો અમને પણ દુઃખ લાગે. માટે જેમ હોય તેમ કહો."

ત્યારે સંતો પ્રત્યે અપાર સ્નેહ અને આદર ધરાવતા શ્રી જીવાખાચરે શ્રીહરિને કહ્યુંઃ "મહારાજ! અમે તો બાળકબુદ્ધિ છીએ. આપની વાતનું રહસ્ય જાણી શકીએ નહીં. આપ જે પ્રકરણો ફેરવો છો તે કારણ વગરનું હોય નહીં. વિમુખને સન્મુખ કરવા અને જીવના રજોગુણનું ખંડન કરવા આપ સંતોને દમો છો. પણ વિમુખને તે વાતનું જ્ઞાન ન હોવાથી, ટાટ પહેરેલાં સંતોને જોઈને મશ્કરી કરે છે. ફેલી જનોને ફેલી ગુરુમાં તાન હોય છે. તેથી આવા સાચા સંતને ફાવે તેટલું દમન કરાવો તોપણ તેમને ગુણ આવે નહીં. માટે અમારું હિત કરવા માટે આપે સંતોને ટાટ પહેરાવ્યાં છે તેનો ત્યાગ કરાવો એવી વિનંતી છે."

શ્રી જીવાખાચરનાં આ વચનો સાંભળીને દયાળુ શ્રીહરિએ સંતોને ટાટનો ત્યાગ કરાવ્યો. પછી સંતોને એક કંથા ઉપરાંત એક વધારાની ચાદર પણ રાખવા આજ્ઞા કરી. તે ચાદરની કફની બનાવી સંતોને કંઠમાં ધારણ કરાવી. સંતોએ શ્રીહરિની એ આજ્ઞા માથે ચડાવી.[૨૮]

---

૨૮. ટાટ પ્રકરણ સાથે જોડાયેલો સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીનો પ્રચલિત પ્રસંગ પણ આ સમયે જ બન્યો હતો. શ્રીહરિએ બધાને ટાટ આપ્યા ત્યારે બ્રહ્માનંદ સ્વામીને પણ સૌની જેમ ટૂંકું ટાટ આપ્યું. તેમણે પહેરવાનો પ્રયાસ કર્યો પરંતુ ટૂંકો હોવાથી ફાવ્યું નહીં. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યુંઃ "બીજો ટુકડો આપો. આ ચાર આંગળ ટૂંકો પડે છે. મારું શરીર પૂરું ઢંકાતું નથી." શ્રીહરિએ કહ્યુંઃ "ટાટ તો નિયમ પ્રમાણે જ મળશે. શરીર સૂકવી નાંખો." બ્રહ્માનંદ સ્વામીએ કહ્યુંઃ "આપની આજ્ઞા પાળીને આજે ઉપવાસ શરૂ કરું તોપણ દસ દિવસે કંઈક વજન ઊતરે. પરંતુ ત્યાં સુધી તો ટાટનો મોટો ટુકડો આપો!" શ્રીહરિએ કહ્યુંઃ "સૌને જેટલું આપીએ છીએ તેટલું જ તમને મળશે" બ્રહ્માનંદ સ્વામી ટાટ પકડી ઉપર-નીચે ચારે તરફ જોવા લાગ્યા. શ્રીહરિએ પૂછ્યું ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યુંઃ "હું જોઉં છું કે પૃથ્વીમાં બીજે ક્યાંય ભગવાન છે કે શું? પરંતુ મહારાજ! નખ જેટલી પૃથ્વીમાં પણ તમારા સિવાય બીજો કોઈ ભગવાન દેખાયો નહીં. માટે આપ જેમ કહેશો તેમ જ કરીશું." આ સાંભળીને શ્રીહરિના હાથમાંથી ટાટના કટકા પડી ગયા ને એકદમ ઢોલિયા ઉપરથી ઊભા થયા ને બ્રહ્માનંદ સ્વામીને ભેટી પડ્યા.

પ્રસંગ સ્રોતઃ શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૧૭/૬૩

માણકી ઘોડીના અસવાર શ્રીહરિ

એક વખત શ્રીહરિ ઝીંઝાવદર વગેરે ગામોમાં વિચરણ કરતાં કરતાં ગઢપુર આવ્યા અને શ્રી એભલખાચરના દરબારમાં ઉતારો કર્યો. બે-ત્રણ દિવસ રહીને શ્રીહરિ ફરીથી વિચરણ માટે નીકળવા તૈયાર થયા. એટલામાં શ્રી જીવાખાચર ત્યાં આવ્યા. તેમણે શ્રીહરિને પૂછ્યું: ''મહારાજ! કેમ વહેલા ચાલ્યા? આપને તો બહુ દિવસ સુધી ગઢપુરમાં રાખવાનો અમે ઠરાવ કર્યો છે. માટે અમારા દરબારમાં કે એભલખાચરના દરબારમાં - જ્યાં આપને ગમે ત્યાં બિરાજો. મારી આપને પ્રાર્થના છે કે આપ હવે અમારા દરબારમાં ચાલો. અમે આપના દાસ છીએ. આપને ચાલવાની મરજી હોય તો અમે આપને રોકીશું નહીં.''

શ્રી જીવાખાચરનો ભાવ જોઈને શ્રીહરિ તેમના દરબારમાં પધાર્યા અને પલંગ પર બિરાજમાન થયા. મુકુંદાનંદ બ્રહ્મચારી રસોઈ બનાવી તે શ્રીહરિ જમ્યા અને પછી બીજાઓને પણ જમાડ્યા.

જમ્યા પછી શ્રીહરિ પલંગ પર બિરાજ્યા ત્યારે શ્રી જીવાખાચરે તેમને કહ્યું: ''મહારાજ! આપ મારી એક વિનંતી છે તે સાંભળો. આપ ઘોડા પર બિરાજો છો પરંતુ તે બળમાં આવે ત્યારે કાબૂમાં રહે નહીં. એટલે આપના માટે જાતવાન ઘોડી હોય તો તે શ્રેષ્ઠ વાહન કહેવાય. કેટલીક ઘોડીઓ તો અસવારની મરજી પ્રમાણે ચાલે છે. કેટલીક ઘોડી એવી હોય છે કે અસવાર રાત્રે માર્ગ ભૂલી જાય ત્યારે એ ઘોડી રસ્તો બતાવે. અમે જ્યારે મેલીકાર[૨૯] માટે જતા ત્યારે ઘણે દૂર સુધી નીકળી જતા. પાવાગઢ સુધી જઈને પાછા ફરતા. રાત્રે રસ્તો ભુલાઈ જતો ત્યારે અમે અમારી ઘોડીને છૂટી મૂકી દઈએ. એટલે તે અમારા ધાડાની આગળ ચાલે અને અમને રસ્તો બતાવે. ઘોડીની સારી જાતમાં એવા ગુણ હોય છે. એટલે આપના માટે એવી ઘોડી રાખવી જોઈએ.''

ત્યારે શ્રીહરિએ કહ્યું: ''જાતની દૃષ્ટિએ જે સર્વોપરી હોય અને રૂપાળી પણ ઘણી હોય એવી ઘોડી અમારા માટે લેવાનું અમે તમને કહી રાખીએ છીએ. તમે જેટલી કિંમત કહેશો તેટલી અપાવીશું. માટે, અમે તમને જરૂરાજરૂર કહીએ છીએ કે અમારા માટે તમે એવી ઘોડી લેવાનું ભૂલશો નહીં.''

શ્રી જીવાખાચરે કહ્યું: ''ભલે મહારાજ! મોટા મોટા રાજાઓ પણ જેને વખાણે એવી અજોડ ઘોડી આપના માટે લઈશું.''

ત્યારપછી શ્રી જીવાખાચરના દરબારમાં બે-ત્રણ દિવસ રહીને શ્રીહરિ કાઠી દરબારોને સાથે લઈને કરિયાણા ગામ તરફ ગયા.

થોડા સમય પછી શ્રીહરિ ફરીથી ગઢપુર આવ્યા અને શ્રી જીવાખાચરના

---

૨૯. ધાડ પાડવાની ક્રિયા.

દરબારગઢમાં બિરાજ્યા.

તે સમયે જીવાખાચર પાસે કરિયાણા ગામનો એક કાઠી માણકીની વછેરી લઈ આવ્યો. કોઈ રાજાના ભવનમાં પણ ન હોય તેવી માણકી જોઈ શ્રી જીવાખાચરે તે કાઠીને કહ્યું: 'આ ઘોડી તમારે ઘરે રહેવાની નથી. દીવાન કે રાજા આ ઘોડીની વાત પણ સાંભળશે તો તારી પાસેથી ખૂંચવી લેશે. પરંતુ તું અમને વેચાતી આપીશ તો તું બચી જઈશ. અમે તને આ તારા હિતની વાત કરી.'

શ્રી જીવાખાચરની આ વાત પર તે કાઠીને વિશ્વાસ આવ્યો. તેણે તે માણકી ઘોડી શ્રી જીવાખાચરને દીધી. પછી શ્રી જીવાખાચરે શ્રીહરિને બોલાવીને માણકી ઘોડી દેખાડી. શ્રીહરિએ તે માણકી ઘોડી પર બેસીને દોડાવી જોઈ. શ્રીહરિ ઇચ્છતા તેવી જ આ માણકી ઘોડી હતી. તેથી એ કાઠીએ માગ્યા તેટલા રૂપિયા તેને શ્રી શ્રીહરિએ જીવાખાચર પાસે અપાવ્યા અને ઉપરથી એક કીમતી રેંટો પણ ભેટમાં દીધો.

શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારગઢના ફળિયામાં આ ઘોડીને નિત્ય દોડાવતા. બે ઘડી રાત્રી રહે ત્યારે શ્રીહરિ ઊઠીને સોનેરી પલાણ સજી ઘોડી પર સજ્જ થઈ બેસતા અને ઘોડીને ફેરવતા. આ માણકી ઘોડી માટે ઘોડશાળ પણ શ્રી જીવાખાચરે પોતાના દરબારગઢમાં કરાવી હતી.[30]

શ્રીહરિએ દ્રાવિડી પંડિતને ભેટ અપાવી

એક સમયે શ્રીહરિ ગઢપુરમાં બિરાજમાન હતા. તે સમયે શ્રીહરિહરાચાર્ય નામનો એક દ્રાવિડી વિપ્ર ગઢડા આવ્યો. આ દ્રાવિડી વિપ્ર પોતાને વેદાંતાચાર્ય કહેવરાવતો. તેના અંતરમાં શ્રીહરિએ પ્રવર્તાવેલ ધર્મની પ્રવૃત્તિ પ્રત્યે દ્વેષ હતો. તે દ્વેષ છૂપો રાખીને તે શ્રી જીવાખાચરના દરબારમાં ગયો અને ત્યાં ઉતારો કર્યો. શ્રીહરિને તેના સમાચાર મળ્યા બધી વિગત જાણીને પુરાણી પ્રાગજી દવેને પૂછ્યું: ''આ દ્રાવિડી પંડિત કોણ છે ?''

પ્રાગજી પુરાણીએ કહ્યું: ''મને તેમનો વિશેષ પરિચય નથી. પરંતુ

> **શ્રી જીવાખાચરની આ વાત પર તે કાઠીને વિશ્વાસ આવ્યો. તેણે તે માણકી ઘોડી શ્રી જીવાખાચરને દીધી. પછી શ્રી જીવાખાચરે શ્રીહરિને બોલાવીને માણકી ઘોડી દેખાડી. શ્રીહરિએ તે માણકી ઘોડી પર બેસીને દોડાવી જોઈ. શ્રીહરિ ઇચ્છતા તેવી જ આ માણકી ઘોડી હતી. શ્રીહરિ પ્રસન્ન થઈ ગયા.**

૩૦. માણકી ઘોડીના આગમન અંગે અન્ય પણ કેટલીક પ્રચલિત કથાઓ સંપ્રદાયના સાહિત્યમાં જોવા મળે છે. જેમ કે ચૂડાના શ્રી ભીમ પંડ્યાએ શ્રીહરિને વિક્રમ સંવત ૧૮૬૮માં માણકી ઘોડી સેવામાં આપી હતી. અન્ય કથા મુજબ મીણાપરથી ક્ષત્રિય કન્યા મોંઘીબાએ શ્રીહરિને માણકી ઘોડી સેવામાં આપી હતી. જો કે સંપ્રદાયના ગ્રંથોમાં શ્રી જીવાખાચરના દરબારગઢમાં શરૂઆતનાં ત્રણ વર્ષ રહ્યા તે દરમ્યાન પણ માણકી ઘોડીની ઘોડશાળ હોવાનાં પ્રમાણો મળતાં હોવાથી, અને શ્રીહરિ મોડી રાત્રે શ્રી જીવાખાચરના દરબારગઢમાં માણકી ઘોડી ફેરવતા હોવાના ઉપરોક્ત પ્રસંગો નોંધાયેલા હોવાથી, માણકી ઘોડીના આગમનનો ઉપરોક્ત ઇતિહાસ પણ પ્રમાણભૂત હોઈ શકે છે.

પ્રસંગ સ્રોત: શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૩/૨૭, ૧૫/૪૧

અંજારમાં તેના પિતા અનંતાચાર્ય અમને મળેલા. પરંતુ આમનામાં વિદ્વત્તા કરતાં દંભ વધુ દેખાશે.'

આથી શ્રીહરિએ અમુક પ્રશ્નો સૂચવીને પ્રાગજી પુરાણીને શ્રી જીવાખાચરને ત્યાં મોકલ્યા. પ્રાગજી પુરાણી સાથે પ્રશ્નોત્તરી કર્યા બાદ એ દ્રાવિડી પંડિતને શ્રીહરિને મળવાની ઇચ્છા થઈ. તેણે કહ્યું: ''મારે સ્વામિનારાયણને મળવું છે.''

આથી શ્રીહરિ શ્રી જીવાખાચરને ત્યાં ગયા. પોતાના પ્રત્યેનો આ પંડિતનો છૂપો દ્વેષ જાણતા હોવા છતાં શ્રીહરિએ શ્રી જીવાખાચર પાસે તેમને રૂપિયા ૧૦૦ની ભેટ અપાવી.[૩૧]

દુષ્કાળના દુઃખ વચ્ચે રંગોત્સવનું સુખ

વિક્રમ સંવત ૧૮૬૯ના વર્ષમાં ગઢપુરમાં શ્રીહરિના સાંનિધ્યમાં ફૂલદોલનો ઉત્સવ આવ્યો. શ્રીહરિએ સંતોને તેડાવ્યા હતા. સંતોનાં મંડળ જેટલાં આવતાં તે બધાં શ્રી જીવાખાચરના દરબારમાં ઊતરતાં હતાં. શ્રી જીવાખાચરના ભવનની પાછળના ભાગમાં અપાર જગ્યા હતી, તેમાં સહુ સંતો રહી શકતા હતા. દરબાર શ્રી જીવાખાચર, તેમના ભાઈ શ્રી મૂળુખાચર અને તે બંનેના પુત્રો રાતદિવસ સંતોની સેવામાં હાજર રહેતા હતા. શ્રીહરિ શ્રી એભલખાચરના દરબારગઢમાં ઊતર્યા હતા.

આ વર્ષે દુષ્કાળ ઘણો ભયંકર હતો. તેથી ચારે બાજુ દુઃખના ઓળા ઊતર્યા હતા, પરંતુ ભક્તો માટે તો શ્રીહરિ જ એક માત્ર સુખનું ધામ હતા. આથી સૌ ફૂલદોલના ઉત્સવે શ્રીહરિ પાસે ગઢપુર પહોંચવા લાગ્યા. દેશદેશમાં જે સમર્થ હરિભક્તો હતા તે યોગ્ય રીતે ગઢપુર આવતા રહેતા હતા. શ્રીહરિ ગઢપુરમાં ફૂલદોલનો ઉત્સવ કરતા હતા તેમાં ગુજરાત, દંઢાવ્ય, વઢિયાર, ચુંવાળ, ઝાલાવાડ, ચરોતર, વાકળ, કાનમ ઈત્યાદિ પ્રદેશના હરિભક્તો ઉત્સવમાં આવ્યા હતા. બારા, ભાલ, નળકાંઠા, જતવાડ, મચ્છુકાંઠા, વાગડ અને કચ્છ દેશના હરિભક્તો પણ આવ્યા હતા. હાલાર, સોરઠ, દીવબંદર, ઊનાપ્રદેશ, વાળાંક પ્રદેશ, ગોહિલવાડ તેમજ કાઠિયાવાડના બધા હરિભક્તો હરિભક્તો પણ ઘણા ઉત્સાહથી આવ્યા હતા. સુરતના હરિભક્તો નાવમાં બેસીને આવ્યા હતા. બધા એક મણ ગુલાલ પણ સાથે લેતા આવ્યા હતા.

એકાદશીના દિવસથી હરિભક્તો આવતા હતા. શ્રીહરિએ હુતાશની અને ફૂલદોલનો ઘણો ભારે ઉત્સવ શરૂ કર્યો. શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચર બંનેના દરબારગઢમાં બે વખત શ્રીહરિ સભા કરતા હતા. શ્રીહરિની મૂર્તિ દિવ્ય હતી. શ્રીહરિને બત્રીસ વર્ષ પૂરાં થયાં હતાં, પણ તે કોઈને જણાતાં નહીં.

---

૩૧. શ્રી હર્ષદરાય ત્રિ. દવે લિખિત ભગવાન શ્રી સ્વામિનારાયણ: ૩/૫૦૬

શ્રીહરિ સાંજે અને સવારે એમ બે વાર સૌને દર્શન આપતા હતા અને બધા હરિભક્તોની સાથે સંતોની સભા થતી હતી. સંતો વાંજિત્રો વગાડીને વસંત, ધુમાર, અને હોરીનાં પદ ગાતા હતા અને રોજ મહાન ઉત્સવ થતો હતો. બંને દરબારગઢમાં અનુપમ રંગમંડપ કર્યા હતા. તેની શોભા કહી શકાતી નથી. મંડપની વચ્ચે સુંદર સિંહાસન પણ કર્યું હતું. શ્રી એભલખાચરના દરબારમાં સવારથી બપોર સુધી શ્રીહરિ સભા કરતા હતા અને ત્યાં મહાન ઉત્સવ થતો હતો.

હરિભક્તો ગુલાલ લાવીને શ્રીહરિની આગળ મૂકતા ત્યારે શ્રીહરિ ગુલાલની પોશ ભરી ભરીને ઉડાડતા હતા. દરબારગઢમાં રહેલો મંડપ અને બધી ભૂમિ ગુલાલ ગુલાલ થઈ જતી હતી. શ્રીહરિ રોજ બપોર પછીના સમયમાં સંતો અને હરિભક્તોને સાથે લઈને ઘેલા નદીમાં ખળખળિયાને નજીક રહેલા ધરામાં સ્નાન કરતા હતા. ઘેલાનો ધરો રંગમય થઈ જતો હતો. સંતો સ્નાન કરતાં કરતાં વસંત અને હોરીનાં પદ ગાતા હતા. સંતોની સાથે શ્રીહરિ પણ વસંત અને હોરીનાં પદ ગાતા હતા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી, આ ત્રણ કવિઓએ રચેલાં ઘણાં પદો સવાર-સાંજ ગવાતાં હતાં.

શ્રીહરિ જ્યારે ઉન્મત્તગંગામાં સ્નાન કરવા પધારતા ત્યારે શ્રી જીવાખાચર શ્રીહરિને પોતાના દરબારમાં ઘણા પ્રેમભાવથી પધરાવતા હતા. તે સમયે બધા સંતો અને હરિભક્તો સાથે રહેતા હતા. શ્રી જીવાખાચરનાં ભવન ઊંચી ઊભણીવાળાં હતાં અને તેની ઓસરીમાં પલંગ બિછાવતા હતા. વિચિત્ર ભાતના સોનેરી પલંગ ઘણા સુંદર હતા. શ્રીહરિ તે પલંગ ઉપર આવીને બિરાજમાન થતા. દિવસનો પાછલો એક પહોર બાકી રહે ત્યારે ઓસરીની આગળના ચોકમાં સંતો અને હરિભક્તોની એક સરસ સભા થતી હતી. સંતો ક્યારેક ઝાંઝ અને મૃદંગ વગાડતા હતા, ક્યારેક સરોદ અને સિતાર પણ વગાડતા અને કોઈ વખતે દોકડ અને તાલ પણ વગાડતા હતા. તેને સાંભળતાં ભક્તજનો ક્યારેય તૃપ્ત થતા નહીં.

સાંજે જ્યારે મશાલો થાતી ત્યારે સંતો સ્વામિનારાયણ ધૂન મુખથી ખૂબ જ બોલતા હતા અને બધા હરિભક્તો ધૂન બોલતા હતા. તે બધા હાથની તાળી વગાડીને શ્રીહરિની સાથે ધૂન કરતા હતા. ધૂન કરી રહ્યા પછી તે સમયે શ્રીહરિ સભામાં જ્ઞાનવાર્તા કરતા હતા. ક્યારેય ન સાંભળી હોય એવી વાત શ્રીહરિ કરતા હતા.

એક પહોર રાત વીતતી ત્યારે શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારમાંથી ચાલતા. આગળ રાજબજારમાં ઢોલ અને તાંસા વાગતાં રહેતાં. તીખા સ્વરની શરણાઈ પણ વાગતી હતી. આગળ દસ-બાર જેટલી મશાલો થતી અને શ્રીહરિ અશ્વ પર બેસતા. નાગાજણ રાવળ આગળના ભાગમાં રવાજ

આ વર્ષે દુષ્કાળ ઘણો ભયંકર હતો. તેથી ચારે બાજુ દુઃખના ઓળા ઊતર્યા હતા, પરંતુ ભક્તો માટે તો શ્રીહરિ જ એક માત્ર સુખનું ધામ હતા. આથી સૌ ફૂલદોલના ઉત્સવે શ્રીહરિ પાસે ગઢપુર પહોંચવા લાગ્યા. દેશદેશમાં જે સમર્થ હરિભક્તો હતા તે યોગ્ય રીતે ગઢપુર આવતા રહેતા હતા.

નામનું વાજિંત્ર વગાડતો હતો. બીજા સંબંધીઓ પણ હતા. તે બધા તાલ બજાવીને નાચતા હતા. બધા ભક્તજનો શ્રીહરિની પાછળ ચાલતા અને ગામનાં નરનારીઓ બજારમાં બંને બાજુએ ભીડમાં, મનમાં અત્યંત ઉમંગથી ઊભા રહેતા હતા. સહુ શ્રીહરિને હાથ જોડી રહ્યા હતા. આ રાજમાર્ગમાં જ્યાં સુધી શ્રી જીવાખાચરની હદ રહેતી, ત્યાં સુધી ચિત્ર-વિચિત્ર પ્રકારના દીવાઓની શોભા અપરંપાર કરાયેલી રહેતી હતી. દરબારમાં શ્રી જીવાખાચર દિન-પ્રતિદિન બજારમાં નવીન શોભા કરાવતા હતા કે એવી શોભા બીજે ક્યાંય હતી નહીં. શ્રી એભલખાચર પણ બજારમાં પોતાની પાકી હદ જ્યાં આવે ત્યાંથી શ્રી જીવાખાચર કરતાં પણ વધારે દીવા કરાવતા હતા.

શ્રીહરિ કોઈ વખતે શ્રી જીવાખાચરના દરબારગઢમાં પણ રાત રહી જતા હતા. શ્રીહરિની મરજી પ્રમાણે બંને દરબારગઢમાં શ્રીહરિને માટે વિચિત્ર પ્રકારે અનુપમ મંદિર કર્યા હતા.

હુતાશનીના દિવસોમાં દરબાર શ્રી એભલખાચરે ચોકમાં કરેલા રંગમંડપમાં રંગના હોજ કરાવ્યા હતા. તેમના મનમાં ધ્યાન કરવાને માટે શ્રીહરિ અને સંતોને રંગે રમાડવા એવો ભાવ હતો.

પછી દરબારે ઘણો જ રંગ કરાવ્યો. જેટલા સંતો અને હરિભક્તો હતા તેટલી પિચકારીઓ બનાવડાવી. બધા હરિભક્તો ગુલાલ લાવ્યા હતા અને દરબાર પણ ઘણો ગુલાલ લાવ્યા. કસ્તૂરી, કેસર, પતંગ અને જાવકના રંગના મોટા માટલાઓ ભરાવ્યા. તે રીતે જ કેસુડાના રંગના હોજ ભર્યા. તેને જોવા માટે શ્રીહરિ આવ્યા. તે સમયે દરબાર શ્રી જીવાખાચર શ્રીહરિની સાથે હતા. હોજને દેખીને તો તેઓ દંગ થઈ ગયા. પછી શ્રી જીવાખાચરે શ્રીહરિને કહ્યું: ''આ શ્રી એભલખાચરના હોજને જોઈને અમે પણ હોજ કરાવીએ. પછી આપ સંત અને હરિભક્તના સમુદાયની સાથે ખૂબ રંગક્રીડા કરો.''

હુતાશનીનો દિવસ આવ્યો ત્યારે શ્રીહરિ શ્રી એભલખાચરના દરબારમાં ઘણા ઉત્સાહથી અપાર રંગે રમ્યા. મધ્યાહ્ન સમય થયો પછી દરબાર શ્રી જીવાખાચરે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું: ''પ્રભુ! અમે રંગ ઘણો તૈયાર કર્યો છે.''

ત્યારે શ્રીહરિએ કહ્યું: ''તો પછી ચાલો અમે આવીએ. અમારે આવવામાં કોઈ વિલંબ નથી. અમે તો હરિભક્તોના બધા જ મનોરથો પૂર્ણ કરવા આવ્યા છીએ.'' આટલું કહીને શ્રીહરિ શ્રી જીવાખાચરની બજારમાં ચાલ્યા. ગુલાલની ડમરી ચડાવતા ચાલ્યા હતા. શ્રીહરિ શ્રી જીવાખાચરના રાજદરબારમાં પ્રેમથી આવ્યા. ત્યાં રંગના બે હોજ ભરેલા હતા. તરત જ શ્રીહરિ તે રંગ ઉડાડવા લાગ્યા. સૌના હાથમાં પિચકારીઓ હતી. તેમાં રંગ ભરી ભરીને હેલી મચાવી. રંગ અને ગુલાલથી ખેલ ઘણો કર્યો. ભવનો અને ચોકને રંગ રંગ કરી દીધા. શ્રીહરિએ સંતો અને હરિભક્તોની સાથે રંગક્રીડા

"
ત્યારે શ્રીહરિએ કહ્યું: ''તો પછી ચાલો અમે આવીએ. અમારે આવવામાં કોઈ વિલંબ નથી. અમે તો હરિભક્તોના બધા જ મનોરથો પૂર્ણ કરવા આવ્યા છીએ.'' આટલું કહીને શ્રીહરિ શ્રી જીવાખાચરની બજારમાં ચાલ્યા. ગુલાલની ડમરી ચડાવતા શ્રીહરિ શ્રી જીવાખાચરના રાજદરબારમાં આવ્યા.

ઘણી કરી. આવી રંગક્રીડા ક્યારેય કરી નથી. રંગક્રીડાથી સંતો અને હરિભક્તોને રાજી કરી દીધા.[૩૨]

નાગાજણને દિવ્ય દર્શન

એક રાત્રે ભગવાન સ્વામિનારાયણ શ્રી જીવાખાચરના દરબારમાં સાધુને રહેવાની ઓરડી હતી તેમાં ઢોલિયા ઉપર પોઢ્યા હતા. તે સમયે મધ્યરાત્રિએ બાર વાગ્યે નાગાજણ રાવળ પોતાના ઘેર રવાજ વગાડી કીર્તન બોલવા લાગ્યો. શ્રીહરિ આ સાંભળી તે તરફ ખેંચાયા અને ઊભા થઈ નાગાજણને ઓરડે પહોંચ્યા. નાગાજણની વૃત્તિ કીર્તનમાં પ્રેમે કરીને જોડાયેલી હતી. શ્રીહરિ ત્યાં ઊભાં ઊભાં જ કીર્તન સાંભળવામાં લીન થઈ ગયા પરંતુ નાગાજણને તેનો ખ્યાલ ન આવ્યો. બે કીર્તન પૂરાં કરીને ત્રીજું કીર્તન ગાવાનું શરૂ કર્યું ત્યારે તેણે શ્રીહરિને દીઠા. તે હાથ જોડી શ્રીહરિ સમક્ષ ઊભો રહ્યો.

શ્રીહરિ કહેઃ ‘‘તારા પ્રેમનાં કીર્તને અમને અહીં સુધી ખેંચ્યા છે. હજુ કીર્તન ગાવ.’’

નાગાજણ રવાજ વગાડીને કીર્તન ગાતો. શ્રીહરિની આજ્ઞાથી તે વળી કીર્તન બોલવા લાગ્યો. ચોથું કીર્તન બોલ્યો ત્યાં શ્રીહરિની કૃપાથી એને સમાધિ થઈ. સમાધિમાં અનેક અવતારો શ્રીહરિની સ્તુતિ કરે છે, આરતી, પૂજા વગેરે કરે છે તે દેખાયું. બ્રહ્માદિક દેવો શ્રીહરિની પ્રાર્થના કરે છે એ દેખાયું.

એક ઘડી પછી શ્રીહરિએ એને સમાધિમાંથી જગાડ્યો. નાગાજણ સમાધિના અનુભવની આ વાત વિગતે કહીને કૃતાર્થ થયો. પછી શ્રીહરિએ તેને કહ્યુંઃ ‘‘તું હેતે કરીને અમારાં કીર્તન બોલ્યો એટલે તને આ અલૌકિક દર્શન થયાં છે. માટે હવે તે પ્રમાણે સમજજે.’’

નાગાજણે કહ્યુંઃ ‘‘હા મહારાજ! એમ જ સમજીશ.’

પછી તેને આશીર્વાદ આપીને શ્રીહરિ પાછા શ્રી જીવાખાચરના દરબારમાં આવીને પોઢી ગયા.[૩૩]

શ્રી જીવાખાચરની અપૂર્વ સેવા

એકવાર ભગવાન શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારમાં બિરાજતા હતા અને ખૂબ મંદવાડ આવી ગયો. શરીર અશક્ત થઈ ગયું. શ્રી જીવાખાચરને ચિંતા થવા લાગી.

એક રાતે શ્રી જીવાખાચરના ઓરડામાં શ્રીહરિ પોઢ્યા હતા. મધરાતે

૩૨. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૧૫/૧૭-૨૨
૩૩. શ્રીહરિચરિત્રચિંતામણિઃ ૨/૨૯૦

જાગીને એકાએક શ્રીહરિએ જીવાખાચરને કહ્યું: ''અમારે શૌચવિધિએ જવું છે.''

તરત જ શ્રી જીવાખાચરે શ્રીહરિને પથારીમાંથી બેઠા કર્યા. પોતાના બે પસાયતા પાસે શ્રીહરિને ટેકો દેવરાવ્યો અને શ્રીહરિને કહ્યું: ''આપ મારી સાથે આવો.''

કેટલાક ઓરડાઓમાં સંતો સૂતા હતા તો કેટલાક ઓરડાઓમાં તેમનાં કુટુંબીજનો સૂતાં હતાં. તેમણે જોયું કે ફક્ત રસોડામાં જ કોઈ સૂતું નથી. શ્રીહરિ પ્રત્યે અપાર પ્રેમ અને દિવ્યભાવ ધરાવતા શ્રી જીવાખાચર શ્રીહરિને રસોડામાં લઈ આવ્યા અને કહ્યું: ''મહારાજ! અહીં આ ચૂલા ઉપર આપ શૌચવિધિ કરો.''

શ્રીહરિએ કહ્યું: ''અરે બાપુ! અહીં તે બેસાતું હશે? બીજી જગ્યા બતાવો.''

શ્રી જીવાખાચરે કહ્યું: ''મહારાજ! આપને અશક્તિ ઘણી જ છે. અત્યારે બીજે ક્યાંય જવાય તેવું નથી અને બહાર વરસાદ એકધારો મંડ્યો છે. માટે આપ બેસો. અમે પછી સાફ કરીને ગોમૂત્ર અને ગાયના છાણથી લીંપી નાંખશું.''

એમ કહીને શ્રીહરિને તેમણે હાથ પકડી ત્યાં બેસારી દીધા. પોતે કમાડ વાસી બહાર ઊભા રહ્યા. સેવકો પણ બહાર ઊભા હતા.

શૌચવિધિ પછી શ્રીહરિ બહાર આવ્યા ત્યારે હાથ ધોતાં ધોતાં બોલ્યા : ''બાપુ! જગતમાં કોઈથી ન થાય એવું આપે આજે કર્યું છે.''[૩૪]

ત્યારે શ્રી જીવાખાચર બોલ્યાઃ ''અરે મહારાજ! આપ પુરુષોત્તમ નારાયણ! અમારું આ રાંધણિયું પાવન થઈ ગયું.''

બાદ શ્રીહરિના સ્નાન માટે ગરમ પાણી કરવું હતું, પરંતુ અડધી રાતે લાકડાં-છાણાં પલળી ગયાં હોવાથી શ્રી જીવાખાચર પોતાનો નવો રંગીન ઢોલિયો જાતે ગરમ પાણી કરવા ફાડવા લાગ્યા. તેમની આવી સમર્પણભક્તિ જોઈને શ્રીહરિ બોલી ઊઠ્યાઃ ''આવી ભક્તિ હોય તો બીજાં સાધન કરવાં ન પડે.''

---

૩૪. આ પ્રસંગમાં એવો પણ પાઠફેર મળે છે કે એકવાર શ્રીહરિ જીવાખાચરના દરબારમાં બિરાજતા હતા. તે સમયે તેમને મંદવાડને લીધે વારંવાર શૌચવિધિ જવાનું થયું. આથી શ્રી જીવાખાચરે ઓરડામાં ઢોલિયો ઢાળી આપ્યો. શ્રીહરિ ઓરડા પછવાડે વાડામાં શૌચવિધિએ જાય, હાથ પગ ધોઈ છપરલંગ ઉપર બેસી જાય. શ્રી જીવાખાચર જાતે શ્રીહરિની સેવા કરે, ઘણા ઉપાય કરે પણ રોગ મટે નહીં. શ્રીહરિ કહે: ''હાલ બંધ થશે નહીં, મારી ઇચ્છાથી આમ થયું છે!'' તેથી શ્રી જીવાખાચરે પોતાના ઓરડામાં એક ખૂણે કમરભર ખાડો ખોદી આપ્યો ને ત્યાં જ શ્રીહરિ માટે શૌચવિધિએ જવાની વ્યવસ્થા કરી આપી હતી. શ્રીહરિ તેમની આ સેવાથી પ્રસન્ન થયા હતા. (સહજાનંદ ચરિત્ર - ૮)

શ્રીહરિને ઠંડી પણ ખૂબ લાગતી હતી. આથી પોતાના રંગીન ઢોલિયાનાં લાકડાં બાળીને તેમણે શ્રીહરિને તપાડ્યા.

પ્રસન્ન થતાં શ્રીહરિએ કહ્યું: ''બાપુ! ભગવાન માટે જે કાંઈ કર્યું હોય તે ભગવાન કોઈ દિ' ભૂલતા નથી પણ દેશકાળે આપણા આ ભવમાં ફેર ન પડે તે જાણપણું અખંડ રાખવું.''

શ્રી જીવાખાચરની આ ટાણાની સેવાને યાદ રાખીને શ્રીહરિ તેમને અંતકાળે તેડવા પધાર્યા હતા.[૩૫]

શ્રી જીવાખાચરે સંતોને તુંબડાં ભરાવ્યાં

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રી જીવાખાચરના દરબારમાં બિરાજ્યા હતા. શ્રી જીવાખાચરે શ્રીહરિ અને સૌ સંતો માટે રસોઈની સેવા કરી હતી. સંતોની પંક્તિમાં શ્રીહરિ પીરસવા પધાર્યા. શ્રી જીવાખાચર ઊભાં ઊભાં દર્શન કરતા હતા. તેમણે કોઈકને કહ્યું: ''આણી કોર લઈ જઈને સંતોનાં તુંબડાં ભરાવો.''

ત્યારે એ સાંભળીને શ્રીહરિએ કહ્યું: ''તમે હાથમાં ઘડો લઈને ભરાવો, બીજા ભરાવશે તેમાં તમારે શું પુણ્ય?''

ત્યારે શ્રી જીવાખાચરે કહ્યું: ''આ અમારું જ પુણ્ય છે તો!''

શ્રીહરિએ કહ્યું: ''નારદને સાધુની સેવામાં મેલ્યા તે સેવાએ કરીને ભક્ત થઈ ગયા ને ભગવાનનું મન થયા.''

પછી શ્રીહરિની મરજી જાણીને શ્રી જીવાખાચર સૌ સંતોની સેવામાં તુંબડામાં પાણી આપવા માંડ્યા.

શ્રી જીવાખાચરની સેવાથી શ્રીહરિ પ્રસન્ન થયા.[૩૬]

શ્રી જીવાખાચરે શ્રીહરિને પાટો બાંધી આપ્યો

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રી જીવાખાચરના દરબારમાં ઢોલિયા પર બેઠાં બેઠાં શેરડીનો સાંઠો સુધારતા હતા. શેરડી છોલતાં છોલતાં શ્રીહરિને આંગળિયે છરી વાગી ગઈ અને લોહી નીકળવા માંડ્યું. શ્રીહરિને લોહી નીકળતું જોઈને શ્રી જીવાખાચર દ્રવી ઊઠ્યા. તેમણે તે સમે પોતાના મસ્તકે રૂપિયા પાંચસોનો સોનેરી મેકર (કીમતી પાઘ) બાંધ્યો હતો. તે જ ક્ષણે તેમણે મસ્તક પરથી એ મેકર ઉતારીને ફાડી નાંખ્યો અને તેનાથી શ્રીહરિની આંગળીએ પાટો બાંધવા લાગ્યા.

શ્રીહરિ આ જોઈને બોલી ઊઠ્યા: ''અરે! આ શું કર્યું?''

> ❝ શેરડી છોલતાં છોલતાં શ્રીહરિને આંગળિયે છરી વાગી ગઈ અને લોહી નીકળવા માંડ્યું. શ્રીહરિને લોહી નીકળતું જોઈને શ્રી જીવાખાચર દ્રવી ઊઠ્યા. તેમણે તે સમે પોતાના મસ્તકે રૂપિયા પાંચસોનો સોનેરી કીમતી પાઘ બાંધ્યો હતો. તે જ ક્ષણે એ ઉતારીને ફાડી નાંખ્યો અને પાટો બાંધવા લાગ્યા.

---

૩૫. શ્રી હર્ષદરાય ત્રિ. દવે લિખિત ભગવાન શ્રીસ્વામિનારાયણ: ૩/૨૫૧, ૫૦૭; શ્રી ગઢપુર મહાત્મ, પૃ. ૨૦૩, ૨૦૫

૩૬. શ્રીહરિચરિત્રચિંતામણિ: ૨/૧૮૮

શ્રી જીવાખાચર કહેઃ ''તમારે અર્થે કામ ન આવે તે અમારે મેકર શા કામનો?''

શ્રી જીવાખાચરની આ ટાણાની સેવાથી શ્રીહરિ અપાર રાજી થઈ ગયા.[૩૭]

શ્રીહરિએ બળોલના છોકરાને ભેટ આપી

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડામાં બિરાજીને કથા કરી રહ્યા હતા. કથામાં શ્રીહરિ ચાર પ્રકારના પ્રલયની વાતો કરતા હતા. તે સમયે બળોલ ગામનો એક હરિભક્તનો અઢાર વર્ષનો છોકરો સભામાં બેઠો હતો. શ્રીહરિની વાત સાંભળી, બધી જ વાત યાદ રાખી આ છોકરો રાત્રે ઉતારે જઈ ગજા ગઢવીને તે બધી વાતો કરતો હતો. એ લોકોનો ઉતારો શ્રીહરિના ઉતારાની પાછળ જ હતો. તેથી એ છોકરો ગજા ગઢવીને વાતો કરે તે બધું જ શ્રીહરિને સંભળાતું હતું. શ્રીહરિ દોઢ પહોર રાત જાય ત્યારે પોઢવા પધારે, ત્યાં સુધી નિત્ય એ છોકરો વાતો કરે તે સાંભળતા હતા.

એક દિવસે સવારે શ્રી જીવાખાચરના દરબારમાં સભા થઈ ત્યારે ગજા ગઢવીને શ્રીહરિએ પૂછ્યુંઃ ''રોજ મોડી રાત્રે કોણ વાતો કરે છે?''

ત્યારે ગજા ગઢવીએ અથથી ઇતિ વાત કરી. એ છોકરાની આવી વાત જાણીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થઈ ગયા. શ્રીહરિએ તે છોકરાને માથે પાઘ બંધાવી છાતીમાં ચરણ આપ્યાં અને સાથે પાંચ રૂપિયા પણ બક્ષિસના આપ્યા.

શ્રીહરિની આવી દિવ્ય લીલાથી સૌ આનંદિત થઈ ગયા.[૩૮]

શ્રી જીવાખાચરે શ્રીહરિને રંગે રંગ્યા

એકવાર શ્રીહરિ ચરોતરમાં વિચરણ કરી ગઢપુર પધાર્યા હતા. શ્રીહરિએ કહ્યુંઃ ''હવે વસંતપંચમી નજીક આવી રહી છે. સૌ ઉત્સવની તૈયારી કરો.''

થોડા જ દિવસમાં વસંતપંચમી આવી ગઈ. શ્રી દાદાખાચર અને શ્રી જીવાખાચરે અનુપમ રીતે વસંતપૂજન કરાવ્યું. સંતોએ ઝાંઝ-મૃદંગ વગાડીને વસંતનાં વધામણાં ગાયાં.

શ્રી જીવાખાચરે જે સ્થાન બનાવ્યું હતું તેમાં સંતો રહેતા હતા. ત્યાંથી સુવર્ણ કળશ મસ્તક ઉપર લઈને શ્રી જીવાખાચર વાજિંત્રો અને ઢોલ વગડાવીને ગામ વચ્ચે થઈને શ્રી દાદાખાચરના દરબારમાં આવ્યા. ત્યાં શ્રીહરિ પાટ પર બેઠા હતા. શ્રી જીવાખાચરને આવતા જોઈને શ્રીહરિ ઘણું

---

૩૭. સદ્. અક્ષરાનંદ સ્વામીની વાતોઃ ૧૫૦; શ્રીસહજાનંદસ્વામી ચરિત્રઃ ૮

૩૮. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૨૩/૩૩

રાજી થયા અને મુખથી મંદ મંદ હસવા લાગ્યા. શ્રી જીવાખાચરે માથા ઉપર લીધેલો કળશ શ્રીહરિની આગળ મૂક્યો અને કેસરયુક્ત ચંદન લઈને ઘણા પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. વસંતની પૂજામાં જે જે વસ્તુની જરૂર જણાય તે બધી જ વસ્તુઓના થાળ ભરી ભરીને શ્રી જીવાખાચર લાવ્યા હતા. સમય પારખવામાં શ્રી જીવાખાચર બહુ ચતુર હતા. તેમણે શ્રીહરિની પૂજા કરી કેસરના કળશ લઈ શ્રીહરિનાં વસ્ત્રને કેસરિયાં રંગે રંગી દીધાં ને વસ્ત્ર પર ગુલાલ નાખ્યો. ત્યારે શ્રીહરિની મૂર્તિ અતિ શોભવા લાગી.

પછી શ્રીહરિએ પણ સંતો-ભક્તો પર બહુ રંગ નાખ્યો. શ્રી દાદાખાચર રંગના કેટલાક ઘડા લાવ્યા હતા તે બધા શ્રીહરિએ ઉડાડ્યા અને સંતો-હરિભક્તો સૌને રંગમાં રસબસ કર્યા. પછી ગુલાલ ઉડાડ્યો. ચોકમાં બધે રંગ રંગ થઈ ગયો.

પછી હરિભક્તો ખારેક-ખજૂર-ફગવાના થાળ ભરી લાવ્યા હતા તે જોઈને શ્રીહરિ રાજી થયા. શ્રીહરિએ સૌને ફગવાનો પ્રસાદ આપ્યો. જેના પર શ્રીહરિએ રંગ નાખ્યો, જેને ફગવા આપ્યા, જેની સાથે બેઠા તે બધાયને યુગોયુગ રંગ રહી ગયો. ફગવા પછી શ્રીહરિ સ્નાન કરવા પધાર્યા.

ઘેલા નદીમાં સ્નાન કરીને, વાસંતી વસ્ત્ર અંગ ઉપર ધારીને શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારગઢમાં પધાર્યા અને નિવાસ કરીને ત્યાં રહ્યા.[૩૯]

શ્રી જીવાખાચરને ઉત્સવ ઊજવવાનું વચન આપ્યું

એક વખત સારંગપુરના શ્રી જીવાખાચરે ગઢપુર આવીને શ્રીહરિને સારંગપુરમાં જન્માષ્ટમી ઉત્સવ કરવા માટે વિનંતી કરી. તે સમયે ગઢપુરમાં એક વણિક ઈજારાદાર થયો હતો. ઉત્સવ વગેરે અંગે તેની અનુમતિ લીધા પછી બધું કાર્ય કરવું પડતું. આથી શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીને એ વાણિયા પાસે મોકલ્યા. એ વણિક જાણતો હતો કે બંને ખૂબ મોટા સંતો છે, છતાં તે સામો ન આવ્યો, આદર પણ ન આપ્યો. તેના મનમાં ઘણો રોષ ભર્યો હતો. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું: ''તમે કહો તેમ કરીએ, પણ ઉત્તર તો આપો.'' તો પણ તે બે ઘડી સુધી કાંઈ બોલ્યો નહીં.

આથી, મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી પાછા વળ્યા. રસ્તામાં ગઢડાના શ્રી જીવાખાચર તેમને મળ્યા. સંતોના પગમાં પડીને તેમણે હાથ જોડીને મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું કે તેઓ ક્યાં ગયા હતા? શું કામ હતું? સંતોએ જેમ બન્યું હતું તેમ કહ્યું.

ત્યારે શ્રી જીવાખાચરે કહ્યું: ''હું શ્રીહરિની પ્રકૃતિ જાણું છું. જે વાત કરવા ધારી હોય તે કોઈને પૂછવા રહેતા નથી અને જે વાત ન કરવી હોય તેટલું બીજાને પૂછે છે. તેમનું ધાર્યું જ થાય છે. ધારે છે છતાં જે થતું જણાતું

''હું શ્રીહરિની પ્રકૃતિ જાણું છું. જે વાત કરવા ધારી હોય તે કોઈને પૂછવા રહેતા નથી અને જે વાત ન કરવી હોય તેટલું બીજાને પૂછે છે. તેમનું ધાર્યું જ થાય છે. ધારે છે છતાં જે થતું જણાતું નથી એ તો તેમની એક લીલા માત્ર છે. વણિક ભગવાનને નચાવવા ધારે છે પણ લીલા જાણતો નથી.''

૩૯. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૧૫/૬૮

નથી એ તો તેમની એક લીલામાત્ર છે. વણિક ઈજારો લઈને આવ્યો છે. તે ભગવાનને નચાવવા ધારે છે પણ ભગવાનની લીલા જાણતો નથી ને પોતાનું ભૂંડું કરે છે. ઈજારો લઈને ભગવાનના ભક્તને દુખવે છે, પણ તેનું ફળ પામ્યા વિના નહીં રહે. ભગવાનના ભક્ત પર ઈર્ષ્યા લાવી દુઃખી કરે છે, પણ તેનું તેવું જ ફળ ભોગવે છે. ભક્તને પ્રસન્ન કરે તો ફાવે તેટલાં દુઃખ આવવાનાં હોય તે ટળી જાય છે. ચાલો હું શ્રીહરિ પાસે આવું છું.''

એમ કહીને સંતો સાથે શ્રી જીવાખાચર શ્રીહરિ પાસે આવ્યા. શ્રીહરિને પગે લાગ્યા અને બોલ્યાઃ ''આપની આગળ અમે અલ્પમતિ છીએ. બીજે તો મોટા મોટા સરદારો પણ અમારી મર્યાદા રાખે છે પણ એ બધો આપનો પ્રતાપ છે. જેમાં પણ પ્રતાપ છે તે આપનો જ છે. તેને દેવો પણ સમજી નથી શકતા તો રાજાઓ તો ક્યાંથી સમજી શકે? આપના ભક્તો જ આપને સદા દિવ્યભાવે દેખે છે. માટે આપ આ ઉત્સવ અહીં ગઢપુરમાં જ કરો અને હું જ તે ઉત્સવ કરાવું. હું એ વણિક પાસે જઈશ પણ નહીં. અમારી દૃષ્ટિએ તો તે તરણા જેવો છે. માટે આપ મારા ભવનમાં આવીને રહો.''

ત્યારે શ્રીહરિએ કહ્યુંઃ ''અજ્ઞાની લોકો જ્યાં સુધી સત્સંગની રીત જાણતા નથી ત્યાં સુધી તેનું ચિત્ત ભ્રમી જાય છે. તેથી પૂર્વને પશ્ચિમ કહે છે અને પશ્ચિમને પૂર્વ કહે છે.''

એમ કહીને, શ્રીહરિએ કહ્યુંઃ ''તમને અમને અહીં રાખવાનો ભાવ છે તેમ સારંગપુર અને કારિયાણીના ભક્તોને પણ સુરાખાચર તથા ઝીણાભાઈને પણ ભાવ છે. માટે આ વખતે ત્યાં ઉત્સવ ઊજવીશું. ભવિષ્યમાં અહીં કરીશું.'' એમ કહીને શ્રીહરિએ શ્રી જીવાખાચરને આશીર્વાદ આપી અહીંથી વિદાય લીધી.[૪૦]

> ''
>
> **શ્રીહરિની આ અપાર કૃપાથી શ્રી જીવાખાચર પણ વારંવાર બોલતા હતા કે ''અમારાં ભાગ્યનો કોઈ પાર રહ્યો નથી. અમે તો આવી બધી બાબતને કુસંગને લીધે ભૂલી જઈએ છીએ. શ્રીહરિ તો જેને જેટલો ભાવ છે તેને તેના કરતાં કરોડગણું અધિક ફળ આપે છે. જીવના અપરાધને માફ કરે છે.''**

શ્રીહરિએ ગઢપુરમાં કર્યો આમ્રોત્સવ

શ્રીહરિની આજ્ઞાથી બ્રહ્માનંદ સ્વામી વરતાલમાં મંદિરનું નિર્માણ કરાવી રહ્યા હતા. શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને પત્ર લખીને જણાવ્યું હતું કે 'પાકેલી સરસ કેરી લઈ સાત-આઠ ગાડી ભરાવી તમે ગઢપુર મોકલજો.'

શ્રીહરિનો એ પત્ર લઈને દેવાભગત નામના પાર્ષદ વરતાલ આવ્યા અને બ્રહ્માનંદ સ્વામીને મળ્યા. બ્રહ્માનંદ સ્વામીએ તે પત્ર વાંચીને મસ્તકે ચઢાવ્યો. પછી પીપલગ ગામ જઈને ત્યાંના પ્રેમી અને મહિમાવાળા સર્વે પાટીદાર હરિભક્તોને ભેગા કરીને શ્રીહરિનો આ પત્ર વાંચી સંભળાવ્યો. સૌ પાટીદાર હરિભક્તો રાજી થઈ ગયા. પત્ર પ્રમાણે ઘણા હેતથી ગાડાંઓ ભરાવીને કેરી ગઢપુર મોકલાવી દીધી.

શ્રી દાદાખાચરના દરબારમાં લીમડાનું વૃક્ષ છે ત્યાં આવીને કેરીનાં

૪૦. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૨૩/૩

ગાડાં છૂટ્યાં. શ્રીહરિ તે જોવા માટે આવ્યા. ત્રીસ ત્રીસ મણ કેરી એક એક ગાડામાં ભરેલી હતી તે જોઈને શ્રીહરિ ખૂબ રાજી થયા. ગાડામાંથી બધી કેરી ઉતરાવીને શ્રીહરિ જ્યાં રહેતા હતા ત્યાં એક વધારાના ઓરડામાં મુકાવી. તેમાંથી પાકેલી દસ-વીસ કેરી ધોવડાવીને શ્રીહરિ જમ્યા અને ત્યાં જે સંતો-પાર્ષદો- હરિભક્તો હતા તે સૌને શ્રીહરિએ એક એક કેરી આપી.

પછી શ્રીહરિએ એક મણ જેટલી કેરી શ્રી જીવાખાચરના દરબારમાં શ્રી જીવાખાચર માટે પહોંચાડી. શ્રી જીવાખાચરે પણ શ્રીહરિની પ્રસાદીની આ કેરી ઘણા હેતથી મસ્તકે ચઢાવી. દર વર્ષે શ્રીહરિ આવી નવી ઋતુની શરૂઆતમાં શ્રી જીવાખાચરને ખાસ સંભારતા. શ્રીહરિની આ અપાર કૃપાથી શ્રી જીવાખાચર પણ વારંવાર બોલતા હતા કે ''અમારાં ભાગ્યનો કોઈ પાર રહ્યો નથી. અમે તો આવી બધી બાબતને કુસંગને લીધે ભૂલી જઈએ છીએ. અમને કુસંગનો જોગ રહે છે એટલે કુસંગથી અમારી મતિ એવી થઈ જાય છે. શ્રીહરિ તો જેને જેટલો ભાવ છે તેને તેના કરતાં કરોડગણું અધિક ફળ આપે છે. અને જીવના તમામ અપરાધને માફ કરે છે.''

પછી શ્રીહરિએ કેટલાય દિવસો સુધી આમ્રોત્સવ કરીને સૌને ખૂબ કેરીનો રસ જમાડ્યો. શ્રી દાદાખાચર અને શ્રી જીવાખાચરના નજીકના સંબંધીઓને પણ શ્રીહરિએ જમાડ્યા.[૪૧]

શ્રીહરિએ સંતોને લાડુ જમાડ્યા

શ્રીહરિએ ગઢડામાં શ્રી જીવાખાચરના દરબારમાં અનેક વખત સંતો-હરિભક્તોને જમાડીને ખૂબ તૃપ્ત કર્યા છે.

એક વખત શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારમાં બિરાજતા હતા. શ્રી જીવાખાચરે મોતૈયા લાડુની રસોઈ આપી હતી. દરબારની ઓસરીમાં સંતોની પંક્તિ જમવા બેઠી હતી. સંતોને પીરસવા માટે શ્રીહરિ મોતૈયા લાડુ લઈને પંગતમાં વારંવાર ફર્યા અને સંતોને આગ્રહપૂર્વક લાડુ જમાડ્યા. અંતે અતિ તૃપ્ત થઈને સંતો કહેવા લાગ્યા: 'મહારાજ! હવે આપ પીરસવાનું બંધ કરો તેવી વિનંતી છે.'

ત્યારે મંદ મંદ હસતાં હસતાં શ્રીહરિ કહે: ''હજુ એક એક લાડુ લ્યો તો તમારા સૌના મસ્તકે હાથ મૂકી આશીર્વાદ આપું.''

શ્રીહરિની કૃપાનો આવો લાભ કોણ ચૂકે?

સૌ સંતો તૈયાર થઈ ગયા. શ્રીહરિ ફરીથી લાડુ લઈને સંતોની પંગતમાં ફરવા લાગ્યા. સૌ સંતો એક એક લાડુ લેતા જાય ને શ્રીહરિ માથે હાથ મૂકીને આશીર્વાદ આપતા જાય. બ્રહ્માનંદ સ્વામીને લાડુ આપ્યો ને શ્રીહરિએ તેમના માથે હાથ મેલ્યો. પણ બ્રહ્માનંદ સ્વામીએ લાડુ બીજાના પત્તરમાં મૂકી

"

ત્યારે શ્રીહરિએ કહ્યું: ''અજ્ઞાની લોકો જ્યાં સુધી સત્સંગની રીત જાણતા નથી ત્યાં સુધી તેનું ચિત્ત ભ્રમી જાય છે. તેથી પૂર્વને પશ્ચિમ કહે છે અને પશ્ચિમને પૂર્વ કહે છે.'' એમ કહીને, શ્રીહરિએ કહ્યું: ''તમને અમને અહીં રાખવાનો ભાવ છે તેમ બીજા ભક્તોને પણ ભાવ છે. માટે ત્યાં જઈશું.''

૪૧. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૨૮/૩૯

દીધો. આત્માનંદ સ્વામીએ વિચાર્યું કે મારાથી બ્રહ્માનંદ સ્વામી જેવું નહીં થાય. તેથી તેમણે શ્રીહરિને કહ્યું: ''મહારાજ! મારાથી હવે એક લાડુ પણ વધારે જમી શકાશે નહીં. પણ છતાંય આપ મારા મસ્તકે હાથ મૂકો એવી વિનંતી છે.''

તેથી શ્રીહરિએ તેમને માથે પણ હાથ મૂક્યા અને આશીર્વાદ આપ્યા. શ્રી જીવાખાચરના દરબારમાં શ્રીહરિએ આવી અનેક લીલાઓ કરી છે.[૪૨]

શ્રી સુરાખાચરે શ્રીહરિને હસાવ્યા

એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રી જીવાખાચરના દરબારગઢમાં બિરાજતા હતા. લોયાના શ્રી સુરાખાચર વગેરે કાઠી હરિભક્તો શ્રીહરિની સાથે આનંદકિલ્લોલ કરી રહ્યા હતા.

એ પ્રસંગે શ્રી સુરાખાચરે શ્રી જીવાખાચરની ડેલીએ બનેલો એક રમૂજભર્યો પ્રસંગ કહી શ્રીહરિને ખૂબ હસાવ્યા હતા. સુરાખાચરે કહ્યું:

''થોડા સમય પહેલાં જીવાખાચરની ડેલીએ એક ગઢવી આવ્યો હતો. જીવાખાચરે એ ગઢવીને તેના ગામનું નામ પૂછ્યું તો કહે, 'જો નામ દઉં તો અનાજને બદલે જુતિયાં મળે.''

તે સમયે સામાન્ય જનતામાં પણ એ ગામના નામ માટે એવી લોકવાયકા હતી કે તે નામ લેનારને અન્નને બદલે જૂતાં મળે. આથી તે ગામનું નામ લેવાને બદલે કોઈક ઉપનામથી તેનો નામોલ્લેખ કરાતો.

આથી તે ગઢવીએ ગામનું નામ લેવાની ના પાડી તેમ છતાં શ્રી જીવાખાચરે પરાણે તેના મોંઢેથી ગામનું નામ બોલાવરાવ્યું. પછી શ્રી જીવાખાચરે રાજી થઈ તેના માણસ સાંગલાને તે ગઢવીને જમાડવાની આજ્ઞા કરી. પછી પોતે સૂવા જતા રહ્યા.

રસોઈને થોડી વાર હતી તેથી ગઢવી ગામમાં થોડો સમય ફરવા જતો રહ્યો. એટલી વારમાં કોઈક બીજો ગઢવી આવ્યો અને તે સારું સારું જમીને જતો રહ્યો. કેટલાક સમય પછી પેલો ગઢવી ગામમાંથી પાછો આવ્યો ને શ્રી જીવાખાચરની રાહ જોતો બેઠો. શ્રી જીવાખાચર ઊઠ્યા ત્યારે ગઢવીને ત્યાં જ બેઠેલો જોયો. તેમણે પૂછ્યું: 'કેમ ગઢવી જમ્યા?' તેણે ના પાડી એટલે જીવાખાચરે પોતાના કામદાર સાંગલાને બોલાવ્યો. ગઢવી કેમ ભૂખ્યો રહ્યો તેનું કારણ પૂછ્યું તો સાંગલો આંખો ચોળી ગઢવી સામું જોવા લાગ્યો, 'બાપુ! પેલો તો દાઢીવાળો હતો અને આ...'

આથી શ્રી જીવાખાચરે ખિજાઈને પોતાના પગમાંથી મોંઘી મોજડી કાઢી સાંગલા તરફ ફેંકી. સાંગલો ચપળતાથી નીચે બેસી ગયો ને તે મોજડી પાછળ બેઠેલા ગઢવીને વાગી. ગઢવી કહે, 'હાશ! હવે શુકન થયાં. હું કહેતો

શ્રી જીવાખાચરે કહ્યું: ''અમે સન્મુખ ન આવીએ તો અમારો દોષ કહેવાય. આપની સામે ફાવે તેવો મોટો હોય તોપણ તે તો સૂર્ય આગળ પતંગિયા જેવો છે. અક્ષરથી લઈને જીવપ્રાણીમાત્ર સુધી સૌની નાડી આપના હાથમાં છે. આટલી મોટાઈ હોવા છતાં આપ તેને તલભાર પણ કોઈને દેખાડતા નથી.''

૪૨. સદ્. શ્રી ભાયાત્માનંદ સ્વામીની વાતો: ૨૫૦

હતો કે અમારા ગામનું નામ લઈએ તો જુતિયાં મળે. આ જુતિયું મળ્યું એટલે હવે અનાજ મળશે.'

પછી તો શ્રી જીવાખાચરે તેને જમાડ્યો.

આ પ્રસંગ સુરાખાચરે શ્રીહરિને કહ્યો ત્યારે શ્રીહરિ ખૂબ હસ્યા. શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિ કાઠી દરબારો સાથે આવી ઘણી રમૂજની વાતો કરતા અને કરાવતા.[૪૩]

શ્રી જીવાખાચર શ્રીહરિને સન્મુખ ગયા

શ્રીહરિ ગઢપુરમાં બિરાજતા ત્યારે અનેકવાર નારાયણ ધરે પણ સ્નાન કરવા પધારતા. એકવાર ઘણા દિવસો સુધી શ્રીહરિ નારાયણ ધરે પધાર્યા હતા. શ્રીહરિ દોઢ પહોર દિવસ રહે ત્યારે સુરતની ગાડીમાં (રથ જેવું વાહન) સ્નાન કરવા જતા. શ્રીહરિ ભાવથી મુક્તાનંદ સ્વામીને પણ ગાડીમાં સાથે બેસાડતા ને ગઢપુરની બજારમાં પોતે ગાડી હાંકવા બેસતા. તે જોવા ઊમટેલા સૌ સંતભક્તો સાથે ચાલતા અને ગરબીનાં પદ ગાતા હતા.

એક વખત શ્રીહરિ માંડવધારને માર્ગે ગાડી લઈ ચાલ્યા. દાદાખાચર, સોમલાખાચર વગેરે ઘોડા પર બેઠા હતા. નારાયણ ધરે સ્નાનલીલા કરીને નાહીને શ્રીહરિ ગાડીમાં બેઠા ત્યારે ભક્તજનોએ ફૂલના હાર-તોરા-ગુચ્છ વગેરે ધરાવ્યા. વિપ્ર ભક્તોએ કુંકુમનો ચાંદલો કર્યો. રસ્તો સરખો હોય ત્યારે શ્રીહરિ ગાડી બહુ વેગપૂર્વક ચલાવતા. એવા સમયે શ્રી જીવાખાચર પોતાના પુત્ર અને ભાઈ સાથે ગામના પશ્ચિમ દરવાજા સુધી શ્રીહરિને સામે લેવા આવ્યા અને શ્રીહરિના પગમાં પડ્યા.

તેમને જોતાં જ શ્રીહરિએ કહ્યું: "તમારે તમારા ઘરથી આટલે દૂર સુધી સામું આવવું નહીં. અમારે તો સંતો સાથે નિત્ય ન્હાવા જવાનું હોય ને તમે તો મોટા માણસ છો, માટે તમારે નિત્ય સામા આવવાની જરૂર નહીં."

ત્યારે શ્રી જીવાખાચરે કહ્યું: "અમે સન્મુખ ન આવીએ તો અમારો દોષ કહેવાય. આપની સામે ફાવે તેવો મોટો હોય તોપણ તે તો સૂર્ય આગળ પતંગિયા જેવો છે. અક્ષરથી લઈને જીવપ્રાણીમાત્ર સુધી સૌની નાડી આપના હાથમાં છે. આપની આટલી મોટાઈ હોવા છતાં આપ તેને તલભાર પણ કોઈને દેખાડતા નથી. હું આટલું જાણું છું તો પણ આપની મરજી પ્રમાણે મારાથી ચલાતું નથી. આપ સમર્થ છો એટલે મારા દોષને માફ કરજો."

આટલાં વિનયવચનો કહીને શ્રી જીવાખાચરે કહ્યું: "અશ્વ પર સવાર થયેલાં આપનાં દર્શન અમે બહુવાર કર્યાં છે. પણ આપને ગાડી ચલાવતાં કોઈ દિવસ દીઠા નથી. આપ કઈ રીતે ગાડી ચલાવો છો તે જોવા દૂરથી સન્મુખ આવીએ છીએ. આપની ગાડી ચલાવવાની લીલા તો આજે જ અમે

---

૪૩. સદ્. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો: ૧૧૬

જોઈ. આપ ગાડી સુંદર રીતે ચલાવો છો. પ્રથમ કોઈએ કહ્યું ત્યારે મને મનાયું ન હતું, કારણ કે આપને ગાડી ચલાવતાં કદી દેખ્યા નથી. જેમ અર્જુનનો રથ હાંકેલો તેમજ સૌ ભક્તોનો રથ હાંકો છો. હરિભક્તના હિત માટે કરેલાં આપનાં બધાં ચરિત્ર કલ્યાણકારી છે.''

શ્રી જીવાખાચરની સમજણ જોઈને શ્રીહરિ રાજી થયા. પછી શ્રી જીવાખાચરે ઢોલ વગાડનારા બે ઢોલીને તત્કાળ બોલાવ્યા. ઢોલી ઢોલ વગાડવા લાગ્યા અને સંતો તથા હરિભક્તો આગળ ચાલતાં ચાલતાં કીર્તન ગાવા લાગ્યા.

ચાલતાં ચાલતાં શ્રી જીવાખાચરે શ્રીહરિને કહ્યું: ''મારા ભાઈ મૂળુ-ખાચરના પુત્ર રામખાચર બીમારીને કારણે પથારીવશ છે. આપ તો જીવના પરમ મિત્ર છો. તો તેને જોવા માટે આપ આવો, તેવી વિનંતી છે. આપ, બધા સંતો અને હરિભક્તોનાં દર્શન તો બહુ ભાગ્યશાળીને જ થાય છે.''

તેમની વિનંતી સ્વીકારીને શ્રીહરિ ગાડી ચલાવતાં ચલાવતાં શ્રી જીવાખાચરના દરબારગઢમાં પધાર્યા. ત્યાં ઉત્તરાદા દ્વારના ભવનમાં શ્રી રામખાચર પાસે પણ આવ્યા. શ્રી રામખાચરે શ્રીહરિને પ્રાર્થના કરતાં કહ્યું: ''હે મહારાજ! આપ અમને ક્યારેય છોડશો નહીં.'' ત્યારે શ્રીહરિએ કહ્યું: ''આ મનુષ્યદેહ કોઈને ફરી ફરીને મળે નહીં તેવો છે. આવા દુર્લભ મનુષ્યદેહને પામ્યા પછી દુર્લભ સત્સંગનો યોગ થયો. તેના સમાન કોઈ ભાગ્ય ગણાય નહીં. આ સત્સંગના જે સંતો અને હરિભક્તોને ક્યારેક જાણે કે અજાણે ઘણા ભાવથી હાથ જોડીને કોઈએ એકવાર પણ જો મસ્તક નમાવ્યું હોય તો કરોડો કલ્પ સુધી યજ્ઞ કરે તેના કરતાં પણ અધિક ફળ મળે છે. કોઈ મનુષ્ય ભાવ સહિત સત્પુરુષની જે કાંઈ સેવા કરે છે તેનું ફળ અત્યંત અને અપાર મળે છે. તે ફળનો કોઈ પાર પામી ન શકાય તેવું અલૌકિક છે.''

શ્રીહરિએ તેમની પ્રાર્થના સ્વીકારી રાજી થઈ આશીર્વાદ આપ્યા. આમ, શ્રીહરિએ શ્રી જીવાખાચરના દરબારગઢમાં ખૂબ સત્સંગલાભ આપ્યો.[૪૪]

> **“**
>
> **શ્રીહરિએ કહ્યું: આ મનુષ્યદેહ કોઈને ફરી ફરીને મળે નહીં તેવો છે. આવા દુર્લભ મનુષ્યદેહને પામ્યા પછી દુર્લભ સત્સંગનો યોગ થયો. આ સત્સંગના જે સંતો અને ભક્તોને ક્યારેક જાણે કે અજાણે એકવાર પણ જો મસ્તક નમાવે તો કરોડો કલ્પ સુધી યજ્ઞ કરે તેના કરતાં અધિક ફળ મળે છે.**

શ્રીહરિએ શ્રી જીવાખાચર સાથે ઘોડી દોડાવી

ભગવાન શ્રી સ્વામિનારાયણ કુંડળ પધાર્યા હતા. શ્રીહરિએ હુતાશનીનો ઉત્સવ કરવાનો વિચાર કર્યો. એટલામાં શ્રી જીવાખાચર આવ્યા અને કહેવા લાગ્યા: ''મહારાજ! હું આપને તેડવા આવ્યો છું. મારી આપને વિનંતી છે કે હું જીવું ત્યાં સુધી આપે ગઢડામાં જ ઉત્સવ ઊજવવો.''

શ્રી જીવાખાચરની બોલીમાં ઘણી લાવણતા હતી. તેમની વાણી સાંભળીને શ્રીહરિએ ગઢપુર આવવા પ્રયાણ કર્યું. શ્રી જીવાખાચર અને

૪૪. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૨૮/૪૬

કાઠીઓ સાથે શ્રીહરિ પણ અશ્વ પર સવાર થઈને ગઢપુરના માર્ગે આવવા નીકળ્યા. માર્ગમાં શ્રીહરિએ પોતાની પંખાળી ઘોડી દોડાવી. શ્રીહરિએ જીવાખાચરને કહ્યું: ''તમે પણ અમારી સાથે ઘોડી દોડાવો.'' આમ શ્રીહરિએ તેમને પોતાની સાથે અશ્વદોડની સ્પર્ધામાં ઊતરવા નિમંત્રણ આપ્યું. શ્રી જીવાખાચર શ્રીહરિને બરાબર જાણતા હતા.

તેથી તેમણે વિવેકપૂર્વક શ્રીહરિને કહ્યું: ''મહારાજ! અમારી ઘોડીનાં તો ઠેઠ ભાવનગર સુધી વખાણ થાય છે. પણ આપ તો લાકડાની ઘોડીનેય ઉડાડી મૂકો. તે આપની સાથે અમે ઘોડી દોડાવીએ તો તેમાં અમારી તો આબરૂ જાય. પણ તમે થોડોક માર્ગ દો તો અમે ઘોડી દોડાવીએ.''

હસતાં હસતાં શ્રીહરિએ કહ્યું: ''માર્ગ દીધો, જાવ!''

અને શ્રી જીવાખાચરે બધા કાઠીઓને હાકલ કરી એટલે બધાએ એક સાથે ઘોડી દોડાવી. પરંતુ તોય શ્રીહરિ પવન વેગે સૌની આગળ નીકળી ગયા.

આમ, અશ્વદોડ કરતાં કરતાં શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારમાં પધાર્યા અને ઉત્સવનો લાભ આપ્યો.[૪૫]

શ્રીહરિએ પુરાણની કથાને સત્ય ઠરાવી

એકવાર ભગવાન સ્વામિનારાયણે ગઢપુરમાં ગળવાણાની (ગોળ, લોટ અને પાણી) રસોઈ શરૂ કરી. સાધુઓને રોકીને શ્રીહરિ તેમને રોજ જમાડતા અને સભામાં નિત્ય શાસ્ત્રીય પ્રશ્નોત્તરો કરાવતા.

એક વાર કથા કરતાં કરતાં શ્રીહરિએ દુર્વાસા ઋષિ સર્વ ગોપીઓના થાળ જમી ગયા તે પુરાણોક્ત વાત કરી. આ વાતને સાંભળીને શ્રી જીવાખાચરે કહ્યું: ''એકલા ઋષિ આટલી બધી ગોપીઓના થાળ જમી ગયા એ વાત માન્યામાં આવતી નથી.''

તેથી શ્રીહરિએ કહ્યું: ''કોઈ દિવસ તમને અમે એ દેખાડીશું.''

બીજે જ દિવસે શ્રીહરિએ ગળવાણાની બમણી રસોઈ બનાવડાવી ને સ્વયં પીરસવા મંડ્યા. પ્રભૂતાનંદ સ્વામીને રોટલીના ખડકલા આપતા જાય અને પ્રભૂતાનંદ બોલે: ''લક્ષ્મી કા ભંડાર ખૂબ ભર્યા હૈ.''

ત્યારે શ્રીહરિએ કહ્યું: ''તમારી લક્ષ્મી અહીં ટક્કર ઝીલી શકે એમ નથી.''

એમ કહીને શ્રીહરિએ સૌને ખૂબ પીરસીને બધી જ રસોઈ ખુટાડી દીધી. પછીથી લાડુની કોરી રસોઈઓ ચાલુ કરી. એ રીતે દસેક દિવસો સાધુને ખૂબ ભોજન જમાડીને શ્રીહરિએ તેમને વિચરણમાં જવાની આજ્ઞા આપી.

સાધુઓ જવાના છે એ જાણીને શ્રી જીવાખાચરે શ્રીહરિને વિનંતિ કરી:

હસતાં હસતાં શ્રીહરિએ રમૂજ કરતાં શ્રી જીવાખાચરને પૂછ્યું: ''કહો, હવે પેલી દુર્વાસાવાળી વાત સાચી કે ખોટી?'' ત્યારે શ્રી જીવાખાચરે કબૂલ કર્યું: ''હા, મહારાજ! વાત સાવ સાચી.'' એમ રમૂજ કરી સૌને રાજી કર્યા. આ રમૂજમાં બીજા સંતોને તો કાંઈ જમવાનું મળ્યું નહીં.

૪૫. સદ્. શ્રી ભાયાત્માનંદ સ્વામીની વાતો: ૧૩૨

''મહારાજ! બે રસોઈઓ એટલે કે બધા જ સંતો-હરિભક્તો બે વખત જમે એટલાં મોતિયા-જલેબી તૈયાર કરાવ્યાં છે. માટે સાધુઓને રોકો તો સારું.''

એ સાંભળી શ્રીહરિએ કહ્યું: ''આ મોટા ભાઈસ્વામીને હાજરી[૪૬] કરવા તેડી જાવ. પછીથી સાધુઓ દાળ, ભાત, શાક આદિક કરવા આવશે.''

પછી શ્રી જીવાખાચર મોટા ભાઈસ્વામીને તેડી ગયા અને પકવાન પાસે બેસાડ્યા. સ્વામી તો બધી જ રસોઈની સામગ્રી થોડીવારમાં જ જમી ગયા. પ્રસાદ પૂરતુંય શેષ રાખ્યું નહીં. પછી નચિંત થઈને સભામાં આવી બેઠા.

આ આશ્ચર્યકારી અનુભવ જોઈને શ્રી જીવાખાચરે શ્રીહરિને કહ્યું: ''ભાઈસ્વામી એકલા જ બધી જ રસોઈ જમી ગયા છે. માટે હવે બીજા સાધુને દાળ, ભાત કરવા મોકલશો નહીં.''

ત્યારે હસતાં હસતાં શ્રીહરિએ રમૂજ કરતાં શ્રી જીવાખાચરને પૂછ્યું: ''કહો, હવે પેલી દુર્વાસાવાળી વાત સાચી કે ખોટી?''

ત્યારે શ્રી જીવાખાચરે કબૂલ કર્યું: ''હા, મહારાજ! વાત સાવ સાચી.''

એમ રમૂજ કરી સૌને રાજી કર્યા. પણ આ રમૂજમાં બીજા સંતોને કાંઈ જમવાનું મળ્યું નહીં![૪૭]

રસિયા રંગભર રમતા

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ અન્યત્ર વિચરણ કરીને ગઢપુરમાં પધાર્યા ત્યારે તેમનું ધામધૂમથી સ્વાગત કરીને શ્રી જીવાખાચરે પોતાના દરબારગઢમાં શ્રીહરિને પધરાવ્યા. દરબારગઢની સમીપમાં જ સંતોને ઉતારો આપ્યો હતો, જ્યાં તેઓ સુખેથી ભજન કરી શકે. સંતો વાજિંત્ર વગાડીને કીર્તન ગાય અને તેમની આગળ આવીને લોકો બેસે એટલે સંતો કથાનો લાભ આપે.

થોડા જ સમય પછી ફૂલદોલનો ઉત્સવ આવતો હોવાથી શ્રી જીવાખાચરે શ્રીહરિનાં ચરણોમાં બે હાથ જોડીને વિનંતી કરતાં કહ્યું: ''મહારાજ! ફૂલદોલ નિમિત્તે દેશ પ્રદેશમાંથી બધા સંતોને અને હરિભક્તોને તેડાવો. સંતો અને હરિભક્તોને આપનાં દર્શન થાય અને અમને તેમનાં દર્શન થાય, તેનાથી અમારાં હૃદયમાં અત્યંત આનંદ થાશે.''

શ્રીહરિએ તેમને કહ્યું: ''અમારી તો એવી રીત છે કે વ્યક્તિગત રીતે તમારે ખર્ચ થાય એવો ઉત્સવ અમે ન કરીએ. જો તમે કાચી રસોઈ કરાવવામાં સંમત હો તો સંતોને બોલાવો. અને તેમાં પણ બીજા હરિભક્તોને ભાવ હોય તો તેની રસોઈ લઈ શકાય.''

શ્રી જીવાખાચરે હાથ જોડીને કહ્યું: ''જેવી આપની મરજી હશે તેમ

---

૪૬. હાજરી કરવી = નાસ્તો, ઉપાહાર, શિરામણ કરવું.

૪૭. સદ્. અદ્ભુતાનંદ સ્વામી કૃત શ્રીહરિની અદ્ભુત વાર્તાઓ: ૩૭

અમે કરીશું. અમારો કોઈ અતિ આગ્રહ નથી. આપ જેમ રાજી રહો તેમ કરો. અમારે જે જે સેવા કરવાની હોય છે તે બધી આપના રાજીપા માટે જ હોય છે. અમે હાથ જોડીને આપની પાસે એ વર માગીએ છીએ. તો અમારા ઉપર હેત કરીને તે વર આપો.''

ત્યારે શ્રીહરિએ પ્રેમથી કહ્યું: ''અમારી તો એ કાયમની રીત છે કે ભક્તને ભાવના જળવાઈ રહે તેવાં અમે ચરિત્ર કરીએ છીએ. જ્યાં જેવું પાત્ર હોય, તે પ્રમાણે અમારાં ચરિત્ર સરળમાં પણ સરળ હોય છે. અમારી મૂર્તિ કલ્પવૃક્ષ જેવી છે, સહુને સુખકારી છે. સંતોનું અને અમારું વિચરણ પણ સત્સંગને દૃઢ કરાવવા માટે જ હોય છે. અમે વારંવાર જે સમૈયા અને ઉત્સવ કરીએ છીએ તે બધામાં સત્સંગને દૃઢ કરવાનું જ એક તાન રહે છે. જે બુદ્ધિમાન હોય તેને તે તરત જણાઈ આવે છે.''

શ્રીહરિએ આમ હિતકારી વાત કરીને પછી ઠેર ઠેર પત્રો લખાવ્યા અને સંતો-હરિભક્તોને તેડાવ્યા. તે બધા હુતાશનીને દિવસ ગઢપુર આવી ગયા. સંતોએ સંતોની સાથે ઉતારો રાખ્યો. ગૃહસ્થ હરિભક્તોને ગૃહસ્થોને ઘેર ઉતારો આપ્યો.

દેશ પ્રદેશથી જે જે સંતો શ્રીહરિની પાસે આવતા હતા તે ઘણા જ આનંદ અને ઉત્સાહથી આવતા હતા. શ્રી જીવાખાચરના બધા જ ભવન ઊંચી ઊભણીવાળાં અને ઉગમણાં બારનાં હતાં. શ્રીહરિ ત્યાં આવીને બેઠા. સોનેરી હિંડોળો બાંધ્યો હતો. તેના ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા અને તેના ઉપર શ્રીહરિ બેઠા હતા. શોભાનો કોઈ પાર ન હતો. શ્રીહરિએ બધા જ વસ્ત્ર કેસરિયા પહેર્યાં હતાં. અપાર ફૂલહાર પહેર્યા હતા. પાઘમાં તોરા ભરાવ્યા હતા. બાજુબંધ અને ગુચ્છ ગુલાબના હતા. કેસર-ચંદનની અર્ચામાં ખજૂરીનું ચિત્ર કર્યું હતું અને લલાટ વચ્ચે સરસ કુંકુમનો ચાંદલો કર્યો હતો.

સમૈયામાં સંતો પરદેશથી આવતા. તે જ્યારે અને જે સમયે આવે ત્યારે અને તે જ સમયે ધર્મકુમાર શ્રીહરિ તેમને ભેટીને મળતા હતા. પોતે જે ફૂલહાર પહેર્યા હોય, બાજુબંધ હોય, તોરા અને ગુલાબના જે ગુચ્છ હોય, તે શ્રીહરિ સંતોને આપતા હતા. શ્રીહરિની પાસે જે કાંઈ ફળ, મેવા અને મીઠાઈ પરદેશથી આવેલું હોય તે સંતોને આપતા હતા. શ્રીહરિ સૌની આગળ વારે વારે એવી વાત કહેતા કે 'સંતો મને બહુ વહાલા છે.'

એમ કહીને શ્રીહરિએ સૌને સંતોનો મહિમા કહ્યો. શ્રીહરિ આટલી વાત કહી રહ્યા ત્યારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ. શ્રી જીવાખાચરે પક્વાનોનાં જેટલાં નામ સાંભળ્યાં હતાં તેટલાં પક્વાન સાકર નાખીને કરાવ્યાં હતાં. હુતાશનીનું પર્વ મોટું છે એમ જાણીને તેમણે મનમાની રસોઈ કરાવી હતી. શ્રીહરિ જઈને સુંદર બાજોઠ પર જમવા બેઠા. એક પીતાંબર પહેર્યું હતું. ઊભણીવાળા ઊંચા ભવનની ઓસરીમાં શ્રીહરિ બેઠા હતા.

"

શ્રી જીવાખાચરે હાથ જોડીને કહ્યું: ''જેવી આપની મરજી હશે તેમ અમે કરીશું. અમારો કોઈ અતિ આગ્રહ નથી. આપ જેમ રાજી રહો તેમ કરો. અમારે જે જે સેવા કરવાની હોય છે તે બધી આપના રાજીપા માટે જ હોય છે. અમે એ વર માગીએ છીએ. તો અમારા ઉપર હેત કરીને તે વર આપો.''

થાળમાં બધાં સરસ પકવાન ભર્યાં હતાં. શ્રીહરિ બધું જમ્યા. બધી રસોઈનાં ખૂબ વખાણ પણ કર્યાં. દેશદેશના જે હરિભક્તો આવ્યા હતા તે બધાએ થાળ જમવા બેઠેલા શ્રીહરિનાં દર્શન કર્યાં. શ્રીહરિ બધા હરિભક્તોને તેવાં દર્શન દેવા માટે જ તે રીતે થાળ જમવા બેસતા. ખાતાં, પીતાં, નહાતાં જે જે પોતાની ક્રિયાઓ થતી હોય ત્યારે પણ હરિભક્તો બધા દર્શન કરે, શ્રીહરિને આ રીતે દર્શન દેવાનું તાન રહેતું હતું.

પછી શ્રીહરિએ શ્રી જીવાખાચરના દરબારગઢનાં બધાં ભવનોની ઘણી લાંબી ઓસરીમાં સંતોને જમાડવા માટે પંગત કરાવી. સંતોને પીરસવાનું દિલમાં ધારીને પ્યારા શ્રીહરિ પંગતમાં આવ્યા. શ્રીહરિએ સંતોને ચંદન ચરચ્યું અને ફૂલહાર પહેરાવ્યા. ઠેકઠેકાણે અગરબત્તીઓનો ધૂપ કર્યો. પછી શ્રીહરિ જ્યારે હસતા હસતા પીરસવા લાગ્યા ત્યારે બધા સંતો 'સ્વામિનારાયણ ધૂન' કરવા લાગ્યા. સંતોએ કરેલી ધૂન પૂરા દરબારગઢમાં વ્યાપી ગઈ. શ્રીહરિ જ્યારે સૌ સંતોને પીરસી રહ્યા ત્યારે તેમણે 'વાસુદેવ હરે...' એમ ઊંચેથી નાદ કર્યો. સૌ સંતો જમવા લાગ્યા.

દરબારો અને પાર્ષદો, બધાને પણ શ્રીહરિએ એક સાથે જમવા બેસાડ્યા હતા. તે સૌ જમવા લાગ્યા ત્યારે શ્રીહરિ તેમને સૌને પણ પીરસવા લાગ્યા. સંતોને પણ પીરસતાં પીરસતાં શ્રીહરિ વારંવાર મનુવાર (વિનવણી) કરીને હેતથી પીરસતા હતા. જમનારા સંતો તૃપ્ત થયા ત્યાં સુધી શ્રીહરિ પીરસતા રહ્યા. સંતો જમી રહ્યા તો પણ શ્રીહરિ બે-ત્રણવાર પંગતમાં ફર્યા. દરબારો અને પાર્ષદોની પંગતમાં પણ તેવી રીતે પીરસવા ફરતા રહ્યા. છતાં જ્યારે કોઈએ કાંઈ લીધું નહીં એટલે તરત જ તે સમયે શ્રીહરિએ હાથ ધોયા. પછી ચરણ ધોઈને પલંગ ઉપર આવ્યા.

ત્યાં દરબારગઢના ચોકમાં એક સુંદર મંડપ કરાવ્યો હતો. દરેક બબ્બે સ્તંભની વચ્ચે જોડી રાખનારી કમાનો કરી હતી. તે મંડપમાં વિચિત્ર પ્રકારનાં ચિત્રો કર્યાં હતાં. મંડપની અંદરના ભાગમાં વિભિન્ન પ્રકારનાં ચિત્રો કર્યાં હતાં. બાગ, બગીચા, વન, પર્વત, સમુદ્ર, નદીઓ, પુરીઓ અને ધામ જેટલા કહેવાય છે તે બધાં મંડપમાં ચીતર્યાં હતાં. ચોવીસ અવતારોની જુદી જુદી લીલાઓ પણ ચીતરી હતી. સજીવન લાગતાં આ સુંદર ચિત્રો ભુજનગરના વતની સુંદરજીભાઈ, હીરજીભાઈ, ભગવાનજીભાઈ, જીવરામભાઈ, દેવરામભાઈ, નારાયણજીભાઈ અને રાઘવજીભાઈ એ બધાએ મળીને કર્યાં હતાં. મંડપની અંદર ભૂગોળ અને ખગોળની રચના પણ કરી હતી. તેને જોઈને શ્રીહરિ તેમનાં ઉપર ઘણું પ્રસન્ન થયા હતા. તે ચિત્રો જ્યારે પૂરાં થઈ રહ્યાં ત્યારે બધા ચિત્રકારો આવીને શ્રીહરિને પગે લાગ્યા. શ્રીહરિએ તે પ્રત્યેકને ફૂલહાર પહેરાવ્યો. તે મંડપ બનાવતી વખતે જે મદદમાં સેવા કરનારા હરિભક્તો હતા તે બધાને પણ શ્રીહરિએ પ્રસાદીનો

“

ત્યાં દરબારગઢના ચોકમાં એક સુંદર મંડપ કરાવ્યો હતો. દરેક બબ્બે સ્તંભની વચ્ચે જોડી રાખનારી કમાનો કરી હતી. તે મંડપમાં વિચિત્ર પ્રકારનાં ચિત્રો કર્યાં હતાં. મંડપની અંદરના ભાગમાં વિભિન્ન પ્રકારનાં ચિત્રો કર્યાં હતાં. બાગ, બગીચા, પુરીઓ અને ધામ બધાં તે મંડપમાં ચીતર્યાં હતાં.

ફૂલહાર આપ્યો. મંડપની રચના કરવામાં મુખ્ય કારીગર તો લાલજી સુતાર હતા. એટલે શ્રીહરિ તેમને ઘણા પ્રેમથી બાથમાં લઈને ભેટ્યા. તે રીતે જ બીજા બધાને પણ ભેટીને મળ્યા.

એક પહોર દિવસ જ્યારે બાકી રહ્યો ત્યારે શ્રીહરિ ગઢપુર ગામથી બહાર આવ્યા. સંતોને અને હરિભક્તોને, બધાને સાથે લીધા. શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. ઉન્મત્તગંગા નદીમાં જ્યાં પાણીનો મોટો ધરો હતો ત્યાં આવીને નાહ્યા. હરિભક્તોએ તે પ્રસાદીનું જળ ગાળીને પોશ ભરી ભરીને પીધું. તે જળપાન કરનારા હરિભક્તોની ભીડ નદીના પ્રવાહમાં અરધા કોશ સુધી દેખાતી હતી.

શ્રીહરિએ સ્નાન કરી લીધું એટલે તરત જ જળમાંથી બહાર આવ્યા. શરીર લૂછીને તત્કાળ કેસરી રંગનો સુરવાળ પહેરી લીધો. શિર ઉપર કેસરી રંગની પાઘ બાંધી, તેની ઉપર પાઘને અનુસારે છોગું ખોસ્યું હતું. મરોડદાર અંગ ઉપર શ્રીહરિએ કપૂરના હાર અને બાજુબંધ ધારણ કર્યાં હતાં. સોનેરી સાજથી અશ્વને શણગાર્યો હતો. તેના ઉપર શ્રીહરિ બેઠા.

આગળ વાજિંત્રો વાગતાં હતાં અને શ્રીહરિ પુરમાં આવ્યા. બધે આનંદ અને ઉત્સવ અત્યંત છવાઈ ગયો હતો. શ્રીહરિ માણેકચોક થઈને શ્રી એભલખાચરના દરબારગઢને દરવાજે આવ્યા. શ્રી એભલખાચરે શ્રીહરિને ઘણા પ્રેમથી દરબારગઢમાં પધરાવ્યા.

શ્રી એભલખાચર, શ્રી દાદાખાચર અને પરિવારને ખૂબ લાભ આપીને શ્રીહરિ પુનઃ શ્રી જીવાખાચરના દરબારગઢમાં પધાર્યા.

અહીં રાત્રે શ્રીહરિએ કથા કરી. સંતોએ કીર્તનોની રમઝટ બોલાવી. મધરાતે શ્રીહરિ પોઢવા પધાર્યા.

જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો ધૂન કરવા લાગ્યા. તે સાંભળીને શ્રીહરિ ઊઠ્યા. સૌ સંતો અને હરિભક્તોને સાથે લઈને શ્રીહરિ ઘેલા નદીમાં નાહવા માટે ચાલ્યા. સૌ સંતો રસ્તામાં સ્વામિનારાયણ નામની ધૂન કરતા કરતા ચાલતા હતા. ઘેલાના નિર્મળ જળમાં સ્નાન કરીને શ્રીહરિ તુરંત શ્રી જીવાખાચરના દરબારગઢમાં આવ્યા અને બધો નિત્ય વિધિ કર્યો.

પછી શ્રીહરિ જમવા બેઠા. તે પછી સંતો-પાર્ષદોને જમવા બેસાડ્યા. ખુદ શ્રીહરિ તેમને પીરસવા લાગ્યા. જ્યારે શ્રીહરિ 'વાસુદેવ હરે...' આવું બોલ્યા, ત્યારે સંતો હરખથી જમવા લાગ્યા. જ્યારે સંતો જમી રહ્યા ત્યાં સુધી શ્રીહરિએ પીરસ્યા કર્યું.

જ્યારે દરબારો અને બીજા બધા હરિભક્તો જમી રહ્યા ત્યારે શ્રી જીવાખાચરે શ્રીહરિની પાસે આવીને બે હાથ જોડ્યા અને દાસભાવે કહ્યું: ''મહારાજ! અમે વિવિધ પ્રકારના રંગ તૈયાર કરીને તેના મોટાં મોટાં ઘણાં માટલાં ભર્યાં છે.''

ત્યારે શ્રીહરિએ કહ્યું: "તમને રંગે રમવા-રમાડવાનો ભાવ થયો છે, તો અત્યારે જ તે રંગ લાવો. દેશ-દેશમાંથી આવેલા બધા હરિભક્ત બાઈ-ભાઈઓ જે આવ્યા છે. તેમને સૌને જઈને સંભળાવો કે રંગે રમવા આવે. કોઈ બાકી રહી જાય નહીં. અમારો પ્રસાદીનો રંગ લેવાની સહુને આજે ઉમ્મીદ છે."

તરત જ સાદ પડ્યો અને બધા જ હરિભક્તો હરખભર્યા ત્યાં આવી ગયા. શ્રી એભલખાચર પણ તત્કાળ ત્યાં આવ્યા. ઢોલ, ત્રાંસાં, પડઘમ, ચોઘડિયાં, ભેરાઈ, શરણાઈ અને તુરાઈ વગેરે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યાં. સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને હોરીનાં પદ ગાવા માંડ્યા.

દરબાર શ્રી જીવાખાચરે જેટલો રંગ બનાવ્યો હતો તે બધો શ્રીહરિની સમીપે લાવ્યા. ગુલાલના મોટા મોટા ટોપલા ભરીને લાવ્યા હતા. જેટલાં બાઈઓ અને ભાઈઓ હરિભક્તો હતાં તે બધાં પણ એક એક ટોપલો ગુલાલ સાથે લાવ્યાં હતાં. વળી, તે બધાં જ સાકરનો હારડો લાવ્યાં હતાં. તે સૌએ શ્રીહરિને ભેટમાં અર્પણ કર્યા. તે સાકરનો દરેક હાર બશેર બશેર વજનનો હતો. તે તમામ હારડા ભગવાન શ્રીહરિએ સ્વયં પહેર્યા હતા. પછી શ્રીહરિએ દરેક સંતને એકેક સાકરનો હાર પ્રસાદીના રૂપમાં આપ્યો.

શ્રીહરિએ એ હારડા શ્રી જીવાખાચરના પરિવારના દરેકને આપ્યા. શ્રી એભલખાચરના પરિવારમાં પણ બધાને એકેક હારડો આપ્યો. તેમના નજીકના જે સગાઓ અને સંબંધીઓ હતા, તે બધાને એકેક હાર આપ્યો.

તે પછી રંગે રમવા માટે એક બાજુ બધા સંતોનાં મંડળ રહ્યાં અને બીજી બાજુ શ્રીહરિ તથા ઘણા ભરાવદાર હરિભક્તો રહ્યા. જેટલો રંગ આવ્યો હતો, તેમાંથી અર્ધો રંગ શ્રીહરિએ સંતોને આપ્યો.

જેટલા સંતો હતા તે સૌએ કેસરી રંગથી ભરેલો એક એક કળશ શ્રીહરિના શિર ઉપર ઢોળ્યો. તેથી શ્રીહરિ અપાર હસવા લાગ્યા. બધા સંતો લાલ ગુલાલ પણ અપાર લઈને આવ્યા હતા. તે બધો ગુલાલ શ્રીહરિનાં અંગો ઉપર નાખ્યો. તેથી શ્રીહરિ જાણે સાક્ષાત્ વસંતની મૂર્તિ હોય તેવા શોભવા લાગ્યા! નખશિખ રંગથી તરબોળ થયેલી મૂર્તિના ઉપર ગુલાલ નાખવાથી નટવર શ્રીહરિ ગુલાલના પર્વત હોય તેવા લાલ લાલ સોહામણા લાગતા હતા.

પછી કેસરી રંગનાં માટલાં ભર્યાં હતાં તેને ઉઠાવી ઉઠાવીને અત્યંત પ્રસન્ન શ્રીહરિ અને તેમના સાથી હરિભક્તોએ સંતો ઉપર તે રંગ નાખ્યો. બધા સંતો 'હોરી!!! રે હોરી!!!' એમ બોલતાં આનંદવિભોર થઈ ગયા હતા. સામ સામે અત્યંત રંગ ઊડતો હતો.

રંગે રમવાનું લગભગ પૂરું થયું ત્યારે દરબાર શ્રી એભલખાચરે શ્રીહરિને પાસે આવી વિનંતી કરીને કહ્યું: મહારાજ! આપ અહીં ખૂબ જ

> **"**
>
> **જેટલા સંતો હતા તે સૌએ કેસરી રંગથી ભરેલો એક એક કળશ શ્રીહરિના શિર ઉપર ઢોળ્યો. બધા સંતો લાલ ગુલાલ પણ અપાર લઈને આવ્યા હતા. તે બધો ગુલાલ શ્રીહરિનાં અંગો ઉપર નાખ્યો. તેથી શ્રીહરિ જાણે સાક્ષાત્ વસંતની મૂર્તિ હોય અને ગુલાલના પર્વત હોય તેવા શોભવા લાગ્યા!**

રંગે રમ્યા. રંગનો બધો પ્રવાહ ઉન્મત્તગંગા સુધી પહોંચ્યો છે. અંગો ઉપર રંગ લાગી ગયો છે. અને રંગથી બધે કીચડ થઈ ગયો છે. પ્રભુ! અમે પણ અમારા દરબારગઢમાં આટલો જ રંગ તૈયાર કરીને મૂકી રાખ્યો છે. તો આપ સહુ સંતો અને હરિભક્તોને સાથે લઈને ત્યાં પધારો અને રંગે રમો.''

દરબાર શ્રી એભલખાચરની વિનંતી સાંભળી રંગમાં રસબસ હતા તો પણ શ્રીહરિ તરત તેમના દરબારમાં જવા ચાલતા થયા.

ત્યાં પણ રંગોત્સવનો અપાર દિવ્ય આનંદ કરાવીને શ્રીહરિ ગઢપુરના દક્ષિણ તરફને દરવાજેથી ઘેલા કાંઠે આવ્યા. સાથે દરબારની સવારી પણ હતી. શ્રીહરિ ત્યાં તરત જ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા અને જઈને પાણીના ધરામાં નાહ્યા. શ્રીહરિ ઉન્મત્તગંગામાં ઘણીવાર સુધી નાહ્યા પછી પાણીમાંથી બહાર નીકળ્યા. બધાં સોનેરી વસ્ત્ર પહેર્યાં અને મસ્તક ઉપર કલગી ધારણ કરી. શ્રીહરિના અશ્વને પણ બધા જ સોનેરી સાજથી શણગાર્યો હતો. આગળ વાજિંત્રો વાગતાં હતાં અને શ્રીહરિ શ્રી જીવાખાચરના રાજદરબારમાં પધાર્યા.[૪૮]

આમ, શ્રીહરિએ અપાર લીલાઓ કરી. એ સમયે શ્રી જીવાખાચરનો ઘણો જ ભાવ દેખીને શ્રીહરિ ત્યાં એક આખો માસ રોકાયા હતા. શ્રીહરિની જેમ મરજી હોય તે પ્રમાણે તે બંને ભાઈઓ સેવા કરતા હતા. તેમના પુત્રો અને બધો પરિવાર શ્રીહરિની મરજી પ્રમાણે વર્તતો હતો.

શ્રીહરિએ દિવાળી-અન્નકૂટોત્સવનો દિવ્ય લાભ આપ્યો

એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં બિરાજમાન હતા. દિવાળીના દિવસો નજીક આવી રહ્યા હતા. એટલે શ્રી જીવાખાચરે શ્રીહરિ સમક્ષ આવીને પ્રાર્થના કરી કે ''આપ દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ અહીં કરો એવી આપને વિનંતી છે. આપ સંતો-હરિભક્તોને તેડાવો. બધા માટે અનાજ હું આપીશ. આમ તો બધું અનાજ આપનું આપેલું છે એમ હું તો દૃઢ જાણું છું. તેમાં મારું બળ કાંઈ ચાલતું નથી એમ હું ચોક્કસ માનું છું.''

તેમની આવી વાણી સાંભળીને શ્રીહરિ ઘણા જ પ્રસન્ન થયા. અને ઉત્સવ માટે સંમતિ આપી.

શ્રીહરિએ પત્રો લખાવીને સૌ સંતો-હરિભક્તોને તેડાવ્યા. બારશને દિવસે સૌ આવી ગયા. અને ઘટે તેમ ઉતારા કરાવ્યા. સંતો ઉન્મત્તગંગાના તટ ઉપર શિવાલય છે ત્યાં ઊતર્યા.

એમ કરતા દિવાળીનો દિવસ આવી ગયો. શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારગઢમાં બિરાજતા હતા. પ્રસન્ન હૃદયે તેઓ એક સોનેરી પલંગ ઉપર

---

૪૮. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૬/૯૭-૧૦૦, ૭/૫-૭

બિરાજ્યા હતા. તે દિવસે કોઈક ભક્તો ઈંગ્લેન્ડથી આવેલાં વાજિંત્ર આનંદ-ઉત્સાહથી શ્રીહરિ સમક્ષ વગાડતા હતા. સભામાં સંતો અને હરિભક્તોની ભીડ ભરાઈ હતી. દરબાર શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચર શ્રીહરિની આગળ બેઠા હતા. બીજા પણ અપાર કાઠી દરબારો શ્રીહરિની આગળ શોભતા હતા.

તે સમયે શ્રીહરિએ શ્રી જીવાખાચર અને શ્રી એભલખાચરને કહ્યું: ''આજે જે દરબારો અહીં આવ્યા છે તે બધાને કહો, સહુ પોતપોતાના અશ્વોને તૈયાર કરે. બધા સોનેરી સાજથી અશ્વોને શણગારે. આજ અનુપમ દિવાળીનો દિવસ છે. આવો દિવસ ફરી ક્યારે આવે તે નક્કી કહી શકાય નહીં.''

અને બધા દરબારો ઊઠ્યા અને હરખભર્યા પોતાના અશ્વોને લઈ આવ્યા. શ્રીહરિ માટે હાથી પણ લઈ આવ્યા. ડંકા અને નિશાન વગેરે પણ ઉમંગભેર લાવ્યા. શ્રીહરિએ કહ્યું: ''આપણે મુખ્ય રાજમાર્ગે થઈને ઘેલા નદીએ જવાનું છે.'' પછી સહુ સાંભળે તેમ તેવો સાદ પડાવ્યો. પછી શ્રીહરિ હાથી ઉપર બેઠા. ગઢપુરના વણિકોએ પોતપોતાની દુકાનોને શણગારી દીધી, બજારમાં પાણી છંટકાવીને કેળના સ્તંભ રોપાવી દીધા, પાંચ પલ્લવનાં ગઢપુરના બંને દરબારગઢને ખૂબ સુંદર રીતે સજાવ્યા શણગાર્યા હતા. ગઢપુરના બધા ભક્તજનો શ્રીહરિનાં દર્શન કરવા આવી ગયા હતા. ઘરનું કામકાજ હતું તે બધું છોડી સૌએ પોતાનું ચિત્ત એક શ્રીહરિમાં પરોવી દીધું હતું. સૌ હાથમાં ફૂલહાર લઈને આવ્યા હતા. શ્રીહરિના ઉપર ફૂલહારની તો માનો ઝડીઓ પડતી હતી. શ્રીહરિ ફૂલોથી ભરાઈ ગયા હતા.

એવી શોભા સાથે શ્રીહરિ ગઢપુરની બજારમાંથી પસાર થઈ રહ્યા હતા. છડીદારો હાથમાં છડી લઈને શ્રીહરિની આગળ રહેતા અને ઊંચે અવાજે છડી પોકારતા હતા. શ્રીહરિ લાલ રેશમી કોરનો રૂમાલ મુખ આગળ રાખીને મુખથી મરક મરક હસતા હતા.

આમ, ઘોડેસવાર કાઠી દરબારોની મંડળી સાથે શ્રીહરિ ઘેલા નદીએ આવી પહોંચ્યા. નદીમાં પાણીના મોટા ધરા પાસે આવ્યા ત્યારે શ્રીહરિ હાથી ઉપરથી નીચે ઊતર્યા.

પછી શ્રીહરિએ સૌ સંતો-હરિભક્તોને કહ્યું: ''સૌ પહેલાં અમે ઉન્મત્ત ગંગાના જળમાં સ્નાન કરી લઈએ. તે પછી સંતો-સંન્યાસીઓ-વર્ણીઓ સ્નાન કરી લે. તે પછી હરિભક્તોએ નાહવું. કોઈએ ધક્કાધક્કી કરવી નહીં. જેઓ સ્નાન વખતે ધક્કાધક્કી કરે તે હરિભક્ત નહીં ગણાય.'' આમ કહીને શ્રીહરિએ સ્નાન કર્યું.

પછી શ્રીહરિની આજ્ઞા મુજબ સંતો-હરિભક્તોએ પણ સ્નાન કર્યું. ફરીથી શ્રીહરિની સવારી ગામ તરફ ચાલી. સંતો અને હરિભક્તો શ્રીહરિનાં

કીર્તનો ગાતા હતા. ગઢપુરમાં દરબારોનો રાવળ નાગાજણ (નાગર્જુન) અને તેના સંબંધીઓ વાજિંત્રો ને વગાડીને શ્રીહરિના ગુણો ગાતા હતા. વાજિંત્ર વગાડતાં અને 'પરજ', 'કાલિરે' રાગ ગાતા નૃત્ય પણ કરતા હતા. કચ્છી જાડેજી ભાષાનાં પદ બોલીને રંગ જમાવતા. અને શ્રીહરિ તેના ઉપર રાજી થઈને ક્યારેક તેને મોજ આપતા. કોઈ વાર અશ્વ આપ્યો હતો. ઘણીવાર વસ્ત્રાભૂષણ આદિક પણ આપતા. તેને વારંવાર ફૂલહાર આપતા. શ્રીહરિ અનંત કળાઓને પારખનારા ચતુર હતા. તે રાવળ જ્યારે પાસે આવતા ત્યારે તેને મેવા તથા મીઠાઈ પણ આપતા હતા.

પછી શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિ આવ્યા. ત્યાં અનુપમ રસોઈ તૈયાર કરી હતી. શ્રીહરિ તે ઘણા જ હેતથી જમ્યા. શ્રીહરિએ બધા સંતોને અને પાર્ષદોને ઘણા ભાવથી જમાડ્યા. તે પછી શ્રી જીવાખાચરે શ્રીહરિની પૂજા કરી. ઘણી ચતુરાઈપૂર્વક કેસરચંદન લાવ્યા. સારાં અમૂલ્ય વસ્ત્રો અને આભૂષણો લાવીને હરખથી શ્રીહરિને પહેરાવ્યાં. દરબારના પરિવારે પણ શ્રીહરિની ઘણી પૂજા કરી. કપૂરની આરતી પ્રકટાવીને ઘણા જ રસભાવથી આરતી ઉતારી. બંને હાથ જોડી સ્તુતિ કરીને શ્રી જીવાખાચર અને પરિવારે પ્રાર્થના કરતાં કહ્યું: ''અમને ક્યારેય આપનો વિયોગ થાય નહીં, કાયમ આપની ભેળા રહીએ. અનેક પ્રકારના માયિક વ્યવહાર પ્રસંગે ક્યારે બાળબુદ્ધિથી થોડોક અહં-મમત્વ થઈ જાય, કુસંગ અને લોભથી ક્યારેક અમારી મતિ ફરી જાય, તો તે વખતે આપ અમારા ઉપર દયા કરીને અમારી રક્ષા કરજો. અમે વારંવાર એ એક જ વરદાન માગીએ છીએ. તો આપ પ્રસન્ન થઈને તે આપો.''

દરબાર શ્રી જીવાખાચરે જ્યારે જ્યારે આવાં વરદાન માગ્યાં હતાં ત્યારે શ્રીહરિએ તેમને તે વરદાન આપ્યાં હતાં. શ્રી જીવાખાચરે આવી પ્રાર્થના કરીને પછી કેસરચંદન શ્રીહરિનાં ચરણોમાં લગાવીને તેને પોતાને મસ્તકે મૂક્યાં, તેમજ પોતાની છાતીએ ચાંપ્યાં. દરબાર શ્રી જીવાખાચરના પરિવારજનોએ પણ તે રીતે જ પૂજા કરી.

ત્યારપછી શ્રી જીવાખાચરે સંતો-પાર્ષદોની પણ પૂજા કરીને વસ્ત્રોની ગાંસડીઓ શ્રીહરિની પાસે મુકાવી. દરબારે હાથ જોડીને શ્રીહરિને કહ્યું: ''આપને હાથે સંતો, વર્ણી અને પાર્ષદોને આ વસ્ત્ર સહુને આપો.'' પછી શ્રીહરિએ એક એક વસ્ત્ર પોતાના હાથમાં લીધું અને એક એક સંતની સામે જોઈને પ્રસન્ન મનથી તેમના પર ફેંકવા લાગ્યા. સંતોને કહ્યું: ''સૌએ વસ્ત્ર પોતાના ખભા ઉપર રાખવું, કોઈએ એક વસ્ત્રથી વધારે રાખવું નહીં.'' શ્રીહરિએ વર્ણી અને પાર્ષદોને પણ વસ્ત્ર આપ્યાં. આ પ્રમાણે દરબાર શ્રી જીવાખાચરે સૌને વસ્ત્ર ઓઢાડ્યાં.

ત્યારબાદ શ્રીહરિ શ્રી એભલ ખાચરના દરબારગઢમાં પધાર્યા. બીજા

દરબાર શ્રી જીવાખાચરે જ્યારે જ્યારે આવાં વરદાન માગ્યાં હતાં ત્યારે શ્રીહરિએ તેમને તે વરદાન આપ્યાં હતાં. દરબારે આવી પ્રાર્થના કરીને પછી કેસરચંદન શ્રીહરિનાં ચરણોમાં લગાવીને તેને પોતાને મસ્તકે મૂક્યાં, તેમજ પોતાની છાતીએ ચાંપ્યાં. પરિવારજનોએ પણ તે રીતે જ પૂજા કરી.

દિવસે સાંજે શ્રીહરિ ફરીથી વાજતે ગાજતે શ્રી જીવાખાચરના દરબારગઢમાં પધાર્યા.

તેમના ઊંચી ઊભણીવાળા ભવનની ઓસરીમાં એક સુંદર પલંગ બિછાવી રાખ્યો હતો. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. પછી શ્રીહરિએ કહ્યું: ''સહુ સાંભળો, વાતોમાં જ આપણો સત્સંગ સ્પષ્ટ દેખાઈ આવે છે. આપણે બધા વારે વારે ભેળા મળીએ છીએ ત્યારે વાતમાં કીર્તન, કથા, નિયમો, ધ્યાન અને સ્મરણ વગેરે થાય છે. બધાનું કારણ વાત જ દેખાય છે. વાતમાં અમૃત ભર્યું હોય છે. અને ઝેર પણ વાતમાં જ રહ્યું હોય છે. વાતથી ઘણી જાતના માણસો મરી જાય છે અને વાતથી જ મરવા તૈયાર થયેલા ઘણા લોકોને ઉગારી લેવાય છે.''

અન્નકૂટના દિવસે શ્રી જીવાખાચરે પોતાના દરબારગઢમાં સુંદર અન્નકોટ તૈયાર કરાવી રાખ્યો હતો. તેમાં પકવાનો વિવિધ પ્રકારનાં હતાં. શ્રીહરિ તે ભોજનોને ભાવથી જમવા આવ્યા. ભોજનો ખૂબ જ સરસ હતાં. કેટલીય જાતનો શિખંડ બનાવ્યો હતો. વિવિધ રીતે ભાત કર્યો હતો. દૂધપાક, બિરંજ અને હરીસો પણ સરસ જાત જાતનો કર્યો હતો. મુકુંદાનંદ તથા જયાનંદ, એ બે વર્ણી અને મયારામ ભટ્ટ તથા વિપ્ર નાનાભાઈ મેવાડા, એ બધા તે સમયે શ્રીહરિની પાસે બેઠા. જેટલા વ્યંજન, જે કાંઈ કર્યું હતું, તેમાંથી એક એક કોળિયો ભોજન શ્રીહરિ ઘણા ભાવથી જમ્યા. પછી હાથ તથા મુખ ધોયાં.

શ્રી જીવાખાચર અને શ્રી મૂળુખાચર, બંને ભાઈએ મુખવાસ તૈયાર કરી રાખ્યો હતો. શ્રીહરિ જમીને પાટ ઉપર બિરાજ્યા ત્યારે બંનેએ મુખવાસ આપ્યો. શ્રી મૂળુખાચરે સોનેરી વસ્ત્ર, સોનાનાં અલંકાર શ્રીહરિનાં અંગમાં ધરાવ્યાં, કેસર-ચંદનની લલાટમાં અર્ચા કરી, વચ્ચે કુંકુમનો લાલ ચાંદલો કર્યો, ફૂલના તોરા પાઘમાં ધર્યા, કાન ઉપર ગુલાબના ગુચ્છ ધરાવ્યા અને બંને ભુજાઓ ઉપર ફૂલના બાજુ બાંધ્યા, વિવિધ ફૂલહાર પહેરાવ્યા, આરતી ઉતારી અને શ્રી જીવાખાચર અને શ્રી મૂળુખાચરે સ્તુતિ કરી: ''મહારાજ! અમે હાથ જોડીને એ માગીએ છીએ કે જીવને માયા વારંવાર વિઘ્ન કરે છે, તો આપ તેનાથી અમને ઉગારી લેજો.''

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું: ''આ જગતમાં એવા કેટલાએ લોકો છે કે જે વગર વાંકે સંતોનો અને હરિભક્તોનો દ્રોહ કરે છે. તમને તેવા દ્રોહીનો સંગ રહે છે તે અમને દેખ્યામાં આવે છે. તેવા દ્રોહીના મનનો ભાવ જેવો હોય તે દેખાયા વિના રહે જ નહીં. એવાની સાથે જે મહોબત રાખે, તેઓ કઈ રીતે માયાને તરી શકે?''

શ્રીહરિએ કહેલા શબ્દોને સાંભળીને શ્રી મૂળુખાચર ગદ્ગદ થઈ ગયા. તેનું ગળું ભરાઈ આવ્યું અને બોલ્યા: ''પ્રભુ! જે વાત સત્ય હોય છે, તેને

> **''દ્રોહીઓનો ત્યાગ કરો તો તમે માયાને તરત જ તરી શકો. ભાંગેલા વહાણમાં બેસીને કોઈ સાગરને તર્યો હોય એવો અમે દેખ્યો નથી. કોઈ રોજ કરોડો ગાયોનું દાન કરે, તો પણ ભાંગેલા વહાણમાં બેઠેલો ક્યારેય તરે જ નહીં. દ્રોહી તો ભાંગેલા વહાણમાં બેઠેલો છે. તે ડૂબ્યા વિના રહે જ નહીં.''**

આપ પ્રસન્ન મનથી કહો છો.''

પછી પરિવારજનોએ આવીને શ્રીહરિની પૂજા કરી. તેઓ બધા શિર સાટે સત્સંગનો પક્ષ રાખતા હતા. તે પછી તેમણે સંતો વર્ણીઓ અને પાર્ષદોને કેસર ચંદનથી પૂજ્યા અને ફૂલના હાર પહેરાવીને સારાં વસ્ત્ર ઓઢાડ્યાં. તે પછી સંતોની અને પાર્ષદોની પંગત થઈ. સહુ એક તાર થઈને 'નારાયણ ધૂન' કરવા લાગ્યા.

જે જુવાન સંતો પકવાનોના થાળ ભરી ભરીને લાવવા લાગ્યા અને શ્રીહરિ સૌને પીરસવા લાગ્યા. કાઠી દરબારોની પણ જમવા માટેની અનુપમ પંગત થઈ. શ્રીહરિ તેમને સૌને પણ પીરસવા લાગ્યા. પકવાન સિવાયનાં ભોજન હતાં તેને સંતો પીરસતા હતા.

જ્યારે બધાંય ભોજન પીરસાઈ રહ્યાં ત્યારે શ્રીહરિએ સંતોને કહ્યું: ''તમે સૌ અમારા વચને બધું ભોજન પાત્રમાં મેળવીને જમો છો, અને તેમાં પાણી નાંખો છો. પણ આજ સૌ તે ભોજન-અન્નને જુદું રાખીને જમો. કોઈ ભોજનમાં પાણી નાખશો નહીં. સૌ ભગવાનને સંભારીને જમો.'' *'વાસુદેવ હરે...'* આવું બોલીને સૌ સંતો જમવા લાગ્યા. જમવા માટે સંતો અપાર બેઠા હતા. ચોક, ભવનો, બધી ઓસરીઓ, શ્રીહરિને રહેવા માટે ઉજાસવાળાં સુંદર ભવન કર્યાં હતાં તેમાં બધે સંતો બેઠા. કેટલાકને તો બેસવા પૂરતી જગ્યા પણ ન મળી. જ્યાં ત્યાં જઈને સંતો બેઠા. શ્રીહરિ પણ ત્યાં પીરસવા માટે ફર્યા.

સંતો જ્યાં સુધી જમ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં ફર્યા. પીરસવા ફરવામાં શ્રીહરિ એક પળવાર પણ આળસ કરતા નહીં. શ્રીહરિ પીરસતા ત્યારે ઘણા જ પ્રેમ અને ઉત્સાહથી પીરસતા હતા. સંતોને જમાડવા રસોઈ બનાવી હતી તેને પીરસતાં પીરસતાં પણ વારે વારે જોવા જતા હતા કે હવે રસોઈ કેટલી છે. સંતોના હિતમાં શ્રીહરિ ક્યારેય આળસ કરતા નહીં. જે ભક્તો સેવામાં આળસ રાખે તેના ઉપર શ્રીહરિ ક્યારેય રાજી થતા નહીં. જે આળસ ન કરે તેને શ્રીહરિ પ્રસાદીનો હાર આપતા અને તેના ઘણા વખાણ કરતા.

જ્યારે બધા જ સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ ચરણકમળ અને હાથ ધોયાં. પછી આવીને થોડીવાર પોઢી ગયા. સાંજે મશાલ થઈ ત્યાં સુધી શ્રી જીવાખાચરે સૌને જમાડ્યા, બહુ લોકોને જમાડ્યા.

શ્રી જીવાખાચરના દરબારગઢની બહાર બજારમાં સૌને જમવા બેસાડ્યા હતા. જ્યારે શ્રીહરિ ઊઠ્યા ત્યારે બધી જગ્યા સાફ કરાવી. બધા સંતો સ્નાન કરીને આવ્યા. ત્યારે જ્યાં કાયમ સભા થતી હતી ત્યાં સભા કરાવી. શ્રીહરિ પણ સ્નાન કરીને સભામાં આવ્યા અને પલંગ ઉપર બેઠા. શ્રીહરિએ કહ્યું: ''આજ અન્નકૂટનો ઉત્સવ ઘણો સારો થયો. શ્રી જીવાખાચરના મનમાં જેવો

સંતો જ્યાં સુધી જમ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં ફર્યા. પીરસવા ફરવામાં શ્રીહરિ એક પળવાર પણ આળસ કરતા નહીં. શ્રીહરિ પીરસતા ત્યારે ઘણા જ પ્રેમ અને ઉત્સાહથી પીરસતા હતા. સંતોને જમાડવા રસોઈ બનાવી હતી તેને પીરસતાં પીરસતાં પણ વારે વારે જોવા જતા હતા કે હવે રસોઈ કેટલી છે.

ભાવ હતો તે પ્રમાણે ઉત્સવ સારો થયો. જે કોઈ મોટા રાજા હોય, કરોડપતિ જેવા ધનવાન હોય, ગામ ગરાસનો કોઈ પાર ન હોય, પણ જીવ જો લોભી હોય તો તે આવું ધન ક્યારેય ખરચી શકે નહીં. ઘરમાં દીવો કરવો હોય, તોય રોજ તેમાં કરકસર કરે, મા-બાપની સાથે કાંઈ સંબંધ કે મહોબત રાખે નહીં.'' એમ કહીને શ્રીહરિએ શ્રી જીવાખાચરની અપાર સેવા પર ઘણી પ્રસન્નતા દર્શાવી.[૪૯]

આમ ને આમ છેક પ્રબોધિની એકાદશી સુધી શ્રી જીવાખાચરની વિનંતીથી ગઢપુરમાં શ્રીહરિ ખૂબ પ્રેમભાવથી તેમને ત્યાં બિરાજ્યા. દરબારગઢના ચોક વચ્ચે શ્રી જીવાખાચરે ઘણો સુંદર મંડપ બંધાવ્યો હતો. અહીં શ્રીહરિ રોજ સભા કરતા, રોજ દર્શન આપતાં, હંમેશાં કીર્તન ગવડાવતા, ભાત-ભાતનાં વાજિંત્રો વાગતાં. અને સૌને અપાર આનંદ થતો. શ્રી જીવાખાચરના ભાઈ શ્રી મૂળુખાચર, શ્રી જીવાખાચરના બે પુત્ર શ્રી મોકાખાચર અને શ્રી દેસાખાચરે વગેરે સૌએ શ્રીહરિની ખૂબ સેવા કરીને અપાર રાજીપો લીધો હતો.

શ્રીહરિ મીંઢીઆવળનો ગોળો જમ્યા

એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ શ્રી જીવાખાચરના દરબારગઢમાં બિરાજમાન હતા. શ્રીહરિ કથાવાર્તાનો લાભ આપતા હતા તે દરમ્યાન સંતોએ તેમને પૂછ્યું કે 'હે મહારાજ! આપ નીલકંઠવર્ણી વેષમાં હતા, ત્યારે મરચાં અને મીંઢીઆવળ લસોટીને તેનો ગોળો કરીને ખાતા હતા. અમારે બધાને તે રીતે મરચાં અને મીંઢીના ગોળા જમતા એવાં આપનાં દર્શન કરવાની ઇચ્છા છે.'

અને તરત જ શ્રીહરિએ ગામમાંથી લાધા ઠક્કર પાસે મરચાં અને મીંઢીઆવળ મંગાવીને પોતે પોતાના હાથે એક શિલા ત્યાં હતી તેના ઉપર સંતો જુએ તે રીતે લસોટીને એક ગોળો બનાવ્યો ને એ પછી સભામાં બેસીને બધાને દર્શન થાય તેમ જમી ગયા. મરચાં અને મીંઢીઆવળનો ગોળો આશરે અર્ધોથી પોણો શેરનો હતો.[૫૦]

શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિએ એવી અનેક લીલાઓની સ્મૃતિઓ આપી છે.

શ્રી જીવાખાચરના દરબારગઢમાં જ્યાં મુનિલીમડો છે તેના મૂળમાં

"

એકવાર શ્રીહરિ હુતાશનીથી લઈને છેક જન્માષ્ટમી સુધી સળંગ પાંચ મહિના કરતાં પણ વધારે સમય ગઢપુરમાં બિરાજ્યા હતા. આ પાંચ પાંચ મહિનાઓ સુધી શ્રીહરિએ શ્રી જીવાખાચરના દરબારમાં કથાવાર્તા, કીર્તનો, ઉત્સવોની રમઝટ બોલાવીને સૌને અપાર સુખ આપ્યું હતું.

૪૯. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૧૩/૪૩-૬૫

૫૦. તે જીવાખાચરના દરબારગઢની આ પ્રસાદીની શિલા ત્યાં શ્રી જીવાખાચરના દરબારગઢમાં જ પડી હતી. તેનાં સૌ દર્શન કરતાં હતાં. મેં પણ સગી આંખે પણ જોઈ છે. - શાસ્ત્રી સ્વામી શ્રી ગોવિંદસ્વરૂપદાસજી, ગોપીનાથ દેવ મંદિર(ગઢડા) (ગઢપુર માહાત્મ્ય, પૃ. ૨૦૪)

માણકી બાંધવાની ઓરડીના બારણાંની આગળ એક મોટી સુંવાળી સારામાં સારી શિલા હતી, જેના ઉપર મહારાજ અગણિત વખત નહાયેલા છે. આ શિલા અહીં વર્ષો સુધી રાખવામાં આવી હતી, જેનાં દર્શન અનેક સંતો-ભક્તોએ કર્યાં છે.

શ્રી જીવાખાચરના દરબારગઢમાં જ્ઞાનની વર્ષા

એકવાર શ્રીહરિ હુતાશનીથી લઈને છેક જન્માષ્ટમી સુધી સળંગ પાંચ મહિના કરતાં પણ વધારે સમય ગઢપુરમાં બિરાજ્યા હતા. આ પાંચ પાંચ મહિનાઓ સુધી શ્રીહરિએ શ્રી જીવાખાચરના દરબારમાં કથાવાર્તા, કીર્તનો, ઉત્સવોની રમઝટ બોલાવીને સૌને અપાર સુખ આપ્યું હતું. સાથે સાથે શ્રી એભલખાચરના દરબારગઢમાં પણ ખૂબ સુખ આપ્યું હતું.

આ પાંચ માસ દરમ્યાન શ્રીહરિએ શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રી પ્રાગજી દવે પાસે સાત વખત શ્રીમદ્ ભાગવતની કથા કરાવી હતી. વક્તાને રોજનું પાકું સીધું ઉપરાંત એક કથા પૂરી થાય એટલે શ્રીહરિ વક્તાને સો રૂપિયા દક્ષિણામાં આપતા. શ્રીહરિ નિત્ય આખો દિવસ અને અડધી રાત સુધી કથા વંચાવતા, ક્યારેક વ્યાસજી અને બીજા આચાર્યોનાં રચેલાં શાસ્ત્રોને છેક કાશીથી મંગાવીને પુરાણી પાસે વંચાવતા અને તેના પર અદ્‌ભુત નિરૂપણ કરીને શ્રીહરિ શાસ્ત્રોનાં અકળ રહસ્યો તાદૃશ કરીને સમજાવતા.

આમ, સતત પાંચ મહિના સુધી ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિએ દિવ્ય હેલી વરસાવી હતી.[૫૧]

૫૧. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગરઃ ૭/૭

શ્રી જીવાખાચરને સંબોધીને ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલો બોધ

ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીમુખેથી દિવ્ય પરાવાણી સહજ વહ્યા કરતી. ક્યારેક પ્રશ્નોત્તરી દ્વારા તો ક્યારેક કૃપાવચનો દ્વારા કથાવાર્તાની ઝડી વરસાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢપુરમાં અપાર કથાલાભ આપ્યો હતો. ભક્તરાજ શ્રી દાદાખાચરના દરબારગઢની જેમ ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે વર્ષો સુધી પોતાની દિવ્ય પરાવાણીની ગંગા વહાવી હતી.

શ્રીહરિએ પોતાના સર્વોપરી સ્વસ્વરૂપની કરેલી કેટલીયે વાતો અને આજ્ઞા, ઉપાસના, સત્સંગમહિમા, કુસંગ વગેરે સંબંધી કેટલીયે અદ્‌ભુત આધ્યાત્મિક રહસ્યની વાતો જાણે આજેય એ દરબારગઢમાં ગુંજે છે.

સંપ્રદાયના ગ્રંથો વર્ણવે છે કે આ શ્રીહરિ દરબારગઢમાં હોય અથવા અન્યત્ર વિચરણમાં હોય, શ્રી જીવાખાચર ઉપસ્થિત હોય તો અવશ્ય કથામાં શ્રીહરિ સન્મુખ બેસીને એ કથામૃતનો લાભ માણે.

જ્યાં જ્યાં કથાવાર્તા થતી ત્યાં શ્રીહરિ તેમને સંબોધીને કૃપાલાભ આપતા. ક્યારેક શ્રી જીવાખાચર મુમુક્ષુતાભર્યા આધ્યાત્મિક પ્રશ્નો પૂછીને શ્રીહરિ પાસેથી જ્ઞાનબોધ મેળવતા. એક જિજ્ઞાસુ મુમુક્ષુ તરીકે શ્રી જીવાખાચરે અનેકવાર શ્રીહરિને પ્રશ્નો પૂછીને આધ્યાત્મિક માર્ગદર્શન મેળવ્યું હતું. તેમણે શ્રીહરિ સાથે કરેલી પ્રશ્નોત્તરી એક ઉત્તમ મુમુક્ષુને છાજે તેવી અનુભાવાય છે. ક્યારેક પોતાના દરબારગઢમાં તો ક્યારેક અન્યત્ર શ્રી જીવાખાચરે ભગવાન સ્વામિનારાયણ સાથે કરેલી પ્રશ્નોત્તરી આજેય આપણને પ્રેરણા આપે તેવી છે. શ્રીહરિએ શ્રી જીવાખાચરના દરબારગઢમાં અથવા અન્યત્ર શ્રી જીવાખાચરને સંબોધીને ઉચ્ચારેલાં અમૃતવચનો પૈકી થોડાંક અમૃતવચનોનું પાન કરીએ...

આ બોધ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાંથી ઉદ્ધૃત છે. પાદટીપમાં તેના સંદર્ભ ક્રમાંકો છે.

- ગઢપુરમાં શ્રી જીવાખાચરે શ્રીહરિને પૂછ્યું: ''હે મહારાજ! ભગવાનને શરણે થયેલા પુરુષનાં લક્ષણ કેવાં હોય?''
  ત્યારે શ્રીહરિએ કહ્યું: ''જે જેને શરણે હોય તે તેના આજ્ઞાવચનમાં વર્તે, પોતાનું ધાર્યું ક્યારેય ન કરે - તે શરણાગતિનું લક્ષણ છે. વચનમાં વર્તનારો જ શરણાગત કહેવાય. વર્તનમાં જેટલો ફરક પડે તેટલી શરણાગતિમાં ખામી છે. દરદી જ્યારે વૈદ્યને શરણે જાય છે ત્યારે વૈદ્ય દરદ જોઈને તેને ઔષધ ને ચરી આપે છે. દરદી તે પ્રમાણે વર્તે તો રોગ જાય. જેણે સમુદ્ર પાર કરવો હોય તેણે નાવિકનું શરણું લેવું જોઈએ. તે નાવિક તેને નાવમાં બેસાડે પછી તે જેમ કહે તેમ કરે ત્યારે તે માણસને સમુદ્રને પાર ઉતારે છે. તેમ વચનમાં વર્તે તો કામ થાય. નિયમ ઉલ્લંઘે તેની કોઈ ઠેકાણે જગતમાં મોટાઈ નથી.''[1]
- ગઢપુરમાં એકવખત શ્રી જીવાખાચરે શ્રીહરિને પૂછ્યું: ''ભગવાનના ધામ વિના સર્વત્ર મૃત્યુનો ત્રાસ છે. તો મૃત્યુનો ડર લાગે નહીં એવું શું સાધન છે?''

૧. શ્રી આધારાનંદ સ્વામી કૃત શ્રીહરિચરિત્રામૃતસાગર: ૧૦/૫

ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી જીવાખાચરને પોતાના માનીને હિતવચનો કહ્યા ત્યારે તેમણે તેને હોંશે હોંશે સ્વીકારી લીધા...



શ્રીહરિએ કહ્યું: ''કોઈ પણ મિષે કરીને પણ રાત્રિ-દિવસ ભગવાનને સંભારવા. જેટલી ઘડી ભગવાન સાંભરે છે તેટલી ઘડી કાળ નાશ કરી શકતો નથી. એવું ભગવાનને સંભારવાનું ફળ છે. ભગવાને જીવ પોતાનો આશ્રય કરે તે હેતુથી જ રોગાદિક દુ:ખ તથા મૃત્યુ કર્યાં છે, તોય જીવ ભગવાનને ભાવથી સંભારતો નથી. અઘટિત કરવામાં દુ:ખ રહ્યું છે, તો પણ તે તેમાં દુ:ખ ન દેખીને પતંગિયાની પેઠે દુ:ખી થાય છે ને મૃત્યુ પામે છે. મૃત્યુ મટે તે રીતે ચાલ્યા વિના મૃત્યુ મટતું નથી. મૃત્યુનો નાશ કરનાર તો એક સત્સંગ જ છે. અપાર જન્મ તથા મૃત્યુનું બીજ સત્સંગ વિના બીજાથી બળતું નથી. મૃત્યુના બીજને બાળવા માટેનું એક જ દ્વાર સત્સંગ છે. જેને સત્સંગ નથી, તેને ભગવાનના ધામની પ્રાપ્તિ નથી. જ્યારે મનુષ્ય સત્સંગ કરે છે ત્યારે માનો, તે બધા જ ગ્રંથને ભણી ચૂક્યો છે. ભગવાન, ભક્ત, ભગવાનનું ધામ ને સત્સંગ એ વિના બ્રહ્માંડના અપાર વૈભવ હોય તે બધા વિઘ્નકર્તા છે. તે મૃત્યુથી નાશ પામનારા છે. એમ જાણીને સત્સંગ કરે તેને સત્સંગી કહેવાય. આ બ્રહ્માંડમાં સત્સંગના જેવો સાર કોઈનામાં નથી.''[૨]

- એકવાર શ્રીહરિ વરતાલથી ગઢપુર પધારતા હતા ત્યારે શ્રી જીવાખાચર પોતાના પરિવાર અને ગામમાં જેટલાં વાજિંત્ર વગાડનારા હતા તે સહિત સૌને લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. ગઢપુરમાં પ્રવેશ્યા બાદ શ્રીહરિએ તેમને વરતાલમાં થયેલા સમૈયાની અને ગુજરાતના ભક્તોના મહિમાની વાત કરી. શ્રી જીવાખાચરે તેનાથી રાજી શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો: ''આપ જે વાત કરો છો તે સત્ય જ હોય છે. આવી વાત છે તો પણ અમને તે બધી વાતો યાદ રહેતી નથી. જ્યારે જગતની વાતમાં કાંઈ સાર નથી, તુચ્છ છે, છતાં વગર કર્યે રાતદિવસ તેના અપાર સંકલ્પ થયા કરે છે. નદીનો પ્રવાહ વહેતો હોય તેમ તે સંકલ્પ ચાલતા રહે છે. પણ ભગવાન સંબંધી એવા સંકલ્પ થતા નથી. તેનું કારણ શું હશે? મને તે સમજમાં આવતું નથી, તો જગતની જેમ ભગવાન સંબંધી સંકલ્પ જ થાય તેવો ઉપાય કહો.''

ત્યારે શ્રીહરિએ કહ્યું: ''ભગવાન સિવાય જેટલા સંકલ્પ છે તેને જ્યારે સળગતી આગ અને સર્પ જેવા જાણવામાં આવે છે ત્યારે તેમાં કોઈ દિવસ સુખ મનાતું નથી. જગતના સંકલ્પમાં સુખ મનાય ત્યાં સુધી તે છૂટે નહીં. બૂરામાં જ્યાં સુધી સાર મનાય છે ત્યાં સુધી તેના સંકલ્પ થયા કરે છે. બૂરા સંકલ્પને શત્રુ માન્યામાં આવે તો ત્યાગ કરતાં વાર લાગે નહીં. સર્પ કે અગ્નિને કોઈ સુંવાળા કે પ્રકાશિત જાણીને પકડવા જતું નથી, તેમ શ્રીહરિ વિનાના સંકલ્પો દુ:ખરૂપ સમજવામાં આવે તો

> “
> **ભગવાન સિવાય જેટલા સંકલ્પ છે તેને જ્યારે સળગતી આગ અને સર્પ જેવા જાણવામાં આવે છે ત્યારે તેમાં કોઈ દિવસ સુખ મનાતું નથી. જગતના સંકલ્પમાં સુખ મનાય ત્યાં સુધી તે છૂટે નહીં. બૂરામાં જ્યાં સુધી સાર મનાય છે ત્યાં સુધી તેના સંકલ્પ થયા કરે છે.**

૨. ૨૮/૧૨૯

છૂટતાં વાર લાગે નહીં. ભગવાનના સંબંધ વિનાનું જે જ્ઞાન છે તે એકડા વિના કરોડ શૂન્ય કરે તેના જેવું છે. ભગવાનના સંબંધ વગરનું ગમે તેટલું જ્ઞાન હોય તો પણ તે શબને અલંકાર પહેરાવે તેની પેઠે તે શોભતું નથી. માટે ભગવાનના સંબંધનો મહિમા સમજાય તો તેના સંકલ્પ થાય.''[૩]

- એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણ ભેંસજાળના દરબાર શ્રી કાયાભાઈના દરબારગઢમાં ઓસરીમાં સભા ભરીને બિરાજ્યા હતા. શ્રીહરિએ દરબારોને પૂછ્યું: ''તમે કહો તેમ કરીએ. તમે વાતો કરવાનું કહો તો વાતો કરીએ અને ગાન કરવાનું કહો તો સંતો કીર્તનોનું ગાન કરે.''

  ત્યારે શ્રી જીવાખાચરે શ્રીહરિને કહ્યું: ''હે મહારાજ! આપ વાતો કરો. કારણ કે સમગ્ર ગાન કરતાં અધિક ગાન તો આપની વાતો છે. આપના મુખની વાતો દુર્લભમાં પણ અતિશય દુર્લભ છે. આપની વાતો અમૃત પણ છે અને વેદવચન પણ છે. હું આપને એક પ્રશ્ન પૂછું છું કે હે મહારાજ! જીવને મોક્ષનો અંકુર ઉદય કેમ થાય?''

  શ્રી જીવાખાચરનો પ્રશ્ન સાંભળીને પ્રસન્ન થતાં શ્રીહરિએ કહ્યું: ''વેદ, શાસ્ત્ર અને અમારા અનુભવે ઉત્તર કરીએ છીએ તે સાંભળો. શુક-સનકાદિક જેવા સંતો મળે, તેમનાં વચન હિતકારી મનાય, લગારેય તેમાં સ્વાર્થ ન જણાય, તેમની આગળ પોતાની બુદ્ધિના ડહાપણને તુચ્છ ગણે, અને એવી રીતે જાણીને પ્રેમથી સંતનો સમાગમ કરે તો સત્સંગનો પ્રતાપ એવો છે કે મોક્ષનો અંકુર ઉદય થાય છે. કુસંગ એ મોક્ષના અંકુરને માટે ઊધઈ જેવો છે. વૃક્ષ ભલે મોટું હોય પરંતુ જ્યારે વૃક્ષના મૂળમાં ઊધઈ લાગે છે ત્યારે તેને ફૂલ કે ફળ કંઈ જ ન આવે અને છેવટે તે સમૂળગું સુકાઈ જાય છે. માટે કુસંગનો ક્યારેય વિશ્વાસ કરવો નહીં. સત્સંગને નિર્દોષ જાણવો. તેમાં હેત રાખીને દિનપ્રતિદિન ગુણ ગ્રહણ કરવો. આવું જ્યારે થાય ત્યારે મોક્ષનો અંકુર ઉદય થાય અને તે અધિક ને અધિક વૃદ્ધિને પામે છે. તમારા પ્રશ્નનો આ ઉત્તર થયો. તેને મનમાં દૃઢપણે ધારવો અને વિચારવો.''[૪]

- એકવાર સત્સંગનો આવો દિવ્ય મહિમા કહેતાં શ્રીહરિએ જીવાખાચરને કહ્યું: ''સત્સંગ ન મળે ત્યાં સુધી અનંત બ્રહ્માંડનો રાજા હોય તો પણ તેનું જીવન અલેખે છે. સત્સંગ ન કરે તે બાળકબુદ્ધિ છે. સત્સંગની રીત સમજવામાં જેટલી કસર રહે તેટલું તેને સત્સંગનું સુખ આવે નહીં.

---

૩. ૨૮/૭૩

૪. ૪/૬૮

સંસારમાં આસક્તિ એ ભક્તિનું ગોબરાપણું છે. ગોબરા બાળકની માતા કરુણા કરી બાળકને ધૂએ છે. તેમ શ્રીહરિ બાળક જાણી તેને છોડતા નથી. પણ શ્રીહરિના બાળક થઈને રહે તો જ શ્રીહરિ તેનું જતન રાખે છે.''[૫]

- શ્રીહરિએ ગઢપુરમાં એકવાર શ્રી જીવાખાચરને કહ્યું: ''ભગવાન અને સત્સંગમાં ચોંટે નહીં ત્યાં સુધી કોઈ જીવ બ્રહ્માંડ ભરાય તેટલાં સાધન કરે તોપણ વ્યર્થ છે. એવી પાકા હરિભક્તની સમજણ હોય છે. બીજા હરિભક્તો બાળબુદ્ધિમાં ખપે છે.''[૬]
- શ્રીહરિએ શ્રી જીવાખાચરને ગુણાતીત સંતનો મહિમા કહેતાં કહ્યું: ''સ્થાવર-જંગમ સર્વ ભગવાનના નિયમમાં વર્તે છે. અક્ષરબ્રહ્મ અને અક્ષરધામના મુક્તોને પણ તેમનું સામર્થ્ય કળ્યામાં આવતું નથી. વેદ પણ નેતિ કહે છે. એવી સમજણવાળા સંત મળવા ને તેમની સાથે જીવ મેળવવો તે બહુ ભાગ્યની વાત છે. તેમાં જેવી પ્રીતિ રાખે તેવો તે અધિકારી થાય છે ને તેને નિયમ રાખવા સહેલા પડે છે. આરત વિના કોઈપણ વસ્તુ ચિત્તમાં ચોંટે નહીં. તે આરત કરતાં સંતને આવડે છે.''[૭]
- બાબરામાં શ્રીહરિએ શ્રી જીવાખાચર અને અન્ય સૌને શાસ્ત્ર, સંત અને પરમાત્માનો મહિમા સમજાવતાં કહ્યું: ''આ જગતના કર્તા ભગવાન છે. તેની મરજી રાખવી તેમાં બધું આવી ગયું. એ સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે. શાસ્ત્ર લોપીને ચાલે તે ભગવાનનો દ્રોહી છે. શાસ્ત્ર વિનાની કોઈપણ વાત નથી. પૃથ્વી વિના જેમ ચાલી શકાય નહીં, તેમ શાસ્ત્ર એ સૌનો આધાર છે. પણ અજ્ઞાને કરીને જીવ દુઃખી થાય છે. સંત મળે તો સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય છે અને અજ્ઞાન ટળે છે.''[૮]
- ગઢપુરમાં શ્રી જીવાખાચરના દરબારગઢમાં વાત કરતાં શ્રીહરિએ કહ્યું : 'સત્સંગ કરવાથી અનંત જન્મોનું બંધન દૂર થાય છે. જે લોકો યજ્ઞ, દાન, પુણ્ય, તીર્થ, વ્રત અતિ નિષ્કામભાવે કરે છે તેમને સત્સંગ થાય છે. માટે સત્સંગ સર્વથી શ્રેષ્ઠ છે. સંસારમાં સુખ મનાય છે ત્યાં સુધી સત્સંગ પૂરો સમજાયો નથી.'[૯]
- ગઢપુરમાં શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિએ કહ્યું: 'હરિભક્તના અંતરમાં અસુરનો પ્રવેશ થાય છે ત્યારે દરેક ભક્તમાં તેને દોષ ભાસે છે. અભાવ લેનારના જીવન-વૃક્ષના મૂળમાં ભક્ત-દ્રોહ

---

૫. ૧૦/૫

૬. ૨૯/૪

૭. ૧૦/૫

૮. ૬/૯૨

૯. ૧૩/૬૭

રૂપી ઊધઈ લાગે છે અને જીવન નષ્ટ થાય છે. અભાવરૂપી ઊધઈ એવી છે કે તે હરિભક્તને મૂળમાંથી બાળી દે છે. જે હરિભક્ત અભાવથી બીએ છે અને પ્રત્યેક ભક્તનો મહિમા જાણે છે તેના મુખમાં ક્યારેય ઘસાતું વચન આવતું નથી. એવા ભક્તના અંતરમાં ક્યારેય અસુર પ્રવેશી શકતો નથી. જે અભાવ-વચન સાંભળવામાં રુચિ રાખે તેનો કોઈ નિર્ધાર રહેતો નથી.

જેને મરણપર્યંત સત્સંગ જાળવી રાખવો હોય તેણે પૂર્વે થયેલા મોટા ભક્તોની આ રીત શીખવી. આ વાત ત્યાગી-ગૃહી સર્વેએ સમજી રાખવી. જે આ વાત સમજે છે તેનો જ સત્સંગ દિન-પ્રતિદિન દૃઢ થાય છે ને તે વૃદ્ધિ પામે છે. અમે આ વાત કરી તે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. જેણે સત્સંગ કર્યો છે તેને જ આ વાત સમજાશે. આવો સત્સંગ છે તે પરમ ચિંતામણિ છે. આ વાત બુદ્ધિવાળો હોય તેને જાણ્યામાં આવે છે બીજાને દેખ્યામાં પણ આવતી નથી.'[૧૦]

- શ્રીહરિએ ગઢપુરમાં શ્રી જીવાખાચરને વાત કરતાં કહ્યું: 'જે અનીતિ કરે છે તે દુઃખી જ થાય છે. નીતિવાળા સુખી થાય છે. જેવાં વૃક્ષ તેવાં ફળ આવે, તેમ મનુષ્યમાં જેવો સંગ થાય તેવા ગુણ આવે છે, ને તેવી બુદ્ધિ થાય છે ને તે પ્રમાણે ખાવું, પીવું, પહેરવું રાખે છે.'[૧૧]
- શ્રીહરિએ ગઢપુરમાં શ્રી જીવાખાચરને વાત કરતાં કહ્યું: 'અમારી વાત સૌ બાઈ-ભાઈઓએ યાદ રાખીને પરસ્પર કહેવી. યાદ રાખ્યા વિના કોઈ હરિજનનું અંગ વૃદ્ધિ ન પામે. એટલે વાત સાંભળી યાદ રાખવી તેમાં ગાફલતા ન રાખવી. ગાફલતા હશે તો જેવા હશો તેવા ને તેવા રહેશો. પછી કહેશો કે અમે હરિભક્ત થયા પણ સત્સંગમાં કંઈ દેખ્યું નહીં. અમારી વાત હૃદયમાં ધારે તો તેનો સત્સંગ પાકો રહે.

  કેટલાક તો સત્સંગની વાત શીખીને સત્સંગનો દ્રોહ કરે છે તેના જેવો કોઈ કૃતઘ્ની નથી. સંત અને હરિભક્તમાં જેવા દોષ દેખાડે છે તેવા દોષ તેને લાગે છે. સત્સંગમાં નિયમ રાખનારા અગ્નિ સમાન શુદ્ધ છે ને દ્રોહ કરનારા વિકટ રોગે કરીને બીજી રીતે વિના અગ્નિએ બળતા રહે છે. તનમાં રોગ આવે છે ને તે રાત-દિન રડ્યા કરે છે. આત્મવિચાર લેશમાત્ર રહેતો નથી.'[૧૨]
- ગઢપુરમાં શ્રી જીવાખાચરના દરબારગઢમાં રંગોત્સવ ઊજવીને કથા કરતાં શ્રીહરિએ કહ્યું: 'કામ-ક્રોધાદિક શત્રુ અસુરથી પણ અધિક છે, જેનાથી ભક્તના અપરાધમાં પડાય છે. ભક્તોના અપરાધ કરીને જે

'સંત અને હરિભક્તમાં જેવા દોષ દેખાડે છે તેવા દોષ તેને લાગે છે. સત્સંગમાં નિયમ રાખનારા અગ્નિ સમાન શુદ્ધ છે ને દ્રોહ કરનારા વિકટ રોગે કરીને બીજી રીતે વિના અગ્નિએ બળતા રહે છે. તનમાં રોગ આવે છે ને તે રાત-દિન રડ્યા કરે છે. આત્મવિચાર લેશમાત્ર રહેતો નથી.'

૧૦. ૬/૧૦૨/૨૯-૩૬
૧૧. ૧૫/૧૯/૩-૧૦
૧૨. ૧૫/૧૯/૨૮-૩૯

નમે છે તેને દેવ જાણવો અને ન નમે તેને અસુર જાણવો. પાંચવાર ગદ્‌ગદ કંઠે ગ્રંથ સાંભળે, તેનો અભ્યાસ અંતરમાં રાખે, તત્ત્વરૂપી વાતને કંઠે કરે, રામદાસજી અને મુક્તમુનિ જેવાનો સમાગમ રાખે, છતાં સંત-હરિભક્તને નમે નહીં તે સત્સંગમાં અસુર જાણવા. જે સંત-હરિભક્તોને નમે છે તે જ સાચા સંત અને હરિભક્તો છે. નમે તેનામાં એક પણ દોષ રહેતો નથી.'[૧૩]

- ગઢપુરમાં શ્રી જીવાખાચરના દરબારમાં શ્રીહરિએ કથાલાભ આપતાં કહ્યું: "અવગુણમાં પણ અવગુણ રહ્યો છે; તે શું? અપરાધ કરીને નમાય નહીં. અપરાધ કરીને અંતર્દૃષ્ટિ થાય અને દીન થઈને નમતો રહે, તેને મનુષ્યમાં દેવ જાણવો. અપરાધ કરીને નમે નહીં તે અસુરનો પણ અસુર છે."[૧૪]
- ગઢપુરમાં શ્રી જીવાખાચરના દરબારમાં શ્રીહરિએ અમૃતવચન વરસાવતાં કહ્યું: "ભગવાન અતિ સમર્થ છે, તેમનું કર્યું બધું થાય છે, તોપણ તે તુચ્છનું અપમાન સહે છે. સહન-શક્તિ અતિ મોટપ વધારે છે. જેટલું જે અપમાન કરે છે, તેટલું તે અપમાન કરનારનું જ માન ઘટે છે. આ વાત તરત દેખ્યામાં આવતી નથી, પણ અંતે ઘટ્યા વિના તે રહેતો નથી. જેમ ભીંડાનો છોડ પ્રથમ તો વડના છોડને દાબી દે છે, પણ આસો માસ આવતાં ઘરડો થઈને સુકાઈ જાય છે, તેમ સમર્થ પુરુષની મોટપ દેખાય નહીં, પણ તે વડના અંકુર જેવી છે. ધીરે ધીરે વૃદ્ધિ પામે છે ને અપમાન કરનારો ભીંડાના છોડ જેવો છે. ધીરજમાં અપાર બળ અને સુખ રહેલું છે."[૧૫]
- એકવાર શ્રીહરિ ધરમપુરથી ગઢપુર પધાર્યા ત્યારે ગઢપુરમાં શ્રી જીવાખાચરને ધરમપુરની વાત કરતાં શ્રીહરિએ કહ્યું: "જેટલું નિર્માનીપણું હોય તેટલી ભગવાનની કૃપા થાય છે. નિર્માનિતા જેવી કોઈ મોટાઈ નથી. નિર્માનીપણું એ બ્રહ્મનો ગુણ છે. નિર્માનીપણું એ ગુણમાત્રનો જનક છે. બીજા અપાર ગુણ હોય, પણ નિર્માનીપણું ન આવે ત્યાં સુધી એ ગુણો કલંકરૂપ છે. નિર્માનીપણું એ ચૌદ લોકનો આધાર છે. પૃથ્વીનો ગુણ નિર્માનિતા છે. એ ગુણ જોઈને ભગવાનના અવતાર પણ પૃથ્વીમાં જ થાય છે. જે હરિભક્ત ભૂમિ જેવા નિર્માની રહે છે, તેમાં ભગવાન નિવાસ કરીને રહે છે."[૧૬]
- ગઢપુરમાં શ્રીહરિએ શ્રી જીવાખાચરને સંબોધીને કહ્યું: "ભગવાનનું

“

બલિરાજાનું રાજ ભગવાને છીનવી લીધું, પણ તેને આધીન થઈ ગયા. સુવર્ણને ભઠ્ઠીમાં તપાવે પછી જ તેનો રંગ આવે છે. ભક્તની કસોટી પણ ભગવાન કરે છે ત્યારે તેની પ્રીત પરખાય છે. દુનિયાદારીનું અભિમાન હોય તો તે તાપ ખમી શકતો નથી, ને તે વિના શાંતિ પણ પામતો નથી.

૧૩. ૧૫/૨૩
૧૪. ૧૫/૨૩
૧૫. ૧૩/૬૩/૨૮-૩૨
૧૬. ૧૬/૪૬/૨૩-૨૮

ગમતું કરવાની રીત રાખવી. જગતના જીવો પોતાનું ધાર્યું કરવા ઇચ્છે છે. ત્યાગ, જપ, તપ, તીર્થ, વ્રત, યજ્ઞ, બ્રહ્મભોજન તથા નાનાં પ્રકારનાં દાન કરે પણ મનમુખી હોય તેનું કલ્યાણ થતું નથી એમ અમે માનીએ છીએ. સૂર્ય ઉદય થાય તો દીવા, મશાલની જરૂર રહેતી નથી. વરસાદ પડે ત્યારે કોશથી પાણી કાઢવાની જરૂર રહેતી નથી. વહાણમાં બેસે તેને તુંબડાં બાંધવાની જરૂર રહેતી નથી. તેમ ભગવાનનું ગમતું કરે તેને બીજાં સાધન આપોઆપ થઈ જાય છે.''[૧૭]

- એકવાર ગઢપુરમાં ઘેલા નદીમાં સ્નાન કરી શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારગઢમાં આવીને ઊંચા પડથારની લાંબી વિશાળ ઓસરીમાં પલંગ પર બિરાજ્યા. આ ઓસરીમાં એક સરખા શોભાદાર થાંભલા હતા. અહીં સંતો-હરિભક્તોની સભા કરીને શ્રીહરિ સૌને પરાત્પર અક્ષરધામની વાત કરવા લાગ્યાઃ ''માયાથી પર જે અક્ષરધામ છે, ત્યાંથી અમે સ્વયં અહીં પ્રગટ થયા છીએ. સાથે અક્ષરધામના મુક્તો આવ્યા છે. એ સિવાય ગોલોક, વૈકુંઠાદિ ધામના વાસીઓ પણ આવ્યા છે.''[૧૮]
- ગઢપુરમાં શ્રી જીવાખાચરના દરબારગઢમાં કથામૃતનો લાભ આપતાં શ્રીહરિએ કહ્યુંઃ ''બલિરાજાનું રાજ ભગવાને છીનવી લીધું, પણ તેને આધીન થઈ ગયા. સુવર્ણને ભઠ્ઠીમાં તપાવે પછી જ તેનો રંગ આવે છે. ભક્તની કસોટી પણ ભગવાન કરે છે ત્યારે તેની પ્રીત પરખાય છે. દુનિયાદારીનું અભિમાન હોય તો તે તાપ ખમી શકતો નથી, ને તે વિના શાંતિ પણ પામતો નથી.

  ભગવાન અને ભગવાનના સંતની સેવામાં પોતાનું મોટું ભાગ્ય માને તેટલું તેને ફળ મળે છે, સુખ થાય છે. હરિભક્તને સંસારનું દુઃખ એ દુઃખ જ ન હોય, તેને તો સત્સંગ ન થાય તેટલું દુઃખ મનાય છે.''[૧૯]
- ગઢપુરમાં શ્રીહરિએ શ્રી જીવાખાચરને કહ્યુંઃ ''સારો-નરસો હરિભક્ત વિપત્તિ પડ્યે પરખાય છે. લોક-વ્યવહારની મોટાઈ લોકમાં શોભાડે પણ સત્સંગની મોટાઈ જુદી છે. નિર્માની થઈને સંતને દીન-આધીન રહે તેની સત્સંગમાં મોટપ છે.''[૨૦]
- ગઢપુરમાં શ્રી જીવાખાચરના દરબારમાં શ્રીહરિએ કહ્યુંઃ ''પોતાનું ધાર્યું કરે ત્યાં સુધી જીવપણું મટતું નથી. ભગવાનનું ધાર્યું કરે ત્યારે તેમાં ભગવાનના જેવા ગુણ આવે છે. ભગવાનના ગુણ જ્યારે આવે ત્યારે તે

---

૧૭. ૫/૭૨/૨૦-૨૪

૧૮. ૪/૧૧/૧-૧૬

૧૯. ૬/૧૦૨/૧૫-૨૦

૨૦. ૫/૨/૨૫-૨૮

અતિ પ્રતાપી થાય છે. પ્રકૃતિપુરુષ સુધીના ભોગ તેને હળાહળ ઝેર જેવા દીસે છે. સહજ રીતે દેહ નિભાવવા ગુજરાન કરે, પણ દેહનું જતન ન કરે. સર્વ કરતાં ભગવાનમાં અધિક માલ માને. ભગવાન વિનાનું સુખ મહાભયંકર માને. આવી સમજણવાળો હરિભક્ત મોટો છે.'[૨૧]

- ગઢપુરમાં શ્રી જીવાખાચરના દરબારમાં અન્નકૂટને દિવસે શ્રીહરિએ વાત કરતાં કહ્યું: 'કામ અને લોભ બેઉ નરકનાં દ્વાર કહ્યાં છે. જ્યાં સુધી તેમાં મન રહે છે, ત્યાં સુધી તેને અનાસક્ત પુરુષ નરકમાં પડેલાં દેખે છે. કામ અને લોભને લીધે વારંવાર જન્મમરણ થાય છે. લખચોરાશીનું દુઃખ પણ તેમાં રહેલું છે. તેનો જે ત્યાગ કરે છે તેને બ્રહ્માદિ દેવતાઓ વંદન કરે છે.

  જેને ભગવાન અને ભગવાનના સંતને પ્રસન્ન કરવાનો મનમાં ભાવ હોય અને દેહનો અભાવ થયો હોય તે ત્યાગ કરી શકે છે. આ પ્રકારના જે ત્યાગી કે ગૃહસ્થ હરિભક્ત છે તે મનુષ્ય શરીરમાં પણ મુક્ત છે, કારણ કે આવો ત્યાગ માયિક જન કરી શકે નહીં. આવા બ્રહ્મચર્યનિષ્ઠ સંતો-ભક્તોને કારણે અખિલ બ્રહ્માંડમાં આ સત્સંગનું સર્વાધિકપણું આજે જણાય છે. દેવતાઓ કરતાં પણ આવો સત્સંગ અધિક છે.''[૨૨]

- ગઢપુરમાં શ્રીહરિ શ્રી જીવાખાચરને કહેવા લાગ્યા: ''અજ્ઞાનીના વચનને એક સત્પુરુષ જ સહન કરે છે, ને એટલે જ તે સર્વથી શ્રેષ્ઠ છે. સંત બાવના ચંદનથી પણ અધિકપણે શીતળ અને અત્યંત શાંત હોય છે. સંત નિષ્કલંક હોવાથી તેનાં દર્શનથી લોકો શુદ્ધ થાય છે. વસ્ત્ર સૂઝે તેટલું ગંદું-મેલું હોય પણ શુદ્ધ નીર તેની સઘળી મલિનતા ધોઈ શુદ્ધ કરે છે. તેમ સત્પુરુષના યોગે જીવની મલિન વાસના ટળે છે ને તે જન્મમરણના દુઃખથી છૂટે છે. બુદ્ધિશાળી જન આ વાત જાણે છે.''[૨૩]

- ગઢપુરમાં શ્રીહરિએ શ્રી જીવાખાચર અને સૌને વાત કરતાં કહ્યું: ''ભગવાન અથવા ભગવાનના સંત મળે ને એ જીવ પર અત્યંત દયા કરે ત્યારે જીવનો ઉદ્ધાર થાય છે. તે સિવાય જીવનાં મુક્તિનાં દ્વાર બધાં બંધ જ રહે છે. આપમેળે કોઈ માયાના બંધનથી છૂટ્યો હોય તેમ આજ દિન સુધી દેખ્યામાં આવ્યું નથી. સિંહ જેવો પ્રતાપી બળવાન કોઈ નથી તોપણ લોઢાના પાંજરામાં પડ્યો પછી તે ફાવે તેટલા ઉપાય કરે, પણ પોતાના બળથી તે મુક્ત થઈ શકતો નથી, તેમ પાપ અને અજ્ઞાન-અંધકારના કૂપમાંથી બહાર નીકળવા જીવને સંત વિના બીજો

---

૨૧. ૫/૫/૨૯-૩૨

૨૨. ૧૩/૬૬/૩૫-૪૦

૨૩. ૭/૫૯/૨૭-૨૮

ઉપાય જ નથી. માટે સંતને દુખવતાં થકા રાત-દિવસ મનમાં ડરવું."

- ગઢપુરમાં શ્રીહરિએ શ્રી જીવાખાચર અને શ્રી મૂળુખાચર પ્રત્યે કહ્યું: "પ્રકૃતિ-સ્વભાવ બધાનાં સરખાં હોતાં નથી. પ્રથમ તો તેને ઓળખવાં તે જ વિવેક છે. પ્રકૃતિ-સ્વભાવ ટાળવાનું મોટું સાધન સત્પુરુષમાં પ્રીતિ કરવી તે છે. સત્પુરુષમાં હેત-પ્રીત વિના પ્રકૃતિ ટાળવાની વાત કરે તો મૂળગો અસમાસ કરે છે. થોડી ઘણી પ્રીત હોય તો તે પણ ટળી જાય છે.

  બધાનાં પ્રકૃતિ-સ્વભાવ એક કરવાં તે સમર્થ વિના થાય નહીં. જેમ રાજા સમર્થ હોય તે નાનાં રજવાડાં જીતીને પોતાને તાબે કરી લે છે. શત્રુનો નાશ કરી નાખે છે, તેમ સમર્થ સંત (ગુણાતીત સત્પુરુષ) જ્યારે મળે અને તેની સાથે હેત થાય ત્યારે જીવની સંપૂર્ણ અયોગ્ય પ્રકૃતિ ને સ્વભાવ છોડાવે છે. અને બોધ પણ એવો આપે છે કે અનંત વાતોમાં મોક્ષ એ સાર છે. મોક્ષરૂપી ફળનો જેને નક્કી લોભ હોય તે સંતની વાતને અંતરમાં દૃઢપણે ધારી લે છે. એવા જનને અયોગ્ય પ્રકૃતિ-સ્વભાવ લેશ પણ રહેતાં નથી.'[૨૪]
- શ્રીહરિએ શ્રી જીવાખાચરને કહ્યું: "કસબી લુહારને પાકું લોઢું મળે તો તેજદાર તલવારનું નિર્માણ થાય, તે જ રીત મોક્ષમાર્ગમાં જાણવી. ગુરુ લુહાર છે ને શિષ્ય લોઢું છે. ગુરુ કસબી ન હોય ને શિષ્ય કાચો હોય તો મોક્ષનું કામ સરતું નથી. એક હાથથી તાળી પડે નહીં. ગુરુ ધર્મ-જ્ઞાનાદિક ગુણે યુક્ત હોવા જોઈએ. શિષ્ય પાકો વિશ્વાસી હોય ને તે ગુરુના વચન પ્રમાણે દેહને વર્તાવે તો તેની કીર્તિ વધે છે."[૨૫]
- ગઢપુરમાં શ્રીહરિએ શ્રી જીવાખાચરને વાત કરતાં કહ્યું: "જેવા ગુરુ મળે એવા ગુણ પ્રાપ્ત થાય છે. લોભના પાશથી સૌ જીવ બંધાયેલા છે. ભવબંધન કરાવનારો લોભ છે. સાચા ગુરુના જ્ઞાન વિના ભવબંધન ટળતું નથી, અને મનુષ્ય સંસારના બંધનને મહાનિધિ માનીને ચિંતામણિ તુલ્ય શરીરને ખોઈ બેસે છે."[૨૬]
- ગઢપુરમાં શ્રી જીવાખાચરના દરબારમાં શ્રીહરિએ સંતોને વાત કરતાં કહ્યું: "અમે તો સાધુનો માર્ગ ગ્રહણ કર્યો છે, તેથી કોઈનું ભૂંડું થાય તેમ ઈચ્છતા નથી. તેનો ઉદ્ધાર થાય એમ જ વિચાર કરીએ છીએ. સાધુતામાં જ બધા ગુણ રહેલા છે. એથી અમે જે જે કામ કરીએ છીએ તે સાધુતા રાખીને જ કરીએ છીએ."[૨૭]

"

કસબી લુહારને પાકું લોઢું મળે તો તેજદાર તલવારનું નિર્માણ થાય, તે જ રીત મોક્ષમાર્ગમાં જાણવી. ગુરુ લુહાર છે ને શિષ્ય લોઢું છે. ગુરુ કસબી ન હોય ને શિષ્ય કાચો હોય તો મોક્ષનું કામ સરતું નથી. એક હાથથી તાળી પડે નહીં. ગુરુ ધર્મ-જ્ઞાનાદિક ગુણે યુક્ત શિષ્ય પાકો વિશ્વાસી હોવો જોઈએ.

---

૨૪. ૧૦/૭/૩-૧૨
૨૫. ૫/૭૨/૨૮-૩૦
૨૬. ૧૫/૧૯/૧૩-૧૫
૨૭. ૧૩/૬૮/૨૮-૩૦

- ગઢપુરમાં શ્રીહરિએ શ્રી જીવાખાચરને વાત કરતાં કહ્યુંઃ "ભક્તજનોએ અમારી આજ્ઞામાં વર્તી અત્યંત નિર્વાસનિક થવું, તો અમારા ધામમાં જવાશે. અપાર જનોના મોક્ષ કાજે આજ અમે પુરુષોત્તમ સ્વયં પ્રગટ થયા છીએ. સૂર્ય વિના કોટિ ઉપાયે અંધારું ન ટળે, તેમ અજ્ઞાનરૂપ અંધારું જીવને અનંત-કાળથી વળગ્યું છે. તેનો પ્રગટ હરિ વિના અંત આવે નહીં."[૨૮]
- શ્રીહરિએ શ્રી જીવાખાચરને વાત કરતાં કહ્યુંઃ "જ્ઞાનરૂપી નેત્રથી અંતરમાં તપાસે ત્યારે વિપરીત મતિ જોવામાં આવે. જીવ દેહમાં રહ્યો છે ત્યાં સુધી તેને ગુણનો સંબંધ છે. તેમાં સત્ત્વગુણ તે શુદ્ધ છે. તમોગુણ, રજોગુણમાં અંતર અશુદ્ધ રહે છે. ગુણ દેહના છે, પણ જીવમાં તેની સાથે એકાત્મસંબંધ થયો છે, જેથી તે દોષ જીવના ગણાય છે અને સુખના ફળને જીવ ભોગવવા ઇચ્છે છે, માટે જ તેને દુઃખનું ફળ પણ મળે છે. જ્યારે સત્સંગ થાય છે ત્યારે સુખ અને દુઃખ આપનારાં કર્મ બળી જાય છે. સંતના વચનથી ભગવાનનો આશ્રય કરવો તે સર્વ સાધનમાં અધિક સાધન છે."[૨૯]
- ગઢપુરમાં શ્રીહરિએ શ્રી જીવાખાચરને કહ્યુંઃ "જે કોઈ મોક્ષ માટે પુરુષાર્થ કરે છે એ બધા જન અમારા છે. અમે એવા મોક્ષભાગી જન માટે જ સત્સંગમાં વિચરણ કરીએ છીએ. દેશ-દેશમાં વિચરવાનો બીજો કોઈ અમારે હેતુ નથી."[૩૦]
- ગઢપુરમાં શ્રી જીવાખાચરના દરબારમાં શ્રીહરિએ કહ્યુંઃ 'સત્સંગની વૃદ્ધિ વાતે કરીને થાય છે, એ પ્રગટ દેખાઈ આવે છે. કથા-કીર્તન, ધ્યાન-સ્મરણ નિયમ પ્રમાણે થતાં હોય ત્યારે સૌ ભેગાં મળે, સમજણ થાય ને સત્સંગ વધે. મનમાં ધારો તો થાય. જે ધારો તે ફળે છે. તેનું મૂળ કથાવાર્તા છે. કથાવાર્તામાં અમૃત રહ્યું છે. વાત કરતાં ન આવડે તો વિષ બની જાય છે. વાતે કરીને ઝાઝા જન ઊગરે છે ને વાતે કરીને ઝાઝા જન મરે પણ છે. નટ જેમ દોર પર ચાલે તેમ વાત કરનારે કોઈ સામું જોયા વિના ભગવાન સામે સૂરત રાખવી. બધી વાત ગુરુ થકી શિખાય છે.'[૩૧]
- ગઢપુરમાં જીવેન્દ્ર નૃપને શ્રીહરિએ વાત કરીઃ 'બુદ્ધિ હોય પણ વિવેક વિના મોક્ષના માર્ગે પ્રતીતિ થતી નથી. મનુષ્યતન પામીને મોક્ષને માર્ગે ન ચાલે અને ફાવે તેવો બુદ્ધિશાળી હોય તોપણ વ્યર્થ છે. બુદ્ધિ તે જ

---

૨૮. ૪/૧૧/૪૫-૪૮

૨૯. ૧૦/૪

૩૦. ૧૦/૭

૩૧. ૧૩/૬૩

સારી કે તે મોક્ષના કામમાં આવે. મનુષ્યતન પામી જે કરવાનું છે તે ન થાય તેથી કોઈ બીજો મોટો દ્રોહ કે અજ્ઞાન નથી. ચિંતામણિ હાથમાં આવે અને અલ્પ સુખ માટે તેને તજી દે તેના જેવો તે અજ્ઞાની કહેવાય.'[૩૨]

- એક વખત શ્રી જીવાખાચરને શ્રીહરિએ કહ્યું: ''અવતારમાત્ર કોઈ ને કોઈ કાર્ય નિમિત્તે પૃથ્વી પર આવે છે, ને જેવું કાર્ય તેવું શરીર ધારે છે, ને સામર્થી પણ એવી દેખાડે છે. ક્યારેક શરીરને અદૃશ્ય પણ કરી દે છે. ભગવાનમાં એવી કળા રહેલી છે. જગતના જીવ જાણી ન શકે એવા પાસે ભગવાન કાર્ય કરાવે છે. ભગવાન બુદ્ધિવંતોની બુદ્ધિમાં આવતા નથી, ને આજે પણ આવ્યા નથી. અવતારો કેવી રીતે આવે છે ને અદૃશ્ય થાય છે તેની બુદ્ધિશાળીઓને ગમ પડતી નથી. જેમ કાષ્ઠમાં અગ્નિ રહ્યો છે તે અણુ-અણુમાં વ્યાપીને સર્વાંગ રહ્યો છે તોપણ કોઈના કળ્યામાં આવતો નથી, તો આ મનુષ્યતનમાં રહેલા ભગવાન કેમ કળ્યામાં આવે!

  બીજું દૃષ્ટાંત – જેમ આકાશ સ્વચ્છ હોય ને પલકારામાં અનેક વાદળ ચઢી આવે છે. તેના તરેહ તરેહના આકાર અને રંગ બદલાય છે. ગાજવીજ થાય પણ નીર ન દેખાય એ આશ્ચર્ય છે, જ્યારે વર્ષા થાય ત્યારે બધા જાણે કે આ નીર નહોતું ને ક્યાંથી આવ્યું! સ્થાવર-જંગમના દેહ પણ ક્ષણે ક્ષણે બંધાતા હોવા છતાં તે નજરે દેખાતા નથી, એવી ભગવાનની કળા છે. તેમના જેવું સામર્થ્ય ક્યાંય જોવા મળતું નથી. જેમાં જેટલું સામર્થ્ય દેખાય છે તે ભગવાનની ઈચ્છાએ કરીને દેખાય છે. પૃથ્વી પર જ્યાં જ્યાં શુભનું પ્રવર્તન થાય છે કે શુભ દેખાય છે તે ભગવાનના સંકલ્પનો પ્રભાવ જાણવો. ભગવાનના ભક્તની સમજણ અનોખી છે, જેવા ભગવાન માયાના ગુણથી રહિત નિર્દોષ છે, તેવા જ તેમના ભક્તો પણ નિર્દોષ છે, માયાથી રહિત છે. આ વાતમાં રતીભાર પણ અસત્ય નથી.''[૩૩]

- ચૂડાપુરમાં શ્રી જીવાખાચરને થાળની પ્રસાદી આપી શ્રીહરિએ વાત કરતાં કહ્યું: ''અમારી સઘળી વાત અમાયિક છે. તે જેનું વર્તન અમાયિક હોય તેના અંતરમાં જ ઠરે છે. માયિક અંતરવાળો કરોડવાર તેને ઘૂંટે, પણ તેમાં ટકતી નથી. દેહાકારે વર્તે તેને માયિક ભક્ત જાણવો. તેના હૃદયમાં માન જેવા અનંત દોષ નિરંતર ઘર કરીને રહે છે. જેને અપમાન લાગી જાય, તેને સત્સંગ થયો જ નથી.

  અમારી વાતો તોપના ગોળા જેવી છે. માયિક ભાવનો કાચો કોટ

સત્સંગની વૃદ્ધિ વાતે કરીને થાય છે, એ પ્રગટ દેખાઈ આવે છે. કથા-કીર્તન, ધ્યાન-સ્મરણ નિયમ પ્રમાણે થતાં હોય ત્યારે સૌ ભેગાં મળે, સમજણ થાય ને સત્સંગ વધે. મનમાં ધારો તો થાય. જે ધારો તે ફળે છે. તેનું મૂળ કથાવાર્તા છે. કથાવાર્તામાં અમૃત રહ્યું છે. વાત કરતાં ન આવડે તો વિષ બની જાય છે.

---

૩૨. ૧૬/૪૫/૬-૯

૩૩. ૧૫/૫૩/૬-૨૫

તોપના ગોળાથી ન બચે. જેનું આત્માકારે વર્તન હોય તેનો વજ્રના કોટમાં નિવાસ છે એમ જાણવું, એ નિર્ભય થઈ ગયો. એને અપમાનની ચોટ ન લાગે. સત્સંગી માત્રને અમારે એવા બ્રહ્મરૂપ કરવા છે, તેનું માન કાઢવું છે. માયિકભાવ ટાળવો છે તેથી અપમાન કરીશું એમાં બ્રહ્મરૂપ કરવા સિવાય અમારે કોઈ મતલબ નથી. અમારા યોગમાં આવ્યો તેને બ્રહ્મરૂપ કરવો, એ નિર્ધાર અમે કર્યો છે.

એક ભગવાન સિવાય બધું અસાર છે – એમ મનાય ત્યારે જાણવું કે એ બ્રહ્મરૂપ થયો. જેની આત્માકારે દૃષ્ટિ થઈ તેને ભગવાન વિના બીજું મળ્યું કે ન મળ્યું કે હાથ આવેલું ટળી ગયું તોય લેશમાત્ર તેને ક્લેશ ન થાય, દુઃખ ન થાય. જે જે ક્રિયા કરો તે આત્મરૂપ થઈને કરવી, તો તે બંધન નહીં કરે. આત્મારૂપે વર્તે તે આકાશની પેઠે નિર્બંધ, નિર્લેપ રહે છે. આત્માને કોઈ ક્રિયા લાગતી નથી – એવું માની મારો ભક્ત કોઈ અધર્મનું આચરણ ન કરે. આત્મસત્તા રૂપે થયા હોવા છતાં પણ અધર્મ આચરે તેને પાખંડી જાણી તજી દેવો.''[૩૪]

- ગઢપુરમાં શ્રીહરિએ શ્રી જીવાખાચરને સંબોધીને કહ્યું: ''મૃત્યુનો નાશ કરનાર એક સત્સંગ છે. સત્સંગ વિના કરોડો કલ્પ વીતી જાય તો પણ ક્યારેય મૃત્યુ મટતાં દેખ્યું નથી. જેને લીધે જીવને અનેક જન્મ લેવા પડે છે બધાં બીજને બાળવાનું એક દ્વાર સત્સંગ છે. સત્સંગનું જે મૂળ છે તે તેના પર જેને મનમાં ભાવ હોય, તેને તેવું સુખ મળે છે. જેટલા સંતો અને હરિભક્તો બાઈ-ભાઈ છે, તે સત્સંગનું મૂળ છે. એમ અમે જાહેર કરીએ છીએ. જે કોઈ હૃદયના ભાવથી આ સત્સંગના પ્રેમપૂર્વક ગુણ ગાતો હોય અને સત્સંગ સમાન બીજા કોઈને જાણતો ન હોય તેને કરોડો કલ્પનાં બંધન હોય, જન્મ-મરણ હોય અને જમપુરીનાં દુઃખ ભોગવવાનાં હોય તે બધાનો નાશ થઈ જાય છે. જ્યાં સુધી સત્સંગ કર્યો નથી અપાર શાસ્ત્રને ભણેલો હોય તો પણ તે એકપણ શાસ્ત્રને ભણ્યો નથી, અને જ્યારે સત્સંગ કરે છે ત્યારે માનો, તે બધા જ ગ્રંથોને ભણી ચૂક્યો છે. સત્સંગ તો અલૌકિક સુખ લેવા માટે છે, પરંતુ સત્સંગ કરવા છતાં પણ દુઃખ રહેતું હોય તો તે સત્સંગ કરનારની સમજણમાં તેટલી કસર છે.''[૩૫]
- શ્રીહરિએ શ્રી જીવાખાચરને સંબોધીને કહ્યું: ''જ્યાં સુધી એક હરિભક્તને બીજા હરિભક્તની સાથે વેરભાવ થતો હોય ત્યાં સુધી તેને બાળબુદ્ધિ કહેવાય છે. જેટલા હરિભક્તો છે તેમણે પરસ્પર પોતાના સગા-સંબંધી કરતાં પણ વધારે મન મળતું રાખવું. હરિભક્તમાં રહેલો

> **જ્યાં સુધી એક ભક્તને બીજા ભક્તની સાથે વેરભાવ થતો હોય ત્યાં સુધી તેને બાળબુદ્ધિ કહેવાય છે. હરિભક્તોએ પરસ્પર પોતાના સગા-સંબંધી કરતાં પણ વધારે મન મળતું રાખવું. હરિભક્તમાં રહેલો અણુ જેટલો ગુણ પણ મેરુ સમાન મહાન દેખે છે તે હરિભક્તોમાં મુખ્ય ગણાય.**

૩૪. ૪/૭૪
૩૫. ૨૮/૧૩૦

અણુ જેટલો ગુણ પણ જે મેરુ સમાન મહાન દેખે છે તે હરિભક્તોમાં મુખ્ય ગણાય છે.''[૩૬]

- શ્રીહરિએ શ્રી જીવાખાચરને કહ્યું: ''સંસારના બંધનમાં બાંધે એવા ગુરુ તો હોય છે, પણ સંસારનું બંધન કાપે એવા ગુરુ ક્યાં છે? સંસારના બંધનને કાપે એવા સાચા ગુરુના જ્ઞાન વિના સંસારનું બંધન દૂર થતું નથી. ભલે બ્રહ્માંડનો અધિકાર મળે તો પણ માયાનું બંધન તો રહે જ છે. જ્યાં સુધી મોક્ષરૂપી નિધિ પ્રાપ્ત થતો નથી ત્યાં સુધી જીવના માથા ઉપર જન્મ અને મૃત્યુનો ભય તો રહે જ છે. સાચા ગુરુ મળ્યા સિવાય જીવને તેનું જ્ઞાન થતું નથી.''[૩૭]
- શ્રીહરિએ શ્રી જીવાખાચરને કહ્યું: ''જેને ભગવાનનાં સ્વરૂપની ઉપાસના હોય તે સહુનો સેવક થઈ રહે છે. ઉપાસના કરનારો જે ભક્ત ભગવાનના દાસનો પણ દાસ થઈને રહે છે અને જે બીજી કાંઈપણ આશા રાખતો નથી. એવા ભક્તને ભગવાન સ્વયં દુર્લભ માને છે, તેનાથી એક પળવાર પણ ભગવાન દૂર રહેતા નથી. જન સમાજ માન આપે કે અપમાન કરે, છતાં તેના ઉપરનો દયાયુક્ત સ્નેહ તેઓ છોડતા નથી. તેઓ સર્વ જગતનો ઉદ્ધાર કરવાનું ધારે છે તે સમાજ જો અપમાન કરે તો પણ તે મનમાં ધારતા નથી. જ્યારે વર્ષાઋતુમાં વરસાદ વરસવા લાગે છે ત્યારે તે સારું કે નરસું સ્થાન જોતો નથી. મનુષ્ય પાપી હોય કે ધર્મવાળો, તેને વરસાદ વિના કોઈ સહાય કરનાર નથી. પાપ કરતાં કરતાં પણ જો કોઈ દિવસ તે પાપીને સાચા સંત આવીને મળી જાય તો તેના બધાં જ પાપ એક પળવારમાં છૂટી જાય છે. વ્રત અને તપ કરીને કરોડો જન્મ ગુમાવે છતાં સાચા સત્સંગ વિના મોક્ષ થાતો નથી.''[૩૮]
- ગઢપુરમાં શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિએ વાત કરતાં કહ્યું: ''સંત-હરિભક્તને દેખીને જેની છાતી ઠરે નહીં અને નેત્રમાં ઝેર વરસે તે કુસંગી અને દ્રોહી કહેવાય છે. અને સંત-હરિજનને જોઈને જેની છાતી ઠરે છે અને તેમનો ગુણ ગ્રહણ કરે છે તેનાં કરોડો પાપ હોય તે પણ ભગવાન માફ કરે છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિયુક્ત હોય છતાં મારા ભક્તનો દ્રોહ કરતો હોય તો તે મારાં ચરણને પૂજી મારું માથું કાપનારો છે. એટલે કે મારો દ્રોહી છે. આ વાત યથાર્થ સમજાય તો કુસંગીની મહોબત રહે નહીં.''[૩૯]

---

૩૬. ૨૮/૧૩૦

૩૭. ૧૫/૧૯

૩૮. ૬/૯૯


૩૯. ૧૩/૬૫/૨૧-૩૩

ભક્તરાજ શ્રી જીવાખાચરનો
પ્રાસાદિક દરબારગઢ

તીર્થધામ ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય લીલાઓનું સ્મરણ કરાવતો ભક્તરાજ શ્રી જીવાખાચરનો દરબારગઢ સ્વામિનારાયણ સંપ્રદાયની એક અનોખી ધરોહર છે. આવો, આ વિશાળ દરબારગઢનાં વિવિધ પ્રાસાદિક સ્થાનોની એક પરિચય-યાત્રા માણીએ...



ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢના ડેલા બહાર પ્રાસાદિક ઊંચા ઓટલાઓ



આ છે ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢના ડેલાની બહારના બે ઊંચા ઓટલા. આ બંને ઊંચા ઓટલાઓની બંને બાજુ લીમડા પણ હતા. પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં આ લીમડા નીચે, આ ચોતરા જેવા ઓટલા ઉપર કાઠી દરબારોના દરબારી ડાયરાઓ ભરાતા હતા. અહીં આ બંને ઓટલાઓ પર અનેક વખત બિરાજીને ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોની સભાઓ કરી છે, કથાવાર્તાનો અપાર લાભ આપ્યો છે. ક્યારેક શ્રીહરિ અહીં પોઢ્યા પણ છે. શ્રી જીવાખાચરના દરબારગઢની ડેલી બહારના આ ઓટલાઓ શ્રીહરિની અનેક દિવ્ય લીલાઓના સાક્ષી છે.





ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢના ડેલાની અંદરનાં પ્રાસાદિક ઊંચાં બેઠક-ખાનાંઓ

આ છે ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢનો પ્રાસાદિક ડેલો. ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયે દરબારી રીત-રસમ મુજબ આ ડેલાની અંદર બંને તરફ રાજવી બેઠક-ખાનાંઓ હતાં. આ બેઠક-ખાનાંઓમાં પણ અનેક વખત બિરાજમાન થઈને ભગવાન શ્રી સ્વામિનારાયણે સભાઓ કરી છે, કથાઓ કરી છે. અહીં બિરાજીને અનેક વખત તેમણે ભોજન પણ અંગીકાર કર્યું છે. પોતાના સખા કાઠી દરબારો સાથે શ્રીહરિએ અહીં અનેક લીલાઓ કરીને સૌને અપાર સુખ આપ્યું છે.



ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રાસાદિક મુનિ લીમડો, જ્યાં શ્રીહરિએ અસંખ્ય વખત વચન-અમૃતોનો લાભ આપ્યો છે...


ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં નિવાસ દરમ્યાન ભગવાન શ્રી સ્વામિનારાયણ આ મુનિલીમડા નીચે અનેક વખત બિરાજ્યા છે, અહીં અનેકવાર સભાઓ કરીને તેમણે સંતો-પરમહંસો પાસે કીર્તનો ગવડાવીને પોતાનાં વચન-અમૃતનો લાભ આપ્યો છે. મુનિ નામના એક શિષ્યને ગુરુનો શાપ થવાથી તેને આ લીમડાનો જન્મ આવ્યો હતો. શ્રીહરિના યોગે તેની મુક્તિ થઈ હતી. તેથી વૃક્ષ સુકાઈ ગયું અને પછી આ વૃક્ષમાં શ્રીહરિએ નવા જીવનો પ્રવેશ કરાવ્યો હતો, જેથી તે ફરીથી લીલો થયો હતો. આ પ્રસંગની સ્મૃતિમાં શ્રીહરિએ આ લીમડાનું નામ 'મુનિ લીમડો' આપ્યું હતું.



ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં ભગવાનશ્રી સ્વામિનારાયણની પ્રિય માણકી ઘોડીની ઘોડશાળ


ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રિય માણકી ઘોડીની આ છે ઘોડશાળ. આ જ રીતે જમીનથી એક હાથ નીચે શ્રીહરિની માણકી ઘોડીને રાખવામાં આવતી હતી. શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારગઢમાં બિરાજતા હતા એ દરમ્યાન માણકી ઘોડી શ્રીહરિની સેવામાં આવી હતી. શ્રીહરિએ અનેકવાર આ દરબારગઢમાં રાત્રે પણ માણકી ઘોડી પર સવાર થઈને ઘોડી ફેરવીને આ સમગ્ર દરબારગઢનું ફળિયું પાવન કર્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રાસાદિક રસોડું જ્યાં શ્રીહરિએ અનેક લીલાઓ કરી છે.




શ્રી જીવાખાચરના દરબારગઢમાં ઉત્તરાદા બારના ઓરડાને અડીને આવેલું દક્ષિણ મુખનું આ એક ઢાળિયું રસોડું છે. આ રસોડાની નીચે જ માણકી ઘોડીનો ફરજો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણના અહીંના ત્રણ વર્ષના નિવાસ દરમ્યાન આ જ હતું તેમનું રસોડું. શ્રીહરિ માટે રસોઈથાળ પણ અહીં તૈયાર કરાતા હતા. આ રસોડામાં પણ શ્રીહરિએ અનેક વખત ભોજન ગ્રહણ કર્યું છે.

શ્રી જીવાખાચરના મૂળ ઓરડાઓ, ત્યાં શ્રીહરિએ અનેક દિવ્ય લીલાઓ કરી છે.




મુનિ લીમડાની પશ્ચિમે અને માણકી ઘોડીના ફરજાની ડાબી બાજુ ઉગમણી ઓસરીના આ ઊંચા પરથારના ઓરડા છે, એ જ શ્રી જીવાખાચરના મૂળ ઓરડાઓ હતા. સન ૧૮૦૫માં ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢપુરમાં નિવાસ માટે પધાર્યા ત્યારે શરૂઆતનાં વર્ષોમાં અહીં રહીને તેઓએ અનેક લીલાઓ કરી હતી. આ ઓરડાની ઉગમણી અને આથમણી ઓસરીમાં શ્રીહરિએ, અનેક વખત સંતોની પંક્તિઓ કરીને, તેમને જાતે પીરસીને ખૂબ જમાડ્યા છે.

ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં આવેલો અન્નનો મહાપ્રાસાદિક કોઠો




ઉદાર દાનવૃત્તિ ધરાવતા શ્રી જીવાખાચરના દરબારગઢમાં ભિક્ષુકો-યાત્રિકોને કાયમી સદાવ્રત અપાતું હતું. આ ગોળાકાર કોઠો આજેય તેની સાક્ષી પૂરતો દરબારગઢમાં ઊભો છે, જેમાં બસ્સો મણ અનાજનો સંગ્રહ થતો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણે કરાવેલા આ કોઠામાંથી અનેકવાર ભિક્ષુકોને તેમણે સ્વહસ્તે પણ અન્નદાન આપ્યું હતું. સન ૧૮૬૯ના કારમા દુષ્કાળમાં સદાવ્રતનું અન્ન ખૂટી જવાથી શ્રી જીવાખાચરે જીવન ટૂંકાવવાનો સંકલ્પ કર્યો હતો ત્યારે સ્વયં અહીં પધારીને શ્રીહરિએ અન્ન ક્યારેય ન ખૂટે તેવા આશીર્વાદ આપ્યા હતા. તેમની લાજ રાખીને શ્રીહરિએ રક્ષા કરી હતી. ક્યારેક કરુણામૂર્તિ શ્રીહરિએ આ કોઠાની પાછળ આવેલી બારી પર બેસીને દર્શન આપતાં આપતાં ભિક્ષુકોને અન્નદાન આપ્યું છે.



ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢના લાંબી ઓસરીના અતિ પ્રાસાદિક છ ઓરડાઓ

શ્રી જીવાખાચરના દરબારગઢમાં આ છ સળંગ ઓરડાઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના અત્યંત પ્રાસાદિક ઓરડાઓ છે. શ્રીહરિએ સન ૧૮૦૫માં ગઢપુરમાં સ્થાયી નિવાસ કર્યો ત્યારથી શરૂઆતનાં ત્રણ વર્ષ આ દરબારગઢમાં નિવાસ કર્યો હતો. તેઓ અહીં વસ્યા ત્યારે શરૂઆતમાં જ તેમણે અહીં ઓરડાઓ રચાવ્યા હતા. આ પ્રત્યેક ઓરડામાં તેમણે અનેકવાર કથાલાભ આપ્યો છે, ભોજન અંગીકાર કર્યું છે, વિશ્રામ કર્યો છે, ભક્તોને દિવ્ય ઐશ્વર્યનું દર્શન કરાવ્યું છે. પ્રત્યેક ઓરડો શ્રીહરિની લીલાઓનો સાક્ષી છે.



ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢની ઉગમણી ઓસરી જ્યાં શ્રીહરિએ કરી હતી વિસ્મયકારી અશ્વદોડ

શ્રી જીવાખાચરના આ પ્રાસાદિક દરબારમાં શ્રીહરિએ કરેલી અનેક લીલાઓમાંની એક લીલા એટલે આ ઓસરીમાં તેમણે કરેલી અશ્વ સવારી. એકવાર શ્રી જીવાખાચરના કહેવાથી શ્રીહરિએ આ ઓસરીની ઉત્તર બાજુએ ઢાળ કરીને પોતાની પ્રિય માણકી ઘોડીને આ ઉગમણી ઓસરી પર ચઢાવી હતી અને ખૂબ વેગપૂર્વક દોડાવી હતી. મસ્તક પરનું છોગલું ઉપરના લાકડાના પીઢિયાને ન અડે તેવી રીતે આ ઓસરીમાં વારંવાર માણકી ઘોડી દોડાવીને શ્રીહરિએ કુશળ ઘોડેસવાર એવા કાઠી દરબારોને ખૂબ અભિભૂત કર્યા હતા. આ ઓસરીમાં પણ શ્રીહરિએ સંતોને પંક્તિ કરી જમાડ્યા છે. અહીં શ્રીહરિએ સંતો સાથે અપાર રંગોત્સવો પણ ઊજવ્યા છે.



ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢની આથમણી ઓસરી, જ્યાં શ્રીહરિએ અનેક લીલાઓ કરી છે.

શ્રી જીવાખાચરના ઓરડાની આ આથમણી ઓસરીમાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતોની પંક્તિઓ કરીને તેમને ખૂબ જમાડ્યા છે. અહીં શ્રીહરિએ સૂર્યગ્રહણનો ઉત્સવ ઊજવીને દિવ્ય ઐશ્વર્યનું દર્શન કરાવ્યું છે. આ ઓસરીએ બિરાજીને શ્રીહરિએ અનેકવાર કથામૃતનો પણ લાભ આપ્યો છે.

શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રી અમૂલાબા તથા શ્રી અમરીબાના ઉત્તરાદા બારના ઓરડાઓ



શ્રી જીવાખાચરના દરબારગઢમાં અહીં હતા ઉત્તરાદા દ્વારના ઓરડાઓ, જે શ્રી જીવાખાચરનાં બે સુપુત્રીઓ – શ્રી અમૂલાબા તથા શ્રી અમરીબાના ઓરડાઓ તરીકે એ ઓળખાતા હતા. તેમની અનન્ય ભક્તિથી આ ઓરડાઓમાં પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક વખત ઉત્સવ-સમૈયાઓ કર્યા છે, કથાઓ કરી છે, ભોજન પણ અંગીકાર કર્યું છે.

ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રી મૂળુખાચરના પ્રાસાદિક ઓરડાઓ



શ્રી જીવાખાચરની ડેલીમાં પ્રવેશતાં દક્ષિણ તરફના આ સ્થાને શ્રી જીવાખાચરના ભાઈ મૂળુખાચરના ઓરડાઓ હતા. એ ઉગમણા અને આથમણા દ્વારના ઊંચા પરથારના ઓરડા હતા. અહીં શ્રીહરિએ જન્માષ્ટમી આદિક અનેક ઉત્સવ કર્યા છે. આ ફળિયામાં શ્રીહરિએ કાઠી દરબારોને ભગડતુઈ એટલે કે કબડ્ડી-હુતુતુ જેવી રમતો પણ રમાડીને અપાર આનંદ કરાવ્યો છે. આ ફળિયામાં શ્રીહરિએ અનેકવાર અશ્વ પણ ફેરવ્યો છે. શ્રીહરિની એવી અનેક કલ્યાણકારી સ્મૃતિઓ આ ફળિયા સાથે સંકળાયેલી છે.


શ્રી જીવાખાચરના દરબારગઢમાં વિશાળ ફળિયું છે, જ્યાં ભગવાન સ્વામિનારાયણે મંડપો રચાવીને અનેક કથાપર્વો-ઉત્સવો યોજ્યા છે, વારંવાર રંગોત્સવો કરીને દિવ્ય સ્મૃતિઓ આપી છે.

શ્રી જીવાખાચરના દરબારગઢમાં દક્ષિણ દિશાએ આવેલી શ્રીહરિના ધ્યાનની ઓરડીઓ



શ્રી જીવાખાચરના દરબારગઢમાં દક્ષિણ તરફ અહીં પહેલાં બે નાની ઓરડીઓ હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણ અહીં ત્રણ વર્ષ રોકાયા તે દરમયાન આ ઓરડીઓમાં એકાંતમાં બિરાજીને અનેક વખત તેઓ સ્વસ્વરૂપનું ધ્યાન કરવા બિરાજતા હતા. અહીં શ્રીહરિએ ક્યારેક વિશ્રામ પણ કર્યો છે.

આ છે તેમાંની એક ઓરડીનું સ્થાન.



ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાંથી ટેકરા પરના ગઢમાં પ્રવેશવાનું દ્વાર

શ્રી જીવાખાચરના દરબારગઢમાંથી તેની દક્ષિણ તરફ આવેલા આ ઊંચા ટેકરા પર શ્રીહરિ અનેક વખત પધાર્યા છે. એ ટેકરો શ્રીહરિને અતિશય પ્રિય હતો. શ્રીહરિના એ અતિ પ્રિય ટેકરા પર એક પ્રાચીન ગઢ હતો. એ ગઢની ઉત્તર તરફની આ બારીએથી પ્રવેશીને શ્રીહરિ ટેકરા પર વારંવાર ઉપર જઈ ખુલ્લી હવામાં વિશ્રામ કરતા હતા. ટેકરા પર દક્ષિણ બાજુએ પશ્ચિમ ખૂણે આવેલા કોઠા પર તો શ્રીહરિએ સેંકડો વાર વિશ્રામ કર્યો છે. એ ટેકરા પર શ્રીહરિએ ભવ્ય મંદિર બનાવવાની યોજના કરી હતી, જેને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સાકાર કરી છે અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે શ્રીહરિના સંકલ્પ મુજબ યથાર્થ વિકસાવી છે.

ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢનાં અન્ય મહાપ્રાસાદિક સ્થાનોની સ્મૃતિ

પૂર્વોક્ત સ્થાનો ઉપરાંત શ્રી જીવાખાચરના દરબારગઢમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં અને ત્યારબાદ પણ એવાં કેટલાંય સ્થાનો હતાં, જેનું કાળક્રમે આજે અસ્તિત્વ નામશેષ થઈ ગયું છે. જો કે સંપ્રદાયના ગ્રંથોમાં એ સ્થાનો અને એ સ્થાનોમાં શ્રીહરિએ કરેલી લીલાઓનો વારંવાર નિર્દેશ નીરખવા મળે છે. જેમ કે, શ્રી જીવાખાચરના દરબારગઢના દક્ષિણ દ્વારના ઓરડાઓ, મોટું ગાડાશેરનું રસોડું, જ્યાં ઉત્સવોના પ્રસંગે મોટી સંખ્યામાં સંતોના ઉતારા થતા હતા એવું દરબારગઢની પાછળનું વિશાળ ફળિયું, સંતોની ઓરડીઓ, શ્રી રામખાચરના ઉતરાદા બારના ઓરડાઓ, શ્રી રાજબાનો ઓરડો, દરબારગઢની સામે શ્રી જીવાખાચરે સંતો માટે કરાવેલી મોટી ધર્મશાળા વગેરે નાનાં-મોટાં અનેક મહાપ્રાસાદિક સ્થાનો હતાં. પ્રત્યેક સ્થાનમાં શ્રીહરિએ અપાર લીલાઓ કરીને શ્રી જીવાખાચર તેમજ સમગ્ર ખાચર પરિવાર અને હજારો હરિભક્તો તથા સંતોને અપાર આધ્યાત્મિક લાભ આપ્યો હતો.

શ્રી જીવાખાચરના દરબારગઢની ભૂમિ પરનું એ પ્રત્યેક સ્થાન શ્રીહરિની દિવ્ય સંનિધિનો આજેય અનુભવ કરાવે છે.

“

પૂર્વોક્ત સ્થાનો ઉપરાંત શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિના સમયમાં અને ત્યારબાદ પણ એવાં કેટલાંય સ્થાનો હતાં, જેનું કાળક્રમે આજે અસ્તિત્વ નામશેષ થઈ ગયું છે. જો કે સંપ્રદાયના ગ્રંથોમાં એ સ્થાનો અને એ સ્થાનોમાં શ્રીહરિએ કરેલી લીલાઓનો વારંવાર નિર્દેશ નીરખવા મળે છે.



ગઢપુરના ઈતિહાસનો એક અવિસ્મરણીય અધ્યાય: શ્રીહરિનો ટેકરા પર મંદિરનો સંકલ્પ

ઇતિહાસનાં પાનાંઓ પર કંડારાયેલી ૨૫ વર્ષો સુધીની શ્રીહરિની અનેક ગઢપુર-લીલાઓનો એક અનુપમ અધ્યાય એટલે શ્રી જીવાખાચરના દરબારને અડીને આવેલા ટેકરા પર મંદિર કરવાનો શ્રીહરિનો મહાન સંકલ્પ. સંપ્રદાયના ઇતિહાસ-ગ્રંથો મુજબ, સ્વામિનારાયણ ભગવાને પોતાના આ અતિ પ્રિય ટેકરા પર સુંદર મંદિર રચવાનું દીર્ઘ આયોજન વિચાર્યું હતું. શ્રીહરિનો આ સંકલ્પ, ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં શ્રીહરિની લીલાઓનો જ એક અવિસ્મરણીય અધ્યાય છે. આવો, શ્રીહરિનો એ સંકલ્પ અને તેને સાકાર કરવાનો ઇતિહાસ માણીએ...

ઘેલા નદીના તટે ટેકરા પર શ્રીહરિની લીલા

સન ૧૮૦૫માં ભક્તરાજ શ્રી જીવાખાચરના દરબારગઢમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે નિવાસ કર્યો તેના પ્રથમ દિવસની જ આ વાત છે.

તા. ૧૦-૨-૧૮૦૫ની પ્રથમ રાતે શ્રીહરિએ શ્રી જીવાખાચરના દરબારગઢમાં નિવાસ કર્યો તેની સવારે તેઓ સ્વામિનારાયણ ધૂન બોલાવતા સંતો સાથે ઘેલા નદીના તટે સ્નાન કરવા માટે ગયા હતા. સ્નાન કરતાં કરતાં તેમની નજર ઘેલા તટે ઉત્તર દિશામાં આવેલા ઊંચા ટેકરા પર સ્થિર થઈ હતી. આથી, સ્નાન પૂર્ણ કરીને ગઢાળીના દરવાજેથી નગરમાં પ્રવેશીને શ્રી જીવાખાચરના દરબારગઢમાં ઉતારે જવાને બદલે શ્રીહરિએ જુદો માર્ગ પસંદ કર્યો. એ માર્ગ હતો ટેકરા પર ચઢીને જવાનો માર્ગ.

ગઢપુરના એ ટેકરા પર રા'કાને બંધાવેલો ગઢ હજુ જર્જરિત અવસ્થામાં પણ અડીખમ ઊભો હતો. તેમાં પ્રવેશવા માટે ઘેલા નદી તરફથી એક દરવાજો હતો, જેને ગઢમાં પ્રવેશવાની બારી પણ કહેવાતી હતી. આ ગઢના ઘેલા નદી તરફની દિવાલને પૂર્વ અને પશ્ચિમ તરફ ગોળાકાર અને કાંગરાયુક્ત કોઠાઓ હતા. શ્રીહરિ બે કોઠાઓની વચ્ચે આવેલી બારીએથી

> “
>
> **એ ગઢની અંદર ભગવાન સ્વામિનારાયણ પ્રવેશ્યા અને ટેકરાની સૌથી ઊંચી ઊંચાઈએ પહોંચ્યા. શ્રીહરિને આમેય વન-પર્વત અને આવા કુદરતી સ્થાનો ખૂબ જ પ્રિય હતા. એક બાજુ ખળખળ વહેતી નદી અને આ ચારે બાજુએ વૃક્ષોથી છવાયેલો સુંદર ટેકરો જોઈને શ્રીહરિનું મન પ્રસન્ન થઈ ગયું.**

એ ગઢની અંદર પ્રવેશ્યા અને ટેકરાની સૌથી ઊંચી ઊંચાઈએ પહોંચ્યા. શ્રીહરિને આમેય વન-પર્વત અને આવાં કુદરતી સ્થાનો ખૂબ જ પ્રિય હતાં. એક બાજુ ખળખળ વહેતી નદી અને આ ચારે બાજુએ વૃક્ષોથી છવાયેલો સુંદર ટેકરો જોઈને શ્રીહરિનું મન પ્રસન્ન થઈ ગયું. પૂર્વ તરફ સૂર્યનો ઉદય થવાની પૂર્વ પળોએ આકાશમાં લાલાશભર્યું અજવાળું છવાઈ રહ્યું હતું. તે વૃક્ષો પર જાતજાતનાં પંખીઓ નિરંતર કલરવ કરતાં હતાં. પ્રસન્ન હૃદયે શ્રીહરિએ આ ઊંચા સ્થળેથી સમગ્ર ગઢપુર ગામની શોભા નીરખી અને ગામ પર પોતાની કૃપાદૃષ્ટિ વરસાવી. પછી શ્રીહરિએ ટેકરા પરના ગઢની ચારે તરફ ફરીને ચારે તરફથી ગઢપુરને નીરખ્યું. પછી ઉત્તર તરફ આવેલા ગઢના દરવાજેથી (બારીએથી) ટેકરા પરથી ઊતરીને શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારગઢમાં પધાર્યા.

ટેકરા પરનું શ્રીહરિનું આ પ્રથમ પદાર્પણ શ્રીહરિને અહીં વારંવાર આવવા માટે આકર્ષતું રહ્યું હતું. પ્રથમ પદાર્પણથી જ આ ટેકરો શ્રીહરિને અત્યંત પ્રિય બની ગયો હતો. ત્યારબાદ શ્રીહરિ શ્રી જીવાખાચરના દરબારગઢમાં સળંગ ત્રણ વર્ષ રહ્યા એ ત્રણ વર્ષ દરમ્યાન અને પછી પણ શ્રીહરિ એકલા વારંવાર અહીં આવીને સમગ્ર ટેકરા પર ચારેકોર ઘૂમી વળતા, તો ઘણીવાર પોતાના પ્રિય સંતો સાથે પણ તેઓ અહીં પધારતા. અહીં ક્યારેક તેઓ એકાંતમાં સ્વસ્વરૂપના ધ્યાનમાં લીન થઈ જતા, તો વારંવાર દક્ષિણ બાજુના પશ્ચિમ કોઠા પર ચઢીને ખુલ્લી હવામાં બેસતા અને ક્યારેક કોઠા પર જ વિશ્રામ પણ કરતા, અનેક વખત સંતો સાથે અહીં સભાઓ કરતા અને સર્વોપરી ઉપાસના-જ્ઞાનની અમૃતવર્ષા કરતા, કેટલીય વાર પોતાના અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે અહીં આધ્યાત્મિક ગોષ્ઠિ પણ કરતા. અનેક વખત અહીં સંતો પાસે તેમણે અષ્ટાંગયોગ તથા ચોર્યાશી આસનો કરાવ્યાં છે, ધ્યાન, ધારણા, સમાધિ કરાવી સંતોની પરીક્ષા લીધી છે.[૧]

સંભવતઃ શ્રીહરિએ પ્રથમ દિવસથી જ પોતાનો નિર્ણય લઈ લીધો હતો કે આ ટેકરા પર ભવ્ય મંદિર કરવું છે. એ માટે તેમણે સમગ્ર ટેકરાની તમામ જમીન મપાવી હતી.[૨] શ્રીહરિ જાણતા હતા કે આ ટેકરાની માલિકી સહિયારી છે. શ્રી જીવાખાચર અને શ્રી દાદાખાચર તેના માલિક છે. શ્રી દાદાખાચર અને શ્રી જીવાખાચર બંનેની સમર્પણભક્તિ પર શ્રીહરિને અતૂટ વિશ્વાસ હતો. એટલે જ તેમણે અહીં મંદિર કરવા માટે ખૂબ ઉત્સાહપૂર્વક

"

શ્રીહરિ વારંવાર અહીં આવીને ટેકરા પર ચારેકોર ઘૂમી વળતા, તો ઘણીવાર પોતાના પ્રિય સંતો સાથે પણ તેઓ અહીં પધારતા. અહીં ક્યારેક તેઓ એકાંતમાં સ્વસ્વરૂપના ધ્યાનમાં લીન થઈ જતા, તો વારંવાર દક્ષિણ બાજુના પશ્ચિમ કોઠા પર ચઢીને ખુલ્લી હવામાં બેસતા અને ક્યારેક કોઠા પર જ વિશ્રામ પણ કરતા.

૧. સદ્. શ્રીપરમચૈતન્યાનંદ સ્વામી કૃત શ્રીજીમહારાજનાં ચરિત્રો, ચરિત્ર નં. ૨૨૬; આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વિરચિતમ્ શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્, અધ્યાય-૨૫, ૧૫૭ તેમજ પરંપરાગત અનુશ્રુતિ-ઈતિહાસ પરથી.

૨. એજન.

પોતાની એક આગવી યોજના વિચારી લીધી હતી. કેવી હતી એ યોજના? સંપ્રદાયના ગ્રંથો એ વિશે ચિત્રાત્મક વિગતપૂર્ણ માહિતી આપે છે.

એક દિવસ તેઓ મંદિરનું આયોજન કરવા માટે ભગુજી, રતનજી વગેરે દસેક સહાયક પાર્ષદો સાથે ટેકરા પર જઈ પહોંચ્યા. શ્રી જીવાખાચરના દરબારમાંથી ટેકરા પરના ગઢમાં પ્રવેશીને ટેકરા પર પહોંચ્યા તે વેળાનું ગ્રંથસ્થ વર્ણન વાંચો:

'જીવાખાચરના દરબાર આગળ થઈને (સ્વામિનારાયણ ભગવાન) ગઢ સોંસરા થઈ ઘેલા નદી તરફ બારીએથી ઊતર્યા ને બારીથી ઊગમણી તરફ એક કોઠો છે ત્યાં જઈને કોઠાથી દક્ષિણાદી તરફ ઊભા રહ્યા. મહારાજ બોલ્યા જે 'આ જગ્યા છે તે વચ્ચે મંદિર કરીએ તો સારું.... ને આંહીથી આથમણી તરફ જે મસીદ છે ત્યાં સુધી ઉપલો ગઢ નીચે ઉતારી... પછી ગઢથી ઉત્તરાદી તરફ જીવાખાચરના દરબાર સુધી બધી જમીનમાં ધૂળ પૂરી સરખી કરીને તેને ફરતો ચારે તરફ ગઢ(કંપાઉન્ડ વૉલ) કરવો ને તે ગઢનો એક દરવાજો જીવાખાચરની ડેલી પાસે મૂકવો ને એક દરવાજો આ કોઠાથી ઉત્તરાદી તરફ કરવો ને એક દરવાજો નદીમાં જાવાનો આપણે ઊભા છીએ તે જગ્યાએથી મસીદ વચ્ચે કરવો ને એ ત્રણ દરવાજા વચ્ચે મંદિર કરવું ને આ જમીન ઊંચી છે માટે મંદિર બહુ શોભતું ને ઊંચી બાંધણી સારી આવશે.'

પછી મહારાજ ગઢ ઉપર ચઢી આથમણી તરફ ચાલ્યા ને પછી ઉગમણી કોર ઉપર ચાલ્યા તે જીવાખાચરની ડેલી પાસે હેઠા ઉતરીને તે ડેલી પાસે ઊભા રહ્યા ને બોલ્યા: 'આ ડેલીના થડમાં મંદિર થાશે ને આપણી જગ્યા ઊંચી થાશે. ને આ બજારની જમીન નીચી છે. તે બહુ સારું શોભતું મંદિર થશે. ને દરવાજાની શોભા ઘણી સારી આવશે.' પછી મહારાજ દાદાખાચરના દરબારમાં પધાર્યા.

ત્યાં જીવાખાચર આવ્યા. મહારાજે કહ્યું: 'અમે આજ મંદિર કર્યાના મનસુબા કર્યા.' ત્યારે જીવોખાચર કહે: 'બહુ સારું. મહારાજ, કેમ કે તેની દક્ષિણ કોરે ઘેલો નદી છે એટલે સાધુને નાવાનું તથા પાણી વાપરવાનું સાનુકૂળ પડશે.'[3]

સ્વામિનારાયણ સંપ્રદાયના આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વારા વિરચિત 'શ્રીદુર્ગપુરમહાત્મ્ય' ગ્રંથનાં વર્ણનો પણ ખૂબ સુંદર છે. ગ્રંથનાં મૂળ અવતરણો જ વાંચો :

- 'શ્રી જીવાખાચરના દરબારથી દક્ષિણ તરફના ટેકરા ઉપર... સુંદર મંદિર કરવાનો વિચાર પણ કર્યો હતો. પછી સર્વજ્ઞ શ્રીહરિએ તે દરબારગઢની બધી જ ભૂમિ કુશળ શિલ્પીઓ પાસે મપાવી હતી. હે

૩. શ્રીહરિચરિત્રચિંતામણિ, ભાગ-૨, વાતઃ ૧૩૨

રાજન્! આ દરબારગઢથી આરંભીને દક્ષિણ દિશામાં ઉન્મત્તગંગાને કિનારે ખળખળિયા સુધી ઘાટ (પગથિયાં) બંધાવવાનો પણ સંકલ્પ કર્યો હતો.'[૪]

- 'ઉન્મત્તગંગા(ઘેલા) નદી તરફનો જે જૂનો ગઢ છે ત્યાં શ્રીહરિ ઘણી વાર પ્રસન્ન થઈને બેસતા હતા. હે રાજન્! કેટલાક ભક્તોને સાથે લઈને શ્રીહરિએ કાંઈ કાર્ય કરવાની (મંદિર કરાવવાની) ઇચ્છાથી ગઢની ચારે બાજુ ફરીને ભૂમિની માપણી કરાવી હતી.'[૫]
- 'શ્રીહરિએ એક વખત મનમાં સંકલ્પ કર્યો હતો કે ઘેલાકાંઠે ગઢના ઉગમણા કોઠાથી લઈને આથમણા કોઠા સુધી સુંદર ઘાટ બંધાવીએ.'[૬]

હવે ઉપરના ગ્રંથોનાં વર્ણનોનો સારાંશ કાઢશો તો ચિત્ર વધુ સ્પષ્ટ થશે. આ છે એ સારાંશઃ

૧. શ્રી જીવાખાચરના દરબારગઢને અડીને આવેલા ટેકરાની ભૂમિને સુપેરે વિકસાવવા માટે શ્રીહરિએ સંપૂર્ણ ટેકરાનું માપ મપાવ્યું. ૨. ટેકરા પર તેમજ તળેટીમાં પુરાણ કરીને જમીન સમથળ કરાવવી. ૩. જમીનની મધ્યમાં ઊંચી બાંધણીવાળું સુશોભિત મંદિર કરવું. ૪. મંદિરની ચારે તરફ સંકુલ વિકસાવવું અને તેના ફરતી ગઢ (કમ્પાઉન્ડ વૉલ) રચવો. ૫. સંકુલ ફરતે દીવાલમાં ઉત્તર, પૂર્વ અને દક્ષિણ દિશામાં ત્રણ દ્વાર રચવાં. ૬. ટેકરા ઉપરના મંદિરથી નીચે ઘેલા નદી સુધી પગથિયાં (ઘાટ) રચવાં.

કેટલું સુંદર આયોજન!

ભક્તરાજ શ્રી જીવાખાચર અને ભક્તરાજ શ્રી દાદાખાચરના આ સહિયારા ટેકરા પર મંદિર કરવા માટે શ્રીહરિ એટલી ઉત્સુકતા દર્શાવતા હતા કે તેમણે મંદિરના બાંધકામનો સામાન ભાવનગરથી ખરીદવા અંગે દાદાખાચર અને પરિવારને કહી દીધું હતું. શ્રી દાદાખાચરની જેમ શ્રી જીવાખાચર પણ શરૂઆતમાં તો આ ભૂમિનું દાન કરવા માટે સંમત હતા જ, પરંતુ પાછળથી તેમણે અનિચ્છા દર્શાવી. તેની પાછળ પણ જાણે ભગવાન શ્રી સ્વામિનારાયણનો જ કોઈક અગોચર સંકેત હશે કે ભવિષ્યમાં પોતાના અક્ષરબ્રહ્મ સ્વરૂપ સાથે અહીં બેસવું છે. આથી, તે સમયે અહીં મંદિર ન થયું અને શ્રીહરિએ ભવિષ્ય પર તે છોડી દીધું.

આવા સર્વોપરી પરમાત્માના સંકલ્પો સમયની ક્ષિતિજોને પેલે પાર જઈને પણ પૂર્ણ થઈને જ રહે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના એ સંકલ્પને સાકાર કરવા માટે તેઓના તૃતીય આધ્યાત્મિક અનુગામી અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ

> “
> **ઘેલા તટે ભક્તરાજ શ્રી જીવાખાચર અને ભક્તરાજ શ્રી દાદાખાચરના આ સહિયારા ટેકરા પર મંદિર કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ એટલી ઉત્સુકતા દર્શાવતા હતા કે તેમણે તો મંદિરના બાંધકામનો સામાન ભાવનગરથી ખરીદવા અંગે દાદાખાચર અને પરિવારને કહી દીધું હતું.**

૪. શ્રીદુર્ગપુરમહાત્મ્યઃ અધ્યાય ૨૫, પૃષ્ઠ ૧૮૫
૫. શ્રીદુર્ગપુરમહાત્મ્યઃ અધ્યાય ૧૫૭, પૃષ્ઠ ૧૨૨૨-૩
૬. શ્રીદુર્ગપુરમહાત્મ્યઃ અધ્યાય ૧૫૭, પૃષ્ઠ ૧૨૨૩

સંસ્થાના સંસ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે મહાન યજ્ઞ આદર્યો. સતત ચાર-ચાર દાયકાઓ સુધી અનેક કષ્ટો અને વિઘ્નોને હસતે મોંએ સ્વીકારીને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે જે પ્રચંડ ભક્તિસભર પુરુષાર્થ કર્યો છે, તેની ગાથા એક વિશાળ ઇતિહાસ-ગ્રંથની ગરજ સારે છે.

વાત એમ હતી કે શ્રી જીવાખાચર અને શ્રી દાદાખાચરના અક્ષરવાસ બાદ તેમની માલિકીનો આ સહિયારો ટેકરો કરવેરાની વસૂલીના ભાગરૂપે, ભાવનગર રજવાડાના તાબામાં આવી ગયો હતો. અને એ વાતને લગભગ સાત-આઠ દાયકાનો સમય વીતી ગયો હોય તેવા સમયે ભાવનગર રાજ્ય પાસેથી એ જમીન મેળવીને તેના પર ગઢડામાં બીજા મંદિરનું નિર્માણ કરવાનો વિચાર કરવો એ વિચારમાત્ર જ એક મોટા પડકારરૂપ બાબત હતી. એમાંય અનેક કષ્ટોની કાંટાળી કેડી પર એક નવી સંસ્થા તરીકે માંડ પાપા પગલી કરી રહેલી બી.એ.પી.એસ. સંસ્થા અને તેના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ માટે તો એ કાર્ય કેટલું કઠિન હશે તે કલ્પી શકાય તેમ છે. આમ છતાં, ૧૯૧૧થી અત્યંત દૃઢ વિશ્વાસ સાથે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે તો પોતાનો કૃતનિશ્ચય જાહેર કરી તેની આગોતરી ભવિષ્યવાણી ઉચ્ચારવા માંડી હતી.

હજુ તો બોચાસણ મંદિરના નિર્માણનું કાર્ય અધૂરું હતું. સારંગપુરના મંદિરનું નિર્માણકાર્ય પણ ચાલી રહ્યું હતું, તેવા અરસાનો એક પ્રસંગ છે. શાસ્ત્રીજી મહારાજ ગઢડા પધાર્યા હતા. આણંદના શ્રી મણિભાઈ નારણભાઈ (પૂજ્ય મહંત સ્વામી મહારાજના પૂર્વાશ્રમના પિતાશ્રી) તેઓની સાથે હતા. અહીં એક સાંજે શાસ્ત્રીજી મહારાજ ઘેલા નદીએ સ્નાન-શૌચ માટે પધાર્યા હતા. શૌચવિધિ બાદ તેઓને માટીથી હાથ ધોવડાવતા મણિભાઈને તેમણે કહ્યું: 'આ સામે ગઢ ઊંચો છે તે દીઠો?'

> **શાસ્ત્રીજી મહારાજે કહ્યું: 'શ્રીજીમહારાજને આ ટેકરાની ઉપર મંદિર બાંધવું હતું.' પછી કહે: 'આ ગઢ ઉપર આપણે હિંદુસ્તાનમાં ન હોય તેવું મંદિર બાંધવું છે, ને ઊંચે બાંધવું છે. તે પાંચ દસ ગાઉથી માલૂમ પડે, ને જેવો બનારસમાં મણિકર્ણિકાનો ઘાટ છે તેવો ઘાટ આ ઘેલા નદી ઉપર બાંધવો છે.'**

એમ કહીને કહ્યું: 'શ્રીજીમહારાજને આ ટેકરાની ઉપર મંદિર બાંધવું હતું.' પછી કહે: 'આ ગઢ ઉપર આપણે હિંદુસ્તાનમાં ન હોય તેવું મંદિર બાંધવું છે, ને ઊંચે બાંધવું છે. તે પાંચ દસ ગાઉથી માલૂમ પડે, ને જેવો બનારસમાં મણિકર્ણિકાનો ઘાટ છે તેવો ઘાટ આ ઘેલા નદી ઉપર બાંધવો છે. જેથી દરેક યાત્રાળુ ઘાટ ઉપર સ્નાન કરે ને પછી આપણા મંદિરમાં ઘાટ ઉપર થઈને દર્શન કરવા આવે. વળી, જેમ મણિકર્ણિકાના ઘાટ ઉપર લોકો દૂર દૂરથી દેહનો અગ્નિસંસ્કાર કરવા આવે છે તેમ અહીં પણ થશે. એવું મહાપવિત્ર આ સ્થળ છે.'[૭]

સન ૧૯૨૦ના એ જ અરસાની વાત છે. હજુ તો સારંગપુરના મંદિરનું નિર્માણકાર્ય પણ પૂર્ણ નહોતું થયું તેવા સમયે શાસ્ત્રીજી મહારાજે સારંગપુરમાં ભાદરવા માસની પારાયણ પ્રસંગે સૌને સંબોધતાં કહ્યું હતું:


૭. યજ્ઞપુરુષ સ્મૃતિ ગ્રંથ/૧૪૨

'મહારાજનો અસલ સંકલ્પ તો ટેકરા ઉપર જ મંદિર કરવાનો હતો. તે તે વખતના સંજોગોમાં ન થયું. હાલ, હવે આપણે એ કરવાનું છે. મહારાજની એ ઇચ્છા છે. ત્યાં આપણે ત્રણ શિખરનું સુંદર આરસનું મંદિર કરવું છે.'[૮]

જો કે મંદિરના નિર્માણનું કાર્ય કરતાં પહેલાં તેની જમીન મેળવવાનું કાર્ય પણ સૌને દુષ્કર લાગતું હતું. સતત બે દાયકાઓના પ્રયાસ બાદ

---

૮. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ ભાગ - ૧/૫૯૧


નામદાર ભાવનગર સ્ટેટના દીવાન
સાહેબની હજુરમાં મુકામ ભાવનગર
સરકાર


હકીકત.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૩૯માં ભાવનગર ગઢપુરના ટેકરાની જમીન માટે વિધિવત્ અરજી કરી અને મહારાજાશ્રીએ તેને મંજૂર ન કરી, તે ઐતિહાસિક અરજી...

શાસ્ત્રીજી મહારાજે વિધિવત્ અરજી કરી. સન ૧૯૩૯માં વિધિવત્ એક સમિતિ રચીને તેમણે, તે સમિતિ વતી ભાવનગર રાજ્યના મહારાજા કૃષ્ણકુમારસિંહજીને રાજ્યના રજિસ્ટર્ડ સ્ટેમ્પ પેપર ઉપર જમીન માટે અરજી કરી. આ અરજીની સાથે તેમણે ટેકરાનું એક ડ્રોઇંગ પણ તૈયાર કરીને જોડ્યું હતું. બી.એ.પી.એસ. સંસ્થાના તત્કાલીન સેક્રેટરી શ્રી રેવાશંકર ત્રિવેદી(ધોળકા) દ્વારા કરાયેલી એ વિધિવત્ અરજીનો માત્ર દોઢ જ મહિનામાં વિધિવત્ જવાબ આવી ગયો: 'ના!' અને તે પણ ખુદ મહારાજા કૃષ્ણકુમારસિંહજીની સહી સાથે! કેટલાક લોકોની દૃષ્ટિએ તો હવે એ ભૂમિ મેળવવાનાં બધાં જ દ્વાર સદાને માટે બંધ થઈ ગયાં હતાં. પરંતુ એના કારણે શાસ્ત્રીજી મહારાજની શ્રદ્ધા કે ધીરજમાં તો લેશ પણ ઓટ ન આવી.

શાસ્ત્રીજી મહારાજ ગઢડાના ઘેલા તટના ટેકરાવાળી જમીન સંપાદિત કરવા માટે એટલા બધા કટિબદ્ધ હતા કે તેમને ક્યાંયથી પણ સમાચાર મળે કે ભાવનગરના મહારાજા સુધી પહોંચીને તેમને આ અંગે વિનંતી કરી શકાય તેમ છે, તો તેઓ તરત જ એ માટે અત્યંત ઉત્સાહમાં આવીને પ્રયત્નશીલ બની જતા.

જો કે ગઢડાના નગરશેઠ મોહનભાઈ જાણતા હતા કે ટેકરા ઉપર મંદિર રચવું એ અનેક દૃષ્ટિએ કેવી પડકારજનક બાબત છે. તેમણે શાસ્ત્રીજી મહારાજને રાજી રાખવા આ કાર્યમાં સહયોગ આપવાની હા તો પાડી, પરંતુ તેમણે શાસ્ત્રીજી મહારાજને એ સમજાવાનો પણ પ્રયાસ કર્યો કે તેઓ ટેકરાનો આગ્રહ મૂકી દે. પરંતુ શાસ્ત્રીજી મહારાજે કહ્યું હતું: 'ગઢડામાં શ્રીજીમહારાજે ટેકરા પર મંદિર કરવાનો સંકલ્પ કર્યો હતો. માટે એ સ્થાને જ મંદિર કરવું છે.' મોહનભાઈએ કહ્યું: 'પરંતુ તમારે એ ટેકરો સરખો કરવામાં લાખો રૂપિયા વપરાઈ જશે. ગઢડામાં તમે બીજી સીમ બાજુ મંદિર કરો, રાધાવાવ બાજુ પણ પ્રસાદીની ઘણી જગ્યાઓ છે. બીજી પણ કેટલીય



સન ૧૯૩૯માં ભાવનગર ગઢપુરના ટેકરાની જમીન માટે વિધિવત્ અરજી કરી ત્યારે તેની સાથે જોડેલું ટેકરાનું માનચિત્ર અને તેમાં દર્શાવેલી ખરીદી માટેની ટેકરાની હદ...

પ્રસાદીની જગ્યાઓ છે.' પરંતુ શાસ્ત્રીજી મહારાજ કહે, 'ગઢડામાં તો બધી જગ્યા પ્રસાદીની જ છે, પણ શ્રીજીમહારાજે મંદિર કરવાનો સંકલ્પ ટેકરા ઉપર કર્યો છે એટલે મારે ત્યાં જ મંદિર કરવું છે. મહારાજને ત્યાં બેસવું છે તો રાજપલટો થશે ને જગ્યા મળશે ને મહારાજ બેસશે.'

જો કે નાણાંની એક દૃષ્ટિએ મોહનભાઈની વાત કેટલાકને ઠીક લાગતી હતી. કારણ કે, બી.એ.પી.એસ. સંસ્થામાં નાણાંની તંગી ખરેખર અસહ્ય હતી! એ સમયે સંસ્થા સ્થપાયાને લગભગ ૪૦ વર્ષ વીતવા આવ્યાં હતાં, ત્યારે પણ સંસ્થાનાં મંદિરોમાં આર્થિક સ્થિતિ કેવી પાતળી હતી તેનો એક અંદાજ શાસ્ત્રીજી મહારાજના એક પત્ર પરથી આવે છે. ઘનશ્યામ સ્વામીને સંબોધીને એક પત્રમાં તા. ૨૫-૨-૧૯૪૧ના રોજ તેઓ લખે છેઃ 'અહીં ધર્મશાળાનું કામ ચાલે છે, કથા-પારાયણ થસે. ચોખા-દાલ બીલકુલ નથી. તે મગ લાવી કામ લઈએ છૈયે. પણ મે'માનને મગની ખીચડી ન હોય. માટે આપને તસ્તી (તસ્દી) આપી છે તે જરૂર હરિભક્તોને કાગળ વંચાવી શ્રધ્ધા પ્રમાણે સારંગપુરના ઠાકોરજીની ઝોલીની સેવા કરાવસો.'

આમ છતાં, ગઢપુરમાં શ્રીજીમહારાજનો સંકલ્પ પૂર્ણ કરવા માટે શાસ્ત્રીજી મહારાજને ટેકરા પર જ મંદિર કરવાની દૃઢતા હતી, અને તેમાં પણ, સમગ્ર મંદિર આરસમાંથી રચવાનો સંકલ્પ હતો, એટલું જ નહીં, એમના જીવનના ૮૦મા વર્ષ પછી આવો આદર કર્યો હતો! તેનું સૌને અપાર આશ્ચર્ય થતું હતું.

આ દરમ્યાન સન ૧૯૪૧માં શાસ્ત્રીજી મહારાજે ગઢડામાં આહીરના ચોરા પાસે હરસુરભાઈ સોનીનું નાનું મકાન ખરીદીને તેમાં હરિમંદિર કર્યું હતું, આ મકાનની ખરીદશક્તિ પણ નહોતી એટલે એ સમયે છૂટી છવાઈ પારાયણો કરીને તેની આઠ હજાર જેટલી રકમ ભેગી કરી હતી. ટેકરાની 'મોટી' વાતો કરનારા શાસ્ત્રીજી મહારાજે ગઢડામાં આ નાનું સરખું હરિમંદિર કર્યું તેથી કેટલાક એ સમયે હાંસી ઉડાવતા હતા, જો કે શાસ્ત્રીજી મહારાજ અહીંના ભવ્ય ભવિષ્યને જાણે નજરે નીરખતા હતા! યોગીજી મહારાજ પણ ગઢડામાં આ વખતે સાથે જ હતા. તેમણે નિર્ગુણ સ્વામીને આ વિચરણના અહેવાલનો સુંદર પત્ર ખાનદેશ લખી મોકલ્યોઃ 'વિ. આ વખતે ગઢડામાં સતજુગ વરતાણો. મોહનલાલ (નગર) સેઠ મળ્યા હતા. સંભારતા હતા ને ઘણા જ બળમાં છે. (જૂના)મંદીરમાં સતજુગ વરતાણો છે...'

શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની નજીક ક્યારેય હતાશા ફરકી પણ શકતી નહોતી, એમને તો 'સતજુગ વરતાતો' હતો. અને એના ફળસ્વરૂપે જ તેમનો ઉત્સાહ પણ સ્પષ્ટ હતો.

અંતે એમની એ અતૂટ શ્રદ્ધાના પરિણામ સ્વરૂપે એ ધન્ય દિવસ આવી ગયો, જેની તેઓ પ્રતીક્ષા કરી રહ્યા હતા. ગઢડામાં ટેકરા પર શ્રીહરિની

"

નગરશેઠ મોહનભાઈએ શાસ્ત્રીજી મહારાજને આ કાર્યમાં સહયોગ આપવાની હા તો પાડી, પરંતુ તેમણે એ સમજાવાનો પણ પ્રયાસ કર્યો કે તેઓ ટેકરાનો આગ્રહ મૂકી દે. પરંતુ શાસ્ત્રીજી મહારાજે કહ્યું હતુંઃ 'ગઢડામાં શ્રીજીમહારાજે ટેકરા પર મંદિર કરવાનો સંકલ્પ કર્યો હતો. માટે એ સ્થાને જ મંદિર કરવું છે.'

પ્રાસાદિક ભૂમિ પ્રાપ્ત થવાનાં એંધાણ આવી ગયાં. શાસ્ત્રીજી મહારાજે સહજતાથી ઉચ્ચારેલા શબ્દો સાચા પડ્યાઃ 'રાજપલટો થશે અને જમીન મળશે.' સન ૧૯૪૭માં ભારતની આઝાદી સાથે તમામ રજવાડાંઓનું વિલીનીકરણ થયું, ભાવનગરનું રજવાડું પણ અખંડ ભારતમાં વિલીન થઈ ગયું. આઝાદ ભારતના ભાવનગર જિલ્લાના પ્રથમ ડેપ્યુટી કલેક્ટર તરીકે પાલીતાણામાં શ્રી ગોવિંદસિંહજી મેરૂભા ચુડાસમા નિયુક્ત થયા. તેઓના પ્રશાસનિક કબજા હેઠળ ગઢડાની વહીવટી પ્રવૃત્તિઓ હતી. તેઓ ગઢડાના ટેકરા પરની પ્રાસાદિક જમીન શાસ્ત્રીજી મહારાજને આપવામાં નિમિત્ત બન્યા.

એ સમયની સ્મૃતિ કરતાં શ્રી ગોવિંદસિંહજી ચુડાસમા લખે છેઃ 'સન ૧૯૪૬માં શાસ્ત્રીજી મહારાજે મને ગોંડળ મુકામે પોતે રૂબરૂ બોલાવેલ અને કહેલ કે તમારે એક કામ કરવાનું છે. મેં કહ્યું 'શું મહારાજ? ફરમાવો.' ત્યારે પોતે કહ્યું કે 'આપણે ગઢપુરમાં ટેકરા પર મંદિર બાંધવું છે. ખુદ સ્વામિનારાયણ ભગવાનનો સંકલ્પ હતો અને દોરીથી તે જગ્યા પણ માપેલ, પરંતુ દરબાર શ્રી જીવાખાચરે લેખ ન કરી આપ્યો એટલે મહારાજે ત્યાં મંદિર બાંધ્યું નહીં અને દરબાર શ્રી દાદાખાચરના દરબારગઢમાં મંદિર બનાવ્યું. આપણે એ ટેકરાવાળો સંકલ્પ પૂરો કરવો છે.'

મેં કહ્યુંઃ 'મહારાજ! હું તો અત્યારે પોરબંદર રાજ્યમાં રેવન્યુ કમિશનર છું અને ગઢપુર તો ભાવનગર રાજ્યમાં આવ્યું. ભાવનગર મહારાજા ગોંડળ સાહેબના જમાઈ છે, અમારા સગા છે. પણ રાજ્યે તો ત્યાં બીજું મંદિર બાંધવા મનાઈ ફરમાવી છે. એક મંદિર છે, બીજાની શી જરૂર છે? વળી હું અક્ષરપુરુષોત્તમનો ભેદ સમજતો નથી. કૃપા કરી મને ભેદ સમજાવો.' આ વાત સાંભળી પોતે મને મોડી રાત સુધી આ ભેદ સમજાવ્યો. આ વખતે પરમ પૂજ્ય યોગીજી મહારાજ તથા બીજા સંતો બાજુમાં બેઠા હતા. મારા ઉપર પોતે ખૂબ કૃપા કરી અને પછી એમ પણ કહ્યું કે, 'તમારે ભાવનગર જવાનું થશે તમારા હાથથી આ કાર્ય થશે.'

મેં કહ્યું કે 'મહારાજ! મારા ઉપર ખૂબ કૃપા કરી પણ આ બોજો બહુ મોટો નાંખ્યો.'

ત્યારે તેમણે કહ્યુંઃ 'શ્રીજીમહારાજ ભેળા રહેશે.'

અને બન્યું પણ એવું કે બધાં રજવાડાંનું એકીકરણ થતાં સૌરાષ્ટ્ર રાજ્ય થયું અને હું પાલીતાણા ડેપ્યુટી કલેક્ટર અને પછી કલેક્ટર બન્યો. ગઢપુરની જમીન મેળવી આપી અને ભાવનગરના મહારાજા સાહેબ શ્રી કૃષ્ણકુમારસિંહજીના શુભ હસ્તે જ તેમજ નંદા સાહેબની હાજરીમાં તથા ગઢપુર નગરશેઠ શ્રી મોહનભાઈ મોતીચંદ વગેરેની હાજરીમાં ખાતમુહૂર્ત થયું. હું મારી જાતને ધન્ય માનું છું કે તેઓની થોડી ઘણી સેવા કરી રાજીપો

“

થોડા જ દિવસોમાં શ્રી ભાવનગરના કલેક્ટર શ્રી ગોવિંદસિંહજીએ જાતે જ આવીને ટેકરા પરની જમીનના પ્રાથમિક દસ્તાવેજ શાસ્ત્રીજી મહારાજ પાસે આવીને હાથોહાથ તેમને અર્પણ કર્યા, ત્યારે શાસ્ત્રીજી મહારાજ આનંદવિભોર થઈ ઊઠ્યા. એ દિવસ હતો તા. ૨૩-૬-૧૯૪૯નો!

મેળવી શક્યો. મારી જે પ્રગતિ થઈ છે તે તેઓશ્રીની કૃપાને લીધે જ છે.'[૯]

અત્રે સ્મરણીય છે કે સારંગપુરમાં બિરાજતા શાસ્ત્રીજી મહારાજને શ્રી ગોવિંદસિંહજી ચુડાસમાએ પુનઃ વિધિવત્ અરજી લખીને જમીનની માંગણી કરવા માટે જણાવ્યું ત્યારે અરજી લખવા માટે ફૂલસ્કેપનો એક કાગળ પણ ઉપલબ્ધ નહોતો. શાસ્ત્રીજી મહારાજે સારંગપુરના શ્રી હકાભાઈ ખાચરના વિદ્યાર્થી ભાણેજ ભૂપતની એક સામાન્ય નોટબુકનું પાનું ફાડીને તેમાં અરજી લખી સહી કરી હતી.

સતત ૪૦ વર્ષ સુધી વણથાક્યે અનેક પ્રયાસો કર્યા પછી ગઢડામાં ટેકરા પરની પ્રાસાદિક જમીન પ્રાપ્ત થવાનાં એંધાણ પાકાં થયાં, ત્યારે શાસ્ત્રીજી મહારાજની તીવ્ર ઇચ્છા હતી કે જમીનનો કબજો મળે એ પૂર્વે એ પ્રાસાદિક ભૂમિનાં દર્શન માટે જવું છે. અને તેઓ પહોંચ્યા જ. એ દિવસની સ્મૃતિ વર્ણવતાં ત્રણેક દિવસ પછી તા. ૨૮-૪-૧૯૪૯ના રોજ યોગીજી મહારાજ એક પત્રમાં લખે છેઃ

'આનંદ વિજયનો પત્ર.

વિ. હાલમાં હું સ્વામી શાસ્ત્રીજી મહારાજ સાથે ચૈત્ર શુદ પુનમ પછી ફરું છું. પછી હું અડવાળ ગીયો ને સ્વામી શાસ્ત્રીજી મહારાજ સારંગપુર પધાર્યા તે દીવસના અત્રે બીરાજે છે. તે વખતે ચૈત્ર વદી ૧૧ દરેડ દરબારની મોટરમાં ગઢડા દર્શન કરી આવ્યા. સાથે હકા ખાચર તથા કોઠારી નારાયણસ્વરૂપદાસજી(પ્રમુખસ્વામી મહારાજ) સાથે હતા. ગઢડા ખૂબ આનંદ કરાવ્યો ને ત્યાંના (શ્રી ગોપીનાથદેવ મંદિરના) કોઠારી ધર્મવલ્લભદાસજી ગઢડામાં સ્વામી(શ્રી)ને પોતાને ઓરડે તેડી ગીયા ને એકાદશી એટલે સ્વામીને દુધ પાવા બેસાર્યા ને સાથે દર્શનાર્થીયો ભેગા હતા. તે હાર પેરાવ્યા તે સ્વામી કહેઃ '૫૦ વરસે આંહી ગઢડામાં બેઠા ને રેકડ તોડ્યું! તમામ સાધુ સ્વામીને પગે લાગ્યા! આવિ રીતે અદ્ભુત રીતે આનંદ થીયો.'

'આનંદ-વિજય'ના એ વાવડે સૌને કૃતાર્થતાથી છલકાવી દીધા.

થોડા જ દિવસોમાં શ્રી ગોવિંદસિંહજીએ જાતે જ આવીને જમીનના પ્રાથમિક દસ્તાવેજ હાથોહાથ શાસ્ત્રીજી મહારાજને અર્પણ કર્યા, ત્યારે શાસ્ત્રીજી મહારાજ આનંદવિભોર થઈ ઊઠ્યા. એ દિવસ હતો તા. ૨૩-૬-૧૯૪૯નો!

શાસ્ત્રીજી મહારાજની વર્ષોની તપશ્ચર્યાનો આજે અંત આવ્યો હતો. અને તા. ૨૫-૬-૧૯૪૯ના દિવસે સંત-હરિભક્ત મંડળ સહિત શાસ્ત્રીજી મહારાજ ગઢપુર પધાર્યા. તેઓના મુખારવિંદ ઉપર ભગવાન સ્વામિનારાયણના સંકલ્પની પરિપૂર્તિ થઈ રહ્યાનો આનંદ છલકાતો હતો. ગઢડાના નગરજનો અને આજુબાજુનાં ગામોના ભક્તો પણ આ અદ્ભુત કાર્યથી આશ્ચર્ય સાથે

"સારંગપુરમાં બિરાજતા શાસ્ત્રીજી મહારાજને શ્રી ગોવિંદસિંહજી ચુડાસમાએ પુનઃ વિધિવત્ અરજી લખીને જમીનની માંગણી કરવા માટે જણાવ્યું ત્યારે અરજી લખવા માટે ફૂલસ્કેપનો એક કાગળ પણ ઉપલબ્ધ નહોતો. શાસ્ત્રીજી મહારાજે એક વિદ્યાર્થીની નોટબુકનું પાનું ફાડીને તેમાં અરજી લખી.


૯. યજ્ઞપુરુષ સ્મૃતિ ગ્રંથ/૨૪૨

આનંદથી ઝૂમી ઊઠ્યા હતા. એ દિવસનો અહેવાલ વર્ણવતાં યોગીજી મહારાજે તા. ૨૬-૬-૪૯ના રોજ મુંબઈ સ્થિત હર્ષદભાઈ દવે અને બંધુઓને સંબોધીને પત્રમાં લખ્યું હતુંઃ

'વિ. આનંદની સાથે, સ્વામીના સંકલ્પથી, ટેકરાની જમીન કલેક્ટર ચુડાસમા ગોવિંદસિંહજીભાઈ આપણા હેતવાળા છે તે કાલે ટેકરો ભરાવ્યો. સ્વામી બીરાજ્યા. ટેકરા ઉપર ચડ્યા ને જમીન ૪ હજાર વાર ભરાવી ને નકી કરેલ છે. તો હવે જમીન પાસ થઈ જશે. કબજો અમદાવાદ રૂપિયા ભરાશે એટલે મળશે. આખું (ગોપીનાથજી) મંદીર રાજી થીયું છે. આખું ગામ રાજી થીયું છે. આપના વતી દર્શન કર્યા છે.'

જો કે હજુ કાયદાકીય દસ્તાવેજ સંબંધી પ્રવૃત્તિઓ બાકી હતી. તેમાં શ્રી જીવાખાચરના પ્રપૌત્ર શ્રી દાદાખાચર ગઢડા મ્યુનિસિપાલિટીના ચેરમેન તરીકે પણ દિલથી સહયોગ આપી રહ્યા હતા. આ અંગેની વિગતો નિર્ગુણદાસ સ્વામીને જણાવતાં શાસ્ત્રીજી મહારાજે એક પત્રમાં ખૂબ આશા સાથે કેટલીક કાર્યવાહીનું ઝીણવટભર્યું માર્ગદર્શન આપ્યું હતું. એટલું જ નહીં, ગઢડામાં જમીનના નકશા, મ્યુનિસિપાલિટીનો ઠરાવ વગેરે તૈયાર કરાવીને શાસ્ત્રીજી મહારાજે હકાબાપુ તથા નગરશેઠ મોહનલાલ મોતીચંદ શેઠને ગોવિંદસિંહજી ચુડાસમા પાસે દસ્તાવેજી કાર્યવાહી કરવા ભાવનગર મોકલ્યા હતા.


સન ૧૯૪૮માં શાસ્ત્રીજી મહારાજે ભાવનગરના ડે. કલેક્ટર શ્રી ગોવિંદસિંહજી ચુડાસમાની ઉપસ્થિતિમાં ટેકરા પરની ભૂમિનો કબજો ગ્રહણ કર્યો તેની ઐતિહાસિક તસવીર...



તે વિગતો પણ આ પત્રમાં વર્ણવતાં શાસ્ત્રીજી મહારાજની આ જમીન માટેની તત્પરતા સ્પષ્ટ તરી આવે છે. તેઓ લખે છેઃ ‘અત્રે (ગઢડા) જમીનના નકશા તથા બીજા રીપોર્ટના કાગળો લઈને ભાવનગર હકાભાઈ, મોહનલાલ શેઠ સાથે ગયા છે. ત્યાં ગોવિંદજીભાઈને મળીને કામ (પાર) પાડીને તે નકશા વિગેરેની મંજૂરી કરાવીને હકાભાઈ આવતી કાલે અત્રે આવશે. અને ત્યાર બાદ અમો સારંગપુર જશું.

સારંગપુરથી પણ અત્રે છેલ્લી મંજુરી થાય તે વખતે મ્યુનીસીપલની હરાજી વખતે આવવું પડે, તે વખતે (ગોપીનાથ) મંદિરવાળા કોઈ (હરાજી) બોલે તેમ નથી. તેમજ તેમને કોઈ પ્રકારનો વાંધો પણ નથી.... ટેકરાવાળી જમીન પાકા ૧૫૦૦ હાથ છે. બીજી ભરવાડના ઘરની જમીન ૩૦૦ હાથ છે. તેમજ વચમાં ઘરડેરાઓની જમીન છે, તે પણ લેવી પડશે. તેની કીંમત પણ રીતસર આપવી પડશે. પરંતુ મ્યુનીસીપલની જમીન કરતાં ગામેતીની જમીનની વધુ કીંમત ૨૫ થી ૩૦ હજારની થશે, અને આપણો તમામ સમાવેશ તે જમીનમાં થઈ જશે. ગઢડામાં તમામ વર્ગના લોકો બહુ જ રાજી થયા છે. અક્ષરપુરુષોત્તમ (નાના અક્ષરસ્વામી) જેવા તથા જોગી મહારાજ જેવા તથા આપ જેવા પ્રથમ ગોંડળ માટે મથ્યા હતા, તેમજ પાંચ વરસમાં ત્યાંની સ્થીતી બાંધી દીધી તે પ્રમાણે આપ ધારસો, અત્રેની સ્થીતી બંધાઈ જસે. અને ગુણાતીત જ્ઞાનનો ડંકો વાગસે. મૂર્તીપ્રતિષ્ઠા થાય ત્યાં સુધી પૂરતી

ટેકરા પર ભવ્ય મંદિરના પાયા ખોદાયા ત્યારે પાયામાં પથ્થર પૂરવા માટે માથા પર પથ્થર લઈને ટેકરો ચઢી રહેલા યોગીજી મહારાજ અને સંતો-ભક્તોની હારમાળા...



મદદ કરવી તેવો, મોહનભાઈ(એ) કોલ આપેલ છે. અત્રેના માહાલકારી તથા મ્યુનીસીપલના ચેરમેન દાદાભાઈ તથા મેમ્બરો બધા જ રાજી છે અને પુરતી મદદ કરસે. જરૂર પડે નંદાસાહેબને, બળવંતરાય મહેતાને ભલામણ કરવી પડશે. ભાવનગરના મુખ્ય મહેતા છે. તો વખતે જરૂર પડે તો નંદાસાહેબ આવી ભલામણ કરે તો બધું થઈ જાય ને ધારેલી કીંમતમાં ફેર પડે.'

બીજી તરફ નિર્ગુણદાસ સ્વામી પણ જૈફ વયે શાસ્ત્રીજી મહારાજે કરેલા આ અપ્રતિમ કાર્યથી અત્યંત ભાવવિભોર બન્યા હતા. શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેનો એ અહોભાવ દર્શાવતાં તેઓ એક હરિભક્તને લખે છે: 'આપ અનુવૃત્તિ પાળનાર છો પણ મારો ૫૪ વર્ષનો અનુભવ ને વડતાલથી બહાર નિકળ્યા પછી ૪૩ વર્ષનો અનુભવ નજરે હજારો પરચા જોયા. સ્વામિનારાયણના આ સાધુ (શાસ્ત્રીજી મહારાજ), તેની પાસે એક પાઈ નહીં, તે બહાર નીકળી હજારો પ્રકારના માન, અપમાન તથા સુખ દુ:ખ વેઠી હજારો પારસી, મુસલમાન, ઉંચ વર્ણના હિન્દુઓને સત્સંગી કર્યા. ચાર મોટા શિખરબંધ મંદિર કર્યાં. હમણા બે વર્ષમાં દોઢ લાખનો દરવાજો અને એક લાખ રૂપીયાની હવેલી સાળંગપુરમાં થાય છે. ને ગઢડામાં રૂ. ૨૭,૦૦૦માં જમીન રાખી દિવાળીથી શરૂ કરી માગશર સુદ દસમે આપને હાથે ખાતમુહૂર્ત એવી પૂર્ણ દિવ્ય ભુમિ ઉપર થશે. અને બે ત્રણ વર્ષે શિખરબંધ મંદિર કરી દેશે. અમદાવાદમાં બે લાખ ખર્ચી બંગલા વાળી જમીન રાખી દોઢ લાખની બીજી જમીન બંગલા સાથે રાખીને સ્વામિનારાયણ છાત્રાલય માટે બે વિઘાં જમીન રાખી છે. શું એમની છાતી! ને હિંમત! બડા પ્રતાપી! અત્યારે તો ખાટલામાં સૂતાં સૂતાં કાર્યો કરી રહ્યા છે.'

આ પછી થોડાં જ અઠવાડિયાંઓમાં કામ સંપન્ન થઈ ગયું. જમીનનો કબજો મ્યુનિસિપાલિટીમાં નાણાં જમા કરાવવાનાં હતાં. પરંતુ મ્યુનિસિપાલિટીમાં રૂપિયા ૭,૦૦૦ ભરવાનાં પણ ફાંફાં હતાં. અંતે માંડ પાર પડ્યું. આખરે ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સંકલ્પની એ જમીન તેમના નામે થઈ ચૂકી! શાસ્ત્રીજી મહારાજે ઠાકોરજી પાસે દસ્તાવેજ મુકાવી દૃષ્ટિ-પ્રસાદીભૂત કરાવ્યો. અને આરસના ભવ્ય શિખરબદ્ધ મંદિરના ભૂમિપૂજનનો સમય નક્કી થયો: તા. ૮-૮-૧૯૪૯. શ્રાવણી પૂર્ણિમાની સવારે.

તા. ૭-૮-૧૯૪૯ના રોજ વયોવૃદ્ધ શાસ્ત્રીજી મહારાજ સારંગપુરથી ગાડામાં બિરાજી બોટાદ જવા નીકળ્યા. આખે રસ્તે વરસાદને લઈને વેંત વેંત ઊંડો કાદવ થયો હતો. માંડ માંડ આગળ ધપી શકતા ગાડામાં પણ શાસ્ત્રીજી મહારાજ અતિ પ્રસન્નવદને બિરાજ્યા હતા. જાણે કોઈ માંદગી આવી જ નથી! બોટાદ સ્ટેશનેથી ટ્રેનમાં બિરાજી તેઓ ગઢડા આવી પહોંચ્યા અને ભૂમિપૂજન અતિ ઉત્સાહથી સંપન્ન કર્યું.

“ ૪૩ વર્ષના અનુભવે મેં નજરે હજારો પરચા જોયા. સ્વામિનારાયણના આ સાધુ (શાસ્ત્રીજી મહારાજ), તેની પાસે એક પાઈ નહીં, તે બહાર નીકળી હજારો પ્રકારના માન, અપમાન તથા સુખ દુ:ખ વેઠી હજારો પારસી, મુસલમાન, ઉંચ વર્ણના હિન્દુઓને સત્સંગી કર્યા. ચાર મોટા શિખરબંધ મંદિર કર્યાં.

થોડા જ દિવસો પછી, તા. ૧૬-૧૧-૧૯૪૯ને કાર્તિક વદ ૧૧ના દિને ગઢડાના સુવર્ણમય ઇતિહાસમાં એક વધુ પૃષ્ઠ ઉમેરાઈ ગયું. ગઢડાના શિખરબદ્ધ મંદિરના શિલાન્યાસ વિધિનું! જેમણે જમીન ન આપવાનો નિર્ણય કર્યો હતો એ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીના હસ્તે જ શાસ્ત્રીજી મહારાજે શિલાન્યાસવિધિ કરાવ્યો.

શિલાન્યાસવિધિ કરીને શાસ્ત્રીજી મહારાજે શીઘ્રતાથી તેના પર મંદિરનિર્માણની પ્રક્રિયા શરૂ કરી દીધી. તે વિશે એક પત્ર લખતાં નિર્ગુણદાસ સ્વામીના આનંદની છાલક આજે પણ સૌનાં હૈયાંને ભીંજવી જાય તેવી છે. તેઓ લખે છે: 'પૂ. કોઠારી બબુભાઈ ગઢડા જોઈ આવ્યા ને ત્યાં જે કામ ચાલી રહ્યું છે તે અલૌકિક કાર્ય થાય છે. તમામ જગ્યા સરખી બનાવી દીધી. ને ત્રણ તો વીજળીની લાઈટો ગોઠવી તે આખી નદીના કિનારા પર લાઈટ પડે. નાહવા જનાર ઘણા રાજી થાય છે. સાંખ્યયોગી બહેનો આવતાં જતાં માળા ફેરવે છે ને બોલે છે જે આ તો અલૌકિક વાત બની. 'શાસ્ત્રી મહારાજની જય, શાસ્ત્રી મહારાજની જય'ના પોકારો થાય છે. આહાહા... આ મંદિરમાં જે કોઈ તન-મનથી સેવા કરશે તેના પુણ્યનો પાર નહીં.'

તા. ૧૬-૧૧-૧૯૪૯ના રોજ શાસ્ત્રીજી મહારાજના હસ્તે ભવ્ય મંદિરનો શિલાન્યાસ વિધિ થયો તે અવસરની વિવિધ સ્મૃતિછબિઓમાં હરિભક્તો ઉપરાંત યોગીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી, નવયુવાન પ્રમુખસ્વામી મહારાજ...









સ્વામિનારાયણ સંપ્રદાયનું આ સર્વપ્રથમ મંદિર એવું હતું, જેનું નિર્માણ મકરાણાના આરસમાંથી થઈ રહ્યું હતું. કપરા આર્થિક સંજોગોમાં પણ સૌને એ વાતનો અપાર આનંદ હતો. તેમાંય આરસ પથ્થરના વેગન મકરાણાથી ભરાઈને ગઢડા તરફ રવાના થયાના સમાચાર મળે એટલે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને અપાર આનંદ થઈ જાય. તા. ૨૧-૧૧-૧૯૫૦, અમદાવાદથી યોગીજી મહારાજે આફ્રિકા સત્સંગ મંડળને એક પત્રમાં તેનો આનંદ વ્યક્ત કરતાં લખ્યું હતુંઃ 'અહોહો! આરસના ડબા મકરાણાથી ગઢડા મોટી ૨૫ ટનની બોગી રવાના થઈ ગઈ છે. તે કામ માટે દાજી ઈશ્વરભાઈને મકરાણા મોકલા છે. તે માલ ચાલતો રહેશે.(આવતો રહેશે.)'

તેઓ આ જ પત્રમાં આગળ લખે છે કે '...મેં તો ગઢડા મંદીર જલદી થાય તે નીમિત્તે ૩ માસથી ગોંડળમાં ડેરીમાં બેસીને ૧૫-૧૫ માળા ફેરવવાનું નીયમ રાખેલ છે. ગામડે પણ તે માળા ફરે છે. તો માળાની પુષ્ટી સારી છે. હવે વિનેસભર (વિનય સભર) લખવાનું કે આ ગઢડા મંદિરમાં તન-મન-ધન યાહોમ કરી દેવા. ગામોગામ ફરીને રકમો મોકલા કરો, તો વૈશાખ સુદીમાં મહારાજ બેસશે. માટે આપ ચાર જણને તે કામ કરવાનું છે. ફર્યા સિવાય તો ડંકો નહિ વાગે. રાજી રહેશો. ટુંકમાં ગઢડા સ્થાનનો ડંકો

ગઢપુરના ટેકરા પર ભવ્ય શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ વિધિ થયો એ અવસરે આર્ષદ્રષ્ટા શાસ્ત્રીજી મહારાજની લાક્ષણિક મુદ્રા...



વગાડો તો સ્વામી ઘણા પ્રસન છે.'

ગઢડાના મંદિર-નિર્માણ માટે આર્થિક સેવાનો ખૂબ મોટો લાભ શાસ્ત્રીજી મહારાજે આફ્રિકાના સત્સંગ મંડળને આપ્યો હતો. આફ્રિકાના સતસંગીઓની સેવા કરવાની ધગશ ને ઉમંગ જોઈને શાસ્ત્રીજી મહારાજ બોલી ઊઠ્યા હતાઃ 'ખરેખર તેઓ અક્ષરધામમાં જશે ત્યારે સ્વામી ને મહારાજ સિંહાસન ઉપરથી ઊઠીને સામા આવી ભેટશે.'

અમદાવાદથી આફ્રિકાના હરિભક્તોને તા. ૧૪-૧૨-૧૯૪૯ના રોજ પત્ર લખતાં શાસ્ત્રીજી મહારાજ લખે છેઃ 'વડોદરામાં કોલાટકર મહાદેવને (મૂર્તિકાર) ત્યાં સ્વામી, મહારાજ ને ગોપાળાનંદ સ્વામી એ ત્રણ મૂર્તિઓ નક્કી કરી છે, તે મહારાજની મૂર્તિ સવા ચોસઠ આંગળ, ને ઇંચ બાસઠ એ પરથારામાં લખી છે, તેટલી ઊંચી થશે. બધો થઈને ૮૫ મણને આશરે (વજન) થશે. તે એક મણના રૂા. ૧૪૦ કહ્યા છે. તે કામ નક્કી કરીને કહેશે. તે સેવામાં જોડાશો. એ જ દા. પોતે.'

હજુ તો જમીનનો કબજો મળ્યાને માત્ર ચારેક મહિનાઓ માંડ વીત્યા છે ત્યાં તો શાસ્ત્રીજી મહારાજે શીઘ્ર વેગથી મંદિરના મધ્ય ખંડમાં બિરાજમાન થનાર મૂર્તિઓની નિર્માણપ્રવૃત્તિ પણ આદરી દીધી હતી!

ગઢડા માટે તો જાણે શાસ્ત્રીજી મહારાજને અહોરાત્ર રટણા લાગી હતી. એમાં સહાય કરનાર સૌ કોઈ માટે તેઓ આશીર્વાદનો ધોધ વરસાવવા અહોરાત્ર સજ્જ હતા.

તા. ૧૩-૯-૧૯૫૦ના રોજ ગઢપુરમાં નિર્માણ-સેવાનું સૂત્ર સંભાળતા નવયુવાન પ્રમુખસ્વામી મહારાજ અને રસિકભાઈ સેક્રેટરી સારંગપુર શાસ્ત્રીજી મહારાજનાં દર્શને આવ્યા હતા. ગઢડા મંદિરની તમામ પ્રગતિ વિષે ઊંડાણપૂર્વક માહિતી જાણી શાસ્ત્રીજી મહારાજ અત્યંત પ્રસન્ન થતાં બોલી ઊઠ્યાઃ 'ગઢપુરમાં જે ઉમંગથી સેવા કરશે, તે બધાયને અંતે અક્ષરધામમાં જતાં સ્વામી અને મહારાજ ઊભા થઈ સામા આવીને મળશે!' સૌ આવા અણધાર્યા આશીર્વાદથી ભાવવિભોર થઈ ગયા.

> **ગઢડા મંદિરની તમામ પ્રગતિ વિષે ઊંડાણપૂર્વક માહિતી જાણી શાસ્ત્રીજી મહારાજ પ્રસન્ન થતાં બોલી ઊઠ્યાઃ 'ગઢપુરમાં જે ઉમંગથી સેવા કરશે, તે બધાયને અંતે અક્ષરધામમાં જતાં સ્વામી અને મહારાજ ઊભા થઈ સામા આવીને મળશે!' સૌ આવા અણધાર્યા આશીર્વાદથી ભાવવિભોર થઈ ગયા.**

શાસ્ત્રીજી મહારાજ સ્વતંત્રપણે પોતાના જીવનની અંતિમ ક્ષણોનું જાણે આયોજન કરી રહ્યા હતા. નાની-મોટી અનેક બાબતોમાં સૂક્ષ્મ ધ્યાન કેન્દ્રિત કરીને તેઓ બી.એ.પી.એસ. સંસ્થાના આવનારા ભવિષ્યનું જાણે ઘડતર કરી રહ્યા હતા. પરંતુ એ તમામ બાબતોમાં એમને માટે સૌથી મહત્ત્વની બાબત હતીઃ ગઢડા!

એટલે જ, શિલાન્યાસવિધિ થયાને માત્ર દોઢ જ વર્ષમાં શાસ્ત્રીજી મહારાજે પ્રાણપ્રતિષ્ઠાનો અવસર યોજી દીધો. જાતે જ યોગ્ય મુહૂર્ત નક્કી કરી આપ્યું. આમંત્રણ પત્રિકાનું લખાણ પણ જાતે જ કરાવી, વાંચ્યું અને સુધારા-વધારા સાથે માન્ય કર્યું. સૌને ગઢડામાં ઊજવાનારા મૂર્તિપ્રતિષ્ઠા

મહોત્સવની તૈયારીઓમાં જોડીને તેઓ સૌને પ્રેરણાબળ આપી રહ્યા હતા.

ગઢડાના મંદિરના મૂર્તિપ્રતિષ્ઠાના થોડા દિવસો પહેલાં જ, એટલે કે પોતાના જીવનના છેલ્લા દિવસોમાં શાસ્ત્રીજી મહારાજે અગ્રણી હરિભક્તોને એકત્રિત કરીને કહ્યું: 'ગઢપુર પ્રતિષ્ઠા માટે રૂ. ૫૦,૦૦૦ની જરૂર પડશે માટે તે સેવા તમારે સૌએ ઉપાડી લેવાની છે.'[૧૦]

કેટલી અનન્ય ધગશ હતી એમને ગઢડાના આ મંદિરના નિર્માણની! લક્ષ્ય એક જ હતું: શ્રીજીમહારાજે સંકલ્પ કર્યો હતો, તે પૂર્ણ કરવો છે.

ધામમાં જવાના થોડા દિવસ પહેલાં તેઓ ગઢડા પધાર્યા અને અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓ પધરાવી હતી, ત્યાં જઈ પ્રત્યેક મૂર્તિની ખૂબીઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. ઘેલાનું જળ મંગાવી મૂર્તિઓ પર અભિષેક કર્યો. જનોઈ પહેરાવી, કંકુના ચાંદલા કરી બધી જ મૂર્તિઓ ઉપર ભાવથી હાથ ફેરવ્યો. છેલ્લે આરતી ઉતારી ત્યારે 'જય સદ્‌ગુરુ સ્વામી....' બોલતાં બોલતાં તેઓ ભાવવિભોર થઈ ગયા...

ત્યારબાદ સારંગપુર બિરાજેલા શાસ્ત્રીજી મહારાજ પોતાની અંતિમ અવસ્થામાં પણ ગઢડાના મંદિર-નિર્માણની પ્રવૃત્તિઓ વેગવંતી ચાલે તે માટે સતત માર્ગદર્શન આપી રહ્યા હતા. એક વાર રામજી ભગતે ગઢડા જવાનું પૂછ્યું ત્યારે ચપટી વગાડીને તેઓ બોલ્યા: 'ગઢડા તો આમ જઈશું!' પછી એક લોકગીત ગાઈને કહે: 'આખા હિન્દુસ્તાનમાં ગઢપુર જેવું મંદિર નથી!' એમના હૈયાના સંતોષનો એ ઓડકાર હતો.[૧૧]

હવે તેમને પૂર્ણ સંતોષ હતો - ગઢડામાં ટેકરા પર મંદિર રચવાનો શ્રીહરિનો સંકલ્પ પૂર્ણ થયાનો.

એક સાંજે તેઓ પોતાના પલંગમાં પલાંઠી વાળી ખોળામાં ઓશીકું મૂકીને બંને હાથની બે કોણી તેના ઉપર ટેકવી તેઓ ધ્યાનસ્થ દશામાં બેઠા હતા. એ જોઈને કોઠારી બબુભાઈએ પૂછ્યું, 'પાણી લાવું?' ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું હતું: 'પાણી તો પીવું નથી, પરંતુ ગઢડાને ટેકરે જઈને અખંડ રહીએ એમ વિચાર રહે છે.' તેમના અંતરપટમાં ટેકરા ઉપરનું ભવ્ય અક્ષરપુરુષોત્તમ મંદિર જ જાણે છવાયું હતું![૧૨]

એમની આ અંતરની લાગણી માત્ર લાગણી નહોતી, પરંતુ એક વાસ્તવિકતા હતી. મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પૂર્વે માત્ર છ દિવસ પહેલાં જ તેમણે સ્વતંત્રપણે પોતાની દેહલીલા સંકેલી લીધી. પરંતુ યોગીજી મહારાજે 'શાસ્ત્રીજી મહારાજ ગયા જ નથી, પ્રગટ જ છે' કહીને નિર્ધારિત દિવસે જ તા ૧૬-૫-૧૯૫૧ના રોજ ગઢપુરમાં હજારો ભક્તોની ઉપસ્થિતિમાં

> **“ યોગીજી મહારાજે 'શાસ્ત્રીજી મહારાજ ગયા જ નથી, પ્રગટ જ છે' કહીને નિર્ધારિત દિવસે જ ગઢપુરમાં હજારો ભક્તોની ઉપસ્થિતિમાં શિખરબદ્ધ મંદિરના ગર્ભગૃહમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને અક્ષરમુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામીને પધરાવી દીધા.**

૧૦. સ્વામિનારાયણ પ્રકાશ/ જૂન ૧૯૫૧, પૃ. ૩૭૩
૧૧. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ ભાગ - ૨/૩૬૫
૧૨. યજ્ઞપુરુષ સ્મૃતિ ગ્રંથ/૧૪૨

શિખરબદ્ધ મંદિરના ગર્ભગૃહમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે તેમના અનન્ય ભક્ત અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી અને અક્ષરમુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામીને પધરાવી દીધા. સર્વત્ર જયજયકાર છવાઈ ગયો.

શાસ્ત્રીજી મહારાજ સ્થૂળ દૃષ્ટિએ ધામમાં પધાર્યા હોવા છતાં, તેમના કાર્યનો વેગ એવો ને એવો જ પ્રબળ હતો, જાણે તેઓ પ્રત્યક્ષ ઉપસ્થિત જ હોય. તેમના અનુગામી યોગીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ગઢપુરના એ મંદિરના નિર્માણની બાકી રહેલી પ્રવૃત્તિઓ આગળ ધપાવી.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પોતાના લાડકવાયા નવયુવાન સંત પ્રમુખસ્વામી મહારાજને ગઢપુરના મંદિરનું કાર્ય પૂર્ણ કરવાની આજ્ઞા આપી હતી. એ ગુરુ-આજ્ઞાને જીવનભર પાળતા પ્રમુખસ્વામી મહારાજે ૯૫ વર્ષની વય સુધી, જીવનના છેલ્લા શ્વાસ સુધી ગઢપુરના મંદિરની પ્રવૃત્તિઓનું કાર્ય વહેતું રાખ્યું. પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજની એ આર્ષદૃષ્ટિ અને દિવ્ય શક્તિ વિશે ઉચ્ચારતાં પ્રમુખસ્વામી મહારાજે તા. ૨-૫-૧૯૮૭ના રોજ સારંગપુર ખાતે કહ્યું હતુંઃ 'શ્રીજીમહારાજનો સિદ્ધાંત જગતમાં પ્રવર્તે અને અનંત જીવ મહારાજના દિવ્ય ધામને પામે એ માટે જ શાસ્ત્રીજી મહારાજનો

આખરે ભગવાન શ્રી સ્વામિનારાયણનો સંકલ્પ સિદ્ધ થયો, ગઢડામાં યોગીજી મહારાજના હસ્તે હજારો ભક્તોની ઉપસ્થિતિમાં શાનદાર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ યોજાઈ ગયો. તે પ્રસંગે નવયુવાન પ્રમુખસ્વામી મહારાજ અને હરિભક્તો...







અવતાર હતો. એ દિવ્ય પુરુષ હતા. એમનો પ્રભાવ અને છટા જબરજસ્ત. આટલું મોટું કાર્ય કરવું એ કાંઈ સામાન્ય વ્યક્તિનું કામ નહીં. અત્યારે તો પૈસા, માણસ બધું હોવા છતાં કામનો આરંભ કરવો મુશ્કેલ. જ્યારે એમને કાંઈ જ ન'તું...

શાસ્ત્રીજી મહારાજનો સ્વભાવ જ એવો કે એમણે જે વાત લીધી એ પૂરી કર્યે જ છૂટકો. ગઢડામાં જે વખતે, ગામમાં કોઈ પૂછે નહી ને પટેલને ઘેર ઊનાં પાણી. હરિભાઈને ત્યાં ઉતારો હોય અને રામજી મંદિરના બાવા કેશવદાસ, આ બે જ ખોલી શાસ્ત્રીજી મહારાજને રાખે. તે વખતે ગઢડાના ટેકરા સામું જોઈને કહેવું કે 'અહીં મહારાજ-સ્વામી બેસશે.' એ કેટલી હિંમતની વાત!'


મનુષ્ય તરીકે બધા એમાં ભૂલા પડ્યા. પણ એમણે જે કાંઈ કરી બતાવ્યું એ બધાએ જોયું. વેરી ઘા વખાણે એવું કાર્ય કર્યું. એમને આ માટે કોઈ મમત્વ કે હરીફાઈ ન હતી. કેવળ મહારાજનો સિદ્ધાંત પ્રવર્તે એ હેતુ હતો તેથી જ છેલ્લી અવસ્થામાં આરસનું મંદિર ઊભું કર્યું. લાકડાં-લોઢા પાસે કામ કરાવે એવી વાતો સાંભળી હતી. પણ શાસ્ત્રીજી મહારાજે એવા પાસે કામ કરાવ્યું. કોઈ ભણેલા નહીં પણ એવી શક્તિ મૂકી કે સંપ્રદાય ડોલાવી નાંખ્યો.'

પોતાના આવા મહાન ગુરુ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને ઇષ્ટદેવ

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંકલ્પ મુજબ યથાર્થ રીતે ભવ્ય મંદિર-પરિસર વિકસાવીને તેમનાં ચરણે ભક્તિ-અર્ઘ્ય અર્પણ કરનાર સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ









ભગવાન શ્રી સ્વામિનારાયણના સંકલ્પ મુજબ તીર્થધામ ગઢડામાં ટેકરા પર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના વિશાળ પરિસરના વિકાસનો શિલાન્યાસ વિધિ કરતા અને આયોજન-માર્ગદર્શન આપી રહેલા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.

તેમના અનુગામી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના હસ્તે ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની અભિષેક મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા....

ભગવાન શ્રી સ્વામિનારાયણને અંજલિ આપતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પ્રચંડ પુરુષાર્થ દ્વારા ગઢપુર તીર્થનો જે વિકાસ કર્યો છે તે જોતાં, આજે શ્રીજી સાંભરે છે...

પ્રમુખસ્વામી મહારાજે જે રીતે ટેકરા પર અક્ષરપુરુષોત્તમ મંદિરનું પરિસર વિકસાવ્યું છે, તેનું નિરીક્ષણ કરતાં જણાય કે ભગવાન સ્વામિનારાયણે ૨૦૦ વર્ષ પહેલાં જે રીતે સંકલ્પ કર્યો હતો તે રીતે જ સમગ્ર પરિસર મ્હોર્યું છે. સૌ કોઈનું હૈયું કબૂલ કરે છે કે પ્રમુખસ્વામી મહારાજમાં રહીને સ્વયં ભગવાન સ્વામિનારાયણે જ પોતાના ભવ્ય અને દિવ્ય સંકલ્પને સાકાર કર્યો છે.

જીવનના છ-છ દાયકાઓ સુધી પ્રમુખસ્વામી મહારાજે ગઢપુરના વિકાસ માટે કેવો પ્રચંડ ભક્તિસભર પુરુષાર્થ કર્યો છે તેની દાસ્તાન એક સ્વતંત્ર ગ્રંથની ગરજ સારે છે. પરંતુ એક વાત તો આખું ગઢડા ગામ અને સંપ્રદાયના લાખો સત્સંગીઓ સ્વીકારે છે કે સાચે જ, ઘેલાતટ પર ટેકરા પર વિકસેલું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું વિશાળ પરિસર સ્વામિનારાયણ ભગવાનને એક સાચી અંજલિ બની રહી છે, સંગેમરમરની બેનમૂન કલાકૃતિસમું આ ભવ્ય મંદિર આજે ગઢપુરનું ગૌરવ બની ચૂક્યું છે.

ભક્તરાજ શ્રી જીવાખાચર અને શ્રી દાદાખાચરની જે સહિયારી ભૂમિ પર શ્રીહરિને મંદિર કરવું હતું, ત્યાં આજે મંદિર તો થઈ જ ચૂક્યું છે, પરંતુ એની સાથે સાથે એ તીર્થત્વ પામી ચૂકેલા શ્રી જીવાખાચરના દરબારગઢને પણ પ્રમુખસ્વામી મહારાજે, એક અનુપમ સ્થાન તરીકે વિકસાવ્યું છે. જ્યાં આવનારી અનેક પેઢીઓ દર્શને આવશે ભક્તરાજ શ્રી જીવાખાચરની ભક્તિની સ્મૃતિઓ કરશે અને જેમની ડેલીમાંથી જ શ્રીહરિએ અનેક વખત ટેકરા પર ચઢીને મહાન સંકલ્પો કર્યા હતા. તેને નજરે નીરખશે...

એ જ પરંપરાનું વહન કરતા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ મુજબ ગઢપુરના એ વિશાળ પરિસરમાં એક નૂતન છોગું ઊમેર્યું છે. એ છે માણકીના અસવાર ભગવાન શ્રી સ્વામિનારાયણની ભવ્ય ૨૫ ફૂટ ઊંચી કાંસ્યપ્રતિમા.

પોતાના પ્રિય ટેકરા પરથી જાણે ભગવાન સ્વામિનારાયણ માણકી ઘોડી પર ભક્તોને લેવા સામે આવી રહ્યા હોય, તેમની સેવામાં ગુણાતીતાનંદ સ્વામી હોય અને ભક્તરાજ શ્રી દાદાખાચર શ્રીહરિને વધાવવા માટે પુષ્પમાળા લઈને ઉત્સુક હોય - એવી અદ્‌ભુત કાંસ્યપ્રતિમાઓ પધરાવીને મહંત સ્વામી મહારાજે આ તીર્થને વધુ ગૌરવવંતું બનાવ્યું છે.


સૌને આજે પ્રતીતિ થાય છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય પ્રતાપે યજ્ઞપુરુષને દ્વાર ડંકા વાગે છે...

પુસ્તકમાં ઉપયોગમાં લેવાયેલ સંદર્ભોની સૂચિ

- આચાર્યશ્રી, રઘુવીરજી મહારાજ. શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્. અનુવાદક અને સંપાદક શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ, પ્રથમ આવૃત્તિ, ભાગ ૧-૨, ગાંધીનગર: શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, ૨૦૦૩.
- કર્નલ જે. ડબલ્યુ. વોટ્સન. *કાઠિયાવાડ સર્વસંગ્રહ.* સંપાદન પ્રા.(ડૉ.) પ્રદ્યુમ્ન ભગુભાઈ ખાચર, જૂનાગઢ: પ્રા. સુરેશભાઈ સી. પારેખ, ૨૦૦૫.
- ખાચર, પ્રા.(ડૉ.) પ્રદ્યુમ્ન ભગુભાઈ. *કાઠીઓ અને કાઠિયાવાડ.* પ્રથમ આવૃત્તિ, સણોસરા: પુષ્પરાજ રામકુભાઈ ધાધલ, ૨૦૦૬.
- દવે, હર્ષદરાય ત્રિભુવનદાસ. *બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ.* સાતમી આવૃત્તિ, ભાગ ૧-૨, અમદાવાદ: સ્વામિનારાયણ અક્ષરપીઠ, ૨૦૧૪.
- દવે, હર્ષદરાય ત્રિભુવનદાસ. *ભગવાન શ્રી સ્વામિનારાયણ.* છઠ્ઠી આવૃત્તિ, ભાગ-૪, અમદાવાદ: સ્વામિનારાયણ અક્ષરપીઠ, ૨૦૧૨.
- પંજવાણી, મૂળજીભાઈ છગનલાલ(સં), *દુર્ગપુર માહાત્મ્ય.* બાઢડા સત્સંગ સમાજ, ૧૯૬૭.
- પંજવાણી, મૂળજી છગનલાલ. *સાક્ષાત્ મહાલક્ષ્મીસ્વરૂપ શ્રી મોટીબા.* સંપાદક શાસ્ત્રીજી શ્રી ભક્તિપ્રિયદાસજી, પ્રથમ આવૃત્તિ, ગઢડા: શ્રી સ્વામિનારાયણ વિદ્યામંદિર, ૧૯૯૯.
- પંડ્યા, પ્રા.(ડૉ.) રમેશચંદ્ર જી. *ગઢપુરનો ઈતિહાસ.* પ્રથમ આવૃત્તિ, ગઢડા: પ્રા.(ડૉ.) રમેશચંદ્ર જી. પંડ્યા, ૨૦૧૭.
- બ્રહ્મચારી, સદ્. શાંતિદેવાનંદજી(સં). *બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીની વાતો.* છઠ્ઠી આવૃત્તિ, ગઢડા: સદ્. બ્રહ્મચારી.
- *યજ્ઞપુરુષ સ્મૃતિ શતાબ્દી સ્મારક ગ્રંથ.* મુંબઈ: બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, ૧૯૬૫.
- શાસ્ત્રી, સદ્. સ્વામીશ્રી ગોવિંદસ્વરૂપદાસજી. *ગઢપુર મહાત્મ.* જીવાલાલ ચતુરદાસ ચૌહાણ, ૧૯૮૨.

- શાસ્ત્રી, હરિજીવનદાસ(સં). સદ્. *શ્રી અદ્‌ભુતાનંદ સ્વામી કૃત શ્રીહરિની અદ્‌ભુત વાર્તાઓ.* પ્રકાશક શાસ્ત્રી હરિજીવનદાસ, વડતાલ, ૧૯૭૩.
- સદ્. માધવદાસજી. *શ્રી હરિકૃષ્ણચરિત્રામૃત સાગર* (ઉતરાર્ધ). સંપાદક અને પ્રકાશક રમણલાલ અંબાલાલ ભટ્ટ લુણાવાડા, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૭.
- *સદ્. શ્રી ભાયાત્માનંદ સ્વામીની વાતો.* દ્વિતીય આવૃત્તિ, રાજકોટઃ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, ૧૯૯૭.
- સાધુ, ઈશ્વરચરણદાસ(સં). *લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી.* છઠ્ઠી આવૃત્તિ, ભાગ ૧-૨, અમદાવાદઃ સ્વામિનારાયણ અક્ષરપીઠ, ૨૦૧૪.
- સ્વામી, સદ્. શ્રી આધારાનંદ. *શ્રીહરિચરિત્રામૃતસાગર.* અનુવાદક અને સંપાદક શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ, પ્રથમ આવૃત્તિ, ભાગ ૧થી ૧૨, ગાંધીનગરઃ શાસ્ત્રી હરિપ્રકાશદાસ, શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, ૨૦૦૯-૧૧. (વિસ્તૃત આવૃત્તિ)
- સ્વામી, સદ્. શ્રી આધારાનંદ. *શ્રીહરિચરિત્રામૃતસાગર.* સંપાદક શાસ્ત્રી હરિપ્રકાશદાસ અને શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ, ભાગ ૧થી ૫, ગાંધીનગરઃ શ્રી સ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર, ૧૯૯૫. (સંક્ષિપ્ત આવૃત્તિ)
- સ્વામી, સદ્. શ્રી પરમચૈતન્યાનંદ. શ્રીજીમહારાજનાં ચરિત્રો(ગઢપુરની લીલા). સંશોધક શ્રી જ્ઞાનજીવનદાસ સ્વામી, પ્રથમ આવૃત્તિ, શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડળધામ અને શ્રી સ્વામિનારાયણ મંદિર વડોદરા, ૨૦૧૩.
- સ્વામીશ્રી, સદ્. રૂગનાથચરણદાસજી. *શ્રી હરિચરિત્રચિંતામણિ.* દ્વિતીય આવૃત્તિ, ભાગ ૧-૨, જૂનાગઢઃ સદ્. કોઠારી નારાયણસ્વરૂપદાસજી, ૧૯૮૬.
- સ્વામીશ્રી, સદ્. રૂગનાથચરણદાસજી. *શ્રી હરિચરિત્રચિંતામણિ.* દ્વિતીય આવૃત્તિ, ભાગ-૩, જૂનાગઢઃ શાસ્ત્રી ચંદ્રપ્રસાદદાસજી, ૧૯૯૯.





બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે. જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતીઆ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.

ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી. સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભા-કેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.

સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે. ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય, વસ્ત્રવિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે. રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હૉસ્પિટલ સેવામાં સંસ્થાએ તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.

લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લૉસ ઍન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.), ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા) વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.

ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે. વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ, વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

अथैकदेति तं वाक्यं सोऽवदत् सद्गुरुर्मुदा।
राजन्! दुर्गपुरे रम्ये श्रीहरिर्न्यवसच्चिरम्॥


अस्ति दुर्गपुरं तस्मात्पुण्यं सर्वपुरोत्तमम्।
प्राणिनिर्वाणदं भद्रं वन्द्यं ब्रह्माद्यधीश्वरैः॥

तत्सन्निधौ शुभा राजन्! सर्वतीर्थवरीयसी।
मुक्तिदा विद्यते गङ्गा पावनोन्मत्तसंज्ञिता॥

तस्यां सस्नौ हरिर्भूयो युक्तो मुन्यादिभिश्चिरम्।
तस्मात्तदीयमाहात्म्यं केऽपि वक्तुं नहि क्षमाः॥


સદ્‌ગુણોથી સંપન્ન સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું:
'અતિ ભવ્ય ગઢપુર ગામમાં
ભગવાન શ્રીહરિ ઘણા સમય સુધી રહ્યા હતા.
તેથી જ ગઢપુર અતિ પવિત્ર છે, સર્વ નગરોમાં શ્રેષ્ઠ છે,
સૌને મોક્ષ આપનાર છે, મંગળમય છે અને
દેવતાઓએ પણ વંદન કરવા યોગ્ય છે.
ગઢપુર ગામને અડીને વહેતી ઉન્મત્ત ગંગા (ઘેલા)
નામે નદી વહે છે, જે મંગલરૂપ છે, સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ છે,
પવિત્ર કરનારી અને મુક્તિ આપનારી છે.
ભગવાન શ્રીહરિ સંતો વગેરેને સાથે લઈને
તેમાં ઘણીવાર સુધી વારે વારે નહાયા છે.
તેથી જ તેનું માહાત્મ્ય સંપૂર્ણ રીતે કોઈ કહી શકતા નથી.


– શ્રીદુર્ગપુરમાહાત્મ્યમ્ (૧.૨૭-૩૦)



પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના સંકલ્પ મુજબ તીર્થધામ ગઢપુરમાં
બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પરિસરને વિકસાવનાર
વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

તીર્થધામ ગઢપુરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણમાં
માણકીના અસવાર પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને
તેમની સેવામાં અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની ભવ્ય કાંસ્ય પ્રતિમા





ભક્તરાજ શ્રી જીવાખાચરના મહાપ્રાસાદિક દરબારગઢને
અસંખ્ય શ્રદ્ધાળુઓનાં દર્શન માટે ખુલ્લો મૂકનાર
પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

BAPS
BG 342
ISBN: 978-81-7526-965-1